'પ્રજાબન્ધુ' ના ગ્રાહકોને સને ૧૯૧૩ ની ભેટ

સોમનાથનું શિવલિંગ

'પ્રજાબન્ધુ' પત્રની ઑફીસ–ખાડીઆ–અમદાવાદ

ચુનીલાલ વર્ધમાન શાહકૃત પુસ્તકો.

ઐતિહાસિક નવલકથાઓ.

સોમનાથનું શિવલિંગ....	૧–૪–૦
સિંધ ઉપર સ્વારી	૧–૪–૦
ધારાનગરીનો મુંજ	૧–૪–૦
અઢારમી સદીનું મહારાષ્ટ્ર	૧–૪–૦
કાશ્મીર અને કેસરી	૧–૦–૦
પ્રમોદા યાને દિલેર દિલારામ	૦-૧૨-૦

સામાજિક નવલકથાઓ.

સુધરેલી સંગીતા	૧–૪–૦
વિમળા	૧–૦–૦
લતા અને લલિતા–ભાગ ૧ (સચિત્ર)	૦ ૧૨-૦
લતા અને લલિતા–ભાગ ૨ (સચિત્ર)	૦-૧૨-૦
વિદ્યાસાગર–ભાગ ૧	૦–૪–૦
વિદ્યાસાગર–ભાગ ૨	૦–૮–૦

નાટકો.

ચાંપરાજ હાડો અને સતી સોનરાણી (પંચાંકી)	૦-૧૨-૦
બંગજાગૃતિ (ત્રિઅંકી)	૦–૬–૦
કાન્તા (ત્રિઅંકી)	૦–૨–૦

પ્રકીર્ણ.

કામરૂદેશની કામિની (ડિટેકટીવ વાર્તા)....	૧–૦–૦
ભૂતળવિદ્યા (વડોદરા સ્ટેટમાં મંજૂર)	૦–૩–૦
અમરકુમાર ચરિત્ર (જૈન આખ્યાયિકા)....	૦–૨–૦

સોમનાથનું શિવલિંગ.

(ઐતિહાસિક નવલકથા)

લખનાર

ચુનીલાલ વર્ધમાન શાહ

વઢવાણનિવાસી.

Ambition should be made of sterner stuff

* * * *

O judgment ! thou art fled to brutish beasts,
And men have lost their reason.

Shakespeare

અમદાવાદ:

‘ પ્રજાબન્ધુ ’ પ્રિન્ટીંગ વર્કસમાં

ઠાકોરલાલ પરમોદરાય ઠાકોરે છાપીને પ્રસિદ્ધ કર્યું.

સંવત્ ૧૯૬૯. ઈ. સ. ૧૯૧૩.

મૂલ્ય રૂ. ૧

શિખરિણી.

“ ચઢે છે **શંભૂની** ઉપર યવનો એ ગઝનવી,
“ હજુ ક્ષત્રી સામે **મહમુદ** ફિસે હામ ભિડતો,
“ કદી ક્ષત્રી બચ્યો સહન કરતો ના સુઇ રહી,
“ નકી એ મ્લેચ્છો સૌ અણસમજુ છે બાલક હજુ
“ અહો ! કિન્તુ એવો સમય મળવો ના સહજ છે,
“ મહાયુદ્ધો એવા નયન સદ્‌ભાગી જ નિરખે,
“ સખે ! **ગંગા** જેવું યવનરુધિરે સ્નાન કરવું,
“ અને **શંભૂ** પાસે નિજ રુધિરનું અર્પણ થવું
“ સ્વદેશી ખડ્‌ગો જે સુભટકરની છે મગરૂરી,
“ સખે ! ત્યાં તેનો છે પ્રલય ઉદધિ કો ઉછળવો,
“ મહાભાગી કો એ ઉદધિતાગુ મોજુ થઇ શકે,
“ ગડેડાટોમાં એ વિરલ વિરલા બાહુ મળશે ”

કલાપી.

પ્રસ્તાવના.

હિંદુસ્તાનની ઉત્તર અને વાયવ્ય સરહદ તરફના મહમદીય ધર્મના રાજાઓએ હિંદુસ્તાન ઉપર ધન અને સત્તાના લોભથી જે હુમલાઓ કર્યા હતા તેમાંનો એક મોટો હુમલો ગઝનીના સુલ્તાન મહમૂદે સૌરાષ્ટ્રમા આવેલા સોમનાથના સુપ્રસિદ્ધ શિવાલયનુ જર-જવાહીર લૂટવાને કર્યો હતો એ એક ઇતિહાસપ્રસિદ્ધ બીના છે. સુલ્તાન મહમૂદે પોતાના ૩૫ વર્ષના રાજત્વ દર્મિયાન એકંદર સત્તર સ્વારીઓ કરી હતી અને તેમાની તેની સોળમી સ્વારી સોમનાથના શિવલિંગ ઉપરની હતી. સુલ્તાન મહમૂદે આ સ્વારી ખાસ કરીને ધનના લોભથી પ્રેરાઇને કરી હતી અને જોકે તેનુ સ્વધર્મનુ ઝનૂન તથા પરધર્મનો દ્વેષ એ પણ આ સ્વારીનુ એક કારણ હતુ, તોપણ એ કારણ ગૌણ હતું પોતાનો ધનનો લોભ અભિતૃપ્ત કરવાને તે ઘણી વાર ધર્મનુ બ્હાનુ આગળ કરતો એવું તેનુ ચરિત્ર ફારસી ઇતિહાસલેખકોએ આલેખ્યુ છે, તેમ જ તેની બીજી સ્વારીઓમા પણ તેણે સ્વધર્મભક્તિને અર્થે પરધર્મદ્વેષ દર્શાવ્યો હતો તે કરતા વધુ પ્રમાણમા પોતાનો ધનપ્રાપ્તિનો લોભ દર્શાવ્યો હતો અને તેથી તેની સોળમી સ્વારી—સોમનાથના શિવલિંગપરની સ્વારી બહુ અંશે ધનપ્રાપ્તિને અર્થે જ કરવામા આવી હતી ધનપ્રાપ્તિની સાથે પરધર્મદ્વેષ વ્યક્ત કરવાનો લાભ એકીસામટો મળી જતો હોય તો તે લાભ મહમૂદ છોડી દેતો નહિ, પરન્તુ તેનો પ્રથમ હેતુ તો ધનપ્રાપ્તિનો જ હતો. હિંદુસ્તાનમાથી મુસલમાનો જે ધન લૂટી ગયા છે, તેમ જ તેમણે હિંદુ ધર્મનાં ઐતિહાસિક સ્થાનોની જે ખુવારી મેળવી છે તેનો ખ્યાલ આપવાને તેવા પ્રસગોનુ વર્ણન કરનારા સેકડો ગ્રંથોની ગુજરાતી ભાષામાં જરૂર છે તેઓના હુમલાથી હિંદુસ્તાને ધનની, ધર્મની, માણસોની, અને પ્રાચીન સૌંદર્યની મહાહાનિ વેઠી છે અને અત્યારે આપણે તત્સબધી વર્ણનો વાચીને કે સ્મરણાવશેષો અવલોકીને આંસુ પાડીને બેસી રહેવા ઉપરાંત કશુ કરી શકીએ તેમ નથી.

સોમનાથનુ પુરાણોક્ત શિવલિંગ અત્યારે હતું-નહોતું થઈ ગયુ છે અને તેનુ શિવાલય તો અત્યારે શોકજનક અવસ્થામા ખડેરરૂપે આવી રહ્યું છે! તે ઐતિહાસિક સ્થાનની પૂર્વની જાહોજલાલી સંબંધી કલ્પના પણ અત્યારે તો તેની આધુનિક અવસ્થા સાથેની તુલનાવડે શોક ઉત્પન્ન કરે છે' પ્રભાસના પુણ્યક્ષેત્રમાં અત્યારે આવેલુ શિવાલય કે જેનુ માહાત્મ્ય પણ શૈવોમાં અસાધારણ મનાય છે તે શિવાલય તો સુપ્રસિદ્ધ અહલ્યાબાઇએ ઈ. સ. ની ૧૮ મી સદીના અતમાં બધાવ્યુ હોવાનુ ઇતિહાસપરથી જણાય છે. કાળ પોતાનુ કાર્ય કર્યે જાય છે અને એ શિવાલય તો આ ન્યાયી રાજ્યમાં

આબાદ બનતું જશે, પરન્તુ પ્રાચીન શિવાલય કે જેની સાથે જ આ કથાનો સબંધ છે તેનુ તો ખડેર પણ ઘસાતું ભુસાતું ચાલ્યુ છે '

સોમનાથ ઉપર **સુલ્તાન મહમૂદે** ચડાઈ કરી હતી તેનો ઇતિહાસ આપણને જે કાંઇ મળી શકે છે તે સઘળો માત્ર ફારસી અને અરબ્બી ભાષામા લખાએલા ઇતિહાસગ્રંથો ઉપરથી જ મળે છે ઈબ્ન **અસીર**, **રોઝત** ઉસસફા, અબુલફેદા, **અલ બિરૂની**, **ફીરીસ્તા**, ઇત્યાદિ લેખકો અને **તબકાતે નાસીરી**, **તબકાતે અકબરી**, જામી ઉલ **હીકાયાત**, **તારીખે અલ્ફી**, **મીરાતે સીકંદરી**, **મીરાતે અહમદી** ઈત્યાદિ ઇતિહાસો એ બનાવ સબંધી જે કાંઇ ઉલ્લેખ કરે છે તેના આધાર ઉપર જ હાલના અગ્રેજી અને બીજા ઇતિહાસોમા **સુલ્તાન**ની આ સ્વારી સબધી વિગતો આપવામા આવી છે. આ સઘળી વિગતોનુ મળ મુસલમાન લેખકોના લખેલા ઇતિહાસો હોવાથી તે એકપક્ષીય હોવાનો સભવ છે, પરન્તુ ગુજરાતનો ઇતિહાસ લખનારા પ્રાચીન સમયના હિંદુ ઇતિહાસલેખકોએ ગુજરાતના રાજાના એક મોટા પરાજયની વાર્તા તરફ પક્ષપાત બતાવીને આ સ્વારી સબધે કશુ જણાવ્યુ નહિ હોવાથી આપણને મુસલમાન લેખકોના એકપક્ષીય વૃત્તાતો ઉપર આધાર રાખ્યા વિના ચાલતુ નથી ગુજરાતના ઇતિહાસને માટે આપણો આધાર બહુધા **હેમચદ્રાચાર્ય** કૃત '**દ્વ્યાશ્રય**' અને **મેરૂતુંગાચાર્ય**કૃત '**પ્રબધ ચિંતામણી**' ઉપર જ રહે છે અને તેમા આ વિષે કશુ જણાવવામા આવ્યુ નથી **હેમચદ્રાચાર્યને સોમનાથ** વિષે બે વાર ઉલ્લેખ કરવો પડયો છે એક વાર **સિદ્ધરાજ**ના પ્રસગમા અને બીજી વાર **કુમારપાળ**ના પ્રસગમા, પણ તે વખતે એ **સોમનાથ**ને અગાઉ **સુલ્તાન મહમૂદે** લૂટેલુ તે વિષે તો જરાએ ઇશારો નથી '**કાન્હડદે પ્રબધ**' ઉપરથી જણાય છે કે **કરણ વાઘેલા**ના વખતમા **અલાઉદ્દીને ગુજરાત** તથા **સૌરાષ્ટ્ર** ઉપર સ્વારી કરી હતી ત્યારે તેણે **સોમનાથ**ને લૂટયુ હતુ, પણ તેમાથી એ આ સ્વારી સબધે કશો ઉલ્લેખ મળી આવતો નથી.

એક બીજી બાબતના સબધમા વળી ફારસી ઇતિહાસોની અપૂર્ણતા દૃષ્ટિગોચર થાય છે આ બાબત એ છે કે જ્યારે **સુલ્તાન સોમનાથ**ની સામે ચડાઈ લાવ્યો ત્યારે ગુજરાતમા કયો રાજા રાજ્ય કરતો હતો. **ફીરીસ્તા**ને આધારે **ફારબસ** સાહેબ પોતાની '**રાસમાળા**' માં તે વખતે **ચામુડ** રાજ્ય કરતો હોવાનુ જણાવે છે, પરન્તુ આ વાત બીજા ઇતિહાસોના પ્રકાશમા સત્ય ઠરતી નથી. **દ્વ્યાશ્રય**, **પ્રબધ ચિંતામણી** ઈત્યાદિ ગ્રંથોપરથી જણાય છે કે **ભીમદેવ** ઈ. સ. ૧૦૨૧ કે ૧૦૨૨ માં ગાદીપર

આવ્યો હતો અને તેથી સુલ્તાન મહમૂદની સ્વારી ઈ. સ. ૧૦૨૪ માં થઇ ત્યારે તો ભીમદેવ જ ગુજરાતનો રાજા હોવો જોઇએ. ચામુંડે તો તે વખતે તીર્થવાસ કર્યો હતો, વલ્લભસેન શીળીના રોગથી મરણ પામ્યો હતો અને દુર્લભસેને પણ તીર્થવાસ સ્વીકાર્યો હતો વળી ફીરીસ્તા કરતા પણ વધારે જૂનો ફારસી ઇતિહાસલેખક ઈબ્ન અસીર જણાવે છે કે જે વખતે સુલ્તાન મહમૂદે સોમનાથપર સ્વારી કરી ત્યારે ગુજરાતનો રાજા ભીમદેવ હતો. આપણા હાલના ઇતિહાસો તથા કેટલાક ફારસી ઇતિહાસો કે જે બહુધા ફીરીસ્તાને આધારે જ લખાયા છે તે કરતા ઈબ્ન અસીરનુ કથન વધારે પ્રમાણભૂત માનવું જોઇએ કારણકે કાળમાનમા હિંદુ ઇતિહાસલેખકોની પણ તેને પુષ્ટિ મળે છે. આ ઉપરથી 'રાસમાળા' ના લેખકના વિચારથી જૂદા પડીને આ કથામા ભીમદેવને જ નાયક ઠરાવ્યો છે અને વાચકો જોઈ શકશે કે એ યોજના ઇતિહાસ સાથે વધારે શુદ્ધ સબંધ ધરાવતી અને ઉચિત છે.

ગુજરાતના ઇતિહાસનુ સશોધન હાલમાં વિસરી જવાયુ હોય એવી જ સ્થિતિ જોવામા આવે છે ફારબસ સાહેબે 'રાસમાળા' ને માટે જે સશોધન કરવાનો શ્રમ ઉઠાવ્યો હતો તે શ્રમ ત્યારપછી કોઇએ ઉઠાવેલો આપણા જાણવામા આવ્યો નથી ઐતિહાસિક શોધખોળોને અભાવે તેમ જ ફારસી અને ઉર્દૂમા ગુજરાતના ઇતિહાસને લગતા જે ગ્રથો લખાયા છે તેના ગુર્જર અનુવાદોને અભાવે ઐતિહાસિક નવલકથાના લેખકો ગુજરાતના ઇતિહાસને લગતી નવલકથાઓ અતિન્યૂન પ્રમાણમા લખતા જોવામા આવે છે. અત્યારસુધીમા ગુજરાતના ઇતિહાસને લગતી ઉચ્ચ પક્તિમા આવી શકે એવી કથાઓ આગળીના વેઢા ઉપર ગણી શકાય એટલી જ લખાઈ છે અને બીજા ઇતિહાસને લગતી કથાઓ વધુ લખાઈ છે તેનુ મુખ્ય કારણ ઐતિહાસિક સામગ્રીની ન્યૂનતા જ છે આવી સામગ્રીને માટે આપણી આશા સાહિત્ય પ્રકાશક સસ્થાઓ ઉપર જ અવલબી રહે છે

આ નવલકથાના લેખનમા મને ફારસી, સસ્કૃત અને અગ્રેજીમા લખાએલા જૂદા જૂદા ઇતિહાસના ગ્રયોના ગુજરાતી કે અગ્રેજી ભાષાન્તરોએ જ મુખ્યત્વે કરીને મદદ કરી છે, અને નવલકથાને લગતા ગુણોને તેમા દાખલ કરવામા આવ્યા હોવા છતા ઇતિહાસ અને સામયિક સ્થિતિનુ પ્રધાનપદ વિસરી જવામાં આવ્યુ નથી. દૈવકૃપા હશે તો ગુજરાતના ઇતિહાસની બીજી નવલકથાઓ લખવાનો પણ ઇરાદો છે.

અમદાવાદ.
તા. ૧ લી મે ૧૯૧૩.

ચુનીલાલ વર્ધમાન શાહ.

અનુક્રમણિકા.

સોમનાથનું શિવલિંગ.

પ્રકરણ ૧ લું

સાગરસ્નાન.

આપણી કથાનો પ્રારંભ વિક્રમ સંવત ૧૦૭૮ (ઈ. સ. ૧૦૨૨) ના શ્રાવણ માસથી થાય છે.

શ્રાવણ સુદી પૌર્ણિમા તથા સોમવારનો દિવસ હતો અને મધ્યરાત્રિનો સમય હતો. ખગ્રાસ ચંદ્રગ્રહણ સંપૂર્ણ રીતે છૂટી જવાને હજી થોડી વાર હતી. ગ્રહણથી ચંદ્રની મુક્તિ થવાને માટે પુરૂષો શ્રી મહેશ્વર પ્રતિ પ્રાર્થના કરતા નમઃ શિવાય નો અને સ્ત્રીઓ શિવાય નમઃ નો પંચાક્ષરી મંત્ર જપતા હતા. ગ્રસ્ત થએલા ચંદ્ર તરફ દૃષ્ટિપાત કરવાથી પાપ ઉપાર્જન થાય છે એવી માનીનતા સાથે લોકો દૃષ્ટિને ભૂમિ તરફ ટેકાવી રાખી રહ્યા હતા. હજારો યાત્રાળુઓ આ ગ્રહણ પ્રસંગે સાગરસ્નાન કરવાને ભારતવર્ષના જૂદા જૂદા વિભાગોમાંથી સોમનાથ પાટણમાં એકત્ર થયા હતા અને છેલ્લા બે ત્રણ દિવસથી પાટણમાં યાત્રાળુઓનો મોટો સમુદાય એકત્ર થયો હતો. સ્થળે સ્થળે યાત્રાળુઓ નાની મોટી રાવટીઓ નાખીને પડ્યા હતા. ચંદ્રના પ્રકાશમાં ચારે દિશાએ નજર કરતાં રાવટીઓ અને તંબુઓનું એક મોટું નગર વસી રહ્યું હોય એમ જણાતું હતું. ચંદ્રની મુક્તિ થાય ત્યાંસુધી કોઈ પોતાના આશ્રમસ્થાનની બહાર ફરકતું જોવામાં આવતું નહોતું.

સામે ઉછાળા મારી રહેલો સાગર કોઈ વિલક્ષણ દૃશ્ય અર્પી રહ્યો હતો. ગ્રસ્ત થયેલો અર્ધચંદ્ર સમુદ્રજળના તરંગોમાં પ્રતિબિંબિત થઈને પૃથ્વીતળ ઉપર વિદ્યુતની રેખાઓ ઉતરી આવી હોય તેવો આભાસ પ્રકટાવતો હતો. એક બાજુએ આકાશ સાથે વાતો કરતું સોમનાથના શિવમંદિરનું ઉત્તુંગ શિખર, બીજી બાજુએ તરંગો ઉછાળાવતો સાગર અને ત્રીજી બાજુએ દૃષ્ટિમર્યાદાસુધી લંબાએલા નાના મોટા તંબૂઓ, એ સઘળું અસાધારણ દૃશ્ય પ્રત્યેક યાત્રાળુના હૃદયમાં આનંદસંચાર કરવાને બસ હતું. સમુદ્રજળ કિનારા સાથે અથડાઈને જે ધ્વનિ ઉપજાવી રહ્યું હતું તે સિવાય સમુદ્રના કિનારા ઉપર સર્વત્ર નીરવતા વ્યાપી રહી હતી.

થોડા સમય વ્યતીત થયો એટલે "ગ્રહણ છૂટયુ છે" ની બૂમો ચો-મેરથી સભળાવા લાગી અને યાત્રાળુઓનાં ટોળેટોળા સમુદ્ર તરફ સ્નાન કરવાને ધાયા. થોડા સમય પહેલા જ્યાં સર્વત્ર શાન્તિ વ્યાપી રહેલી હતી ત્યા અત્યારે ધોધાટ મચી રહ્યો શ્રી **સો**મેશ્વરની પૂજાની તૈયારીઓ થવા લાગી. **શિ**વલિગને પુનિત ગગાજળવડે સ્નાન કરાવવા માટે પૂજારીઓ ધામધૂમમા પડયા ઢેડ, ભગી, ઇત્યાદિ અસ્પર્શ્ય વર્ગો "ગ્રહણ છૂટયુ છે, દાન પુણ્ય કરો માબાપ !" ના પોકારો કરવા લાગ્યા અને યાત્રાળુઓ તે-ઓની તરફ દોકડો કે કના કે અન્ન વસ્ત્ર ઉરાડતા સમુદ્ર તરફ જવા લાગ્યા નમ શિવાય નો ઘોષ વધારે ને વધારે શ્રવણગોચર થવા લાગ્યો

આજે ભરતી બહુ વહેલી આવી ગઈ હોવાથી સમુદ્રનો ઉપકઠ નિ:-પદ્રવી હતો ચદ્રગ્રહણથી અપુનિત થએલા માનવદેહને સાગરસ્નાનવડ શુદ્ધ કરવાને યાત્રાળુઓ સમુદ્રોપકઠના છીછરા પાણીમા સ્નાન કરવા લાગ્યા સ્નાન કરવા પાછળ લોકાની એટલી પડાપડી થવા લાગી કે કયાય તલપૂર ખાલી જગ્યા જોવામા આવતી નહોતી પુરૂષો તેમજ સ્ત્રીઓ ત સ્નાનમા એકત્ર હતા, છતા ભાગ્યે જ કોઇ દુષ્ટાત્માઓની દુર્વાસના જાગૃત થની શ્રી **સો**મેશ્વરના તીર્થસ્થળમા ચદ્રગ્રહણના પુનિત દિવસે વાસનાયુક્ત દૃષ્ટિ કરવાથી એ કામદેવને દગ્ધ કરનાર ભોળા **શં**ભૂ કુપિત થાય છે એવી ધર્મ-શ્રદ્ધામાં મગ્ન બનેલા યાત્રાળુઓમાના કોઈ દુષ્ટો પણ આ સમયે તો સરલહૃદયધારી બન્યા હતા કોમલાગી તરૂણીઓ, નવયૌવના બાળાઓ કે અજ્ઞાતયૌવના મુગ્ધા કુમારિકાઓ પણ શ્રી **સો**મેશ્વરના પુણ્યાશ્રમમા પોતાની જાતને નિર્ભય માનીને માત્ર એકેક વસ્ત્ર પહેરી સ્નાન કરવામા ઉદ્યુક્ત જોવામા આવતી હતી ભીના વસ્ત્રો અગની સાથે લપેટાઇ જ-ઇને કુચ, નિતબ કે જઘાના પુષ્ટ વિભાગોની આકૃતિઓને સ્પષ્ટ કરતા હતા તે જોઇને સ્નાન કરતી લજ્જાશીલા તરૂણીઓ કાઇક સકોચાતી, કિન્તુ તે પર દૃષ્ટિપાત કરવાને કામવિલાસી કલકી ચન્દ્ર સિવાય બીજુ કોઈ સમર્થ નહોતુ એમ જ્યારે તેઓ સમજતી ત્યારે તેમને આશ્વાસન મળતુ

બે–ત્રણ ઘડી સુધી સાગરસ્નાનને માટે યાત્રાળુઓની એકસરખી ગીર્દી ચાલુ રહી પણ પછીથી તે જરા નરમ પડી, કારણકે **સો**મેશ્વરની આરતી થવાનો શખ ફુકાઇ રહ્યો હતો અને યાત્રાળુઓ મદિર તરફ ધસ્યા જતા હતા. આરતીને સમયે મદિરમાં ઉતાવળે જઇ પહોચવાને કાઇ દોડતા હતા તો કોઇ મોડેથી સ્નાન કરવા માટે આવ્યા પછી ઉતાવળે પાણીમા ડુબકી મારી લેઇ મદિરમા પહોંચી જવાની તરખડમા પડયા હતા

એવામાં મંદિરમાંના ઘટનો ઘોર ધ્વનિ શ્રવણગોચર થયો અને "જય સોમેશ્વર ! જય જય ! શંભો !" ની ગર્જના થઈ.

આજે શ્રી **સોમેશ્વરના શિવલિંગની** મહાપૂજા મોટા ઠાઠમાઠ સાથે રચવામાં આવી હતી અને હજારો યાત્રાળુઓ એ મહાપૂજાની રચના જોઇને આશ્ચર્યચકિત તેમ જ શ્રદ્ધાશીલ બન્યા હતા. ગ્રહણની મુક્તિ થતાની સાથે જ **શિવલિંગને** સાત વાર ગંગાજળવડે સ્નાન કરાવવામાં આવ્યું હતું અને મંદિરના મુખ્ય પૂજારી **શંકરપ્રસાદે** સ્નાન કરીને યથાવિધિ તેની પૂજા કરી હતી આરતીને સમયે આખા મંદિરમાં દીપમાળ રચવામાં આવી હતી અને પ્રત્યેક દીપક સ્ફાટિકથી જડેલા સ્થંભોમાં પ્રતિબિંબિત થવાથી સ્વર્ગભૂમિનો અલૌકિક પ્રકાશ મંદિરમાં ફેલાઇ ગયો હોય તેવો ભાસ થતો હતો નાના મોટા અખ્યાબંધ સ્થંભો **શિવલિંગ** સામેના રંગમંડપને એવી રીતે ઘેરી રહ્યા હતા કે જાણે થોડે થોડે અંતરે તેજના અંબાર સ્વર્ગમાંથી જ આણીને ગોઠવી દેવામાં આવ્યા હોયની ! સંગેમરમરની મોટી શિલાઓમાંથી કોતરી કાઢવામાં આવેલી શિવના ગણની મૂર્તિઓ રંગમંડપના ઘુમ્મટમાં વિરાજી રહી હતી અને તે મૂર્તિઓના સાદૃશ્યથી પ્રેક્ષકોને એવો જ ભાસ થતો કે આકાશમાંથી સાક્ષાત્ ગણ પોતે મૃત્યુલોકપર અવતરણ કરી રહ્યા છે હજારો માણસો સમાઈ શકે તેવા આ રંગમંડપમાં યાત્રાળુઓની મોટી મેદની મળી અને મોટો આનંદકોલાહલ મચી રહ્યો. આ મંડપમાં સઘળા યાત્રાળુઓને ઉભા રહેવાનો લાભ મળી શક્યો નહિ. જેઓ વહેલા આવ્યા તેઓ રંગમંડપમાં જગ્યા મેળવી શક્યા અને જેઓ મોડા આવ્યા તેઓ શિવાલયની બહારના આંગણામાં ઊભા રહ્યા પૂજાવિધિ પૂર્ણ થતાં આરતી થઈ. સોનાની સાંકળે બાંધેલા ઘટના ઘોરતમ ધ્વનિએ ભાવિક યાત્રાળુઓના હૃદયપટમાં ગંભીરતાનો અંબાર ભર્યો. એટલામાં ભોળા **શંભૂને** નૃત્ય અને ગાનવડે રીઝવનારી પાંચસો નર્તકીઓનું ટોળું રંગમંડપમાં આવી પહોંચ્યું તેઓની સાથે ત્રણસો વાદિત્ર વગાડનારા નિપુણ સંગીતશાસ્ત્રીઓ પણ હતા રંગમંડપમાં યાત્રાળુઓની સખ્ત ગીર્દી હોવા છતાં આ મોટા ગાયકવૃન્દને માટે જગ્યો થવામાં વિલંબ થયો નહિ સૌ ખસી ગયા અને નૃત્યને માટે જોઈતી મોકળાશની જોગવાઈ અલ્પ સમયમાં થઈ ગઈ ગવૈયાઓ પોતાનાં સીતાર, તુંબુર, સારંગી, રુદ્રવીણા, ઝાંઝ, તાસ, ઘંટ, કરતાલ, મંજીર, ઘટ, ખંજરી, ડફ, ડમરૂ, ઢોલક, મૃદંગ, શંખ, શૃંગ, પુંગી, મુરલી, ઈત્યાદિ સર્વ પ્રકારનાં વાદિત્રો સાથે સજ્જ થયા. વિવિધ રંગીન વસ્ત્રો અને સોનેરી જરીકામથી સુશોભિત આભૂષણોમાં સજ્જ થએલી કામિનીઓ પણ સાવધ થઈ પ્રારંભમાં નૃત્ય અને

વાદ્યનુ સમેલન ચાલ્યું. ગાનનો એક પણ શબ્દ બોલાયા વિના માત્ર સગીતના સ્વરોવડે એ અલૌકિક ગાન શ્રોતાઓના હૃદયમાં એવા વિધવિધ ભાવ ઉપજાવી રહ્યુ કે સૌ કોઈ તેના શ્રવણમા તલ્લીન બની ગયા. આવા અલૌકિક સ્વર્ગીય સગીતવડે કોના મસ્તિક ન ડોલે ? જો સૂક્ષ્મદેહધારી દેવોનાં સ્થૂળ સ્વરૂપ હોત તો સર્વ કોઈ જોઈ શકત કે શ્રી **સો**મેશ્વરના શિવમદિરમા પૃથક્ પૃથક્ દેવોની પાષાણમૂર્તિઓ અત્યારે સજીવન બનીને આ કર્ણરોચક સગીતનુ શ્રવણપુટવડે પાન કરી રહી છે, સેકડો વિમાનો શિવમદિરની અદર અને બહાર તેનુ શ્રવણ કરતા થભી રહ્યા છે અને સાક્ષાત્ **સો**મેશ્વર પોતે પોતાનાં નેત્રોમાથી કૃપામૃતનુ વર્ષણ એ સર્વે ભાવિક ભક્તો ઉપર કરી રહ્યા છે '

નૃત્ય અને વાદ્યના સમેલનની પૂર્ણાહુતિ થયા પછી ગીત, નૃત્ય અને વાદ્યના અલૌકિક સમેલનનો પ્રારભ થયો અનન્ય શકરભક્ત **રા**વણે સસ્કૃત ભાષાના રચેલુ સ્તોત્ર કોકિલ કઠી ગાયકો મધુર આલાપપૂર્વક ગાવા લાગ્યા અને તે ગાનને અનુસરીને જ કચનીઓ તાડવનૃત્ય કરવા લાગી –

जटाकटाहसभ्रमभ्रमन्निलिम्पनिर्झरी—विलोलवीचिवल्लरी विराजमान मूर्धनि ।
धगद्धगद्धगज्ज्वलल्ललाटपट्टपावके किशोरचद्रशेखरे रति. प्रतिक्षण मम ॥
धराधरेद्रनदिनी विलासबधुबधुरस्फुरद्दिगतसतति प्रमोदमान मानसे ।
कृपाकटाक्षधोरणी निरुद्धदुर्धरापदि क्वचिच्चिदबरे मनो विनोदमेतु वस्तुनि ॥

પુનિત સસ્કૃત ભાષાનુ મધુર ગાન, અનેક વાદિત્રોનો સ્વર સમિલિત અને તે સાથે શોભનાગિની કચનીઓનુ તાડવનૃત્ય. એ સર્વની એકતાથી આ સ્તવનોચ્ચારણ અતિમનોરજક અને આનદપ્રદ થઈ પડ્યુ સૌ એક ચિત્તે તેનુ શ્રવણ કરવા લાગ્યા અને તે સાથે સ્તવનમા પોતાનુ ધ્યાન જોડવા લાગ્યા. ચાદીની ઘુઘરીઓ બાધેલા એક સહસ્ત્ર પગ તે રગમડપમા નૃત્ય કરી રહ્યા હતા, તથાપિ નૃત્ય અને તેમાથી ઉદ્ભૂત થતો મધુર ધ્વનિ જરા પણ બેતાલ જણાતો નહિ, અને વાદ્યના સ્વરની સાથે તે એવો તો એકરૂપ બની જતો હતો કે તેના શ્રવણ માત્રથી **શં**કરનુ પોતાનુ મસ્તિક સ્વયમેવ આદોલાયમાન થયા વિના રહે નહિ, એવો ભાવ ભાવિક યાત્રાળુઓના ચિત્તમા જાગૃત થતો હતો સ્તવન આગળ વાધ્યુ તેમ ગાનની માત્રા જરા દ્રુત થવા લાગી અને કાંઈક ત્વરા સાથે નૃત્ય અને ગાન થવા લાગ્યા.–

जटाभुजगपिगलस्फुरत्फणामणिप्रभा कदबकुकुमद्रवप्रलिप्तदिग्वधूमुखे ।
मदान्धसिधुरस्फुरत्त्वगुत्तरीयमेदुरे मनो विनोदमद्भुत बिभर्तु भूतभर्तरि ॥
सहस्रलोचनप्रभृत्यशेषलेखशेखर प्रसूनधूलि धोरणीविधूसराघ्रि पीठभूः ।
भुजगराजमालया निबद्धजाटजूटक श्रियै चिराय जायता चकोरबधुशेखरः ॥

નૃત્ય, સ્તોત્ર, ગાન અને વાદ્ય જેમ જેમ આગળ વધવા લાગ્યા, તેમ તેમ ગાયકોના કંઠમાં, નૃત્યાંગનાઓના પગમાં અને વાદિત્રો બજાવનારાઓના હાથ તથા આંગળીઓમાં તાન અને ત્વરા વિશેષ ને વિશેષ ઉભરાવા લાગ્યાં. સર્વત્ર આનંદ, ભક્તિ તથા શ્રદ્ધાનાં આંદોલનોનો પ્રચાર થયો. સૌનાં અંતર ઉન્નત અને ઉચ્ચાશયયુક્ત બન્યાં તથા સ્તવનને અંતે શ્રી **સો**મેશ્વરના જય જયકારનો ધ્વનિ શિવાલયના ઘુમ્મટને ભેદીને દિગંતોમાં વ્યાપી રહ્યો. એ પ્રમાણે મહાપૂજાની પૂર્તિ થઈ તે સમયે રાત્રિનો છેલ્લો પ્રહર ચાલતો હતો

આ સ્થળે **સો**મેશ્વરના મંદિરની બાહ્ય રચનાનું થોડું વર્ણન અનુચિત નહિ લેખાશે જે સમયની આપણે વાત કરીએ છીએ તે સમયે **સો**મેશ્વરનું શિવમંદિર સમુદ્રકિનારે એક મજબૂત કિલ્લેબંધીમાં આવેલું હતું. તે મજબૂત પત્થરવડે અને તે સમયના શિલ્પશાસ્ત્રનિપુણ શિલ્પીઓને હાથે બંધાએલું હતું. તે મંદિર કયા રાજાના વખતમાં બંધાયું હતું તે સબંધે કાંઈ નિશ્ચિત સમયનું દિગ્દર્શન કરી શકાય તેમ નથી, પરન્તુ **ચાવડા** વંશના શિવધર્મી રાજાઓના સમયમાં તે બંધાયું હશે એમ પ્રથમ દૃષ્ટિએ જ જણાઇ આવ્યા વિના રહેતું નહિ બૌદ્ધ ધર્મને બેસાડી દેવાને અને જૈન ધર્મની સાથે સ્પર્ધા કરવાને શૈવધર્મી પંડિતોએ તે સમયે જે ઉપદેશપ્રચાર કરવા માંડ્યો હતો તેના ફળરૂપે જ એ સુશોભિત મંદિર સ્થપાયું હશે એમ માની શકાય છે અને તેની પાછળ લાખો રૂપિયા ખર્ચાયા હોવાથી રાજાશ્રયવડે જ તે બંધાયું હોવું જોઇએ **સો**મેશ્વરના શિવાલયની કીર્તિ તે સમયે આખા **ભા**રતવર્ષમાં પ્રસરેલી હતી અને તેથી લાખો યાત્રાળુઓ તેના દર્શનાર્થે આવતા. તેની મોટી કીર્તિના પ્રમાણમાં શિવાલયનો વિસ્તાર પણ ઘણો મોટો રાખવામાં આવ્યો હતો શ્વેત આરસથી ચળકતું તેનું ઉચ્ચ શિખર અને તેપર ફરકતી મોટી ધ્વજા **સો**મેશ્વરની કીર્તિનું સૂચન કરતી ભાસતી હતી શિવાલયની માંહે વિવિધ પ્રકારનાં ચિત્રોના આલેખન વડે સુન્દરતાનો જમાવ કરવામાં આવ્યો હતો એમ કહેવાય છે કે મંદિરમાં સ્ફાટિક અને વિવિધ રંગના રત્નોથી જડેલા છપ્પન સ્થંભો હતા અને તેમાંનો દરેક સ્થંભ **ભા**રતવર્ષના એક એક રાજ્યાધિપતિએ શ્રી **સો**મેશ્વરને અર્પણ કર્યો હતો. દીપમાળા પ્રકટતી ત્યારે ઘીના દીવાનું પ્રતિબિંબ આ રત્નોમાં પડવાથી વિવિધ રંગોના કીરણોથી રંગમંડપનો દેખાવ ખરેખર અદ્દ્ભુત ભાસતો. રંગમંડપના ગભારાની મધ્યમાં સોનાની સાંકળે એક મોટું ચાંદીનું ઝુમ્મર લટકતું હતું અને તેમાં મોટો દીવો બળતો. આ ઝુમ્મરની ઉપર

રત્નોથી જડેલો એક એવો ચંદ્રક ગોઠવેલો હતો કે ઝુમ્મરમાં બળતા દીપકને પ્રતિબિંબવડે વિશેષ ઉજ્જવલતા અર્પીને આખા રંગમંડપમાં તેના પ્રકાશને વિસ્તૃત કરતો હતો. શિવાલયમાંનો સૌથી મોટો ઘંટ સોનાની સાંકળે લટકાવેલો હતો, તે સાંકળનુ વજન ૨૦૦ મણ* જેટલુ હતું. શિવાલયનો વિસ્તાર મોટો હોવાથી અને રંગમંડપમાં બહુધા દિવસે પણ અંધકાર રહેતો હોવાથી આખો દિવસ કેટલાક દીવા તો સળગતા જ રાખવામાં આવતા હતા. ઘીના દીવાના મઘમઘાટની સાથે ધૂપિકામાંથી નીકળતા સુવાસનુ મિશ્રણ નાસિકાને એટલુ રોચક લાગતું કે રંગમંડપમાં પ્રવેશ કરતાંની સાથે જ ચિત્તાશય બાહ્ય ઉપાધિઓથી મુક્ત બની જતું અને પછી શિવલિંગના દર્શનવડે ચિત્ત નિર્મળ બની જતું.

શિવાલયની ફરસબંદી આરસની જ હતી અને દિવસ કે રાત્રિનો કોઇ પણ ભાગ એવો રહેતો નહિ કે જે વખતે તે ફરસબંદીપર થોડા પણ યાત્રાળુઓ શંકરસ્તવન કરતા ન હોય શિવલિંગપર ચડેલા પુષ્પપત્રનો મોટો અબાર કેટલીક વાર તો એ મોટી આકૃતિના શિવલિંગને ઢાંકી દેતો યાત્રાળુઓ નવા નવા પ્રકારના પુષ્પોવડે પુનઃ પુનઃ શિવલિંગનુ પૂજન કરવામાં આનંદિત થતા બલકે શિવપૂજનને મુક્તિના સત્યમાર્ગરૂપ સમજતા શિવાલયની ફરતા બીજા નાના મોટાં સેંકડો શિવમંદિરો આવેલા હતા અને તેમા પણ નાની મોટી આકૃતિના શિવલિંગોની જ પ્રતિષ્ઠા કરવામા આવેલી હતી મંદિરનો પૂજારી શ્રી સોમેશ્વરની પૂજામાંથી પરવાર્યા પછી આ સઘળા નાના શિવલિંગોની પૂજા પણ કરી વાળતો નથી, એટલે એકે શિવલિંગ અપૂજ્ય રહેવા પામતું નહિ. એ સર્વે નાના મોટા મંદિરોની આસપાસ કાળા પત્થરની કિલ્લેબંધી હતી અને થોડે થોડે અંતરે તેમા નાના મોટા બુરજ કરવામા આવેલા હતા. તે બૂરજો પર ઉભા રહીને નજર કરીએ તો સામે ઘોર શોર મચાવતો સાગર અને સવિતાનારાયણના પ્રકાશમા ચળકતી રેતીનુ દર્શન થતું. જૂદી જૂદી જાતનો વેપાર ચલાવતા વ્યાપારીઓની તેમ જ શિવાલયને અંગે પત્ર–પુષ્પ વેચનારા માળી કે સીધુ–સામાન વેચનારા મોદીઓની દુકાનો પણ કિલ્લાની અંદર જ આવેલી હતી ગોર, પંડ્યા અને પૂજારીઓ જૂદી દુકાનો માંડીને બેઠા નહોતા પરન્તુ તેમના ઘર જ

* આ પ્રમાણે ફીરીશ્તા કહે છે ૨૦૦ મણ સોનાની કીમત અત્યારને હિસાબે ૮૦ લાખ રૂપિયા થવા પામે પણ એ વાત માની શકાય તેવી નથી એલ્ફીન્સ્ટનના કહેવા પ્રમાણે તબ્રીઝી મણ ગણીએ તો તે સાંકળની કીમત ૧૫ લાખ રૂપિયાની થાય અને આરબી મણ ગણીએ તો ૩૦ હજાર રૂપિયાની થાય

દુકાનરૂપ હતા, કારણકે પૂજા કરાવવા માટે બ્રાહ્મણને શોધનારા યાત્રાળુ ઘરાકોની આવજા તેમને ઘેર હમેશાં ચાલુ જ રહેતી. આવા પૂજારી બ્રાહ્મણો અને શિવાલયમાંના સાધુઓ વગેરેની સખ્યા ૨૦૦૦ જેટલી હતી.

યાત્રાળુઓની મોટી સખ્યા કોઈ મોટા ઉત્સવ પ્રસગે કે ખાસ કરીને ગ્રહણને દિવસે અહીં ઉતરી પડતી હોવાથી તેટલા દિવસ તો મોટો મેળો ભરાઈ રહેતો અને વ્યાપાર મોટા પ્રમાણમાં ચાલતો. એમ કહેવાય છે કે આવા મેળાના દિવસોએ યાત્રાળુઓનુ મુડન કરવાને ૩૦૦ હજામોની જરૂર પડતી. આથી કરીને સોમનાથ પાટણનુ મોટું નગર દિવસે દિવસે આબાદ થતુ જતું હતું. નગરના રક્ષણને માટે તથા શિવાલયની સપત્તિની સાચવણીને માટે ભારતવર્ષના જૂદા જૂદા રાજાઓને ખર્ચે કેટલુએક સૈન્ય નિભાવવામાં આવતું હતું. શિવાલયનુ ખર્ચ ઘણુ મોટુ હતું અને યાત્રાળુઓ તરફની આવકમા તે ખર્ચ પૂરૂ થઈ શકતું નહિ હોવાથી શિવાલયને જૂદા જૂદા રાજાઓએ એકદર ૨૦૦૦ ગામો અર્પણ કરેલા હતા. આ ગામોની આવકમાંથી સૈન્યનુ, સોમનાથ પાટણ નગરનુ તથા મદિરનુ સરક્ષણ થતું તથા તેથી મદિરની સપત્તિમા પણ પ્રતિવર્ષ મોટો વધારો થતો.

શિવલિગને દરરોજ ગગાજળવડે સ્નાન કરાવવામા આવતું હતુ. સોમનાથથી સેકડો ગાઉ દૂર આવેલી ગંગા નદીનુ જળ લાવવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી અને એ વ્યવસ્થાવડે દરરોજ ગગાજળના ઘડા કાવડ ઉપર મેલીને હેલકરીઓ પગપાળા ચાલ્યા આવતા હતા. આથી કરીને માત્ર ગગાજળ લાવવાને માટે તેવા સેકડો હેલકરીઓન રોકવામા આવ્યા હતા અને તેથી રોજ રોજ ગગાજળની કાવડો ચાલી આવતી હતી.

આજની શ્રી સોમેશ્વરની મહાપૂજામા ભાગ લેનારા કેટલાક નાના મોટા રાજ્યાધિપતિઓમા ગુજરાતનો રાજા ભીમદેવ પણ હતો. એ માસ પહેલાં ભીમદેવનો કાકો દુર્લભરાજ રાજ્યનો ત્યાગ કરીને તથા ગુર્જર રાષ્ટ્રાધિપતિ તરીકે ભીમદેવનો અભિષેક કરીને તીર્થસ્થાનમા જઇને રહ્યો હતો, તેથી ભીમદેવ પોતાના રાજત્વકાળમા પોતાને સપૂર્ણ વિજય અપાવવા માટે શ્રી સોમેશ્વર પાસે પ્રાર્થના કરવા સારૂ અભિષેક થયા પછી તુરત જ દેવપટ્ટણ તરફ ચાલ્યો આવ્યો હતો રાત્રિના છેલ્લા પ્રહરનો અમલ શરૂ થયો અને પૂજાની પૂર્ણાહુતિ થઇ એટલે રાજસ્ત્રીવર્ગને મદિરમાથી પોતાના નિવાસસ્થાનપ્રતિ મોકલાવી દઇને ભીમદેવ પોતાના એક રાજનિષ્ઠ સેવકને સાથે લેઇને સમુદ્રના કિનારાપર ફરવા નીકળી પડ્યો. પૌર્ણિમાના પૂર્ણચદ્રનો ધવલ પ્રકાશ, નિકટ આવતા પ્રભાતસમયની શીતલ વાયુલહરિ અને

સાગરનો મૃદુ ઘર્ઘર ધ્વનિ નેત્ર, ત્વચા અને કર્ણપુટને સુખ ઉપજાવી ચિત્તાશયને નિર્મળ બનાવતો હતો

અત્યારે-**સો**મેશ્વરની મહાપૂજાના પરિસમાપ્તિ પછી સાગરમાં સ્નાન કરવા માટે આવતું કોઈ રડ્યુ ખડ્યુ માનવી દૃગ્ગોચર થતું હતું. જે સમયે સમસ્ત લોકસમૂહ ચંદ્રની મુક્તિને અર્થે શંકરસ્તવનમાં ઉદ્યુક્ત હતો તે સમયે ઘસઘસાટ નિદ્રાને અનુભોગતા કોઈ વિરલ આળસુ જનો જ અત્યારે નિદ્રાનો પરિત્યાગ કરીને સ્નાન કરવા માટે આવતા જણાતા હતા, અને તેથી સાગરના શ્વેત રેણુમય કિનારાપર ભાગ્યે જ કોઈ માનવ-પ્રાણી ફરકતું જોવામા આવતુ હતુ. જે સ્થળે સાગરના મૃદુ ધ્વનિ સિવાય બહુધા શૂન્યતા વ્યાપી રહી હતી તે સ્થળે **ભી**મદેવ પોતાના સેવક **સા**-મંતસિંહ સાથે પરિક્રમણ કરતો હતો. એક સ્થળે ક્ષણભર થોભીને સાગર તરફ કેટલાક સમયસુધી દૃષ્ટિ કરીને **ભી**મદેવ બોલ્યો:

"**સા**મંત! આ અત્યંત વિશાળ સાગરમાં આપણા દેશના જેવો દેશ બીજો કોઈ નહિ જ હોય શું ?"

"હોવો જોઇએ, મહારાજ! આપણે એટલુ તો જાણીએ છીએ કે સાગરમાં દૂર દૂર કેટલાક જંગલી લોકોથી વસેલા ટાપુઓ આવેલા છે અને તેમાના જંગલી લોકો કેટલીક વાર **સો**મેશ્વરની યાત્રા નિમિત્તે આવતા યાત્રાળુઓને લૂટી લે છે."

"જો એવા ટાપુઓ છે, તો શામાટે તેવા જ કાંઇ મોટા દેશ પણ ન હોવો જોઇએ? પહેલા આપણા પૂર્વજો માનતા કે **અ**ટકના કિલ્લાથી આગળ જતાં બિલકુલ વસતિ જ નથી, પણ આપણા દેશપર એ તરફના મુસલમાન લોકોએ જે સ્વારીઓ કરી છે તે ઉપરથી આપણે સમજી શક્યા છીએ કે તે બાજુએ પણ આપણા જેવા જ બળવાન્ પણ રીતિનીતિમા અસભ્ય એવા લોકોનો દેશ આવેલો છે તેવી જ રીતે આ સાગરમા કોઇ સ્થળે તે-વી જ બીજી જાતના લોકોનો નિવાસ નહિ હોય એમ કેમ કહી શકાય?

"ખરૂ કહો છો બાપુ." **સા**મંતસિંહ બોલ્યો.

"તો સાંભળ, મારા રાજ્યત્વનો પ્રથમ હેતુ અત્યારે હુ એવો સ્થાપિત કરૂછુ કે આ **સૌ**રાષ્ટ્રની ભૂમિના દરિયાકિનારાને લસ્કરી બળવડે વધારે મજબૂત બનાવવો કે જેથી ચાંચીયા લોકો અથવાતો કોઈ અજાણ્યા દૂર દેશના લોકોનો હલ્લો આ દેશ ઉપર થઇ શકે નહિ."

"પરન્તુ આ **આ**ર્યાવર્તનાં દરિયાઇ બારા તો ઘણાએ છે."

"તે સઘળા બારાને મજબૂત બનાવવા માટે હું મંત્રીશ્વરની સલાહ લેઇને સઘળા રાજાઓ ઉપર સૂચના મોકલાવીશ કે જેથી સમગ્ર દેશનું સંરક્ષણ થાય કેમ, એ વાત તારા ધ્યાનમાં ઉતરે છે કે નહિ ?"

સામતસિંહ સ્વલ્પ હસ્યો થોડીવાર રહીને તે બોલ્યો: "મહારાજ ! પહેલા તો બીજા રાજાઓ સમુદ્રમાં કોઇ દેશ હોવાની વાતને જ હસી કાઢશે; તો પછી દરિયાઈ બારા મજબુત બનાવવાની વાત તેમના ધ્યાનમાં જ શી રીતે ઉતરશે ?"

"ત્યારે મારે મારો હેતુ સિદ્ધ કરવાને કેમ કરવું ?" **ભી**મદેવે પોતાના શાણા સેવકની સલાહ માંગી

"**સો**મનાથનું બારૂં સૌથી પહેલા આપે વધારે મજબૂત કરવું એવી મારી સલાહ છે, કારણકે સમુદ્રના કાંઠાપર જ શિવાલય આવેલું છે અને શિવાલયની અખૂટ સંપત્તિની લૂંટ માટે એ ચાંચિયા લોકો લલચાય તેવો સંભવ છે. આપના એ પગલાથી આપને અને **સૌ**રાષ્ટ્રની ભૂમિને લાભ થએલો બીજા રાજાઓ જોશે ત્યારે પોતાની મેળે તેઓ પણ પોતાના અધિકાર હેઠળ આવેલાં બારાંને મજબૂત બનાવશે."

આ વાત ચાલતી હતી, એવામાં સમુદ્રના જળભણીથી "બચાવો, કોઈ બચાવો !" એવી એક આકસ્મિક બૂમ સંભળાઈ અને **ભી**મદેવ તથા **સા**મતસિંહ તે તરફ ધાયા.

પ્રકરણ ૨ જું.

બકુલા.

ભીમદેવ અને **સા**મતસિંહે કેટલેક દૂર જઇને જોયું તો જણાયું કે સમુદ્રકાંઠાપરના છીછરા જળમાં ઉભેલી એક સ્ત્રી શોર મચાવી રહી છે. આસપાસમાં બીજું કોઈ માનવપ્રાણી દૃષ્ટિગોચર થતું નથી. **ભી**મદેવ તે સ્ત્રીની પાસે જઇને બોલ્યાઃ "અરે બાઈ ! તું તો કાંઈ ડૂબતી જણાતી નથી, તો પછી કોને બચાવવાની બૂમ તું પાડી રહી છે ?"

"અરે ભાઇ ! પણે જુઓ, મારી દિકરી ગળકાં ખાઈ રહીછે, તે ડૂબી જાય છે, ત્યાં આગળ પાણી બહુ ઉંડું છે અને મને તરતાં આવડતું નહિ હોવાથી હું તેને બચાવવા જઈ શકતી નથી: કૃપા કરીને આપ તેને બચાવો તો શ્રી **સો**મેશ્વર તમારૂં કલ્યાણ કરશે."

તે સ્ત્રીની વિનતિ સાભળતાં ક્ષણનો પણ વિલબ નહિ કરતાં **સામ**ત-સિહ સમુદ્રમાં દોડયો અને થોડે દૂર જતાં તે આંડા પડીને તરવા લાગ્યો. થોડે વધુ છેટે જતા તો ડૂબતી સ્ત્રીનો કેશકલાપ તેના હાથમાં આવી ગયો. એક હાથ તે સ્ત્રીની કમર ફરતો વીંટાળી લેઇ તેના મસ્તિકને પાણીની સપાટીપર યત્નપૂર્વક રાખીને બીજે હાથે તરતો તરતો તે પાછો કિનારા તરફ આવ્યો. એક અબળાને પોતાના સેવકે બચાવી તે માટે **ભી**મદેવના ચિત્તમા પરોપકારનુ કાર્ય બજાવવા માટેનો ગુપ્ત આનદ હતો, ત્યારે કિનારે ઉભેલી સ્ત્રી પોતાની પુત્રીને બચાવનાર **સામ**તસિહપર અને તેની સાથે આવેલા **ભી**મદેવપર તેઓને પિછાણ્યા વિના જ પ્રકટપણે આશીર્વાદનો વર-સાદ વરસાવવા લાગી

સામતસિહ તરતો આવતો હતો, એટલામા તેના હાથમા રહેલી બાળા પુનઃ સરકી ગઇ અને ડૂબવા લાગી **સામ**તસિહે તેને ફરીથી પકડી લીધી, પરન્તુ તે બાળાએ તરફડીયાં મારીને તેના હાથમાથી છૂટવાને યત્ન કર્યો. **સામ**તસિંહને કાઇક આશ્ચર્ય થયુ. તે જાણી ગયો કે એ બાળા ડૂબી મરવાની જ ઇચ્છા ધરાવે છે અને તેથી તેણે અત્યારે આત્મઘાત કરવાને જ યત્ન કર્યો હોવો જોઇએ હવે તે વધુ સાવધ બન્યો તે બાળા ઇચ્છાપૂર્વક ડૂબી મરવા ઇચ્છતી હોય, તો પોતે તેને બળાત્કારપૂર્વક જીવતી જ રાખવી, એવો તેણે દૃઢ નિશ્ચય કર્યો અને વિશેષ દૃઢતાથી તેની કમર પકડી લીધી થોડે દૂર ગયા પછી પુનઃ તે બાળાએ **સામ**તસિહના હાથમાથી છૂટવાનો યત્ન કર્યો, પણ આ વખતે તે યત્ન ફાવી શકયો નહિ, કારણકે **સામ**ત-સિહ પહેલા કરતા વિશેષ સાવધ બન્યો હતો આત્મઘાત કરવાને ડૂબી મરવાનો આ યત્ન ફત્તેહ પામ્યો નહિ એટલે તે બાળા બોલી: "ભાઇ ! મને શામાટે બચાવો છો ? હવે જીવતા રહેવાની મારી ઇચ્છા નથી. મને બચાવવાથી તમે પણ પાપના જ ભાગીદાર થશો, કારણકે હુ એક પાપિણી સ્ત્રી છુ "

આ શબ્દો સાભળીને **સામ**તસિહને વધારે હિમત આવી. એ બાળા સપૂર્ણ રીતે સલામત રહેવા પામી છે એમ તે જાણી ગયો અને તેથી પો-તાના પ્રયત્નને મોટો વિજય મળ્યો સમજી તેને આનદ થયો. તે બાળાની વિનતિનો કશો પણ ઉત્તર નહિ વાળતા **સામ**તસિહ થોડી વારે કિનારાપર આવીને ઊભો. **ભી**મદેવ ઘુટણપુર પાણીસુધી તેને લેવા ગયો અને બન્ને જણે તે બાળાના બાહુ પકડીને તેને આસ્તે આસ્તે કિનારાપર આણી.

કિનારાપર ઉભેલી સ્ત્રી બોલી· "તમો બન્ને ભાઇઓને ખરે અવસરે જ પ્રભુએ અહીં મોકલ્યા હશે, નહિતો આજે મારી **બ**કુલાનો અત જ આવત."

સામતસિંહ પોતાનાં વસ્ત્રો નીચોવતો બોલ્યો: "મહારાજ! આપને એક નવાઇની વાત કહું છું તે સાંભળો. આ સ્ત્રી ઇચ્છાપૂર્વક ડૂબી મરવાને જ સમુદ્રમાં પડી હતી, કારણકે તેને લેઇને હું આ તરફ આવતો હતો તે વખતે બે વાર કરી ફરીને તેણે મારા હાથમાંથી છૂટીને ડૂબી મરવાનો યત્ન કર્યો હતો.'

"ઓહો! એ તો ખરેખર નવાઇની જ વાત" ભીમદેવે આશ્ચર્ય પ્રકટ કર્યું.

"અને વળી માર્ગમાં મને તેણે એવું પણ કહ્યું કે હું પાપિણીને બચાવવાથી તમે પાપના ભાગીદાર થશો, માટે મને મરવા જ દો!"

"અરે બાઇ! તને એટલું બધું શું દુ:ખ છે કે તું મરવા માટે સમુદ્રમાં પડી હતી? દુ:ખીયા મનુષ્યો સોમેશ્વરના દર્શન કરીને સુખીયાં થાય છે, છતાં તું દુ:ખી કેમ?" ભીમદેવે પ્રશ્ન કર્યો.

ભીના વસ્ત્રોમાં થરથરતી અને ગભરાએલે વદને રેતીમાં બેઠેલી બકુલાએ કાંઈ જ ઉત્તર આપ્યો નહિ. પણ પાસે ઉભેલી તેની મા બોલી: "મહારાજ! આપ કોઈ મોટા માણસ લાગો છો. અમ ગરીબોને તો બહુએ દુ:ખ હોય અમારાં દુ:ખો આપ સાંભળીને શું કરશો? આ મારી બકુલા કોમળ હૃદયની છે, એટલે દુ:ખથી ગભરાઈને આત્મઘાત કરવા દોડી હશે, પણ એ તેની ભૂલ છે."

સામતસિંહ બોલ્યો "આ કથન મને સત્ય લાગતું નથી. કાંઈ ભેદભરેલો મામલો લાગે છે. આપણે કાંઇક વધારે ચોક્કસાઈ કરવી જોઇએ.'

પેલી સ્ત્રી ગભરાઇ ભીમદેવની સામે એકીટશે થોડી વાર સુધી તે જોઈ રહી અને તેને વધુ ભય પેદા થયો. ગુર્જરરાષ્ટ્રાધિપતિ ભીમદેવને પોતાને જ પોતાની પાસે ઉભેલો જોઈને તેને વધારે ગભરાટ પેદા થયો "ચાલ, બકુલા, હવે ઘેર ચાલ હવેથી કદી આવી મૂર્ખતા કરીશ નહિ." એમ બોલતા તેણે બકુલાનું બાહુ પકડ્યું

ભીમદેવ બોલ્યો. "પણ આત્મઘાત કરવાનું કારણ અમે તમારી બકુલા પાસેથી જાણવા માગીએ છીએ, તે પહેલા તમે તેને ઘેર લેઇ જઈ શકશો નહિ." બકુલાના વદન તરફ નીચો વળીને ભીમદેવ બોલ્યો. "કહે બાઇ! આત્મઘાતનો મહા અપરાધ કરવાનું કારણ શું હતું? તું જાતિની કોણ છે?"

દુ:ખપૂર્ણ મન્દ સ્વરે બકુલા બોલી: "એક પાપિણી સ્ત્રીની જાતિ જાણીને આપ શું કરશો?"

"દુ:ખીઓને દુ:ખમુક્ત કરવાનું કાર્ય ઈશ્વરે અમોને સોંપ્યું છે, માટે અમારે તારો દુ:ખવૃત્તાંત પણ જાણવો જોઇએ."

"દુ:ખીઓને દુ:ખમુક્ત કરવાનુ ધર્મકાર્ય બજાવનાર તમે કોઈ સાધુ પુરૂષ તો નથી જણાતા, ત્યારે શું તમે કોઈ રાજા છો ?" **બ**કુલાએ **ભી**મ-દેવ ભણી નજર કરીને પ્રશ્ન કર્યો.

"કદાચ તેમ પણ હોય." **ભી**મદેવે ઉત્તર આપ્યો.

બકુલાને કાંઇક આશ્ચર્ય પેદા થયુ. તે **ભી**મદેવની સામે એકી દૃષ્ટે જોઈ રહી પણ તેને પિછાણી શકી નહિ. તે બોલી: "આપ કયા રાજ્યના અધિપતિ છે તે જાણવાને આ ફિકરી ભાગ્યશાળી થશે ?

સામતસિંહ બોલ્યો: "મહારાજા ગુર્જરરાષ્ટ્રાધિપતિ છે અને તેમની આજ્ઞા છે કે તમારે તમારો સત્ય વૃતાંત કહી સંભળાવવો.'

બકુલા બોલી "મહારાજ ! હુ એક અનાથ બાળા છું અને આ મારા પાલક માતા છે. મારી માતાનો ધંધો વારાંગનાનો છે મને એ ધંધાની દિક્ષા આપવાની તેની પ્રવૃત્તિમાંથી બચી જવા માટે હુ આત્મઘાત કરવાને 'સાગરસ્નાન' ને બહાને અહીં આવી હતી. પરન્તુ મારી પાલક માતા મારી પાછળ પાછળ ગુપ્ત રીતે આવતી હશે તેની મને ખબર નહોતી હુ મારા પ્રયત્નમા કવી રીતે નિષ્ફળ ગઈ તે આપ જાણો છો."

"અહો !" **ભી**મદેવ સાશ્ચર્ય ક્રોધ દશાવતો બોલ્યો "શુ આવી સુકુ-માર બાળાઓને એવા દુષ્ટ ધંધામા પાડીને અનીતિનો પ્રચાર કરવામા આવે છે ? **સામ**ત ! આ દુષ્ટ વારાંગનાને બંદીવાન બનાવ—મારી આજ્ઞાથી વ્યભિચાર અને અનીતિ ઉપર હમેશા તિરસ્કાર ધરાવનાર ભૂપતિ એકદમ બોલી ઉઠયો.

બકુલા **ભી**મદેવના પગમા પડી અને બોલી "મહારાજ ! તેમાં તેના કાંઈ જ વાંક નથી. મારા દુર્ભાગ્યને લીધે હુ તેના હાથમા જઈ પડી, તો પછી તે મને પોતાના ધંધામા પાડે, તેમા તેનો કાંઈ જ વાંક કહેવાય નહિ માટે તે નિર્દોષ છે, બલકે મને આજસુધી જીવતી રાખી માઉ પાલન કર્યુ તેટલા માટે હુ તેની ઓશીગણ છુ.

ભીમદેવ **બ**કુલાની દલીલ સાંભળીને સાહસ કરતો અટકયો. **સામ**ત-સિંહે **ભી**મદેવની ન્યાયી વૃત્તિને જાગૃત કરતાં કહ્યુ: "મહારાજ ! આ બાળાનુ કથન ખરૂ છે, પણ હવે તો એને આપણે વારાંગનાના દુષ્ટ ધંધામાથી બચાવી લેઇને આપણા આશ્રય હેઠળ રાખવી જોઇએ, કારણકે જો તેમ નહિ કરીએ તો બીજો કોઈ લાગ શોધીને તે અવશ્ય આત્મઘાત કરશે. તેની ચિત્તવૃત્તિ વારાંગનાના નીચ ધંધામા દરે તેવો સંભવ જણાતો નથી"

"કાંઈ ફીકર નહિ." ભીમદેવ બોલ્યો "બકુલાને અત્યારથી આપણા આશ્રય હેઠળ આવેલી સમજીને આ વારાંગનાને અહીંથી હાંકી કાઢ."

વારાંગના બોલી: "મહારાજ! રાજા પોતે જ જ્યારે અન્યાય કરે ત્યારે અમે કોની પાસે ન્યાય માંગવા જઇએ? આપ પોતે જ મારા સરખી વૃદ્ધ સ્ત્રીની આજીવિકાનુ સાધન લૂટી લ્યો, તો પછી હુ કોના આશ્રયે જઉં? અમે વારાંગનાઓ નીચ ધંધો કરીએ છીએ ખરી, પણ અમે ધર્મવૃત્તિનો ત્યાગ કરતી નથી, મહારાજ! શ્રી સોમેશ્વરની છત્રછાયામાં સર્વ પ્રકારના ધંધા-દારીઓ પોતાનુ પોષણ કરે છે. શ્રી સોમેશ્વરની ધ્વજા હેઠળ અમે એક પ્રકારના ધર્મશીલ માનવીઓ જ છીએ. સ્નાન–દાનાદિ નિત્યકર્મને અમે વા-રાંગનાઓ છીએ છતા ઉપાસીએ છીએ. મહાદેવજી સગીતવિદ્યાના આદ્ય પુરૂષ છે અને તે જ અમારા પ્રભુ છે. તે પ્રભુના દર્શનાર્થે જ અમે આ મહોત્સવ પ્રસગે ફરતા ફરતા આ નગરમા આવ્યાં છીએ, કાંઈ દુષ્ટ ધધો ચલાવવાને નથી આવ્યા મહારાજ! એ વાત ખરી કે બકુલા મારા ધધામા દાખલ થતી નહોતી તેથી હુ તેનાપર બળાત્કાર ગુજારતી હતી. સાગરસ્નાનને માટે તે અહીં આવી, ત્યારે પણ મને વ્હેમ હતો કે તે આમાથી છૂટવા માટે આત્મઘાત કરશે અને તેથી હુ ગુપ્ત રીતે તેની પાછળ પાછળ આવી હતી. પણ જો હુ તેને મારા ધધામા ન પાડુ, તો પછી આ વૃદ્ધ અવસ્થામા હુ મારૂ પોષણ શી રીતે કરૂ, મહારાજ?! આ રીતે હુ ન્યાયપુરસર મારી આજીવિકા ચલાવું છુ અને તે આજીવિકાનુ સાધન ખૂચવી લેવાનો એક ન્યાયશીલ રાજાને તો જરા પણ અધિકાર નથી." વાચાલ વારાગનાએ પોતાનુ સ્વરૂપ સપૂર્ણ રીતે ભજવી બતાવ્યુ

ભીમદેવ અન્યાય કરતો અટકી ગયો, છતા તેણે પ્રશ્ન કર્યો: "ત્યારે એક ધર્મશીલ સ્ત્રીની નીતિનો નાશ કરવાનો અધિકાર તને કોણે આપ્યો છે, તે કહે."

"મહારાજ! બકુલા નાની હતી ત્યારથી તે મારા હાથમાં આવી હતી છેલ્લાં પાચ–છ વર્ષથી મે તેનુ પોષણ કર્યુ છે. ગાન, તાન, નૃત્ય, અભિનય, આશ્લેષાદિ મારો સઘળો કસબ મે તેને શીખવ્યો છે અને તે પાછળ મે ઘણું ખર્ચ કર્યુ છે. એ સઘળા ખર્ચે તેને મારા ધધામાં પાડવાનો મને અધિકાર આપ્યો છે."

"બહુ સારૂ, લે આ તારૂ ખર્ચ." એમ કહેતા જ ભીમદેવે આવેશમા આવતાં પોતાની ભેટમાં ખોસેલી સવાલાખ સોનૈયાના મૂલ્યની રત્નજડિત

કટારી કાઢીને વારાંગનાના હાથમાં મૂકી. "હવે તો બકુલા ઉપર તારો કાંઈ જ અધિકાર રહ્યો નથી ને ?"

વારાંગના આશ્ચર્ય પામતી અને લજાતી તે કટારીપર ચળકતા રત્નો ચંદ્રના ફીક્કા પડતા જતા પ્રકાશમા એકી દષ્ટે નિહાળી રહી એકને બદલે પાંચ બકુલાઓની જીંદગીભરની કમાણી તેને આ એક જ કટારીમા મળી રહી હતી. તે એ કટારીને આનંદપૂર્વક નિહાળી જ રહી અને ભીમદેવ તથા સામંતસિંહ બકુલાને સાથે લેઇને ચાલતા થયા.

પ્રકરણ ૩ જું

સુલ્તાન મહમૂદ ગઝનવી.

હીજરી સન ૪૧૫ નો શાબાન મહીનો (ઇ. સ. ૧૦૨૪ નો સપ્ટેમ્બર માસ) ચાલે છે ગઝનવી વંશના સુલ્તાનોનું પાટનગર ગઝની વ્યાપાર ઉદ્યોગથી શાંતિપૂર્વક આબાદી ભોગવી રહ્યું છે. સુલ્તાન મહમૂદ અત્યારે ગઝનીની રાજ્યગાદીપર છે, પરન્તુ લોકો પોતાના સુલ્તાનને બહુ વાર પાટનગરમા જોઈ શકતા નથી જૂદા જૂદા દેશોપર ચડાઈ કરવામા, જૂદા જૂદા ભાગમા ઉઠેલા બંડોને શમાવવામા, અને જૂદે જૂદે સ્થળેથી લુંટીને ધન એકઠું કરવામા તે એટલો બધો મશગુલ જોવામા આવે છે કે, તેને પોતાના પાટનગરમા દિવસો ગાળવાની ફુરસદ મળતી નથી હજી ગઈ કાલે જ બલ્ખની મુસાફરીએથી તે પાછો ફર્યો છે અને આજે કયા દેશપર ચડાઈ લેઈ જવી તે માટે સલાહ માગવાને તે પોતાના વઝીરોની સાથે કચેરી ભરીને બેઠો છે

સ્હવારનો સમય છે. એક રત્નજડિત વિશાળ તખ્તપર સુલ્તાન મહમૂદ પોતાનો જરીકામથી ભરપુર રેશમી ઝભ્ભો, તેવી જ ઉંચી મૂલ્યવાન ઇજાર અને રત્નજડિત તાજ પહેરીને બિરાજી રહ્યો છે. તેની સત્તાવન વર્ષની વય તેના જરા સ્યામવર્ણીય ચહેરાપર કરચલીઓ પાડીને પોતાનો પ્રભાવ દર્શાવી રહી છે. તેનો મધ્યમ ઉંચાઇનો શારીરિક બાંધો, તેની કાળી તેજસ્વી આંખો, તેના દીર્ઘ બાહુદ્વય અને તેનું પુષ્ટ શરીર તેના શૌર્ય–વીર્યની પ્રતીતિ કરાવતા ભાસે છે. તેની બન્ને બાજુએ રાજ્યના જૂદા જૂદા કાર્યભારી વઝીરો ઘુંટણમંડીએ શાંતિપૂર્વક બેઠા છે. શાહજાદા મસાઉદ અને મહોમદ પણ બેઠા છે અને સુલ્તાનના મુખમાંથી શું શબ્દો નીકળે છે તે

જાણવાની ઇંતેજારી ધરાવતા જણાય છે. તેમની પાછળ **સુ**લ્તાનનો દશ વર્ષની વયનો ભાણેજ **મ**સુદ કાંઇક જૂદા જ પ્રકારના લશ્કરી રૂઆબમાં બેઠેલો જણાય છે. તેની બાજુએ **સુ**લ્તાનના વિદ્વાન્ કવિરત્નો **અ**સુદી તૂસી, **મી**નો•ચેહર, ઉનસુરી વગેરે સેંકડો જણ બેઠેલા જોવામાં આવે છે. **સુ**લ્તાનના તખ્તની પાછળ બે બાજુએ તેના બે માનીતા હજુરીઆ **આ**યાઝ અને **મી**શકાની પોતાની ચંચળ આંખોને ચોમેર ફેરવતા ઉભા છે.

સુલ્તાન **મ**હમૂદ જેવો શૂરો, યુદ્ધકુશળ અને દક્ષ બાદશાહ હતો, તેવો જ તે રાજ્યસંપત્તિનો લોભી હતો. રાજ્યાધિપતિઓ પોતાના તાબાના મુલકોમાં વધારો કરવા માટે નવાં નવાં યુદ્ધો આરંભે અને અખૂટ દોલત એકઠી કરે તે તેમનો દુર્ગુણ લેખાય નહિ, પરન્તુ સ્વગૌરવની વૃદ્ધિ કરવાની અભિલાષારૂપી સદ્ગુણ લેખાય, કિન્તુ **મ**હમૂદમાં તો ખરેખર લોભરૂપી દુર્ગુણ જ હતો. તે ધન મેળવવાને હમેશાં બહુ આતુર રહેતો હતો. તે પોતાની પ્રજાને ન્યાય આપવાને એટલો ઉત્સુક રહેતો હતો કે, મુસલમાન ઈતિહાસકારોના જણાવ્યા મુજબ, પોતાના એક ભત્રિજાને એક પરાઇ સ્ત્રી સાથે બળાત્કારપૂર્વક વ્યભિચાર કરવામાટે તત્ક્ષણ તલવારવડે મારી નાંખ્યો હતો, અને ધન મેળવવાને માટે તે અન્યાય કરતાં પણ પાછું વાળી જોતો નહિ. **ન્યા**શાપુરના એક શહેરી પાસે અખૂટ ધન છે એમ સાંભળીને તેણે તેને એક વાર પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું કે "તુ એક નાસ્તિક મૂર્તિપૂજક છે અને તેને માટે તુ ગુન્હેગાર છે." તે ધનવાન શહેરી **મ**હમૂદની લોભીવૃત્તિને કળી ગયો હતો તેથી તે **સુ**લ્તાનનો જરા પણ ડર રાખ્યા વિના હિંમતથી બોલ્યો: "**સુ**લ્તાન સાહેબ! મારી પાસેનુ સઘળુ ધન જો આપને જોઇતુ હોય તો ભલે ખુશીથી તે લઈ લ્યો, પરન્તુ નિરર્થક મારી ધર્માસ્થાને વગોવીને મને નાસ્તિક શામાટે કહો છો?" **સુ**લ્તાને તેનુ સઘળુ ધન લેઈ લીધું અને પછી તેને 'સદ્ધર્મશીલ' નુ બાદશાહી મહોર સાથેનુ પ્રમાણપત્ર આઆપ્યુ! તેવી જ રીતે સુપ્રસિદ્ધ '**શા**હનામા' નામના કાવ્યના લેખક કવિ **ફી**રદૌસીને બક્ષીસ આપવામા પણ તેણે પોતાનો લોભ દર્શાવી આપ્યો હતો. **ફી**રદૌસી મૂળ **તુ**સ (**ખો**રાસાનનુ એક નગર) નો વતની હતો. **તુ**સના રાજ્યાધિકારીઓના જુલમથી તે ગઝનીમાં આવીને રહ્યો હતો અને તેણે લખેલા **શા**હનામાનો થોડોક ભાગ સાંભળીને **સુ**લ્તાન તેના પર ખુશ થયો હતો. તેણે **ફી**રદૌસીને **શા**હનામાનો **ગ્ર**ંથ પૂરો કરવાનુ ફરમાન કર્યું અને તેની એક બેતની એક સોનામહોર આપવાનું વચન આપ્યુ. **ફી**રદૌસીએ આખો ગ્રંથ લખાઈ રહ્યા પછી આખી રકમ એકસામટી લેવાનુ જાહેર

કરી કેટલેક વર્ષે એ ગ્રંથ પૂરો કર્યો. ફીરદૌસીએ એ ગ્રંથ પૂરો કરવા પાછળ એકંદર ૩૦ વર્ષ ગાળ્યાં અને જ્યારે તે ગ્રંથ પૂરો થયો ત્યારે તેની ઉમર ૭૦ વર્ષ જેટલી થઇ. પછી ફીરદૌસીએ શાહનામાનો ગ્રંથ સુલ્તાનને અર્પણ કર્યો, અને જ્યાં ૬૦ હજાર બેતોની ૬૦ હજાર સોનામહોરો આપવાનો વખત આવ્યો ત્યાં લોભી સુલ્તાન ફરી બેઠો ! તેણે ૬૦ હજાર રૂપાના સીક્કા ફીરદૌસીને આપવા માંડયા પણ તેણે તે લીધા નહિ અને પોતાના નોકર ચાકરોને તે રકમ વહેંચી આપી આ વાત સાંભળી સુલ્તાન ગુસ્સે થયો, પરન્તુ ફીરદૌસી ગઝનીમાંથી ચાલ્યો ગયો હતો. તેણે બગદાદના ખલીફનો આશ્રય લીધો અને સુલ્તાન મહમૂદની નિંદા કરનારૂં એક કાવ્ય લખ્યું. લાંબે વખતે સુલ્તાનને પોતાના લોભનો પસ્તાવો થયો અને તેણે ૬૦ હજાર સોનામહોરોથી ઉંટ લાદીને ફીરદૌસીના વતન તુસ નામના ગામ તરફ રવાના કર્યાં, પરન્તુ જ્યાં તે ઉંટો તુસના દરવાજામાં પેઠા, ત્યાં ફીરદૌસીના મૃતદેહનો જનાજો દરવાજાની બહાર નીકળ્યો ! ફીરદૌસીની બેટીએ તે રકમ સ્વીકારવાની ના કહી અને છેવટે તે રકમમાંથી ફીરદૌસીની ઇચ્છા પ્રમાણે તુસમાં એક પૂલ તથા એક મુસાફરખાનું બંધાવવામાં આવ્યાં. જે લોભી વૃત્તિને પરિણામે મહમૂદે ફીરદૌસીને આપેલું વચન તોડયું હતું તે જ લોભી વૃત્તિએ તેને જૂદા જૂદા દેશોપર ચડાઇઓ કરવાને ઉશ્કેર્યો હતો. ફીરદૌસીના મરણને આજે ચાર વર્ષ વીતી ગયા હતા અને ઘણી વાર જ્યારે તે પોતાની કચેરી ભરીને બેસતો ત્યારે ફીરદૌસી વિનાની કચેરી જોઇને તેને બહુ લાગી આવવાથી તેની આંખોમાં પશ્ચાત્તાપદર્શક અશ્રુબિંદુઓ ભરાઈ આવતા હતા. એક બાજુએ પોતાની લોભી વૃત્તિનો પશ્ચાત્તાપ બળતો રહેતો અને ફીરદૌસી સાભરી આવતો, છતાં બીજી બાજુએ પોતાનો લોભ પોતાને ચડાઈ કરવાને—અત્યંત પરિશ્રમવાળી જીંદગી ગુજારવાને ઉશ્કેરી રહેતો, તેનું સુલ્તાનને ભાન રહેતું નહિ ! અત્યારસુધીમાં તેણે હિંદુસ્તાન ઉપર એકંદર પંદર સ્વારીઓ કરી હતી. તેની છેલ્લી સ્વારીને પરિણામે ગ્વાલિયર અને કલિંજરના યુદ્ધવીર પુરૂષોની વિધવાઓની આંખોમાનાં આંસુ પણ હજી સુકાયાં નહોતાં, એટલામાં તો કોઈ નવા યુદ્ધનો તરંગ તેના ચિત્તમાં જાગૃત થયો હતો.

કવિ અસુદી તૂસીએ સુલ્તાનના વિજયની ફારસી ભાષામાં રચેલી કવિતાનો ઉચ્ચાર કર્યો અને સુલ્તાને કવિને એક સો સોનૈયા બક્ષીસ આપ્યા, ત્યારપછી કચેરીના કામનો આરંભ થયો. સુલ્તાનના વઝીર અહમદ હુસેને ઉભા થઈ સુલ્તાનની સમક્ષ શિર ઝુકાવીને જણાવ્યું: " નામવર !

હજી આપણી સેના ગઈ કાલે જ બલ્ખની મુસાફરીએથી પાછી ફરી છે અને આજરોજ નામવર કોઇ નવી ચડાઇ શરૂ કરવા માંગે છે તે મને કાંઇક ઉતાવળીઉ પગલુ જણાય છે."

"અબુલ હસન! વઝીરનુ કહેવું સાભળ્યુ ?" સુલ્તાને પોતાના સેનાપતિની સામે નજર કરતાં એ શબ્દો ઉચ્ચાર્યા.

અબુલ હસને ઉત્તર આપ્યો: "હુઝુરે આલી! વઝીરસાહેબના શબ્દો મેં સાંભળ્યા. પણ બલ્ખની મુસાફરીમાં આપણા લશ્કરને કાંઈ બહુ લડવું પડયુ નથી એટલે હજી સઘળા સિપાહીઓ કેવળ તાજા જ છે એમ કહીએ તો ચાલે. જો આપણે કોઈ દૂર દેશપર ચડાઈ લેઈ જવાનુ નક્કી કરીએ તો આપણને લશ્કરને લગતી તથા લડાઇને લગતી થોડી સામગ્રી તૈયાર કરવા સારૂ થોડા દિવસો જોઇશે, તે સિવાય બાકી સઘળુ તૈયાર જ છે. હુઝુરનુ ફર્માન હોય તો આવતી કાલે લશ્કર કૂચ કરી જાય."

સુલ્તાનની આખો આનદથી ચળકી ઉઠી. સસ્મિત વદને તે બોલ્યો: "મારા શાણા વઝીર! તમારી ચિન્તા આપણા એક મોટા સિપહસાલારની ખાત્રીવડે દૂર થઈ જાય છે, અને હવે આપણે કઈ બાજુએ ઉપડી જવુ તેટલુ જ નક્કી કરવાનુ બાકી રહે છે."

એક અરબી કવિરાજ બોલ્યા: "ખુદાવિદ! આ વખતે તો હિંદુસ્તાનના કોઈ એવા ભાગ ઉપર ચડાઈ લેઈ જવી જોઇએ કે જે ભાગ આપણે હજીસુધી જોયો જ હોય નહિ. થોડા વખત પહેલા મને એક હિદુસ્તાની કવિની મુલાકાત થઈ હતી. તે કવિએ મને પોતાના દેશની નાજનીનોની જે વાત કરી તે સાંભળીને તો હુ ખુશ ખુશ થઈ ગયો. કહે છે કે ગોકુલ મથુરા નામે શહેરથી આગળ જતાં બંગદેશનો મુલક શરૂ થાય છે. આ ગોકુલ મથુરા પર આપ નામવરે બારમી સ્વારી કરી હતી તે આપને યાદ જ હશે. એ બંગ મુલકની નાજનીનો એવી તો નાજુક બદન અને પરસ્તાનની હુર જેવી સુફેદ સુફેદ હોય છે કે તોબાહ જનાબ! આખી આલમમા એવી ઔરતો જ ક્યાય જોવામા આવે નહિ. વળી એ ઔરતો એવી ગબરૂ, પોચા દિલની અને નાજુક હોય છે કે હરકોઈ આશકને સહજ તાબે થઈ જાય છે. અહો, નામવર! એવી ઔરતોની વચ્ચે હુ જો ખુદાની પનાહથી એક દિવસ રહ્યો હોઉ તો તેઓના હસીન ચહેરા અને ગબરૂ દિલની વાતોથી કિતાબોની કિતાબો લખી કાઢુ! એ દેશમાં ધન ઘણુ છે અને લોકો બળ વિનાના છે એટલે આપ જો તે દેશપર ચડાઇ લેઇ જાઓ તો જરૂર મોટી ફત્તેહ અને સારી લૂટ મળે."

સુલ્તાન બોલ્યોઃ " ખરી વાત; પણ એ દેશ બહુ દૂર રહ્યો. વળી રસ્તામા બીજાં ઘણાં નાનાં મોટાં રાજ્યો ઓળંગીને જ ત્યાં જઇ શકાય અને તેથી ઘણાં રાજ્યો સાથે યુદ્ધમાં ઉતરવાની જરૂર પડતાં આપણું ગમે તેટલું મોટુ લશ્કરી બળ પણ નાશ પામે. કેમ અબુલ હુસન ! તમારી શું નજર પહોંચે છે?"

" નામવર ! એ બંગદેશ જેવી જ નાજુક ઔરતોવાળો હિંદુસ્તાનનો મુલક નજીકમાં પણ એક આવેલો છે અને વળી તે બંગદેશ કરતાં વધારે ધનવાન છે."

" બસ, બસ, તો પછી એ દેશનુ જ નામ આપી દો, બંગદેશ જેટલે દૂર જવાની કશી જરૂર નથી." મહમૂદ એકદમ બોલી ઉઠ્યો.

" નામવર ! એ દેશનું નામ સૌરાષ્ટ્ર છે. આપણે દશેક વર્ષ પહેલાં થાણેશ્વર ઉપર ચડાઈ કરી ત્યારે મારો એક ભાણેજ આપણા લશ્કરમાં હતો. એક વાર કાફરોના અણચિંત્યા ધસારાને લીધે આપણા લશ્કરને નાસી જવું પડયું હતુ તેમાં મારો એ ભાણેજ કોઇ અજાણી દિશાએ જઇ ચડવાથી ભૂલો પડી ગયો હતો. અગાઉ ઘણી વાર તે હિંદુસ્તાનની ચડાઇઓમાં જઇ આવેલો હોવાથી એ દેશની જબાન તેને ઠીક આવડતી હતી. જ્યા જ્યા તે જવા લાગ્યો ત્યા ત્યાં તેને મુસલમાન માનીને હિંદુઓ મારીને નસાડી મૂકવા લાગ્યા. આથી તે હિંદુનો વેશ પહેરીને ઠેકાણે ઠેકાણે ફરવા લાગ્યો અને પોતાને આવડતી હિંદુસ્તાનની જબાનવડે તે ફાવી પણ શક્યો જબાન બરાબર નહિ આવડતી હોવાથી ઘણા હિંદુઓને તે હિંદુ હોવા માટે શંકા પડતી, પણ તે કહેતો કે મારા બાપની સાથે હુ ઝવેરાતના વેપાર માટે બહુ વર્ષ જુદા જુદા દેશોમાં ફર્યો હોવાથી હું હિંદુસ્તાની ભાષા બરાબર યાદ કરી શકતો નથી ! તે ફરતો ફરતો સૌરાષ્ટ્રમા જઈ ચડયો હતો અને તે દેશમાં તે કેટલાંક વર્ષ સુધી રહ્યો હતો. એ દેશનુ જે બયાન તે કહી સુ-ભળાવે છે તેથી તો હું દંગ બની જાઉ છુ, નામવર ! "

" પણ એ તમારો ભાણેજ છે ક્યાં ? તેને જલ્દી અહીં બોલાવો, આપણે તેની વાત સાભળીએ." સુલ્તાનની અધીરાઈ વધવા લાગી.

" આપણા ખુશ્કી લશ્કરમાં જ મે તેને થોડા વખત પહેલાં દાખલ કર્યો છે." એમ કહી અબુલ હુસને એક માણસને દોડાવીને તેને બોલાવી મંગાવ્યો. થોડી વારમાં તે આવ્યો અબુલ હુસને તેને કહ્યું: " હબીબ ! સૌરાષ્ટ્ર દેશમા તેં જે કાંઈ આબાદી અને દૌલત જોયા હોય તેનુ બયાન કરી બતાવ; નામદાર સુલ્તાન સાંભળવાની ખાહીશ ધરાવે છે."

" જેવી ખુદાવિંદની મરજી !" હબીબ શિર ઝુકાવીને બોલ્યોઃ "ખુ-

દાવિંદ ! **સૌરાષ્ટ્ર** એક રસાળ દેશ છે. **સૌરાષ્ટ્ર**ના લોકો ભોળા, ઉદાર અને કીર્તિને માટે મોટું ખર્ચ કરનારા હોય છે અને દુઃખી લોકો ઉપર બહુ દયા કરે છે. તેમની સ્ત્રીઓ ઉંચી, પાતળી, મજબૂત બાંધાની અને નમણી હોય છે. તેમનો સ્વભાવ વહેમી પણ દયાળુ હોય છે અને બહુધા તેમના વહેમો ધર્મને લગતા હોય છે. રજપૂતોની સ્ત્રીઓ હિંમતવાળી હોય છે, તોપણ **સૌરાષ્ટ્ર**માં જે સ્વાભાવિક સુકુમારતા અને સરલતા વસેલી છે તે તેઓમાં પણ જણાયા વિના રહેતી નથી. આપણા પહાડી અને વેરાન મુલકથી ઉલટું એ દેશ ખેતીવાડીથી ભરપૂર હોય છે. ઘેટાંઓ અને જાનવરોને મુફ્ત ઘાસ મળી શકે છે અને તેથી જો આપણા થોડા અરબ્બી ઘોડાઓને એ દેશમાં ઉછેર્યા હોય તો દરેક ઘોડો એક એક હાથીને યુદ્ધમાં હરાવી શકે તેવો બને ! **સૌરાષ્ટ્ર** એક ટાપૂ જેવો દેશ છે અને તેથી ત્યાંનાં આબોહવા તદુરસ્ત હોય છે.”

“પણ એ દેશમાં જર–જવાહીર કેવું હોય છે તે તો તું કહેતો નથી.” સુલ્તાને અધીરાઈ બતાવી.

“ખુદાવિંદ ! જર–જવાહીરની તો હુ શુ વાત કરૂ ? ત્યાના એક સાધારણ માણસ પાસે પણ જેટલુ જરજવાહીર હશે તેટલુ ભાગ્યે જ આપણા કોઈ મોટા સરદાર પાસે હશે. એક હિંદુ ઔરત પોતાના દરેક અગપર સોનારૂપાનાં અને હીરાનાં કેટલાંએ ઘરાણા પહેરે છે અને એ દેશના વ્યાપારીઓની સ્ત્રીઓ તો પોતાના શરીરપર હજારોનુ ઘરાણું લાદે છે. નામવર ! એ લોકોમા જ્યારે શાદીની ક્રિયા થાય છે ત્યારે વરરાજાને સાચાં મોતીવડે તો વધાવવામા આવે છે !”

“હેં, હેં ! શુ સાચા મોતીવડે ?” સુલ્તાન દગ થતો બોલી ઉઠયો.

“હા નામવર ! સાચાં મોતીવડે, એટલુ જ નહિ પણ તેવા મોતીના તોરણોથી તો કેટલાક રાજદરબારો અને હિંદુઓનાં મદિરોને શણગારવામાં આવે છે. વળી હીરા અને પોખરાજ તથા સોના ચાંદીવડે વરરાજાનો મડપ શણગારીને તેમા શાદીની ધામધૂમ થાય છે !”

“અહોહો ! ત્યારે એટલુ બધુ જર–જવાહીર કોઈ લૂટી કે ચોરી જતું નહિ હોય ? કાફરોના મંદિરો તો મેં જોયા છે. તેમા ઘણાંએ બારણાં હોય છે અને લોકોની આવજામા કોઇ એવું એકાદ તોરણ છટકાવી જાય તો ?” સુલ્તાને એક તર્ક ઉઠાવ્યો.

“નહિ ખુદાવિંદ ! હિંદુઓ અતિધર્મિષ્ઠ અને આસ્થાવાળા હોય છે. દેવમદિરનુ ધન રઝળતું હોય તોપણ તે કોઈ ઉપાડી લેતું નથી, કારણકે

તેમાં તેઓ હડહડતું પાપ સમજે છે. સૌરાષ્ટ્રના એક હિંદુ મન્દિરમા તો હુ વેશધારી હિંદુ બનીને પૂજા પણ કરી આવ્યો છુ ! તે મદિરમાં એક મોટા ગોળમટાળ પત્થર છે તે હિંદુઓનો દેવ છે. તે દેવની શક્તિથી જ દરિયામા ભરતીઓટ થાય છે એમ હિંદુઓ માને છે. તે મન્દિર એવું મોટું અને સુશોભિત છે કે તેના જેવડુ મોટું અને તેના જેટલુ કિમતી આ ગઝની શહેરમા એક પણ મકાન નહિ હોય ! તે સગેમરમરથી બાધેલુ છે અને તેમાંના સગેમરમરના થાભલાઓના હીરા, માણેક, પાના અને પોખરાજ જડાવેલા છે ! એમ કહેવાય છે કે તેમાનો દરેક થાભલો હિંદુસ્તાનના એક એક મોટા રાજાએ બધાવ્યો છે ત્યા એક વરસમા ઘણાએ મેળા ભરાય છે અને તે વખતે લાખો લોકો એકઠા થાય છે. તે બધાના માથાં મુડવાને માટે મદિરમાં ૩૦૦ હજામોને રાખવામાં આવે છે અને મદિરમા વાયજ કરનારા ૨૦૦૦ બ્રાહ્મણો કાયમને માટે રહે છે. મદિરમાં ૫૦૦ નાચનારી રડીઓ અને ૩૦૦ ઉસ્તાદો રહે છે અને તે સૌ મળીને પેલા ગોળમટાળ દેવને તેમની જબાનમાં કાંઈ અરજ ગુજારે છે. સોનારૂપાની મૂર્તિઓનો અને સોનારૂપાનાં વાસણોનો તથા જરજવાહીરનો તો પાર જ નથી. ખુદાવિંદ ! વધુ તો શુ કહુ, પણ તે મદિરમા એક મોટો ઘટ છે તે ૨૦૦ મણ સોનાની સાકળે બાધ્યો છે અને એક મોટો દીવો છે તેની પાછળના ચાંદમા એકડો તેજદાર હીરા જડયા છે, એટલી બધી દોલત તે મન્દિરમા છે અને તે સિવાય બીજા નાના મોટાં મદિરો તો એ દેશમા ઘણાએ છે ’

આ વાત સાંભળીને સુલ્તાન અજાયબીમા ગરક બની ગયો. ક્ષણભર તે મૌન રહ્યો અને પછી બોલ્યો “ત્યારે એ મદિરનુ કાંઈ મોટુ રાજ્ય છે ?

“ રાજ્ય નથી, પણ તે મદિરના ખર્ચને માટે જૂદા જૂદા રાજાઓએ બક્ષીસ આપેલા ૨૦૦૦ ગામોની આવક તે મદિરને જ મળે છે. ’

“ ત્યારે તે મદિરનુ નામ શુ ? ”

“ તેનુ નામ સોમનાથ. સૌરાષ્ટ્ર દેશની દક્ષિણે દરિયાકિનારે તે આવેલુ છે. તે મદિરનો કાંઈ ખાસ રાજા નથી, અને હિંદુઓ માને છે કે મદિરના રક્ષણને માટે તેને લશ્કરની જરૂર નથી, કારણકે તેઓ કહે છે કે જે કાંઈ અમારા દેવ તરફ ખોટી નજર કરે તેઓને તે દેવ બાળીને ખાક કરી નાખે.

આ સઘળી વાત સાભળીને સર્વત્ર ચુપકી ફેલાઈ રહી અને સુલ્તાનના મ્હોંમાંથી હવે શુ શબ્દો નીકળે છે તે જાણવાને સૌના ચહેરા ઇંતેજારી બતલાવવા લાગ્યા.

પ્રકરણ ૪ થું

સ્વારીની તૈયારી.

હબીબે સોનારૂપાની મૂર્તિઓની, બસો મણ સોનાની સાંકળની, તેજદાર હીરાની અને ચળકતા માણેકોની તેમ જ પુષ્કળ જર–જવાહીરની જે વાત કહી સંભળાવી હતી, તેથી **સુ**લ્તાનની વૃત્તિ તે સત્વર મેળવવાને ચંચળ બની. તેની આંખો સામે હીરા અને જર–જવાહીરના ઢગલા તરવરવા લાગ્યા. જેવી રીતે એક સુષુપ્તિમા પડેલો માણસ સ્વપ્નમાં દોલતના મોટા ગંજ પોતાને માટે એકઠા થએલા જુએ છે અને તે ગ્રહણ કરવાને દેવદૂતોની પાંખો ધારણ કરીને ઉડવા લાગે છે, તેવી જ રીતે **મ**હમૂદની કલ્પનાશક્તિ પણ **ગ**ઝનીમાંથી ઉડીને **સો**મનાથના શિવાલયપર ઝળકી રહેલા સુવર્ણ-કલશ પર બેઠી. હવે શિવાલયમાં પેસીને તેમાંનુ જર–જવાહીર મેળવી લેવા જેટલી જ વાર હોય એવું સુખસ્વપ્ન તે અનુભવવા લાગ્યો. એટલામાં તેની વિચારનિદ્રા ઉડી ગઈ અને તેની દૃષ્ટિ પોતાની નિકટ બેઠેલા વઝીર **અ**હમદ **હુ**સેનપર પડી. તેને સબોધીને **સુ**લ્તાન બોલ્યોઃ “ મારા શાણા વઝીર ! પણ તમે આ બાબતમા કેમ કાંઈ મત બતલાવતા નથી ? ”

વઝીર શિર ઝુકાવતો બોલ્યો “ નામવર ! જો આપણું લશ્કર પહેલાના જેવું જ તાજુ હોવાનો મત સિપહસાલાર તરફથી બતાવવામાં આવે છે, તો પછી ચડાઈ કરવાનુ નક્કી કરવામાં કશી હરકત નથી. **બં**ગાળા જેટલા દૂરના મુલકપર ચડાઈ લેઈ જવામા મોટું જોખમ સમાએલુ છે, તેથી **સો**મનાથનુ જર–જવાહીર મેળવવાને **સૌ**રાષ્ટ્રપર ચડાઈ લેઈ જવી તે વધારે સલાહભરેલુ છે અને આ અદના ખાદીમની પણ એ જ સલાહ છે. ”

“ સાબાશ ! ” **મ**હમૂદ હર્ષ પામતો બોલી ઉઠયો. “ મારો વઝીર, મારો સિપહસાલાર સૌ કોઈ મારી મશાનો જ પડઘો પાડે છે, તો મને એ ચડાઈમા ખુદા જરૂર ફત્તેહ અપાવશે. વારૂ. પણ એ દેશના લોકો કેવા બળવાળા છે એ વિષે તું કાંઈ જાણે છે કે **હ**બીબ ? ”

હબીબ બોલ્યોઃ “ ખુદાવિંદ ! એ દેશના લોકો મજબૂત બાંધાના અને બળવાળા છે અને તેમને હરાવવા માટે આપણા તરફનાં માણસો પણ બળવાળાં જ હોવાં જોઇએ. ”

ઈન્સાફ તોળનાર વૃદ્ધ કાજીસાહેબ પોતાની સફેદ દાઢીપર હાથ ફેરવતા બોલ્યાઃ “ નામવર, એ લોકો બળવાળા હોય તેથી શું થઈ ગયું ?

ખુદાએ એવો એક આઇનિ ઘડયો છે કે સારી આલમમાંથી ઇસ્લામીઓને હાથે કાફરો પાયમાલ થવા જ જોઇએ, અને તેથી કાફર હિંદુઓના મજહબને દુનિયામાથી નાબુદ કરવા માટે તેઓનાં બુતો અને બુતખાનાંઓના પત્થરોને આપણાં જાજરૂઓની દિવાલોમાં ચણવાના ખુદાઈ અને પાક કંમમા પરવરદેગાર આપણુને જરૂર ફત્તેહ આપશે હિમત રાખીને આ પાક ફરજ બજા લાવવાને આપ નામવર ચડશો તો તેથી આપણા ખલીફાસાહેબ પણ ઘણા ખુશ થશે અને સારી આલમમાં ઇસ્લામી મજહબના ફીરીસ્તા તરીકે આપનુ નામ થશે ”

“ કાજીસાહેબ ખરી વાત કહે છે. **સૌરાષ્ટ્ર**ના **સોમ**નાથપર ચડાઈ લેઈ જવાથી એક તીરે બે પક્ષી પાડવા જેવો આપણુને લાભ થશે. તેથી ઇસ્લામી મજહબનો ફેલાવો થશે અને વળી આપણુને પુષ્કળ જર–જવાહીર મળશે. હિંદુઓના દેવોએ ફેલાવેલો મજહબ નાબૂદ કરવાને જ પયગમ્બર સાહેબ **મહમદે** જન્મ લીધો હતો અને તે જ કામ આપણે બજાવવાને માટે જો તૈયાર થઇએ, તો શામાટે આપણુને પરવરદીગાર એ જ કામમાં મદદગાર નહિ થાય ? કાફરોના દેવો તે આપણુને શુ બાળીને ખાક કરવાના હતા ? તેથી ઉલટું આપણા ઔલિયાઓ તે કાફરોને બાળીને ખાક કરવાને ધગધગતા અગારાની સગડીઓ લેઇને ઉતરી આવશે, માટે જાઓ, કરો તૈયારી અને મેળવો ફત્તેહ ! ”

સુલ્તાનનો હુકમ સાંભળતાં કચેરીમડળ નવા ઉત્સાહમાં આવ્યુ. થોડી વારે કચેરી બરખાસ્ત થઈ અને આખા **ગ**ઝનીમાં નવી ચડાઈની વાત પ્રસરી ગઈ. સિપહસાલાર **અબુલ હ**સનને લશ્કર તૈયાર કરવાની વરદી મળી અને જેમ બને તેમ ઉતાવળે કૂચ કરવાનુ ફરમાન થયુ ચોમાસાની ઋતુ પૂરી થઈ ગઈ હતી અને શિયાળો બેઠો હતો એટલે લડાઈ આરંભવાને માટે એવી ખુશનુમા ઋતુનો ફાયદો જરા પણ નહિ ગુમાવવો એ જ સલાહભરેલુ હતું. **બલ્ખ** તરફ રવાના થયા પહેલા **મહમૂદે** પોતાના સૈન્યની ગણત્રી કરાવી હતી તો તે ૫૪૦૦૦ ચુનદા ઘોડેસ્વાર, ૧૩૦૦ હાથી અને તે ઉપરાંત કેટલુક પાગપાળુ લશ્કર પરદેશપર ચડાઈ લેઈ જવાને માટે તૈયાર રહેલુ જણાયુ હતું. આ ઉપરાંત લુંટ મેળવવાની લાલચે કેટલાકો વગર પગારે લડવાને માટે લશ્કરમાં શામેલ થયા હતા. જ્યારે **મહમૂદે મ**થુરાનુ મદિર લૂટયુ ત્યારે તેને ૫૦૦૦૦ સોનામહોરોની કીંમત જેટલા હીરા, માણેક વગેરે જવાહીર મળ્યુ હતું તથા ૧૦૦ મોટી ચાંદોની મૂર્તિઓ મળી હતી. તે ઉપરાંત સિપાહીઓને પણ કેટલીક લૂંટ મળી હતી. એ

લૂટથી ઘણા સિપાહીઓ માલદાર બની ગયા હતા અને વળી **સોમનાથના** શિવાલયમા તો **મથુરાના** મંદિર કરતા પણ વધુ દ્રવ્ય હોવાની વાત ઉડી હતી તેથી તેને લૂટવાનો લાભ મેળવવા માટે સ્વયસૈનિકોની સખ્યા ૩૦૦૦૦ જેટલી તૈયાર થઈ ગઈ હતી **મથુરામાથી** લૂટ મેળવવા માટે તે લશ્કરની સાથે નહિ જવાથી ગરીબ રહી ગએલાઓ આ વખતે **સોમનાથની** લૂટ માટે પોતાનુ નસીબ અજમાવવાની ઈચ્છાથી સ્વયસેનિકો તરીકે બહાર પડયા હતા તેમાની મોટી સખ્યા તો **તુર્કસ્તાન** જેટલે દૂરથી પણ આવી લાગી હતી. આખા લશ્કરને માટે ખોરાકી તથા બીજા માલ અસબાબનો એટલો મોટો જથ્થો લેવામા આવ્યો હતો કે તે ઉચકવાને માટે ૨૦૦૦૦ ઉટો લશ્કરની સાથે રાખવામા આવ્યા હતા

મહમૂદે લશ્કરની સાથે પોતાના મુખ્ય વઝીર **અહમદ હુસેનને**, શાહજાદા **મસાઉદને**, પોતાના ભાણેજ **મસુદને**, માનીતા હજુરીયા **આયાઝ** તથા **મીશકાનીને**, એક મહેસૂલી વઝીર **અલ્તુન તાશને** અને કવિ ઉનસરીને ખાસ કરી લેવાનુ જણાવ્યુ હતું અને લશ્કરને લગતાં માણસો સિવાય બીજા ઘણા નાના મોટા સરદારોએ આ ચડાઈમાં સાથે રહેવાનુ ઠર્યું હતું. **અબુલ હસનના** ભાણેજ **હબીબને** પણ એક નાનો સરદાર બનાવીને સાથે રાખવાની ઈચ્છા **સુલ્તાને** જાહેર કરી હતી કારણકે **સૌરાષ્ટ્રની** ભૂમિના એક ભોમિયા તરીકે લશ્કરની સાથે તેની તો ખાસ જરૂર હતી.

થોડા દિવસમાં શૂરા અફઘાન સૈનિકોથી અને તુર્કી તીરદાજોથી **ગઝનીના** મહોલ્લાઓ ભરાઈ ગયા. લશ્કરના સિપાહીઓથી અને પહાડી લુટારાઓથી આખુ **ગઝની** ભરાઇ ગયુ અને દિવસે જ્યારે તે સઘળા **ગઝનીનાં** બજારોમાં ફરવા નીકળતા ત્યારે ગામમા આબરૂદાર રાહદારી સ્ત્રીઓને હરવા ફરવાનુ પણ મુશ્કેલ માલૂમ પડતું. સઘળાં બાદશાહી મકાનો, મુસાફરખાનાંઓ અને મસ્જીદો નવા લશ્કરી મુસાફરોથી ઉભરાઈ જવા લાગ્યાં. **મહમૂદના** સૈનિકોની તલવારો કદાપિ કટાઈ જતી જ નહિ, કારણકે ભાગ્યે જ કોઈ વર્ષ યુદ્ધ, ચડાઇ કે ઝપાઝપી વિના પસાર થતું હતું અને તેથી આવડુ મોટું લશ્કર તૈયાર કરવામાં આવતું હોવા છતા શસ્ત્રાસ્ત્ર સજનારાઓને ત્યાં બહુ ધમાલ જોવામાં આવતી નહોતી.

સૌરાષ્ટ્રના પ્રદેશમાં પહોંચવા પહેલાં **રાજપૂતાનાનુ** લગભગ બસો ગાઉંનુ મોટું રણ ઓળગવું પડશે એ **મહમૂદ** સારી પેઠે જાણતો હતો. એ રણમાં રેતીના મોટા ડુગર અને કાળી ચીકણી માટી સિવાય બીજુ કાંઈ જ જોવામાં આવતું નથી. રણ પસાર કરવામાં મોટી મુશ્કેલી નડશે એવી

અગમચેતીથી **મહમૂદે** કેટલાક ભોમિયાઓને મોકલીને રસ્તો શોધી રાખવાની તજવીજ કરી હતી. સાથે ઘોડાઓને માટે ઘાસ, દાણો-પાણી વગેરે સઘળુ પૂરતા પ્રમાણમા લેવાની ગોઠવણ કરી રાખવામા આવી હતી. રણને સામે કાંઠે જઈ પહોચતા જ કદાચ કોઈ હિંદુ રાજા ચડી આવે તો તેની સામે થવું પડશે એ કલ્પના પણ ચચળ બુદ્ધિના **સુલ્તાનના** મગજમા ઉદ્ભવ્યા સિવાય રહી નહોતી.

યુદ્ધને લગતી સઘળી તૈયારીઓ કરીને ઇ સ. ૧૦૨૪ ના સપ્ટેમ્બર માસની અધવચમા **સુલ્તાન મહમૂદે** પોતાના જગી લશ્કરની સાથે **સૌરા**ષ્ટ્રના **સોમ**નાથના શિવાલયની સામે ચડાઇ કરવાને ગઝનીમાંથી કૂચ કરી **હિં**દુસ્તાનના જૂદા જૂદા ભાગોપર એકદર પદર ચડાઇઓ કરીને અગણિત દોલત લૂટી ગયા છતાં અને હજારો હિંદુઓની કત્લ કરીને તથા અસખ્ય અફઘાનોની આહુતિ આપીને ઉપરાસાપરી વિજય મેળવી ગયા છતા હજી અતૃપ્ત રહેલા લોભી **સુલ્તાન મહમૂદે હિં**દુસ્તાનને સોળમી વાર લૂટવાને આ ચડાઇ કરી હતી.

પ્રકરણ ૫ મું.

બેગમ મહદી ચીગીલ.

" પ્યારી બેગમ ! આવતી કાલે સ્હવારમા હુ **સૌ**રાષ્ટ્ર તરફ રવાના થઇશ; લશ્કર આજે કૂચ કરી ચૂક્યુ છે." **સુલ્તાને** લાંબા પ્રવાસે ગયા પહેલા મધરાત સુધી શરાબખાનામા મૌજ માર્યા બાદ ઝનાનામા પ્રવેશ કરતા બેગમ **મહદી ચી**ગીલને કહ્યુ

આજે બેગમની તબીયત બરાબર સ્વસ્થ નહોતી. મધરાત વીતી ગઈ હોવા છતા અને ઉંઘવા માટે બહુ બહુ યત્નો કર્યા છતા અતરના કોઈ સંતાપને લીધે હજી તે ઉંઘી શકી નહોતી. રેશમથી મઢેલા એક મોટા સુખાસનમા તે પોતાના હાથપગ પસારીને પડી હતી અને શિયાળાની ઋતુ હોવાથી લૂડી **જ**મીલા કંદહારી બેગમના મસ્તિક તથા હાથપર અગરનુ અત્તર મસળીને તેને હુશિયારીમા લાવવા યત્ન કરતી હતી. **સુલ્તાને** ઝનાનામાં પ્રવેશ કર્યો તે સાથે જ બેગમની નાદુરસ્ત તબીયત તેના દેખાવપરથી **સુલ્તાનના** જાણવામાં આવી ગઈ. વસ્ત્રો ઉતાર્યા વિના જ તે સુખાસન તરફ ધાયો અને **જ**મીલાને બેગમની તબીયતના ખબર પૂછ્યા.

જમીલા બોલી: "નામવર! તબીયત તો કાંઈ બહુ નાદુરસ્ત નહોતી પણ બેગમ સાહેબા ક્યારનાંએ ઉંઘને માટે તલપના હતા. તેમનુ મગજ આજકાલની ઠંડીથી જરા સુસ્ત બની ગયુ છે તેથી તેને હું જરા ગરમ બનાવું છુ. એથી એમની આંખ જરા મળી ગઈ હોય તેમ લાગે છે."

"ઠીક, તું હવે અહીંથી જતી રહે." સુલ્તાને ફરમાવ્યુ અને જમીલા તે ઓરડાને છોડી ગઈ.

સુલ્તાને વસ્ત્રો ઉતારી, સુખાસનપર બેગમની પાસે બેસી, તેના મસ્તિકને જરા સ્પર્શ કર્યો. તે સ્પર્શ થતા જ બેગમ એકદમ ચમકી ઉઠી અને તેણે પાછળ નજર કરી તો પોતાના શૌહરને બેઠેલો જોયો. "જિગર! હવે તો તારા મગજને આરામ છે?"

બેગમ કાંઈ પણ ઉત્તર આપ્યા વિના ત્યાંથી ઉઠી ગઈ અને પલગમા જઈ સૂતી. સુલ્તાન આ સર્વ ભાવ જોઇને અજબ થયો. બેગમના ચિત્તમા કાંઈ રોષ હોય અને તે રોષનો જ આ સર્વ સતાપ હોય એવું તેણે અનુમાન કર્યું. તે સુખસાનપરથી બેઠો થઇને પલંગપર ગયો અને બેગમના કૃષ્ણ-વર્ણીય કુતલની લટો તેના વદનચંદ્રપરથી ખસેડતાં બોલ્યો: "દિલ્દાર! આજે તારી તબીયત આટલી ગુસ્સે કેમ જણાય છે? આવતી કાલે હુ સૌરાષ્ટ્ર તરફ રવાના થવાનો છુ તો મને કાંઈ ફરમાન છે કે?"

"ફરમાન?! તમને મારી શુ દરકાર છે?" બેગમે છેવટે રોષમા ને રોષમા ઉત્તર આપ્યો, અને તે સાથે જ તેનાં નેત્રોમાંથી અશ્રુધારા વહન કરી રહી.

"મારા દિલના આરામ! તું એમ ન બોલ. શું મને તારી દરકાર ન હોય? અરે, એમ બને જ કેમ? આખો દિવસ સલ્તનતની ચિંતાઓના બોજાથી ગભરાએલો હું જ્યારે તારી પાસે આવું છુ, ત્યારે જ આરામ પામુ છુ અને મને તારી જ દરકાર ન હોય એમ બને શું?" સુલ્તાને એ શબ્દો સાથે મહદી ચીગીલના કપોલપર એક મીઠી ચુમી લીધી.

બેગમ પાસુ ફેરવીને નિરૂત્તર રહી. તેના રોષથી સુલ્તાનની અધીરાઈ વધવા લાગી. તેણે બેગમની અનિચ્છા છતાં તેનું મસ્તિક પોતાના ખોળામા લીધું અને તેના વદનપર હાથ ફેરવ્યો. "પ્યારી! સ્હવારમાં હુ કૂચ કરવાનો છું; લસ્કર તો રવાના થઈ ચુકયુ છે. હવે માત્ર થોડો વખત આપણે એકઠાં રહી શકીશુ અને એ વખતે આવો ગુસ્સો કરવો તે શુ તને લાજિમ છે?"

'પણ આ છેલ્લી રાત્રિએ મધરાતસુધી હજુરીયાઓ અને રંડીઓની સાથે શરાબની મૌજ ઉડાવવી એ ગઝનીના સુલ્તાનને તો લાજિમ જ છે!' બેગમે કટાક્ષમા ઉત્તર આપ્યો.

"ઓહો! શુ એટલા માટે જ તને ગુસ્સો ચડયો છે?" સુલ્તાને મંદ હાસ્ય કર્યું.

"ગુસ્સો? ગુસ્સાની તો કયા નવાઇ જ છે? એક મોટા સુલ્તાનની બેગમ થઇને એક સાધારણ સિપાહીના ઘરમા તેની સ્ત્રીને જેટલુ સુખ મળે તેટલુ સુખ તો હજીસુધી હુ મેળવી શકી નથી"

"પ્યારી! એમ તું ઓછુ ઓછુ કેમ બોલે છે? આ સઘળો મારો વૈભવ, આ ચૈન, આ આરામ, આ જવાહીર, એ સઘળુ સુખ શુ એક સિપાહીના ઘર કરતા ઓછુ છે?"

"મારા શાણા શૌહર! એ સુખને અમારે શુ કરવુ છે? અમોને તો અમારા ખાવિંદની રોજીંદી મુલાકાત જોઇએ છે! એક ઔરત ગમે તેવા દુઃખમાં રહ્યા છતા રોજ પોતાના શૌહરનો સુખી ચહેરો નિહાળવામા મૌજ માને છે, પણ હુ આપના ઝનાનામાં આવી ત્યારપછી આપ નામવૅર તો જૂદા જૂદા મુલકોપર ચડાઇઓ લેઈ જવાનો જ ધધો આદરી બેઠા છો! શુ આટલો વૈભવ, આટલી સત્તા અને આટલુ જવાહીર થોડુ છે કે વળી સૌરાષ્ટ્ર ઉપર નવી ચડાઈ શરૂ કરી છે અને આ ખાદીમાની દરકાર કર્યા વિના આપ તેને અહીં ગઝનીમાં છોડી જવા તૈયાર થયા છો?"

"દિલારામ! સલ્તનતમાં વધારો કરવો એ ઇરાદો આ ચડાઇમા સમાએલો નથી. સૌરાષ્ટ્રમા એક મોટુ હિંદુઓનુ મદિર છે અને એ મદિરમાં હિંદુઓના મોટા દેવની એક મૂર્તિ છે. કાફર મજહબનો સૌરાષ્ટ્રમાથી નાશ કરવાને અને હિદુઓની એ પત્થરની મૂર્તિ કેટલી બિનતાકાત છે તે તેઓને બતાવી આપીને તેઓને ઇસ્લામની છાયામા લાવવા માટ હુ તે દેશપર ચડાઇ લેઇ જઉ છુ."

પોતાની લોભી વૃત્તિ શાન્ત કરવાને સુલ્તાનને આ ધર્મના કારણનુ બ્હાનુ ઠીક હાથ લાગ્યુ હતું. બેગમ સુલ્તાનને મ્હોંએથી તેનો ધર્મને લગતો ઇરાદો સાંભળીને ચૂપ બની ગઈ. થોડી વાર રહીને તે બોલી· "મારા સરતાજ! ભલે આ પાક ઇરાદાવાળી ચડાઇમાં ખુદા આપને ફત્તેહ આપે અને આપની સાથે મને પણ આનદિત કરે, પણ પ્યારા! આપની લડાઈઓમાં અમોને વિયોગ વેઠવો પડે છે, માટે શુ અમે કાંઈ વાંક કર્યો છે?"

"વાંક એ જ કે તું અને હુ બન્ને પાક ઇસ્લામ ધર્મમાં જન્મ પામ્યાં છીએ ખુદાએ મારા પર કોપ કરીને જો મને એક કાફર બનાવ્યો હોત—જો હુ હિદુ જન્મ્યો હોત, તો કદાચ કેટલાક મૂર્ખ હિદુઓની પેઠે હુ તને મારી સાથે ચડાઇમા લેઈ જાત, લેકિન્ પાક ઇસ્લામ ધર્મ આપણને એવું મર્ખાઇભિર્યુ પગલુ ભરતા અટકાવે છે હિંદુઓ પોતાની સાથે લડાઇમા પોતાની ઔરતોને લેઈ જાય છે અને એક બાજુએ જ્યારે લડાઇમા પોતાના માણસોનાં માથા કપાતા હોય છે, ત્યારે તેઓ પોતાના ઝનાનાના તબૂમાં ઔરતોની વચ્ચે મૌજ મારતા હોય છે ! અને પછી જ્યારે લશ્કર નાસવા માડે છે ત્યારે તે ઔરતો દુશ્મનોના હાથમા પડી તેમના ઝનાનાને શોભાવે છે ! એવી મૂર્ખાઈ આ **સુલ્તાન મહમ્**મદથી નહિ થાય અને તેની પ્યારી બેગમને આ ચડાઇમા તેનાથી સાથે નહિ રખાય."

"**સુ**લ્તાનસાહેબ ભલે મને સાથે ન રાખે, પણ એક વાત રહી ગઈ હિદુ રાજાઓ પોતાની સાથે ઔરતોને રાખે છે, તે મૌજ મારવાને નહિ પણ દુશ્મનોની સામે લડવાને રાખે છે"

સુલ્તાન આ સાભળીને હસ્યો. તે બોલ્યોઃ "હિદુ રાજાઓ કદાચ પોતાની ઔરતોની કીંમત એક સાધારણ સિપાહી જેટલી સમજતા હશે, લેકિન્ મારે તો મારી **મહદી ચી**ગીલ મારી સલ્તનતની બીજી સુલ્તાન છે !"

"હ, હં, હુ સમજું છું ! બેગમની ખાલી ખુશામત કરીને તેને રીઝવતાં સારૂ આવડે છે—**સુ**લ્તાનસાહેબને !' બેગમે મન્દ સ્મિત કર્યુ

"શુ તું એમ સમજે છે કે હુ તને ખાલી રીઝવું છુ ?"

"હુ જો સલ્તનતની સુલ્તાન છુ, તો શુ આ સલ્તનતના વહીવટમા મારો કાંઇ અવાજ છે ? મારી સલાહ આપ પૂછો છો ?"

"સલ્તનતના વહીવટમાં તારો અવાજ નથી, પણ હુ જે કાઇ મેળવુ છુ તેનો ઉપભોગ કરવાની તને મારા જેટલી જ સત્તા છે અને તેથી તું પણ આ દેશની બીજી સુલ્તાન છે એમ હુ કહુ છુ."

"ઠીક હવે, એ વાત જવા દો; પણ કહો **સૌરાષ્ટ્ર** જીતીને આવશો ત્યારે મારેમાટે શુ ભેટ લેતા આવશો ?"

"ભેટ ? તું કહે તે. કહે તો તું માંગે તેટલુ જવાહીર હુ એ ચડાઇમાંથી પાછો ફરીશ ત્યારે તારા પગ પાસે રજૂ કરીશ અને તારી મરજી હશે તો સો—પાંચસો હિંદુ ખૂબસૂરત નાજનીનોને તારી લૂંડીઓ બનાવવા માટે લેતો આવીશ."

“ જર–જવાહીર તો તમોને જોઇએ છે, મને નથી જોઇતું; અને આપણી માદર જબાન બોલી શકતી લૂંડીઓનો અહીં ક્યાં તોટો છે કે એ કાફર જબાનને અહીં લાવવાની જરૂર હોય ? મને તો તેથી પણ કાંઇ ઉમદા ભેટ જોઇએ છે, સરતાજ ! ”

“ તેથી પણ ઉમદા ? કહે છે કે સોમનાથના હિંદુ મદિરમા એવા હીરા છે કે જેના જેવા આબદાર હીરા આખી દુનિયામાં ક્યાંય નથી. તેવા થોડા હીરા મારા તાજમાં જડાવવાનો મારો ઇરાદો હતો; પણ હવે જો તારી ખ્વાહેશ કોઇ ઉમદા ભેટ મેળવવાની છે તો એ હીરા હુ તને ભેટ કરીશ; બસ ? ”

“ નહિ નામવર ! મને તો કાંઇ બીજુ જ જોઇએ છે ! ” મ્હોં મચકાડીને બેગમે ઉત્તર આપ્યો.

“ બીજુ શુ ? અરે, જો તું ખુશ થતી હોય તો સૌરાષ્ટ્રના કોઈ મોટા હિદુ રાજાને પકડીને અહીં લાવીશ અને તેને તારો ખીદમતગાર બનાવીશ. ”

“ નહિ નહિ, પ્યારા ! હુ કહુ તે લેતા આવજો. કહો લાવશો ? આપો કોલ ! ”

“ કોલ છે મારો કે તું કહીશ તે લેતો આવીશ. ” સુલ્તાને વચન આપ્યુ.

“ નામવર ! મારૂ દિલ બહુ દયાળુ છે હો ! પારકુ દુઃખ જોઇને પણ મારા દિલમા કાંઈ કાંઈ થઇ જાય છે. આપણા માજી વઝીર ખ્વાજા અહમદ હુસનની ઔરત અમીના બીબી થોડા દિવસ પહેલા મને મળવાને આવ્યાં હતા. તેની સાથે તેનો એક નાનો છોકરો હતો. અરેરે ! તેના દિલનો ગમ તેણે મને કહી સભળાવ્યો, તેથી તો હુ પણ ખરેખર રડી ગઈ હતી ! ખ્વાજા અહમદને આપે કલીંજરના કિલ્લામાં કેદ કર્યો છે અને આજે સાત વર્ષથી એ બિચારી ઔરત અહી દુઃખમાં દહાડા કાઢે છે. ખ્વાજા અહમદ એક હોશિયાર આદમી છે અને તેનો જે કાંઇ ગુનોહ હતો તેને માટે તેને આટલી કેદની સજા હવે બસ છે. આપની જો મારા પર મહેરબાની હોય અને આપે મને જે કોલ આપ્યો છે તે ખરા દિલનો હોય તો મારી અરજ એ છે કે આપ નામવર ખ્વાજા અહમદને જ છૂટો કરીને મારા માટે ભેટ તરીકે તેડતા આવજો. ”

સુલ્તાન વિચારમાં પડી ગયો. ખ્વાજા અહમદ હુસન મૈમદી સુલ્તાન મહમૂદના વઝીર તરીકે ૧૮ વર્ષ સુધી રહ્યો હતો. મહમૂદ જ્યારે ગાદીપર

આવ્યો ત્યારે તેના વઝીર તરીકે અબુલ અબ્બાસ હતો, પરન્તુ બે વર્ષ પછી તેને દૂર કરીને ખ્વાજા અહમદને વઝીર નીમવામાં આવ્યો હતો. ખ્વાજા અહમદ હોંશિયાર અને બહાદૂર પુરૂષ હતો, પરન્તુ તેના દુશ્મનો ઘણા હતા. એ દુશ્મનોમાં ખ્વાજા હુસનક અને અલ્તુન તાશ નામના બે અમલદારો હતા. તેઓ હમેશાં ખ્વાજા અહમદનાં છિદ્રો શોધ્યાં કરતા હતા અને સુલ્તાન પાસે તેની ચાડી ખાતા હતા. ખ્વાજા અહમદના દુશ્મનો એટલા બધા વધી ગયા હતા અને તેઓએ સુલ્તાનને એટલો બધો ભભેરવા માંડયો હતો કે છેવટે સુલ્તાન ખ્વાજા અહમદથી કટાળી ગયો. ખ્વાજા અહમદના દુશ્મનો ઘણા હતા પરન્તુ તેના એકાદ બે હિતસ્વી હતા અને તે બેગમ મહદી ચીગીલ તથા તેની લૂડી જમીલા કંદહારી હતાં. મહદી ચીગીલ એક તુર્ક રમણી હતી અને જ્યારે ઇ. સ. ૧૦૦૦ માં મહમૂદે તુર્કસ્તાનપર ચડાઈ કરી હતી ત્યારે ત્યાંના ખાન એલીકખાને પોતાની પુત્રી મહમૂદને પરણાવી હતી. એ જ બેગમને ગઝનીમાં 'મહદી ચીગીલ' નામથી ઓળખવામાં આવતી હતી. મહદી ચીગીલની ચાણાક્ષતાથી શરૂઆતથી જ સુલ્તાનપર તેની સારી સત્તા જામી ગઇ હતી, અને તે સત્તા જમાવવામાં તેના સ્વરૂપે અને વાણીની મધુરતાએ પણ સુલ્તાનપર જાદૂ ચલાવીને સારી મદદ કરી હતી. જ્યારે મહદી ચીગીલ સુલ્તાનના ઝનાનામા આવી, ત્યારે ખ્વાજા અહમદ વઝીરાતપર આવી ગયો હતો પોતાની મહેરબાની ધરાવનારા તુર્કસ્તાનના વતનીઓને નોકરી અપાવવામા મહદી ચીગીલને ખ્વાજા અહમદ હરેક રીતે સગવડ કરી આપતો હતો. સુલ્તાન પોતે તુર્કી લોકોને પોતાના રાજ્યમા અમલદાર નીમવાનુ બહુ પસદ કરતો નહિ પણ તેથી ઉલટુ બેગમની ભલામણને લીધે ખ્વાજા અહમદને રાજ્યમા તુર્કી લોકો ભરવાની જરૂર પડતી. આથી મહદી ચીગીલની ખ્વાજા અહમદપર સારી મહેરબાની ઉતરી ગઇ હતી,. પરન્તુ તે જ

* આ મહેરબાની અને બેગમ મહદી ચીગીલની ચાણાક્ષતાની એક ફારસી દતકથા ઘણી રસિક છે તેથી અમે 'મઝમા ઈ-વસાયા' માથી તેનો સાર નીચે પ્રમાણે ઉતારી લઇએ છીએ —

એક વાર જ્યારે મહમૂદની છાવણી કાબુલ ખાતે હતી, ત્યારે ખ્વાજ અહમદ કાઈ સરકારી કાર્યપ્રસગે ગઝનીમા આવ્યો, અને તેને ખબર મળી કે કેટલાક વેપારીઓ તુર્કસ્તાન જતા હતા, જેઓ કેટલાક વખત પછી ગઝની ખાતે પાછા ફરવાના હતા. ખ્વાજ અહમદને કેટલાક મોટા તુર્કી બકરાઓની પોતાને માટે તથા પોતાના પુત્રોને માટે જરૂર હતી તેથી તેણે તે વેપારીઓની સાથે એક માણસ મોકલવાની ગોઠવણ કરી. એ માણસને ગઝનીની કેટલીક સુદર બનાવટો અને કીં-

કારણથી તેના દુશ્મનો વધી પડયા હતા અને તેઓ સુલ્તાનને સાચુ જૂઠું સમજાવતા હતા. છેવટે ઇ. સ. ૧૦૧૭ ની લગભગમાં સુલ્તાનનો રોષ ખ્વાજા અહમદ ઉપર વધી પડયો અને તેને વઝીરાતપરથી દૂર કરીને કલીંજરના કિલ્લામાં કેદ કર્યો. તેને અત્યારે છૂટો કરીને ગઝનીમા તેડના આવવાની બેગમની અરજનો સ્વીકાર કરતાં સુલ્તાનને મોટો વિચાર થઇ પડયો. થોડી વાર રહીને સુલ્તાન બોલ્યો: " પણ એ તારે માટેની ભેટ કેવી રીતે લેખાય ? "

બેગમ જરા લાડ દર્શાવતી સુલ્તાનના કંઠે વળગી અને તેને પોતાની તરફ જરા ખેંચીને કપોલ સાથે કપોલ અરકાડતાં બોલી: " તમો નામવર એક સુલ્તાન છો અને હુ બીજી સુલ્તાન છુ, તમારે વઝીર છે અને હુ પણ

મતી ચીજો તુર્કસ્તાનમા વેચવા માટે આપી અને તેની કીમતમાથી બકરાઓ ખરીદી લાવવાનુ તેને કહ્યુ. આ ગોઠવણની વાત તેના દુશ્મનો ખ્વાજા હસનક અને અલ્તુન તાશના જાણવામા આવી તેઓએ આ વાત સુલ્તાનને જણાવીને તેનાપર સુલ્તાનની ખફા ઉપજાવવાનુ ધાર્યું ખ્વાજા અહમદે પોતાના માણસને માલ સાથે તુર્કસ્તાન તરફ રવાના કરી દીધા પછી પોતાના દુશ્મનોની આ હીલ-ચાલની વાત જાણી તેણે પોતાપર આવી પડવાની આફત વિષે બેગમ માહદી ચીગીલની લૂંડી જમીલા કંદહારીને જણાવ્યુ જમીલાએ ખ્વાજાને ધીરજ આપી અને " બ્હીવાની કાંઈ જરૂર નથી, હુ તે આફત આવવા દઈશ નહી " એમ કહ્યુ ને તુરત જ બેગમ પાસે ગઈ અને તેને ખ્વાજાપર આવેલી આફતની વાત કરીને કહ્યુ " આપ સાહેબા આપના માતા અને ભાઇઓપર પત્રો લખીને તૈયાર કરો અને તેમા લખજો કે ' હુ આ પત્ર સાથે અહીની ફલાણી ફલાણી ચીજો ભેટ મોકલુ છુ તે સ્વીકારજો તથા ત્યાની કાંઇ અવનવી ચીજો મારા ઉપયોગની હોય તે મોકલજો ' અહીથી મોકલવાની ચીજોમા ખ્વાજા અહમદે વેચવા માટે મોકલેલી ચીજોના નામોની યાદી હુ લાવી છુ તે નામો દાખલ કરજો આ પત્રો તુર્કસ્તાન તરફ રવાના થઇ ચુકેલા ખ્વાજાના માણસને આપણે કાંઈ ટૂંકા રસ્તાથી ઉતાવળે પહોચતા કરી દઇશુ અને તેને ખબર આપી દઇશુ કે જો અલ્તુન તાશ કે ખ્વાજા હસનકના માણસો તને પકડે અને પાછા ફેરવે તો ત્યા કાંઇ નહિ બોલતા સુલ્તાનની હુઝુરમા આવીને સઘળી વાત ઉઘાડી પાડજે કે ' મને તો બેગમસાહેબાએ આ સઘળી વસ્તુઓ આ પત્રો સાથે તેમના માતા તથા ભાઇઓને ભેટ આપવા માટે મોકલ્યો છે ! ' " જમીલાની આ યુક્તિ પ્રમાણે પત્રો તૈયાર કરીને ખ્વાજા અહમદના તુર્કસ્તાન તરફ જતા માણસને પહોચાડયા અને સઘળી વાત તેને સમજાવી રાખી આ બાજુએ અલ્તુન તાશ અને ખ્વાજા હસનકે સુલ્તાન પાસે ચાડી ખાધી કે ખ્વાજા અહમદ તો તુર્કસ્તાનમા વેપાર કરે છે અને પોતાના વઝીર તરીકેના ઓહ્દાનો ગેરવાજબી લાભ મેળવે છે સુલ્તાને અલ્તુન તાશને હુકમ

ખ્વાજા અહમદને મારો વઝીર બનાવવા ચાહુ છુ; કહો, એ મારા માટેની ભેટ ખરી કે નહિ ?"

"પણ તેને છૂટો કરવાથી મારા બીજા વઝીરો વાંધો લેશે તેનું કેમ?"

"આપ નામવર સુલ્તાન છો કે આપની સલ્તનતના સુલ્તાન આપના વઝીરો છે ? આપના બોલ આગળ એ વઝીરોના શા ભાર છે કે ઉ કે ચૂ કરી શકે ? અને હા, જો આપની મારાપર મહેરબાની ન હોય, આપના વચનની આપને કાંઇ જ કીંમત ન હોય, તો થઇ રહ્યું, મારે કાંઇ જ ભેટ નથી જોઇતી." એ શબ્દો બોલતા બેગમનુ મ્હો ઉતરી ગયુ.

માનીતી અને વ્હાલસોઇ મહદી ચીગીલની આ એકની એક માંગણી પોતાની લાબી મુસાફરીને પ્રસગે નકારવાની ધૃષ્ટતા મહમૂદ કરી શક્યો નહિ. તેણે પોતાના મનને મનાવવા માડ્યુ: "ખ્વાજા અહમદને આટલી શિક્ષા હવે બસ છે, હુ તેને મારો વઝીર બનાવનાર નથી, તો પછી તે કાંઇ ખટપટો ઉભી કરી શકનાર નથી મારો વઝીર અહમદ હુસેન કે બીજાઓ પણ કાંઇ વાંધો ઉઠાવનાર નથી કાંઇ ફીકર નહિ. શી ખબર આ પ્યારની પૂતળીને પાછો ક્યારેએ મળી શકીશ, તો તેને આપેલો આ એકનો એક કૌલ મારે કબૂલ રાખવો જ જોઇએ." એટલુ વિચારીને તેણે કહ્યું: "કાંઇ

કર્યો કે ખ્વાજા અહમદનો જે માણસ વેપારની ચીજો લેઈ જતો હોય તેને તે ચીજો સાથે પકડીને પાછો લાવવો અલ્તુન તાશે એકદમ માણસો મોકલીને પેલા માણસને આગળ વધતો અટકાવીને પાછો પકડી આણ્યો તે માણસે સુલ્તાનની સમક્ષ હાજર થઈને મહદી ચીગીલના સહીસીક્કાવાળા કાગળો અને તે સાથેના વરેણા, વગેરે ભેટની વસ્તુઓ ખુલ્લી કરીને જણાવ્યુ કે 'મને બેગમસાહેબે આ વસ્તુઓ તેમના ભાઇઓ વગેરેને ભેટ આપવાનુ ફરમાવ્યુ છે ' આ વાત ખુલ્લી પડતા અલ્તુન તાશ અને ખ્વાજા હસનક ખસ્યાણા પડી ગયા અને તેમના મ્હો ફીક્કા બની ગયા ! ઉલટુ બેગમે વાંધો ઉઠાવ્યો કે "આટલે બધે વર્ષે મે મારા ભાઇઓ અને મારી માને ભેટની ચીજો મોકલી, તે સુલ્તાને પાછી મગાવી અને મારા કાગળો કચેરીની વચ્ચે ખુલ્લા કર્યા તેથી મારૂ અપમાન થયુ છે !" આ શબ્દોથી સુલ્તાનના મનપર ભારે અસર થઇ અને ખ્વાજા અહમદ માટેનો તેનો સશય ટળી ગયો, એટલુ જ નહિ પણ ખ્વાજા હસનક અને અલ્તુન તાશને ગરદન મારવાનો હુકમ આપ્યો મહદી ચીગીલ ખરી વાત સમજતી હતી તેથી તેણે તે નિર્દોષ માણસોનો ઘાત થવા દીધો નહી અને સુલ્તાનને પોતાનો દયાભાવ વ્યક્ત કરી સમજાવી લીધો પરતુ આ બનાવથી ખ્વાજા અહમદના દુશ્મનોની મોટી હાર થઈ હતી અને તેઓ ફરી કેટલાક વખતસુધી ખ્વાજાની સામે ઉચુ માથુ કરી શક્યા નહોતા

ફીકર નહિ, હુ મારો બોલ કબુલ રાખુ છુ અને **સોમનાથ**પર જીત મેળવીને હુ પાછો ફરીશ ત્યારે ખ્વાજા **અહમદને** હુ તારા માટેની ભેટ તરીકે છુટા કરીને અહીં તેડતો આવીશ. બસ, હવે તો તું ખુશ થઇને ?"

"ખુશ, હજાર દફે ખુશ, પણ આપનાં દિદાર પાછા ક્યારે થશે ?"

"મારા દિદાર ક્યારે થશે એ તો હુ કહી શકુ નહિ, પણ મારા ખાનગી પત્રો તો તને લસ્કરી કાસદોની સાથે સાથે મળતા રહેશે અને તારી ખુશખહાલીના પત્રો ?

"હુ તો આપના પત્રો ફરી ફરીને વાચીશ અને તેમાના હર્ફેહર્ફની ગણત્રી કરીને દહાડા ગાળીશ, લેકિન્ ત્યા લડાઇઓની ધામધુમમા આપ નામવરને મારા પત્રો વાચવાની ફુરસદ મળશે કે ?"

"તારા પત્રો વાચવાની ફુરસદ મને શુ નહિ મળે ? શુ તુ મને એટલો નઠોર માને છે ?"

મૌન્ય અને કપોલપરની લજ્જાની સુરખીદ્વારા બેગમ **સુલ્તાન**ના પ્રેમામૃતનુ પાન કરતી જણાઇ નેત્રોમા લજ્જા અને પ્રેમવિહ્વલતાનો ઘેરો **સુલ્તાને** સપ્રેમ ચૂમી લીધો અને આખી રાત્રિ એવા જ વિહારમા વ્યતીત થઇ: પરન્તુ ભાવીના ઉદરમા શુ ભર્યું છે તે કોણ જાણતુ'તું ?

પ્રકરણ ૬ ઠું.

ઈ. સ. ૧૦૨૪ માં ગુજરાત અને સૌરાષ્ટ્રની પરિસ્થિતિ.

આપણી કથાને સમયે **સૌરાષ્ટ્ર**ના કેટલાક ભાગનો મુલક ગુજરાતના રાજા **ભીમ**દેવના અધિકાર હેઠળ હતો. તે વખતે તેના કેટલાક ભાગમા જૂદા જૂદા વશના રાજપૂતોનુ આહીર રાજાઓનુ અને બીજા નાના મોટા રાજવશોનુ જોર હતું, તોપણ તેમાંના કેટલાક **ભીમ**દેવને ખડણી ભરતા અને **ભીમ**દેવની આજ્ઞામાં રહેતા. **સોમનાથ પાટણ**ની આસપાસનો કેટલોક મુલક અને **સૌરાષ્ટ્ર**નો બાકીનો ભાગ **જુનાગઢ**ના રાજા રા' **માંડળિક**ના તાબામા હતો. આ **માંડળિક જૂનાગઢ**ની ગાદી ઉપર ઇ સ. ૯૮૧ (૧૦૨૧ ?) માં બેઠો હતો એટલે આ સમયે તે પાકી ઉમરનો થવા આવ્યો હતો, તોપણ તેનુ તેજ અને વીર્ય એક યુવાન્ ક્ષત્રિયના જેટલુ હતું તેની રાણીનુ નામ ઉમાદે હતુ. ઉમાદે **લાઠી**ના ગોહીલ **ભીમ**જીની પુત્રી હતી. ઉમાદેને **ત્રણ** ભાઇઓ હતા જેમાનો સૌથી મોટો ભાઇ દુદાજી **લાઠી**ની ગાદીપર હતો અને

તેથી નાનો **અર્જુનજી જૂનાગઢના** રાજ્યમાં જ નોકરી કરતો હતો સૌથી નાનો **હમ્મીરજી** પોતાના વતન **લાઠી**માં રહેતો હતો. દુદાજી ગોહીલ પરોપકારી અને ઉદાર હતો[1] તથા **અર્જુનજી** શૂરો અને બહાદૂર હતો, તેથી રાજા **માંડળિકે** તેના હાથ નીચે પોતાનુ સઘળું લશ્કર સોપ્યુ હતું. **અર્જુનજી** એક આંખે જ દેખી શકતો હતો છતા બાણુ મારવામા **અર્જુનના** જેવો કુશળ કહેવાતો હતો.

માંડળિકની હાકથી **સૌરાષ્ટ્ર**ની જગલી જાતો પણ થરથરતી હતી અને તેઓને પોતાનો લૂટ અને ચોરીનો ધધો છોડી દેવાની ફરજ પડી હતી. **માંડળિક** પાસે રાજપૂત યોધાઓનુ અને કોળી, ભીલ તથા આહીરોનુ એક સારૂ લશ્કર હતુ જેઓ તીર મારવાની કળામાં અતિ કુશળ હતા

સૌરાષ્ટ્રના બીજા મોટા રાજાઓમા એક **બર્ડા** પ્રાતનો અધિપતિ અને **ધુમલી**નો રાજા હતો. તે સિવાય **ગોહીલવાડ**માં કેટલાક નાના મોટા રાજાઓ હતા અને તે સઘળા શિવભક્ત હતા

સૌરાષ્ટ્ર અને ગુજરાતમા સૌ કરતાં **ભીમદેવ**ની આણ વધારે પ્રદેશમા વિસ્તરેલી હતી. તેના રાજ્યના પ્રારભથી જ તેનુ એક ન્યાયી રાજા તરીકે નામ થયુ હતું અને બાલ્યાવસ્થાથી બાણુ મારવામાં તેની અત્યત નિપુણતાને યોગે તેનુ 'બાણાવળી' ઉપનામ પડચુ હતું. તે રાજ્યાધિકારપર આવતા જ નાના મોટા મડળેશ્વરોમા તેની ધાક પડી હતી **સોમેશ્વર**ની યાત્રાએથી પાછો ફરીને **ભીમદેવ** પોતાની રાજધાની તરફ જતો હતો એવામાં તેણે **સિંધુ, ચેદિ** (**ચંદેલ–બુંદેલખડ**) અને **માળવા**ના રાજાઓની પોતાની વિરૂદ્ધની હિલચાલની વાતો સાભળી તે ઉતાવળે પ્રવાસ કરીને **અણહીલપુર** પહોંચ્યો અને અગાઉથી તૈયાર રાખેલી સેના લેઇને **સિંધુ** દેશપર ચડયો તે દેશનો રાજા **હમ્મુક** (**હમીર**) **પંજાબ**માં એક મજબૂત કિલ્લામા ભરાઇ બેઠો હતો અને ત્યાં પહોચતા **ભીમદેવને પંજાબ**ની કેટલીક નદીઓ ઓળગવાને લાકડાં, માટી તેમ જ પત્થરના પૂલો બાંધવા પડચા. **હમ્મુક ભીમ**ની સામે થયો પણ છેવટે તે હાર્યો અને **ભીમ**નો કેદી બન્યો

---

૧ આ દુદાજીની ઉદારતાના સબધમા કહેવાય છે કે તેણે પચાણુઆ કાળમા ઘણા લોકોને અન્ન આપીને ઉગાર્યા હતા આ પંચાણુઓ કાળ સવત્ ૧૦૯૫ નો હોવો જોઇએ તેના સબધમા નીચેનો સોરઠો બોલાય છે —

"દુદા ખાઓ છો દેશ, લેખુ દે **લાઠી**ધણી,
"પચાણુએ પ્રવેશ, ફળ આવ્યા દુર્બળતણા"

ત્યારપછી **ભીમ**દેવ **ચેદિ** દેશના રાજા સામે ચડયો અને તેને તો યુદ્ધ પણ કર્યા વિના પોતાના પરાક્રમી કાર્યોના કથનવડ નમાવ્યો

ચેદિ દેશમાથી પાછા ફરતાં અને **અણહીલપુર**માં પેઠા પહેલાં **ભીમ**દેવને **માળવા**પર ચડાઈ કરવી પડી. **માળવા**મા તે સમયે સુપ્રસિદ્ધ **ભોજ**રાજા રાજ્ય કરતો હતો. જ્યારે **ભીમ**દેવ **સિંધ** ઉપર ચડયો હતો, ત્યારે **અણહીલપુર**માં **ભીમ**દેવની ગેરહાજરીને લેઇને **ભોજ**રાજાએ ગુજરાત-પર ચડાઇ કરવાનો લાગ સાધ્યો હતો તે વખતે **ભોજ**રાજાનો કુળચંદ્ર નામનો એક સાહસિક મત્રી **અણહીલપુર**માં કેટલીક લુટ ચલાવીને જતો રહ્યો હતો, એ વાત **ભીમ**દેવના જાણવામા આવી ગઇ હતી; અને તેથી તેણે **ભોજ**રાજાને નમાવવાનો ઇરાદો રાખ્યો હતો **ભોજ**રાજાની સાથે **ભીમ**દેવે કાઇ યુદ્ધ કર્યાનો ઇતિહાસ પ્રાપ્ત થતો નથી, પરન્તુ **ભીમ**દેવ **ભોજ**ના દરબારમા પોતાના સધિવિગ્રહ કરનાર **દામોદર** નામના મત્રીની સાથે ગયો હતો અને ત્યા ઓળખાઇ ગયા પહેલાં છટકી ગયો હતો **ભોજ**રાજાએ પાછળથી તેને પકડવાને ઘણોએ યત્ન કર્યો હતો પણ તેમા તે ફાવ્યો નહોતો

આ યુદ્ધોમાથી **ભીમ**દેવ રાજધાનીમા પાછો ફર્યો અને નાગરિકોએ પોતાના પ્રતાપી રાજાનો મોટી ધામધુમ સાથે સત્કાર કર્યો સધ્યાનો સમય હતો આખા **અણહિલપુર**મા સ્થળે સ્થળે રગબેરગી કપડાઓના તથા વિધવિધ જાતિનાં ફુલપાનના મડપો કરવામા આવ્યા હતા જેમા થઇને **ભીમ**દેવ તથા તેનુ આખુ સૈન્ય રાજદરબાર તરફ પ્રયાણ કર્યે જતું હતુ શ્રીમતોએ પોતાના મકાનોને દીપમાળથી શણગાર્યા હતાં અને ધ્વજાપતાકાઓના શણગારથી કોઇ મોટા ઉત્સવનુ ભાન થતું હતુ. **ભીમ**દેવના હૃદયમા પોતાની રાજનિષ્ઠ પ્રજાના આવા ઉત્સાહથી આનદ પ્રકટ થયો હતો અને સરઘસમા તેનુ સસ્મિત વદન નિહાળીને પુરજનો વિશેષ આનદિત થતા હતા. પોતાની પટરાણી ઉદયમતિનુ સૌથી પહેલા દર્શન કરવાના ઉમગમા તેણે રાજમહાલયમાના રાણીવાસના દ્વારમડપ પાસે પોતાનો હાથી ઊભો રખાવ્યો. **ભીમ**દેવ હાથીપરથી ઉતરી પડયો અને સૈન્યને પોતાના નિવાસસ્થાનપ્રતિ ચાલ્યા જવાની આજ્ઞા આપી. એટલામા તેનો મત્રી **દામોદર** પોતાના અશ્વને દોડાવતો ત્યા આવી પહોંચ્યો અને સચિંત વદને તેણે **ભીમ**દેવને કાઇ ગુપ્ત વાર્તા જણાવવાની ઇચ્છા દર્શાવી. બીજા માણસોને દૂર કરવામા આવ્યા, એટલે **દામોદર** આસ્તેથી બોલ્યો: “ મહારાજ ! નવા યુદ્ધના સમાચાર છે. ”

“ શુ નવું યુદ્ધ ? **ભોજ** ચડી આવે છે શુ ? ” **ભીમ**દેવે અનુમાન કરતા પૂછ્યુ.

“ નહિ મહારાજ, **ભોજ** નહિ પણ ગઝનીનો **સુલ્તાન મહમૂદ** આ તરફ ચડી આવે છે, એમ **સિંધુ**દેશની સરહદપરથી અત્યારે એક કાસદે ખબર પહોચાડયા છે. ”

ભીમદેવના વદનપર ચિંતાની રેખાઓ છવાઇ ગઇ. તેણે પ્રશ્ન કર્યો: “ શુ તે ગુજરાત દેશ કબ્જે કરવા માટે ચડી આવે છે ? ”

“ તે કાંઈ જાણવામા આવતુ નથી; પણ એક ઉડતી વાત એવી છે કે તે **સોમ**નાથનુ શિવાલય લૂટવાને માટે ચડી આવે છે, અને **સિંધ**ની સરહદ તો તે અત્યારે ઓળંગી ગયો હશે. ” **દામોદરે** પોતાની જાણમાં આવેલા સઘળા સમાચાર આપ્યા.

ભીમદેવ એ સમાચાર જાણીને દ્વારમંડપમાજ* સ્થિર થઇ ગયો. તેણે કેટલીક વારસુધી વિચાર કરીને કહ્યુ. “ **સૌરાષ્ટ્ર**ના નાના મોટા રાજાઓને અને ખાસ કરીને **જૂ**નાગઢના રાજા **માંડળિક**ને આ ખબર એક કાસદદ્વારા પહોચતા કરો. ’

દામોદર એ આજ્ઞાનો અમલ કરવાને ત્યાથી ચાલ્યો ગયો અને **ભીમ**દેવ અંતઃપુરમા જવાને દાદર ચડવા લાગ્યો.

પ્રકરણ ૭ મું.

રાણી ઉદયમતિનો રોષ.

પ્રિય પત્ની ઉદયમતિનો એ વર્ષનો વિરહ **ભીમ**દેવને આજે સમાપ્ત થવાનો હતો **સિંધુ**દેશ અને **ચેદિ** દેશના રાજાઓને યુદ્ધમા હરાવીને ઠેઠ **મગધ** દેશસુધી કીર્તિ ગજાવી આવેલો અને **ભોજ** જેવા દુશ્મનના રાજ-

*ચૌલુકય વંશના રાજાઓ “ગુજરાતના રાજાધિરાજ” કહેવાતા છતા તેમની આણ કેટલે દૂરસુધી જુદા જુદા દેશોમા ફરતી હતી તથા કેવા કેવા રાજાઓ ગુજરાતના રાજાધિરાજની આજ્ઞામા હતા તેનો ખ્યાલ હેમાચાર્યકૃત ‘દ્વયાશ્રય’ પરથી આવે છે એ મહાકાવ્યના ૮ મા સર્ગપરથી જણાય છે કે **પૌડ્ર** દેશનો રાજા **ભીમ**દેવની આજ્ઞામા હતો, **કુરુ**દેશમા પણ તેની હાક પ્રસરી હતી, **આંધ્ર** દેશના રાજાને પણ **ભીમ**દેવને માથુ નમાવવું પડતુ, **મગધ**દેશમા પણ **ભીમ**દેવનુ કીર્તિગાન થતુ અને **સિંધુ** તથા **ચેદિ** દેશના રાજાઓને તો **ભીમ**દેવે પોતે જ યુદ્ધ કરીને નમાવ્યા હતા

દરબારમાં પેસી ચૂકયા છતાં કરામતથી તેના હાથમા પડયા વિના છટકી ગએલો **ભીમ**દેવ આજે પોતાની વિજયવાર્તા રાણી **ઉદયમતિને** કહી સભળાવવાને આતુર બન્યો હતો. શૂરવીર સ્વામીના શૌર્યની વાર્તા શ્રવણ કરીને સુશીલ પત્નીઓ પોતાને ભાગ્યશાળી માની અભિમાન ધારણ કરે છે, આનદ પામે છે, સ્મિત ફરકાવે છે: પોતાની વિજયવાર્તા સાભળતાં ઉદયમતિનુ વદન પણ પુલકિત થાય, તેના નેત્રો આનદથી વિસ્ફારિત થાય, એવું જોવાને–હર્ષાશ્રુ સમેત ઉદયમતિને નિહાળવાને–તેનુ સપ્રેમાલિગન સ્વીકારવાને **ભીમ**દેવ આજે આતુર–આતુર થઇ રહ્યો હતો. રાજ્યાભિષિક્ત થયા પછી **ભીમ**દેવ આજે પહેલી જ વાર યુદ્ધમા જઇ આવ્યો હતો અને તે પહેલા જો કે તેણે ઘણાએ યુદ્ધો તથા વિગ્રહો જોયા હતા, તોપણ ગુર્જરરાષ્ટ્રાધિપતિ તરીકે તેણે આ પહેલી જ વાર યુદ્ધમા સ્વયમેવ ભાગ લીધો હતો; તેથી આજના દિવસનો હૃદયનો ઉભરો તેને મન અપૂર્વ હતો પોતાનાં પરાક્રમોની વાર્તા ઉદયમતિને કહી સભળાવવાનો–એ વર્ષમા તેના મનમાં જાગૃત થએલા નવા નવા વિચારોનો ઉભરો ખાલી કરવાનો–આ પહેલા જ પ્રસગ હતો.

અંતઃપુરમાં જવાના દાદરનાં પગથિયા ચડતાં **ભીમ**દેવના હૃદય સાગરમાં વિધવિધ તરગો ઉઠવા લાગ્યા. “ જ્યારે હુ અત પુરના દ્વારમા પગ મેલીશ, ત્યારે તે કેવા ભાવમાં, કયે સ્થળે અને કેવી રીતે બેઠી હશે ? એ તો નિશ્ચિત છે કે **અ**ણહીલપુર **પા**ટણના પાધરમાં મારી નોબતો ગરગડી અને આખા લશ્કર સાથે મે નગરમા પ્રવેશ કર્યો, ત્યારે મહાલયના ગવાક્ષમા ઉભી રહીને અથવા તો મહાલયની અટારીપર ચડીને મને હાથીની અબાડીમાં નિહાળવા માટે તે તલપાપડ થઈ રહી હશે અને જ્યારે મહાલયના આંગણામાં આવીને મારી સ્વારી થોભી, ત્યારે તો તેને મન એવું એવું થઇ ગયુ હશે કે ક્યારે સરઘસ વીખરાઇ જાય અને હુ પરભાર્યો અત.પુરમા ચાલ્યો આવું ? ! ખરેખર, વ્હાલસોઇ અને સુકોમળ હૃદયની આર્ય સન્નારીઓના ચિત્તની એટલી વિહ્વળતા–સ્વામીના દર્શનની એટલી આતુરતા સ્વાભાવિક જ છે ! **ભીમ**દેવ ! ઉદયમતિના જેવી ડાહી અને સુશીલ આર્યાને પત્ની તરીકે મેળવીને તું ખરેખર એક સદ્‌ભાગ્યશાળી રાજા ઠર્યો છે ! આ દરેક ક્ષણે તે મારાં પગલાં સાંભળતી, હુ આવી પહોચ્યાનાં ક્ષણે ક્ષણે સુખસ્વપ્નો અનુભવતી અને મને અતઃપુરના દ્વારમાં ન જોઇને નિઃશ્વાસ નાંખતી તથા પુનઃ મારા આગમનની આશા ધારણ કરતી પોતાની કોમળ હથેલીમાં હડપચીને ટેકાવીને કોઈ આસનપર બેઠી હશે !

હું દ્વાર ઉઘાડીને અંદર પ્રવેશ કરીશ, તે સાથે જ તે વિદ્યુતની પેઠે ચમકી ઉઠશે, અને જ્યાં બેઠી હશે ત્યાંથી ઉઠીને, મારી સામે દોડી આવી, મારે કંઠે વળગી પડી, મને આલિંગન આપશે ! અહો ! મારી માતા મને આ વિજય મેળવીને પાછો ફરેલો જોઇને સોના-રૂપાના ફૂલોથી કે સાચાં મોતીથી વધાવે, તેના કરતાં મારી પત્ની-મારા સ્વર્ગની દેવી મને પોતાનાં હર્ષાશ્રુ અને પ્રેમાશ્રુનાં મિશ્રિત મુક્તાફળોથી વધાવે તે દશ્ય મને કેટલુ વધારે આનંદજનક થઈ પડશે ? તે મનોરમ દશ્ય, મારા જીવનનો તે અપૂર્વ અવસર, તે દિવ્ય સંયોગીકરણ હવે દૂર નથી-માત્ર એક તસુને છેડે જ છે; એક ક્ષણ પછી હુ અંતઃપુરના દ્વારને ધક્કેલીને માંહે પ્રવેશ કરીશ અને તે સાથે જ હુ મારી દેવીની મનોહર મૂર્તિના દર્શન કરીશ ! ! હા, પણ એક વિઘ્ન વચ્ચે ઉપસ્થિત થયુ છે ખરૂ. નવા યુદ્ધના પડઘા વાગી રહ્યા છે. લડાઇઓમાથી અને લાંબા પ્રવાસેથી એક ઘટિકા પૂર્વે જ પાછુ ફરેલુ મારૂ લશ્કર ઘણું નાનુ બની ગયુ છે. સૈનિકો સ્થળ સ્થળના પાણી પીને મોટે ભાગે અનારોગ્ય બની ગયા છે. ઘાયલ થયેલા સૈનિકો હજી સાજા થયા નથી. ઘોડાની સખ્યા પણ ચેદિ દેશમાં ચાલેલા અશ્વરોગથી ઘટી ગઈ છે, અને હવે એક બળિયા શત્રુની સામે થવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે ! સુલ્તાન મહમૂદ ગઝનવી મહાબળવાન્ શત્રુ છે. આર્યાવર્ત ઉપર તે અનેક સ્વારીઓ કરી ચૂક્યો છે અને સઘળી વખત લૂટફાટમા તે ફાવી ગયો છે. આ વખતની તેની ચડાઇનો હેતુ પણ ગુજરાત અને સૌરાષ્ટ્રને લૂટવાનો જ હશે અને તેથી પૂરતા સેનાબળથી તેની સામે થવાની જરૂર પડશે. કદાચ એકલુ સોમનાથનુ શિવાલય લૂટવાનો અને આર્યધર્મને અપમાન પહોંચાડી પોતાના ધર્મનો વિજય ગજાવવાનો તેનો ઈરાદો હોય, તોપણ તે ધર્મયુદ્ધમા મારે પડવુ જ જોઇએ. સોમનાથની છત્રછાયા હેઠળ અમે સર્વ-ગુજરાત તથા સૌરાષ્ટ્રના-રાજાઓ કલ્લોલ કરીએ છીએ, આબાદ થયા છીએ અને તે જ મંદિરને અપમાન પહોચાડવાને એક યવન ચડી આવે, તો મારે તેને પાછો હઠાવવો જોઇએ. પણ તેમ કરવામાં મોટા લશ્કરી બળની જરૂર પડશે. મારે માટે આ એક ઘણો બારીક સમય આવી પહોચ્યો છે.”

લાંબા વિરહ પછી રાણીને મળવાના ઉમગમા દશ્યાદશ્ય રીતે ચમકતી ચિંતાની રેષાઓ સાથે ભીમદેવ દાદરને ઉલ્લઘી ગયો અને અંતઃપુરનાં દ્વાર સમીપ આવી પહોચ્યો. મનની અધીરાઈ બતાવવાને દ્વારને ઉતાવળે નહિ ધક્કેલતાં તેણે આસ્તેથી ધક્કો દીધો અને જરા પણ અવાજ કર્યા વિના દ્વાર ઉઘડયાં. ધીમે પગલે માંહે પેસીને તેણે પુનઃ દ્વાર બંધ કર્યાં. એક ક્ષ-

ણવારમાં ભીમદેવની નજર આખા ઓરડામાં ફરી વળી ઓરડાના મધ્યમા ચાંદીના નકસી કામથી મનોહર દેખાતા એક ઝુમ્મરમાં દીવાઓ બળી રહ્યા હતા અને તેનો પ્રકાશ આખા ઓરડામાં પ્રસરતો વિસ્તરી રહ્યો હતો. ઓરડાની સઘળી દિવાલોને અડકતાં આરસનાં, ધાતુના, લાકડાનાં, સુખડનાં અને એવા એવાં આસનો ગોઠવેલાં હતાં અને તે પર સફેદ ગાદી તકીયા સુઘડતાથી મૂકી રાખેલા જણાતાં હતાં. મધ્યમાં રૂપાની સાંકળે બાંધેલો હીંચકો સ્થિર જણાતો હતો અને તુરતમાં તે પર કોઈ બેઠેલુ હોય તેમ જણાતું નહોતું કારણકે તે પરની ગાદીની ચાદર જરા પણ ચોળાઇ જણાતી નહોતી. પત્નીના આલિંગનની આશામાં નિમગ્ન બનેલો ભીમદેવ એ ઓરડામાનાં સઘળાં આસનોને ખાલી નિહાળીને નિરાશ થયો, પરતુ તુરત જ તેની નિરાશા આશાના નવીન ઉદ્ભવને લીધે ઉડી ગઇ. તેણે ધાર્યુ કે "કદાચ મારી હાસી કરવાને તે કયાંક છૂપાઈ રહી હશે." એમ વિચારતો તે તુરત દરેક આસનની હેઠળ નીચો વળી વળીને દૃષ્ટિ કરવા લાગ્યો. પુન: અત કરણમા નિરાશા ઉદ્ભવી. ખરેખર તે ઓરડામાં રાણી નહોતી જ

ઓરડાની બે બાજુએ બે નાના ઓરડાઓ આવેલા હતા અને એ ઓરડાનાં દ્વાર અલગ નહોતાં પરતુ મધ્યના ઓરડામાંની બે બાજુએ આવેલાં બે દ્વારવાટે તે ઓરડામાં જઈ શકાતું હતુ. તેમાના એક ઓરડામા રાણી ઉદયમતિ કોઇ પરાઇ સ્ત્રીઓને મળવું હોય ત્યારે બેસતી અને બીજો ઓરડો શય્યાગૃહ તરીકે વપરાતો. શય્યાગૃહમા સોનાના નકસી કામવાળા અને ચાંદીથી મઢેલા બે મોટા છત્રીવાળા ઢોલીયા, થોડા સુખાસનો અને તે સિવાય વિવિધ પ્રકારના શૃગારિક ચિત્રો સિવાય બીજુ કશુ નહોતું શય્યાગૃહમાં અને બેસવાના ઓરડામાં કોઈ પણ પરાઈ સ્ત્રીને પ્રવેશ કરવાનો અધિકાર નહોતો, એટલુ જ નહિ પણ રાણીની દાસીઓ પણ આજ્ઞા વિના આવી શકતી નહિ. ભીમદેવે તે ઓરડાઓમાના એકમા જઇને જોયુ. તે ઓરડામાં એક લાકડાના ઉચા પાટલાપર લાકડાની દીવીપર ઝાખો ઝાખો દીવો બળતો હતો. ત્યાં તો રાણી નહોતી જ પણ કદાચ તે શય્યાગૃહમાં હશે એમ ધારીને બીજી બાજુના ઓરડાના દ્વાર તરફ ભીમદેવ વળ્યો. દ્વાર ઉઘાડયુ તો તેમાં સર્વત્ર અધકાર પ્રસરેલો જણાયો હજી પણ ભીમદેવ સપૂર્ણતઃ નિરાશ થયો નહિ. બીજી બાજુના ઓરડામાંથી દીવી સાથે દીવો ઉપાડીને તે શય્યાગૃહમાં લાવ્યો અને તુરત જ તેણે જોયુ કે આજે રાણી ઢોલિયાપર રોજના નિયમ કરતાં વહેલી સૂઇ ગઇ છે.

પોતે ઓરડામાં આવી ચૂક્યા છતાં રાણીને જાગૃત થએલી નહિ જોતા

ભીમદેવને રાણીના આરોગ્યને માટે ચિન્તા થવા લાગી. રાણીને શોધી કાઢવા માટે ભીમદેવને બહુ તસ્દી લેવી પડી હતી, તોપણ પ્રેમના અને ઉત્સાહના ઉભરામા તે તસ્દીને તેણે ગણકારી નહોતી. અન્ય કોઈ પ્રસગે આમ થયુ હોત તો તેથી તેને કદાચ રાણીપર ગુસ્સો ચડચો હોત, કિન્તુ અત્યારે ગુસ્સાને સ્થાને તેને પોતાની પ્રેમાળ પત્નીપર દયા ઉપજી હતી. પ્રેમની સાંકળથી ખેંચાતો ભીમદેવ ઢોલિયા પાસે ગયો અને રાણીના વદનપર એક મધુર ચુબન લીધું. રાણી તુરત જ ઢોલિયામાં બેઠી થઈ અને આંખો ચોળવા લાગી. તે નિદ્રામાં નહોતી એવી ભીમદેવની ખાત્રી થઈ ગઈ. જાગતાં છતાં તે બોલી નહિ, ઉઠી નહિ, એટલું જ નહિ, પણ દીવા વિના અધકારમા જ નિયમ કરતાં વહેલી સૂઈ ગઈ, એ સઘળુ સાંભરતાં ભીમદેવે અનુમાન કર્યું કે "રાણીજી પ્રેમકલહ આદરી બેઠા લાગે છે !"

પ્રેમકલહ ઘણી વાર પ્રેમી દપતીને આનદજનક થઇ પડે છે. તેની મીઠાશના અનુભોગીઓને એવા વિરલ પ્રસગો અમૃતસમાન લાગે છે. એવા પ્રસગોના પરિચય પામેલા ભીમદેવને અત્યારનો પ્રેમકલહ સ્વલ્પ હસાવનારો થઇ પડચો. તેણે રાણીની દૃષ્ટિથી અગોચર મન્દ સ્મિત કર્યું અને પછી કહ્યુ: "આમ અધારામા અને સમીસાજમાં સૂઇ જવાનુ શુ કારણ છે? આરોગ્ય કઈ બરાબર નથી કે શુ?"

રાણી કાંઈ પણ ઉત્તર નહિ આપતાં પાછી બિછાનામા સૂઈ ગઈ અને પાસુ બદલાવીને સ્વામીપ્રતિનો રોષ પ્રકટ કર્યો. ભીમદેવે તેને જાગૃત કરવાને વિનોદમાં તેનાં મીંચેલાં નેત્રોપર ચૂટી ખણી. ચૂટી ખણનાર અગુલિઓને રાણીએ તરછોડી કાઢી પણ કાંઈ ઉત્તર આપ્યો નહિ. ભીમદેવે હવે વિનોદનો ત્યાગ કરીને કાઇક ગભીરતા ધારણ કરી. તે બોલ્યો: "આજે બે વર્ષે હુ દૂરના દેશોના પ્રવાસેથી પાછો ફર્યો છુ અને તે સમયે મારૂ આરોગ્ય તથા સ્વાસ્થ્ય પૂછવાને બદલે આમ એકાએક નિષ્કારણ રોષ ધરવો તે શુ ઉચિત છે?" એ પ્રશ્નનો ઉત્તર મેળવવામા પણ ભીમદેવને નિરાશા જ પ્રાપ્ત થઈ.

અધીરો ભીમદેવ આવું મૌન્ય વધુ વખત લબાવી શક્યો નહિ. થોડીએક ક્ષણો રાણીના રોષનુ કારણ સમજવામા ગાળીને તે પુનઃ બોલ્યો: "સુદરી! મારો એવો તે શુ દોષ થયો છે કે અત્યારે હુ તારા મધુરા શબ્દોનુ શ્રવણ કરવાને પણ ભાગ્યશાળી થઇ શકતો નથી? હા, જો હુ પ્રવાસમાં ગયા પછી તને કોઇએ માઠું લગાડચું હોય તો હું તેને યોગ્ય દડ દેવાને—તારા પતિ તરીકે તેમ જ એક ન્યાયી રાજા તરીકે—સર્વદા તત્પર

છું; તારી માનહાનિ કરવાનો કોઇએ વચનથી અને કાયાથી પ્રયત્ન કર્યો હોય તો હું તેને મારા દેશમાંથી દૂર કરવામાં પાછો નહિ હઠું. અને જો મારા બે વર્ષના લાંબા વિરહથી જ તને સંતાપ થયો હોય, તો, પ્રિયતમા ! રાજધર્મ બજાવતાં હું અનેક પ્રકારનાં કષ્ટો વેઠવાને જ્યારે તૈયાર થઉં છું, ત્યારે તું એટલું વિરહસંકષ્ટ સહેવાને પણ શુ તૈયાર થઇશ નહિ ?"

ઉદયમતિનો રોષ રાજાના આ શબ્દો સાંભળીને ઘટયો નહિ પણ વધ્યો. રાજાપર ક્રોધ ધારણ કરતી અને નેત્રોમાંથી ક્રોધનાં રક્ત કિરણોનો પ્રચાર કરતી તે સફાળી બેઠી થઈ અને રાજાનાં નેત્રોની સામે બે ક્ષણ ટગર ટગર જોઈ રહીને બોલી. "ગુજરાતના રાજાધિરાજ ! દેશવિદેશમાં એમ કહેવાય છે ગુર્જરરાષ્ટ્રાધિપતિ વ્યભિચારી પુરૂષોને દડ દેવામાં કુશલ છે* અને મને કહો કે વ્યભિચારની ઇચ્છાવાળા પુરૂષોને શુ દંડ દેવો જોઇએ ?"

ભીમદેવે અનુમાન કર્યું કે રાણીની સાથે એ દુષ્કાર્ય કરવાની કોઇએ ઇચ્છા રાખીને કાંઈ બળાત્કાર કર્યો હશે અને તેથી જ રાણી આ ખુલાસો પૂછે છે અને તેના રોષનુ કારણ પણ તે જ હોવું જોઇએ. ભીમદેવ બોલ્યો: "વ્યભિચારની ઇચ્છાવાળા પુરૂષને તેની ઇચ્છા બરાબર સિદ્ધ થાય તો વ્યભિચાર કરનાર જેટલી જ શિક્ષા થવી જોઇએ, એટલે કે તેને બદીખાને પૂરવામાં આવે, અથવા તેનુ ધન રાજ્યકોષમાં લેઇ લેવામાં આવે અથવા તેને દેશપાર દડ પણ આપી શકાય"

"જો ગુજરાતના રાજા પોતે એવી ઇચ્છા રાખે તો તેને શુ સજા થાય ?" રાણીએ મ્હોં ઠાવકુ રાખીને પ્રશ્ન કર્યો.

ભીમદેવ આ સાભળીને ચમકયો પોતે કોઈ વાર એ દુષ્કૃત્યની ઇચ્છા વ્યક્ત કરી હોય એવું તેને સાંભર્યું નહિ. ક્ષણભર મૌન રહીને તેણે પોતાનુ પૂર્વચરિત્ર સંભારવા માંડયું પણ કાંઇ યાદ આવ્યુ નહિ. રાણી આ મર્મકથન કયા આધારે કરે છે તે તેનાથી સમજાયુ નહિ. રાણીનો આ રોષ પોતે પ્રવાસે ગયો ત્યારનો હોવો જોઇએ એમ તો તે સમજી શકયો; પણ બે વર્ષમાં એ નહિ શમી જનાર રોષનુ સ્વરૂપ હવે તેને ભયકર ભાસવા લાગ્યુ. રાણીનુ વદન અને તેનાં અંગો જોતાં ભીમદેવે જોયુ કે

* કોઇએ આ રાજાના વખતમા પરસ્ત્રીની ઇચ્છા ન કરી, કોઈ પરસ્ત્રીને લેઇ ના ગયુ, કે કોઇ તેના વિષે અપશબ્દ પણ કહી ના શકયુ, કેમકે એ નિરતર નીતિમાર્ગમાં જાગતો રહેતો ને કોઈના પણ પાપને ક્ષમા આપતો નહિ દ્વયાશ્રય ॥ ૮ ॥ ૨૭ ॥

કાંઇ કારણોને લીધે તેનું શરીર સુકાઈ ગયું છે. તે કારણો આ રોષ અને ચિન્તા જ હોવાં જોઇએ એવું તેણે અનુમાન કર્યું. લાંબો વિચાર કરતાં છતાં જ્યારે **ભી**મદેવને પોતાની દુષ્ટ કૃત્યની ઇચ્છા સાંભરી નહિ, ત્યારે તેણે કહ્યું: "પણ ગુજરાતના રાજાની એક દુષ્ટ ઇચ્છા ન્યાયપુરઃસર સિદ્ધ થવી જોઇએ અને ત્યારપછી જ તેને કાંઈ શિક્ષા ઘટે, તે પહેલાં નહિ."

"એક ગુન્હો છુપાવવાને અસત્ય બોલનાર બીજો ગુન્હો કરે છે. માનવીની દૃષ્ટિમાં તે ગુન્હો કદાચ ન આવે પણ ઇશ્વર તે ભૂલતો નથી. રાજાજી! પેલી રાડની છોકરી **બ**કુલાને વેચાતી લેઇને રાજમહાલયમાં દાખલ કરી છે, એટલુ જ તમારી દુષ્ટ ઇચ્છા સિદ્ધ કરવાને બસ છે. જાઓ તેની પાસે, તે તમારૂ આરોગ્ય પૂછશે, તે તમારા સ્વાસ્થ્યની દરકાર કરશે, તે તમારી વિજયવાર્તા શ્રવણ કરીને આનદિત થશે; અહીં હવે તમે પધારશો નહિ, મને વ્યર્થ માન આપશો નહિ, અને સતાવશો પણ નહિ." એટલા શબ્દો બોલતાં રાણીના અગોપાંગ ક્રોધથી કપવા લાગ્યાં અને મગજ આવેશમાં આવી ગયુ. ઉત્તર સાભળવાની રાહ પણ નહિ જોતા તે પુનઃ બિછાનામાં પડી.

ભીમદેવ આ સાભળીને સ્થિર થઈ ગયો. અત્યારસુધી વિસ્મૃત થઇ ગએલી **બ**કુલા પુન: સ્મૃતિમા ઉભરાઇ આવી. તેનુ મગજ ભ્રમવા લાગ્યુ. **બ**કુલાને પોતે અત:પુરમાના જ એક ઓરડામા નિવાસ આપ્યો હોવાથી ઉદયમતિનુ ચિત્ત સશયગ્રસ્ત થયુ જણાય છે એમ તે સમજી ગયો અને તેથી તે સશયગ્રસ્તતા દૂર કરવાને **ભી**મદેવ બોલ્યો: "**બ**કુલા સાથે હુ અનિષ્ટ વ્યવહાર રાખવા ઇચ્છુ છુ એ તારા ચિત્તનો એક સશય માત્ર છે. તેને એક નિર્દય વારાંગનાના હાથમાથી છોડાવી છે, અને તે કોઈ ઉચ્ચ કુળની સુદરી જણાવાથી તેને એક રાજા તરીકે મે માત્ર આશ્રય જ આપ્યો છે. તેમ કરવામાં જો તું મારી દુષ્ટ વાચ્છના સમજતી હોય તો તેમ સમજવામા તું ભૂલ કરે છે, અને તેટલા માટે હુ દડને પાત્ર નથી. પ્રિયા! આટલા નિર્જીવ કારણસર આટલો રોષ કરવો ન ઘટે."

ભીમદેવે ઉત્તરની રાહ જોઇ પણ તેમા તે નિરાશ થયો. ચડેલી ભ્રકુટીવાળી, ક્રોધથી રક્ત બનેલા નેત્રોવાળી, સપત્નીનુ સાલ ઊભુ થવાની ચિન્તાને લીધે પોતાને 'પરિત્યક્તા' માનનારી એ સુદરીએ મુખમાંથી એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ. રાણીનો આ ગેરવાજબી રોષ જોઇને **ભી**મદેવ અતિખિન્ન થયો. રાણીને સમજાવવાને-તેનો આ પ્રેમકલહ નહિ પણ સાચુલો કલહ છોડાવવાને હવે શુ કરવું તેનો **ભી**મદેવને મોટો વિચાર

થઇ પડયો. થોડી વાર રહીને તે પુનઃ વિનતિ કરવા લાગ્યો: "આજે બે વર્ષે હું તારી પાસે તારા મિષ્ટ અધરામૃતનો પિપાસુ બનીને આવ્યો છું અને તું શું મને નિરાશ કરીશ? હું શપથ લેઇને કહું છું કે બકુલાને આશ્રય આપવામાં મેં જરા પણ દુષ્ટ હેતુ રાખ્યો નથી. તો પછી તું તારો આ રોષ કેમ ત્યજતી નથી? મુગ્ધ કમલિની! આતુર ભ્રમરને વધારે તલસાવવા માટે આવો રોષ તો નિર્દયને જ છાજે, તોપણ આજસુધીની તારી દયાલુતાનો ધ્વંસ એકાએક શા કારણથી થઈ ગયો છે? મારાપર દયા કર અને અહર્નિશ તારા સંગમાં આનંદ માનનાર, તારી સાથે રહીને રાજ્ય ચલાવવામાં સ્વધર્મ સમજનાર અને તારા તથા મારા હૃદયને સર્વદા એકરૂપ લેખનાર એવા આ તારા દુઃખી પતિને આશ્વાસન આપ."

એ વિનતિની અસર પણ ઉદયમતિપર કાંઈ જ થએલી જણાઇ નહિ. ભોળા સ્વભાવની ઉદયમતિએ અત્યારે એવી હઠ ધારણ કરી હતી કે જેનું પરિણામ વિચારવાની તેણે દરકાર કરી નહિ. ભીમદેવ યુદ્ધે ચડયો તે વખતથી આજસુધી બકુલાને સંભારી સંભારીને ઉદયમતિ ક્રોધ અને ચિન્તાનો ભોગ થઈ પડી હતી, અને આજનો તેનો રોષ ક્ષણિક નહોતો પરન્તુ બે વર્ષથી પોષાએલો ચિરંજીવી હતો. ભીમદેવ જેવો પરાક્રમી હતો તેવો જ નરમ દિલનો અને પ્રેમમાં પીગળી જાય તેવો હતો. ઉદયમતિના આ અસાધારણ રોષને લીધે તેને બહુ ખેદ થયો. ફરીથી એ નિર્દય સુંદરીની દયા માગ્યા વિના જ અહીંથી ચાલ્યા જવું એવું વિચારી ભીમદેવ ઢોલિયાપરથી ઊભો થયો. બે ડગલાં આગળ ચાલ્યો અને તેને પોતાની થોડીએક ક્ષણો પહેલાની અભિલાષાઓ સાંભરી આવી. "અરે! મેં કેવી અભિલાષાઓ સાથે આ અંતઃપુરમાં પ્રવેશ કર્યો હતો, અને અત્યારે હું કેવી નિરાશા સાથે પાછો ફરૂં છું?" એવી તુલનાત્મક કલ્પનાએ યુવાન્, પ્રેમાતુર અને કોમળ હૃદયના ભીમદેવના નેત્રોમાંથી એક અશ્રુબિંદુ ટપકાવ્યું. તે પાછો ફર્યો. ચંડિકાસમાન ક્રોધાઘૂર્ણ વદન સમેત સૂતેલી ઉદયમતિ તરફ દૃષ્ટિ કરી. પાસે જઇને તેના મસ્તિકપર હાથ મૂકયો અને એક છેલ્લી વારની વિનતિ કરતાં કહ્યું: "પ્રિયે! અત્યારે હું ચિન્તાતુર છું. ગુજરાત અને સૌરાષ્ટ્રપર ગઝનીનો સુલ્તાન મહમૂદ મોટી સેના સાથે ચડી આવે છે. સોમનાથનું શિવાલય તોડવાનો તેનો ઇરાદો હોય એમ સંભળાય છે. તેમાંથી દેશનું અને ધર્મનું સંરક્ષણ કરવાનું ધર્મસંકટ મારે શિરે આવી પડયું છે. પ્રિય અર્ધાંગના! મારા અર્ધ અંગ તરીકે મને તારે આ ધર્મસંકટ સમયે કાંઈ સલાહ આપવી જોઇએ, મને આશ્વાસન આપવું જોઇએ. મારા કાર્યમાં

મને સાહાય્ય આપવી જોઇએ. શું આવા કષ્ટપ્રદ સમયમાં પણ તું મારાપર દયા નાહ કરે ? તારો રોષ ત્યજી નહિ દે ?"

"એ સલાહ, આશ્વાસન અને સાહાય્ય સઘળુ પેલી **બ**કુલા આપશે; મારી પાસેથી તે માંગવાનો હવે તમને અધિકાર રહ્યો નથી, માટે તેની પાસે જાઓ." ક્રોધના આવેશમાં, અવિચારપૂર્વક અને ઉચ્ચ સ્વરે ઉદયમતિએ એ શબ્દો ઉચ્ચાર્યા. સાહસ કરવુ એ સ્ત્રીનો સ્વભાવજ દોષ છે. પરિણામનો સ્વલ્પ પણ વિચાર કર્યા વિના ઉદયમતિએ છેવટસુધી એકસરખી હઠ પકડી રાખીને જે શબ્દો ઉચ્ચાર્યા તેની અસર **ભી**મદેવના મગજપર બહુ ખરાબ થવા પામી. અત્યારસુધી પ્રેમાતુરતાને લીધે શાન્ત રહેલા **ભી**મદેવને હવે એ છેલ્લા શબ્દોપરથી અત્યત ક્રોધ ચડયો. ઉદયમતિના નિર્દય સ્વભાવ ઉપર તેને તિરસ્કાર આવ્યો અને ક્રોધના એકસરખા આવેશમાં તે શય્યાગૃહમાથી સત્વર ચાલ્યો ગયો. નિરાશા, ક્રોધ, તિરસ્કાર અને એવી જ બીજી સખ્ત લાગણીઓ તેના ચિત્તમાં પેદા થઈ હતી. અત્યારસુધી સ્ત્રીહઠ પ્રબળ હતી અને હવે રાજહઠનો પ્રસગ ઊભો થયો હતો.

પ્રકરણ ૮ મું.

બકુલાનો આત્મવૃત્તાંત.

જો કહિયે તો સાચ કરિ કા માનૈ યહ બાત,
મનકે પગ છાલે પરે તો લૌ આવત જાત

રાત્રિનો એક પ્રહર વીતી ગયો હતો. થાળી પીરસાયાના ખબર **ભી**મદેવને પહોંચાડવામાં આવ્યા, પણ તેણે જવાબ મોકલાવ્યો કે અત્યારે જમવાની પોતાની ઈચ્છા નહોતી. ઉદયમતિએ કરેલા પોતાના તિરસ્કારને લીધે તેનુ મગજ ભ્રમતું હતું. અત્યારસુધી જે **બ**કુલા તેના સ્મરણમાં પણ નહોતી, તે **બ**કુલા હવે તેના ચિત્તપ્રદેશને રોકી રહી. હૃદય કોઈ સ્થળે પ્રબદ્ધ થયા વિના ચિત્તવૃત્તિ સતુષ્ટ થતી નથી. ઉદયમતિના તિરસ્કારને લીધે તેનો પરિત્યાગ કરતાં હવે **ભી**મદેવનુ ચિત્ત **બ**કુલામા પરોવાયુ. **સો**મનાથમાં તેને વારાંગનાના કબ્જામાંથી છોડાવ્યા પછી પોતાની સ્વારીની સાથે જ **અ**ણહીલપુરમાં આણી હતી, પરન્તુ **અ**ણહીલપુરમાં આવતાંની સાથે જ **ભી**મદેવને યુદ્ધે જવાનો પ્રસંગ આવી પડવાથી **બ**કુલાની પૂર્વ-

સ્થિતિની કાંઈ પણ વાત જાણ્યા પહેલાં તેને અણહીલપુર છોડવું પડયુ હતું; કિન્તુ અણહીલપુર છોડયા પહેલાં બકુલાના ચિત્તની નિર્મળતાનુ પરીક્ષણ કરવાની આવશ્યકતા તેણે વિચારી હતી. પોતાના વિશ્વાસુ સેવક સામતસિંહને તેણે કહ્યું હતું: "જો સામત! હુ યુદ્ધમાં જઉં છુ અને કેટલા વખત પછી પાછો ફરીશ તે કાંઈ ચોક્કસ કહી શકાય નહિ. આ બકુલાને આપણે આશ્રય આપ્યો છે ખરો, પરન્તુ તેની ચિત્તવૃત્તિની કાંઈ પણ પરીક્ષા આપણે કરી શક્યા નથી. તે પોતાની જાતને ગમે તેટલી પવિત્ર જણાવતી હોય અને પોતાનુ મન નીતિ તરફ અનુરાગ ધરાવતું અને નિર્મળ કહેતી હોય, તોપણ આપણે ભૂલવુ જોઇએ નહિ કે તે એક વારાંગનાના સહવાસમાં ઉછરી છે. માટે હુ તને સૂચવું છુ કે તારે તેની હીલચાલ તરફ નજર રાખવી અને તેના કાર્યોપરથી તેની ચિત્તવૃત્તિના સબધમા જે કાંઈ અનુમાનો કરી શકાય તે કરી રાખવા. હુ જ્યારે પાછો ફરૂ ત્યારે તેના વર્તન સબધી સઘળો ઇતિહાસ તું મને કહી સભળાવજે."

રાજાની આ આજ્ઞા શિરસાવધ માનીને સામતસિહે બે વર્ષસુધી બકુલાના વર્તન તરપ બરાબર નજર રાખી હતી, અને તે પરથી તેની ખાત્રી થઈ હતી કે તે એક સાધ્વીના સરખી નિર્મળ વૃત્તિવાળી સુદરી છે. આજસુધી તેણે શૃગાર, વિલાસ અને સગીતના અભ્યાસમા જ જીવન ગાળ્યુ હતું, તથાપિ દાસીઓ કે પરિચયવાળી બીજી સ્ત્રીઓ સાથેની વાતચીતમાં તે ઉત્તમ નીતિમત્તા પ્રદર્શિત કરતી હતી. તે બહુ ડહાપણપૂર્વક વાત કરતી અને અને કોઇનો પણ અવિનય કે તિરસ્કાર કરતી નહિ પટરાણીનો તેના પર રોષ હોવા છતા રાજમહાલયની સઘળી દાસીઓ ગુપ્ત રીતે ફુરસદે તેના ઓરડામા બેસવા જતી અને જેમ જેમ બકુલા સાથેનો તેમનો પરિચય વધતો જતો હતો તેમ તેમ તેઓનુ દિલ બકુલા તરફ, તેની વિનયશીલતા તરફ અને તેની નિર્મળ ધર્મવૃત્તિ તરફ વિશેષ ને વિશેષ આકર્ષાતુ જતુ હતું. બકુલાના આખા દિવસનો મુખ્ય વ્યાપાર શિવપૂજનનો અને કોઇ ઉપયોગી ધર્મપુસ્તકના હસ્તલિખિત પાના વાચવાનો હતો. આખો દિવસ તે એવા જ કાર્યમાં વ્યતીત કરતી અને રાત્રિએ પ્રથમ પ્રહરમા ભોજન કર્યા બાદ પોતાના ઓરડામા એકલી સૂઈ જતી. આવા ધાર્મિક જીવને સામતસિહના ચિત્તમાં પણ પ્રશસાને જન્મ આપ્યો હતો.

ભીમદેવ ઉદયમતિના શય્યાગૃહમાંથી નીકળીને એકદમ એક ઓરડામાં આવ્યો. ત્યાં તે બેઠો અને કેટલાક વખતસુધી બકુલા સબધી વિચારોને ચિત્તમાં ઘોળાવા દીધા. થોડી વારે તેણે સામંતસિંહને પોતાની પાસે

બોલાવીને તેને **બ**કુલાના વર્તન સબંધી પોતાનો અભિપ્રાય જાહેર કરવાને કહ્યું. **સામં**તસિંહે સર્વ વાત વિસ્તારથી જણાવી દીધી અને વળી કહ્યું: "મહારાજા! જો ખરૂ કહું તો ઉકરડામાંથી હાથ લાગેલુ તે એક રત્ન જ છે. વારાંગનાને ત્યાં ઉછરેલી એ બાળાની ધાર્મિક વૃત્તિ અને વિનયશીલતા જોઇને તો હુ દિગ્મૂઢ બની ગયો છું. આ બે વર્ષમાં મે તેના વર્તનનુ બારીક અવલોકન કર્યુ છે, પરન્તુ તેનામાં એક રજ જેટલો દોષ પણ શોધી કાઢવાને હુ સમર્થ થયો નથી! વધુ તો શુ કહુ? સસારિણીના સ્વરૂપમાં તે એક ખરેખરી સાધ્વી જ છે"

આ વાત સાંભળીને **ભી**મદેવ વધારે વિચારમાં પડયો કેટલીક ક્ષણસુધી તે મૌન બેસી રહ્યો **સામં**તસિહ કાંઈ આજ્ઞાની રાહ જોતો પાસે ઉભો હતો રાજાનુ ખિન્ન વદન અને થોડા વખત પહેલા રાજાનુ અત પુરમાં થએલું ગમન એ બન્ને વાતોનો વિચાર કરતાં **સામ**તસિહે અનુમાન કર્યું કે કાંઇ નવાજુની થઇ છે, પરન્તુ તત્સંબધી રાજાને કાંઇ પ્રશ્ન કરવાની હીંમત તે ચલાવી શકયો નહિ. **સામ**તસિહ આ જ વિચારમાં ગુથાયો હતો એટલામાં આકસ્મિક રીતે રાજાના મુખમાંથી શબ્દો નીકળ્યા: "**સામત**! જા, **બ**કુલાને કહે કે રાજા તારી પાસે આવે છે"

સામતસિંહ ગયો. **બ**કુલાને તેણે ખબર આપ્યા. **બ**કુલા આશ્ચર્યથી ચમકી, પણ રાજા ગામમાં આવતાં તુરત જ પોતાને ઓરડે આવવાના ખબર મેળવીને તે આનદ પામ્યા વિના રહી નહિ. **સામ**તસિંહ ખબર આપીને ઓરડાની બહાર નીકળ્યો કે તુરત જ **બ**કુલા જરા સુઘડ વસ્ત્રો પહેરવાની ચિંતામાં પડી, પણ એટલામા તો **ભી**મદેવે ઓરડામાં પ્રવેશ પણ કર્યો. રાજાના આકસ્મિક આગમનથી **બ**કુલા કિંચિત્ ગભરાટમાં પડી, પરન્તુ રાજાનો સત્કાર કરવાની કાળજીમા તે ગભરાટ ઉડી ગયો.

"પધારો મહારાજાધિરાજ! આજે બહુ વખતે આ દાસીપર કૃપા કરી આ કિકરી આપના ચરણારવિદમાં નમન કરે છે અને જે કાંઈ આજ્ઞા હોય તે ફરમાવવા વિનતિ કરે છે." **બ**કુલાએ વિનયપૂર્વક હસ્તદ્રય જોડીને **ભી**મદેવના પગસુધી પોતાનુ મસ્તિક નમાવીને કહ્યું.

બકુલાએ સૂવામાટે બિછાવીને તૈયાર કરેલા ઢોલિયાપર **ભી**મદેવ બેઠો. **બ**કુલા તેની સામે ભોંયપર હાથ જોડીને બેઠી. **સામ**તસિંહ તો **ભી**મદેવે **બ**કુલાના ઓરડામાં પ્રવેશ કર્યો ત્યારનો ત્યાંથી ચાલ્યો ગયો હતો. **ભી**મદેવે ઢોલિયાપર સ્વસ્થ રીતે બેઠા પછી પ્રશ્ન કર્યો: "**બ**કુલા! મારા બે વર્ષના પ્રવાસમાં હું તને કેવળ વિસરી ગયો જ હતો; પરન્તુ અહીં

આવ્યા પછી તું મને સાંભરી આવી છે. તું એક સાચાબોલી સુજ્ઞ સાધ્વી છે, માટે હુ તને જે કાંઇ પ્રશ્ન પૂછું તેનો તું ખરેખરો ઉત્તર આપીશ ?''

"મહારાજા ! દેશના રાજા પાસે અસત્ય બોલવાનુ પાપ હું કદી નહિ જ કરૂ, એ આપ નિશ્ચિત સમજજો. આપે મને નરકના નિવાસમાથી બચાવી લીધી છે, એ મહદુપકારનો બદલો વાળવાને આ કિકરી અસમર્થ છે; તો પછી આપ જેવા ઉપકારક રાજેન્દ્રના પ્રશ્નોનો ખરો ઉત્તર આપવા જેટલો ધર્મ પણ શુ હુ નહિ બજાવુ ? આપ નામવરને જે કાંઇ પૂછવું હોય, તે બેલાશક પૂછો." **બ**કુલાએ એકસરખી નમ્રતા અને વિનયશીલતા સાથે ઉત્તર આપ્યો.

તેની એ મધુરી નમ્ર વાણીએ **ભી**મદેવના ચિત્તમાં માન ઉપજાવ્યુ. તે બોલ્યો: "**બ**કુલા ! તારા સદ્‌વર્તનપરથી મને એવો સશય ઉત્પન્ન થયો છે કે તુ કોઈ ઉચા કુળની બાળા છે, છતાં તું એક વારાગનાના હાથમાથી મારા હાથમા આવી છે, તેથી વળી મારા ચિત્તમા વિપરીત શકાનો પ્રાદુ-ર્ભાવ થાય છે. હુ તારો સર્વ જીવનવૃત્તાંત શ્રવણ કરવા ઇચ્છુ છુ. તું તે મને કહીશ ?"

"મહારાજ ! મારો વૃત્તાત દુ:ખી પ્રસગોથી ભરપૂર છે; તે શ્રવણ કરીને આપ શુ કરશો ? તેમા આપને કાઈજ રસ પડશે નહિ."

"પણ તે જાણવાનુ કુતૂહલ મારા ચિત્તમાં જન્મ્યુ છે અને તેથી તારો વૃત્તાત તારે મને કહેવો જ પડશે." **ભી**મદેવે આગ્રહ કર્યો.

બકુલાએ દુ:ખભારથી નીચુ જોયુ. તેની આખમા આંસુ ઝમી આવ્યા, પણ **ભી**મદેવની નજર ચુકાવીને તે ગુપ્ત રીતે લૂછી નાખવામા તેણે ફત્તેહ મેળવી. સ્વલ્પ સમય વિરામ લેઇને, કાંઇક વિચાર કરીને અને એક દીર્ઘ નિ:શ્વાસ નાખીને **બ**કુલા બોલી: "ગુર્જરેશ્વર ! આ અભાગિની બાળાનો જીવનવૃત્તાત શ્રવણ કરીને આપને કાંઈ દુ:ખ થાય તો તે માટે આપની પાસે પ્રારભથી જ ક્ષમા માંગી લેઉ છુ શ્રવણ કરો. **રા**જપૂતાનાની સરહદપર આવેલા કનોજ નામના નગરની પાસેનુ એક નાનુ ગામડુ એ મારી જન્મ-ભૂમિ. મારા પિતા એક સાધારણ સ્થિતિ ધરાવતા રાજપૂત હતા અને હુ તેમની એકની એક કન્યા હતી જોકે મારા પિતાની સપત્તિનો મોટો ભાગ નાશ પામી ગયો હતો, તોપણ અમે કુળવાન્ રાજપૂત કહેવાતાં. મારી માતા મારી બાલ્યાવસ્થામાં જ મરણ પામી હોવાથી વત્સલ પિતા મને ઉછેરીને મોટી કરતા હતા. ગરીબ પિતાના ઘરમાં પણ હુ સુખી હતી કારણકે મારે માટે ભવિષ્યમાં સુખ નિર્માણ કરી રાખેલુ હતું. છેક બાલ્યાવસ્થામાં મારો વિવાહ

કનોજના એક બાલ જમીનદાર રાજા બહાદૂરસિંગ સાથે થયો હતો. બહાદૂરસિંગ સગીર હોવાથી તેની સઘળી મીલ્કત કનોજના રાજા કુંવરરાયે પોતાના તાબામા લીધી હતી, પરન્તુ તે મોટો થતાં તેને તેની સઘળી મિલ્કત સોંપવામાં આવનાર હતી, એટલે ભવિષ્યમાં એ સઘળી જમીનદારીની માલેક હુ જ બનવાની હતી, એટલે મને આંતરૂ સુખ હતું. પરન્તુ એ સુખ મને નહિ ભોગવવા દેવાના નિશ્ચયવાળા નિર્દય ઇશ્વિરે એક વિઘ્ન ઉપસ્થિત કર્યું.

"સુલ્તાન મહમૂદ ગઝનવી કનોજ ઉપર ચડાઈ લેઈ આવ્યો અને આસપાસના પ્રદેશમાથી લોકો નાસી જવા લાગ્યાં. લૂટ ચલાવતો, ગામોને બાળતો અને ઉજ્જડ કરતો સુલ્તાન પોતાની સાગર જેવડી સેના લઇને કનોજ ઉપર ચડી આવતો હતો, તે સમયે મારી વય માત્ર નવ વર્ષની હતી. મારા પિતાને પોતાની જાત કરતાં વધારે ચિતા મારા સરક્ષણને માટે થવા લાગી, અને સુલ્તાનની જુલ્મી સેના દિવસે દિવસે નજીક આવી પહોંચવા લાગી. એટલામાં મારો ભવિષ્યનો પતિ બહાદૂરસિંગ જેની વય અત્યારે પદર–સોળેક વર્ષની હતી તે એકદમ દોડતે ઘોડે અમારે ત્યા આવી પહોચ્યો. તે આવ્યો ત્યારે સુલ્તાનની સેના અમારા ગામડાના પાધરની લગભગમા હતી. મને કનોજના કિલ્લામાં લેઈ જઇને સુરક્ષિત રાખવા માટે જ મારો પતિ આવ્યો હતો અને મારા પિતાએ પણ નજીક આવતા ભયનો વિચાર કરીને મને મારા સ્વામીના ઘોડાપર બેસારી દીધી. અમે દોડતે ઘોડે ગામ બહાર નીકળ્યાં, પણ એટલામા તો સુલ્તાનની સેના પહોચી ચૂકી. બહાદૂરસિંગ ફૂટતી મૂછોવાળો યુવક હતો, પણ પરાક્રમી અને હિમ્મતવાળો હતો. મને ઘોડાપર મજબૂત રીતે પકડી રાખીને તેણે ઘોડાને એવા જોરથી દોડાવ્યો કે અમે સુલ્તાનની સેનાથી કેટલેક દૂર નાસી જઇ શક્યા, પરન્તુ દુર્ભાગ્યે સુલ્તાનની સેના કનોજના કિલ્લાને ઘેરી વળી હોવાથી અમે કિલ્લામાં પેસી શક્યાં નહિ અને કોઇ દૂરને સ્થળે નાસી જવાની અને અમારી જાતને સુરક્ષિત રાખવાની અમને જરૂર પડી.

"જોકે હુ નાની હતી, તોપણ પતિપરના પ્રેમની ફરજને સમજતી હતી અને જ્યારથી અમે બન્ને એકલાં નાસી છૂટ્યાં ત્યારથી મારામાં તે ફરજનુ કિચિત્ વિશેષ ભાન આવ્યુ હતું. મારા કિશોર વયના પતિને હુ એટલી બાલ્યાવસ્થામાં પણ સતોષ આપતી અને ઘણી વાર જ્યારે લાંબી સ્વારીથી તેમના અગને પરિશ્રમ પડતો ત્યારે તેમની સેવા કરતી. પતિસેવાના સસ્કારો બાલ્યાવસ્થાથી જ આપણી બાલિકાઓના ચિત્તમાં આલેખાય છે, તેને પરિણામે હુ પણ એટલુ સમજતાં શીખી હતી કે પતિ એ જ મારૂં

દૈવત છે. સુલ્તાનની સેના કનોજના કિલ્લાને ઘેરીને પડી હતી, તે સાથે આસપાસના પ્રદેશમા પણ તે મોટો કેર મચાવી રહી હતી અને લૂટફાટને માટે તીડના ટોળાની માફક ઉભરાતી હતી. અમે અજમેરમાં જઇને થોભવાનો નિશ્ચય કર્યો અને તે તરફ પ્રવાસ કરવા માડચો, પરન્તુ ક્રૂર દૈવે તે પ્રવાસમાં પણ મને સતાપ ઉપજાવવાનુ પસદ કર્યું.

"અજમેર તરફ નાસતા માર્ગમા એક રણમા થઈને અમોને પ્રવાસ કરવો પડચો. એ મુલકમા અગાઉ કોઇ વાર મુસાફરી નહિ કરી હોવાથી મારા પતિ કોઈ એવા પ્રદેશમા ઉતરી પડચા કે જ્યા રેતી અને પત્થર સિવાય બીજુ કાઈ દૃષ્ટિએ પડતું નહોતુ કોઈ પણ મુસાફર તો શુ પણ એકે પશુપક્ષી પણ એ પ્રદેશમા અમારી દૃષ્ટિએ પડચુ નહિ. અમારી પાસે માત્ર થોડુ ખાવાનુ હતુ અને અમે તેમાથી કેટલુક ખાઈ લીધુ. એક અધકારવાળી ગુફામા લીલુ કાચ જેવુ ગધાતુ પાણી જડી આવ્યુ તે પીને તથા અમારા અશ્વને પણ થોડુ પાણી પાઇને અમે શાંત થયા. રાત્રિ પડતાં ખુલ્લે વગડે તે પાણીવાળી ગુફા પાસે જ અમે આશરો લીધો અને પ્રભાત થતા પુન: એ વિકટ પ્રદેશ ઉલ્લઘી જવાને પ્રવાસ શરૂ કર્યો પાસે કાઇ વાસણ નહિ હોવાથી અમે ત્યાથી કાઇ પાણી લેઇ શક્યા નહિ, પરતુ આગળ જતા અમને પાણી નહિ મળે એવી કલ્પના પણ તે વખતે અમને આવી શકી નહિ. અમે આગળ વધ્યા અને મધ્યાહ્ન થવા આવ્યો પણ એ વિકટ પ્રદેશ પૂરો થયો નહિ અમારી પાસે હજી થોડુ ખાવાનુ બાકી રહ્યુ હતુ પણ કોઇ પાણીવાળી જગ્યો આવે એટલે તે ખાવા બેસવાનો વિચાર કરીને અમે ગરીબડા અને ભૂખ્યા તરસ્યા અશ્વને આશ્રયે રહી આગળ ચાલવા લાગ્યા. જેમ જેમ અમે આગળ વધવા લાગ્યાં, તેમ તેમ તાપ વધુ ને વધુ પડવા લાગ્યો અને અમારા કઠ સુકાઇ જવા લાગ્યા અશ્વ પણ ધીમે ધીમે અચેતન થતો જતો જણાયો "પાણી વિના હુ વ્યાકુળ થઉ છુ" એમ વારવાર મારા પતિ બોલવા લાગ્યા, પણ હુ બાળક હોવાથી તેમને આશ્વાસન આપવાને બદલે ઉલટો પ્રશ્ન કરતી કે "શુ હમણા કોઈ સ્થળે પાણી નહિ આવે ! મને પણ તરસ લાગી છે !' અરેરે ! મહારાજા ! એ જ રણમા પાણી વિના ટળવળતાં મારા સ્વામીના પ્રાણ ચાલ્યા ગયા ! હુ બાળક હોઇને ગભરાઇને રડવા લાગી મારા પતિ અશ્વપર જ બેભાન બનીને ઢળી પડચા. જો મે તેમના દેહને પકડી રાખ્યો ન હોત તો તે ધરણીપર પડી જાત અને મારો તથા અમારા અશ્વનો પણ ત્યા જ અત આવ્યો હોત. પરન્તુ અમારા વફાદાર ગરીબ મુગા પ્રાણીમા હજી કેટલુક ચેતન રહ્યું હતું તેથી તે મને તથા મારા સ્વામીના મૃત-

દેહને પોતાની પીઠપર ધારણ કરી રહીને આગળ ચાલતો જ રહ્યો. સાંજ પડી, એટલે અમે એક જગલી વાવની પાસે જઇ પહોચ્યા ત્યા મે થોડુ પાણી પીધુ અને સ્વામીના મુખમા થોડુ પાણી મેલ્યુ પરન્તુ પ્રાણ ચાલ્યા ગયા પછી તે પાણી કાંઈ જ ઉપયોગનુ નીવડી શક્યુ નહિ બિચારા અશ્વને એ દિવસથી કાઇ ખાવાનુ મળી શક્યુ નહોતું છતા તેને થોડુ પાણી પાયુ એટલે તે પણ ટટ્ટાર થયો. એ નિર્જન અરણ્યમા હુ અને પોતાના માલેકના મરણને સમજી ચૂકેલો બિચારો અશ્વ પણ ચોધાર આસુએ રડવા લાગ્યા. પરન્તુ અમારા રોદનની અસર કાંઈ જ ન થઈ અસર ન થાય તે સભવિત હતું ખરેખર, અમે ભૂલા પડયા હતા અને એ પ્રદેશમા આવી ચડયા હતા તે કાંઈ પ્રવાસીઓનો માર્ગ નહોતો કે કોઇ મારૂ રોદન સાભળીને મને કોઈ મદદ કરે. એ ખુલ્લા અરણ્યમા હુ એકલી ભયથી થરથરતી અને સ્વામીના મરણને માટે વ્યર્થ અરણ્યરોદન કરતી પડી રહી. એક બાજુએ સ્વામીનો મૃતદેહ પડયો હતો, બીજી બાજુએ અશ્વ ઊભો હતો અને તેની બાજુએ હુ અશ્વની ગાદી પાથરીને સૂતી પણ એ કાળરાત્રિએ મને નિદ્રાસુખ આપ્યુ નહિ રાત્રિએ અરણ્યના જગલી પશુઓ મારા સ્વામીના મૃતદેહને ઘસડી ગયા અને પ્રભાતમા મૃતદેહને નહિ જોતા હુ બ્હાવરી બની ! અરેરે ! હુ અભાગિણી તેમના મૃતદેહનો અગ્નિસસ્કાર કરવા જેટલી ભાગ્યશાળી પણ નીવડી નહિ, એમ શોક કરતા મે આસપાસમા તપાસ કરી, તો વાવની પેલી મેર શિયાળીયાએ સ્વામીના મૃતદેહને ચૂંથી નાખેલો જણાયો ! કનોજના એક બહાદુર જમીનદારના મૃતદેહની આ હીન દશા જોઇને મારી આખોમા ચોધાર આસુ ચાલી રહ્યા, પરન્તુ હુ એક દીન બાલિકા એ અરણ્યમા શુ કરૂ ? છેવટે મે ઘોડાની ગાદીને તોડી નાખીને તેનુ કપડુ સ્વામીના એ ચુથાએલા મૃતદેહ ઉપર ઓઢાડયુ અને તેની આસપાસ મોટા મોટા પથરાઓ મૂકીને પુન જગલી પશુઓ વસ્ત્ર ઉઘાડીને મૃતદેહને ચુથી ન શકે એવું કર્યું. અશ્વપર સ્વાર થઇને હુ ધીમે ધીમે આગળ ચાલી અશ્વપર બેસતા મને આવડતું હતું અને વળી એ અશ્વ બિચારો ગરીબ હતો એટલે તેણે મને ધીમે ધીમે આગળ લીધી મધ્યાહ્ન થયો તે વખતે હુ પુષ્કર તીર્થની નજીકમા પહોંચી.

"મારો વિચાર અજમેરમાં પહોચીને ત્યાં કોઇને વિનતિ કરી મારા સ્વામીના મૃતદેહનો અગ્નિસસ્કાર કરવાનો હતો, તેથી હુ કોઇ વટેમાર્ગુને પૂછીને અજમેર તરફ જતી હતી, એવામાં મને એક પ્રૌઢ વયની સ્ત્રીનો મેળાપ થયો. મારા જેવી નાની બાલિકાને અશ્વપર એકલી સ્વાર થએલી

જોઇને તેણે મારો વૃત્તાંત પૂછયો. નેત્રોમાં અશ્રુસહિત મેં મારા દુર્ભાગ્યની કથા તેને કહી સભળાવી, અને સ્વામીના મૃતદેહનો અગ્નિસસ્કાર કરવાની મારી ઇચ્છા મે તેને જણાવી. તેણે મને આશ્વાસન આપ્યુ અને કહ્યુ "દિકરી ! તું ભયાતુર થઇશ નહિ. હુ હમણા જ કાષ્ટના ભારા ઉપડાવીને તારી સાથે તે વાવ પાસે આવુ છુ અને તારા પ્રિયતમના મૃતદેહનો અગ્નિસસ્કાર કરાવું છુ." અજમેરમા પહોચ્યા પહેલા મને આ મદદ મળી ગઈ તેથી મને સતોષ થયો તે સ્ત્રી મને તેડીને પુષ્કરજી તરફ પાછી ફરી તે પુષ્કરજીની તીર્થયાત્રા કરવા ગઈ હતી અને ત્યાથી પાછી ફરતી હતી, તોપણ મારી ખાતર તે તે તીર્થસ્થળમાં પાછી ફરીથી ગઇ અને ત્યાથી થોડા માણસોની પાસે કાષ્ટ ઉપડાવીને મારી સાથે અરણ્યમા આવી. હુ કયે માર્ગે આવી હતી અને પેલી જગલી વાવ કયા આગળ હતી તે મારા ધ્યાનમાં બરાબર નહોતુ, પરન્તુ મારો નિમકહલાલ અશ્વ અમે કયા જવા ઇચ્છીએ છીએ તે જાણે કે કળી ગયો હોયની, તેવી રીતે અમને તે વાવ તરફ દોરી ગયો તે વાવ પાસે અમે પહોચ્યા, એટલે સાજ પડી. પહેલા કરતા અત્યારે સ્વામીના મૃતદેહની વધારે દુર્દશા થએલી મે જોઇ અને મારા નેત્રોમા પુન આંસુ ભરાઇ આવ્યા. જગલી પશુઓએ તેમના મૃતદેહને ચુથીને, અગઉપાગ તોડી નાખીને, વદનને બેડોળ બનાવી મેલીને એવી સ્થિતિમા આણી મેલ્યુ હતુ કે હરકોઇ માણસને તેની દશા જોઇને દયા આવ્યા વિના રહે નહિ. તે જ સ્થળે અમે તેમનો અગ્નિસસ્કાર કર્યો અને વિગત થઇ જતા સ્મરણની આહુતિરૂપે છેલ્લી વારના આસુ પાડી હુ મારી ઉપકારિણી સ્ત્રીની સાથે અજમેરમાં આવી.

"અજમેર મે આગળ કોઇ વાર જોયુ નહોતુ, પણ મારી સાથેની સ્ત્રીએ મારી સાથે એવી માયાળુતાથી વર્તવા માડ્યુ કે મને ત્યા ગમ્યુ. મારા પિતા મને ઘણી વાર સાભરી આવતા અને હુ મારી પાલક સ્ત્રીને કહેતી કે એક કાસદ મોકલીને મારા પિતાના ખબર મગાવો, પણ હજી સુલ્તાન મહમૂદની લુટફાટ ચાલુ રહ્યાના જ ખબર મળ્યે જતા હતા તેથી કેટલાક વખત પછી કાસદ મોકલવાનો તેણે વિચાર દર્શાવ્યો. અમે થોડો વખત અજમેરમાં રહ્યાં. તે દર્મિયાન મારી પાલક સ્ત્રીએ મને ખબર કહ્યા કે સુલ્તાન મહમૂદે અમારૂ ગામડુ બાળી નાંખ્યુ હતું અને સઘળા ક્ષત્રિયોની કત્લ કરી નાખી હતી ! હુ સમજી ગઇ કે એ કત્લમાં મારા વૃદ્ધ પિતા પણ મરણ પામ્યા હશે. મને પિતાના મરણના ખબરથી અત્યત દુઃખ થયુ. હવે મારી ખબર કોણ લેશે, મારૂ શું થશે, હું કોને આશ્રયે જઇ રહીશ, એવી ચિંતાઓ

હું કરવા લાગી, પણ મારી સાથેની પાલક સ્ત્રીએ મને પોતાની પુત્રી તરીકે રાખવાની ઈચ્છા જણાવીને આશ્વાસન આપ્યુ. તેણે કહ્યુ કે "હું પણ એક રાજપૂત સ્ત્રી છું. ગુજરાતના અણહીલપુર પાટણ નામે નગરમાં રહુ છુ અને વિધવા તથા એકલી છુ. મારે કાંઇ સંતાન નથી અને ઘણી આવક છે માટે તું મારી પુત્રી તરીકે રહેજે." તે સ્ત્રીના અત્યારસુધીના માયાળુ વર્તનપરથી મને તેના શબ્દોમાં વિશ્વાસ બેઠો. આટલી નાની વયે નિરાધાર સ્થિતિમાં એકલાં રહેવામા કે ભટકવામાં સમાયેલુ જોખમ હુ સમજતી હતી તેથી મેં તે સ્ત્રીની પાલિતા પુત્રી થવાનુ કબુલ રાખ્યુ અને અમે અણહીલપુરમાં આવ્યાં.

"અણહીલપુરમાં આવ્યા પછી કેટલેક મહિને મારા જાણવામાં આવ્યુ કે એ સ્ત્રી એક વારાગના હતી! મને મોટો ધ્રાસ્કો પડયો પણ પરભૂમિમા એક નિરાધાર બાલિકા હુ એવી એક દુષ્ટાના હાથમા સપડાયા પછી શુ કરૂ? વારાગના તરીકે તે વાદ્ય બજાવવાનો, ગાવાનો, નૃત્ય કરવાનો અને કોઈ કોઇ લાલસાહેબોને સગીતનો અભ્યાસ કરાવવાનો ધધો કરતી. એક યુવાન્ બ્રાહ્મણપુત્ર તેનો જાર હતો, તે રોજ રાત્રિએ ત્યાં આવીને રહેતો હુ આ સઘળુ જોઇને ત્રાસી ગઈ અને કોઇ કોઇ વાર તો છૂપી રીતે અશ્રુપાત પણ કરતી. મને તે સ્ત્રીએ સગીત, વાદ્ય, નૃત્ય, અભિનય ઈત્યાદિ શિખવવા માડયુ અને મને તે શીખવું પણ પડયુ કેટલાક વર્ષસુધી એ અભ્યાસ મે કર્યો એ અભ્યાસમા મને આનદ પડયો, પરન્તુ અભ્યાસ પૂર્ણ થયા પછી મારે માટે જે અનિષ્ટ ભવિષ્ય નિર્માણ થયલુ હતું તે સબધી વિચાર આવતા મારા પ્રાણ ઉડી જતા હતા આ ધધામા પડવાની મારી અનિચ્છા થોડે થોડે એ વારાગનાના જાણવામાં આવી ગઈ, અને તેથી તે ધધા તરફ તેણે કેટલીક વાર મારી રસવૃત્તિને જાગૃત કરવાનો યત્ન કરવા માડયો, કિન્તુ તેનો એ યત્ન સફળ થયો નહિ, અને મારો એ અભાવ દિવસે દિવસે વધવા લાગ્યો તથા વિશેષ ને વિશેષ પ્રકટ થવા લાગ્યો

"જ્યારે તેના પ્રયત્નોથી હુ એ ધધામાં ન જ પડી, ત્યારે એણે મને બળાત્કારપૂર્વક તેમાં પાડવાનો પ્રયત્ન કરવા માડયો. કેટલીક વાર હુ તેની પાસે બેઠી હોઉ અને તેનો જાર આવીને મને કાંઈ અડપલુ કરે ત્યારે હું તો તેનાપર છણકીને ઉઠી જતી પણ તે કાંઈ જ નહિ બોલતા હસતી અને અને કહેતી કે 'એમાં શુ?' મને આ કાઇ ગમ્યુ નહિ. હુ નાસી છૂટવાનો લાગ શોધવા લાગી પણ હવે મને ઉમરલાયક અને સમજણી થએલી જોઇને તે મને ઘડીભર વીલી મૂકતી નહિ. કોઇ સ્થળે બહાર જતી, તોપણ તે મને કેદમાં પૂરીને જતી હવે હું મારા ભાગ્યને રડવા લાગી; પણ રડવાથી શું

વળે ? મને જણાયું કે કાંતો મને એ દુષ્ટ ધંધામાં પડવાની જરૂર પડશે અને કાં તો આત્મહત્યા કરીને પાપ ઉપાર્જન કરવું પડશે. એક વાર તો એ રડાએ મને ખુલ્લુ કહ્યું કે જો તું મારી આજ્ઞા નહિ માને તો હુ તને શિક્ષા કરીશ, અને બીજા દિવસથી તેણે મને ચાબુકનો માર મારવાનુ શરૂ કર્યું ! ઓ પ્રભુ ! એ મારના સોળ જ્યારે મારા સુકોમળ શરીરપર પડતા હતા, ત્યારે મને મારી પૂર્વ સ્થિતિનુ, મારા વૃદ્ધ પિતાનુ તથા પ્રેમી અવિવાહિત પતિનુ સ્મરણ થઈ આવતું અને હુ ચોધાર આસુએ રડતી તે માર સહન કરતી, પણ એ દુષ્ટ ધધામાં નહિ પડવાનો મારો દૃઢ નિશ્ચય જરા પણ ડગ્યો નહિ.

"મારી પાલક વારાગના જોકે આ નીચ ધધામાં પડી હતી, તોપણ તે ધર્મશીલ તો હતી જ. ધર્મશીલ વિધવાઓની પેઠે તે પ્રભુસ્તવન કરતી, કોઇ વાર પૂજાઓ કરાવતી અને જાત્રાઓ પણ કરતી અજમેરમા તે આવી હતી ત્યારે પુષ્કરની યાત્રાર્થે જ આવી હતી અને હુ જ્યારે બારેક વર્ષની હતી ત્યારે મને સાથે તેડી જઇને તેણે શ્રી ત્ર્યંબકેશ્વરની યાત્રા પણ કરી હતી એ વર્ષ પહેલા તે શ્રી સોમેશ્વરની યાત્રાએ આવી હતી અને ત્યા મે હરકોઇ ઉપાયે આત્મહત્યા કરીને મરવાનો નિશ્ચય કર્યો હતો મારાપર તેની સખ્ત દેખરેખ હતી તે હુ સમજતી હતી અને તેથી તેના પાશમાથી છૂટીને મરણ પામવાનુ પણ મને અતિકઠિન જણાતું હતું પરન્તુ છેવટે ગ્રહણની મુક્તિ થતા સાગરસ્નાન નિમિત્તે સાગરોપકંઠે જવાની મને રજા મળી અને એ પ્રસગનો લાભ લેઇ આ હીન અવસ્થામાથી હમેશને માટે મુક્તિ મેળવવાનો મે નિશ્ચય કર્યો જ્યારે કિનારાપર યાત્રાળુઓની ગીર્દી ઓછી થઈ ત્યારે જ તેણે મને સાગરસ્નાન માટે જવાની રજા આપી પણ તે રડા પાછળ પાછળ આવતી હશે તે હુ જાણુતી નહોતી અને તેથી મરણ પામવામા પણ એણે વિઘ્ન લાવી મેલ્યુ મહારાજા ! ત્યારપછી શુ બન્યુ તે આપ જાણો છો. આપે મારો બચાવ કર્યો અને તે સાથે મને આપના આશ્રયમા રાખી તે મને નવુ જીવન આપ્યા સરખો ઉપકાર કર્યો છે, કારણકે બચાવ કર્યા છતાં પણ આપે મને એ રડાના હાથમા સોપી હોત તો અત્યારસુધી મારૂં અખંડિત રહેલુ કૌમાર્ય ક્યારનુએ નષ્ટ થઇ ગયુ હોત, અને એ યાત્રાએથી પાછા ફર્યા પછી તુરત જ મને એ દુષ્ટ ધર્મની બળાત્કારપૂર્વક દિક્ષા આપવાનો તેણે દૃઢ નિશ્ચય કરી રાખ્યો હતો. રાજાધિરાજ ! આપની જ પ્રજામાંની એક દીન અબળાનો ઉદ્ધાર કરીને આપે જે રાજધર્મ બજાવ્યો છે, તે માટે ઈશ્વર આપનુ કોટી કોટી કલ્યાણ કરશે ! એક રક અબળા તે આશીર્વાદથી વધારે બીજુ શુ આપી શકે ? આ મારો સત્ય વૃત્તાંત છે."

પ્રકરણ ૯ મું.

રત્નપરીક્ષક ઝવેરી.

અકુલા એક રાજપૂત કુમારિકા છે અને વળી તેનુ ચરિત્ર આટલું નિર્મળ છે એટલું જ નહિ પણ અનેક દુઃખપ્રસગો ઉદ્દભૂત થયા છતાં તે પોતાનુ પાવિત્ર્ય ટકાવી રહી છે એ જાણીને **ભી**મદેવને આશ્ચર્ય થયુ. **અ**-કુલાએ કહી સભળાવેલો પોતાનો વૃત્તાત સત્યપૂર્ણ હતો, તેની પ્રતીતિને અર્થે તેના ઉદ્ગારોની સરલતા, તેના વદનની બાહ્ય નિર્દોષતા અને છેલ્લે તેનો આત્મહત્યાનો પ્રયત્ન: એટલા બનાવો જ બસ હતા. **ભી**મદેવને હવે ખાત્રી થઈ કે **અ**કુલા, મૂળે ફણીધરની ફણા ઉપર વિરાજેલુ પરન્તુ પાછળથી ઉકરડામા પડવાથી તેની ગદકીમાં ઉછરેલુ, એક મૂલ્યવાન્ રત્ન છે. એ મૂ-લ્યવાન્ રત્નને જો યોગ્ય સ્થળે રાખવામાં નહિ આવે તો તે જ્યાં ત્યા અથ-ડાઇને કુરૂપ બની જશે, એટલુ જ નહિ પણ તેનામાં રહેલુ પાણી નિરૂપયોગી થઈ પડશે એવુ **ભી**મદેવને જણાયુ શુ કરવું અને એ ષોડશી કુમારિકાનો વિકાસ કેવી રીતે કરવો તત્સબંધી તેને દીર્ઘ વિચાર કરવો પડયો નહિ સ્વલ્પ સમય પહેલા રાણી ઉદયમતિના નિષ્કારણ રોષથી કુપિત થએલા તેના હૃદયે આ ક્ષત્રિય કુમારિકાનુ પાણીગ્રહણ કરવાનો વિચાર કર્યો, પરન્તુ તેમ કરવા પહેલાં તેણે **અ**કુલાના હૃદયના મર્મ ભાગસુધી પહોચવાને યત્ન કર્યો. તેણે કહ્યુ: “ **અ**કુલા! હુ તારો વૃત્તાત સાભળીને આશ્ચર્ય પામ્યો છુ અને કોયલાની ખાણમા પેદા છતા નિષ્કલક રહેવા માટેનો તારો દૃઢ નિશ્ચય સાભળીને વિશેષ આશ્ચર્ય સાથે આનદ પામ્યો છુ. મારો રાજધર્મ બજાવતાં હુ એક અબળાને પવિત્ર જીવન ગાળવામા સાહાય્યભૂત થયો છુ તે માટે મને અભિમાન ઉત્પન્ન થાય છે; પણ સુન્દરિ! હવે તું તારૂ જીવન કેવી રીતે વ્યતીત કરવા ઇચ્છે છે? ”

“ મહારાજ! હુ એક ક્ષત્રિય કન્યા છુ અને અત્યારે તો એક રંક અબળા છુ. આપના આશ્રયે છુ. મારા કુળ અને ધર્મને યોગ્ય આપ મને જે કાઇ આજ્ઞા ફરમાવશો તે શિરસાવદ્ય માની લેઇને તદનુસાર વર્તવા હુ તત્પર છુ. ”

“ મારી આજ્ઞાનો પ્રશ્ન બાજુએ મેલીને હુ તને પૂછું છુ કે ભવિષ્યમાં તું પોતે કેવું જીવન ગાળવાની વૃત્તિ ધરાવે છે? ”

“ મારી વૃત્તિ પણ આપની આજ્ઞાને અનુવર્તિની છે. ”

"ત્યારે બીજી દાસીઓની પેઠે તું રાજમહાલયમાં એક દાસી તરીકે રહીશ ?"

"અહો ! રાજમહાલયમાં દાસી તરીકે રહેવા જેવું મારૂ ભાગ્ય ક્યાંથી ? એ જીવનનો તો હુ અત્યાનંદપૂર્વક સ્વીકાર કરીશ. ન્યાયશીલ અને ધર્મી ગુર્જરેશ્વરની પુણ્ય દૃષ્ટિમાં સર્વદા રહેવું એ તો મારૂ મહદ્‌ભાગ્ય." **બ**કુલાએ શબ્દોમાં તેમ જ વદનપરની રેખાઓમા આનંદ વ્યક્ત કર્યો.

"**બ**કુલા ! પરન્તુ માથે એક નવીન આપત્તિ આવવાની છે, તે તું જાણે છે ?"

"નહિ મહારાજ ! એવી આપત્તિ વળી શુ છે ?" **બ**કુલાએ ગભીર બનીને પ્રશ્ન કર્યો.

"જે **સુ**લ્તાન **મ**હમૂદ **ગ**ઝનવીના ત્રાસથી તુ તારા અવિવાહિત પતિ સાથે તારા વતનમાંથી નાસી છૂટી હતી તે જ **સુ**લ્તાન **મ**હમૂદ **ગુ**જરાત અને **સૌ**રાષ્ટ્ર ઉપર ચડાઈ લાવે છે અને પતિતપાવન સ્વયભૂ ભગવાન્ શ્રી **સો**મેશ્વરનુ શિવાલય લુટવાનો ઈરાદો રાખે છે !" **ભી**મદેવે થોડા શબ્દોમા પોતાપરની આપત્તિનુ કથન કર્યુ.

બકુલાએ એ શબ્દો સાભળીને રોમાચ અનુભવ્યો. **સુ**લ્તાન **મ**હમૂદ **ગ**ઝનવી કે જેના ત્રાસથી પોતાને પોતાનુ વતન છોડવુ પડ્યુ હતુ અને જેણે ચલાવેલી કત્લમા પોતાના પિતાનો નાશ થયો હોવાનુ **બ**કુલા જાણતી હતી તેનુ નામ કાન સાથે અથડાતા તેનુ વદન વિશેષ ગભીર બન્યુ. તે બોલી: "મહારાજા ! હુ આપને ખોળો પાથરીને વિનતિ કરૂ છુ કે હવે મને આપ સત્વર રાજમહાલયની દાસી બનાવો અને ખાસ કરીને પટરાણી ઉદયમતિની નોકરડી બનાવો, કારણકે યવનેશ્વર **સુ**લ્તાનની સામે આપ યુદ્ધે ચડશો એટલે રાણીજીની સાથે રહેવાનો લાભ મને મળી શકશે તથા દુષ્ટ યવનેશ્વર સામે યુદ્ધમા ઉતરવાનો એકાદ પ્રસગ પણ મને મળી આવશે"

ભીમદેવ મૌન રહ્યો થોડીએક ક્ષણો ચાલી ગઈ. **બ**કુલાએ જોયુ કે રાજાના નેત્રોમાં જળ ભરાઇ આવ્યુ છે. એ જોઈને તે ભયભીત થઇ. પોતાના શબ્દોથી રાજાને માઠુ લાગ્યુ અને નેત્રોમા જળ આવ્યુ, તો પોતે કાંઈ અનિષ્ટ શબ્દો ઉચ્ચાર્યા હશે એવુ તેને થઇ આવ્યુ અને વધુ શબ્દો બોલતાં તે સકોચ પામી, પોતાના દોષની ક્ષમા માંગતી તથા ભયથી કિંચિત્ કપની બોલી· "મહારાજ ! આ દાસીનો દોષ ક્ષમા કરજો. બોલવામાં કાંઈ અપરાધ થયો હોય તો આ દાસી ક્ષમા યાચે છે."

"નહિ બકુલા ! તારો દોષ કાંઇ નથી; પરન્તુ અત્યારે એક અતિદુઃખી પ્રસગ મારા હૃદયમાં ઉભરાઈ આવ્યો છે. તું ઉદયમતિની દાસી થવાની અભિલાષા રાખે છે, પરન્તુ એ જ ઉદયમતિ, મેં તને અતઃપુરમાં આશ્રય આપ્યો હોવાથી અને મારો ભાવ નિર્દોષ હોવા છતાં, મારો અનાદર કરે છે તથા તને પોતાની વૈરિણી માને છે ! તો પછી તુ તેની દાસી કેવી રીતે બની શકે ? ખરેખર, તારૂ નિર્દોષ અને નિર્મળ હૃદય જોઇ મને તારી દયા આવે છે."

"શિવ ! શિવ ! હુ શું રાણીજીની વૈરિણી છુ ? હે ઇશ્વર ! તું હવે મને સત્વર હરી લે ! હુ કોઇની વૈરિણી બનીને જીવવા ઇચ્છતી નથી ! મહારાજ ! આપ મને હવે આ અત પુરમાથી રજા આપો, મારૂ ભાગ્ય મને જ્યા દોરી જશે ત્યાં હુ જઇશ, પણ મારે ખાતર આપે અનાદર સહેવો ઉચિત નથી. મારૂ વળી જે થવાનુ હશે તે થશે "

"નહિ સુન્દરિ ! તારા સરખા રત્નને હવે હુ ગુમાવી દઇશ નહિ. મારે માથે આવી પડેલી આપત્તિમા મને મારી અર્ધાગનાએ સલાહ અને સાહાય્ય આપવા જોઇએ, પરન્તુ રાણીએ મારો અનાદર કરતા રોષમા ને રોષમા તારી પાસે આવવાનુ કહ્યુ છે તેથી હવે હુ પુન તેનો ગમે તેવો આદર પામવાને પણ તેની પાસે જનાર નથી. તારા હૃદયની, તારા વિચારોની, તારી નિર્દોષતાની, તારી નિર્મળતાથી અને તારા ઉચ્ચ સસ્કારોની પરીક્ષા મે બરાબર કરી છે અને હુ તને કહુ છુ તુ મને આશ્વાસન અને સાહાય્ય આપનારી મારી અર્ધાગના થા !"

રાજાની આ માંગણી સાભળતા જ બકુલા ચમકી ઉઠી. પોતે અવિવાહિત હોવાથી યોગ્ય પતિથી સલગ્ન થવામા અધર્મ સમજતી નહોતી, પરન્તુ ગુર્જરેશ્વર જેવા પોતાના ઉપકારકની વાજબી માગણીનો આદર કરવો તે પોતાની ફરજ છે કે ઉદયમતિની વૈરિણી ન થવા માટે રાજાનો અનાદર કરવો તે પોતાની ફરજ છે તે સબધે તત્ક્ષણ એને મોટો વિચાર પડ્યો. એકાએક ભીમદેવના મુખમાથી આ શબ્દો નીકળશે એવુ તેણે ધાર્યું નહોતું, પરન્તુ જ્યારે તે જ શબ્દો નીકળ્યા ત્યારે શુ ઉત્તર આપવો તેનો તેને વિચાર થઇ પડયો. થોડી વાર વિચારીને તે બોલીઃ "મહારાજ ! આપ મને રાણીજીની ખરેખરી વૈરિણી શામાટે બનાવો છો ? તેમની દાસી જ મને બનાવો અને હમેશા મને આપ આપની દૃષ્ટિ નીચે જ રહેવાનો લાભ આપો, એટલામાં જ હું મારૂ ઉન્નત ભાગ્ય સમજુ છુ."

"ક્રોધથી ઘેલી બનેલી અને વૈરથી આધળી બનેલી રાણીની દાસી તું બની શકે તે કેવળ અસભવિત વાત છે. હુ તને અગ્નિદેવની સાક્ષીએ પરણીને મારી હમેશની સહચરી બનાવવા ઇચ્છુ છુ. યુદ્ધમા મારી સાથે રહીને, તારા ક્ષત્રિયત્વને શોભાવીને અને દુષ્ટ યવનેશ્વર ઉપર વૈર લેઇને તારા ચિત્તને તું સતુષ્ટ કરી શકીશ

"પરન્તુ મહારાજ—"

ભીમદેવ વચમા બોલી ઉઠ્યા· "બસ, હવે કાંઈ નહિ ! રાણીએ જ મને તારી પાસે મોકલ્યો છે તો એ રાણીને હુ બતાવી આપીશ કે તેના રોપમા બોલાએલા શબ્દોને પણ મે ખરા કરી બતાવ્યા છે"

"મહારાજ ! રાણીજીની વતી હુ આપને વિનવું છુ કે એક અબળા ઉપર એટલો ક્રોધ ન ઘટે. રાજાઓએ તો ઉદાર વૃત્તિ રાખવી ઘટે."

"તારી એ વિનતિ હુ માન્ય નહિ રાખુ, કહે, હવે તું મને શું કહે છે ?"

"આપની તો હુ ચરણરજ છું અને આપની નિત્યની કિંકરી બનવામાં હુ મારૂ મહદ્ ભાગ્ય માનુ છુ ! ગુર્જરેશ્વર જેવા ભર્તાર મને મળે તો તેથી વિશેષ બીજુ મને શુ જોઇએ ?"

"તો થયુ, આવતી કાલે આપણી લગ્નવિધિ થશે"

"અને આ કિંકરી પણ આપની સેવામા તથા આજ્ઞા હશે તો રાજ-કાર્યમા અને યુદ્ધકાર્યમા સહચારિણી બનવા નિત્યમેવ તત્પર જ રહેશે. હે શંભો ! અનાદિ શૈવધર્મના સરક્ષણને અર્થે અને આ પુણ્યભૂમિમા યવ-નોના પાદપ્રહાર થતા અટકાવવાને અર્થે ગુર્જરેશ્વરને તુ સાહાય્યભૂત થજે અને આ કિંકરીને હમેશા તેમના સગમા રાખીને તેમના પુણ્યસમાગમને મરણસુધી અચલ રાખજે ! તેમની સેવા બજાવવાને ધૈર્ય, સામર્થ્ય અને સદ્‌બુદ્ધિનુ તુ મારામા આરોપણ કરજે તથા કુટુબકલહનો વિનાશ કરીને સર્વત્ર સમભાવ તથા પ્રીતિનુ સામ્રાજ્ય પ્રસરાવજે !"

તે સમયે તો **ભી**મદેવે પોતાના વાત્સલ્યની મહોર મારવાને બકુલાને એક ચુમ્બન માત્ર લીધુ અને બીજે દિવસે વિધિપૂર્વક તેઓનુ લગ્ન થયુ. 'રાજાને ગમી તે રાણી' એ કિંવદન્તી ખરી પડી.

પ્રકરણ ૧૦ મું.

રા' માંડળિકનો ડાયરો.

વાચક ! ગુજરાતની રાજધાનીમાંથી નીકળીને હવે આપણે **સૌરાષ્ટ્રની** રાજધાની **જીર્ણદુર્ગ** ઉર્ફે **જૂનાગઢમાં** પ્રવેશ કરીશુ. **જૂનાગઢના** તખ્તપર એ સમયે **ચુડાસમા** વંશના રાજાઓ રાજ્ય કરતા હતા. એ વંશનો આદિ પુરૂષ રા' **ચુડાચંદ** હતો. રા' **ચુડાચંદ** પછી પાંચેક પેઢી વીતી ગયા બાદ રા' **માંડળિક** ગાદીપર આવ્યો હતો. **માંડળિક** પ્રૌઢ વયનો અને બહાદૂર હતો. રાજ્યકાર્યભાર કરવામાં તથા પોતાના ભાયાતો, સરદારો અને ખડિયા રાજાઓ સાથે વર્તવામાં તે એક કુશળ રાજકર્તા હતો. શૈવધર્મનો તે દૃઢ ઉપાસક હતો અને **સોમેશ્વરની** સત્કીર્તિને તે પોતાની જ કીર્તિ સમજતો હતો. મુસલમાનોપર તેને અત્યંત તિરસ્કાર હતો અને દૂરના દેશોમા પણ મુસલમાનો વિજય મેળવતા હોવાની વાતો સાંભળીને તે ક્રોધકમ્પિત થતો હતો.

પ્રભાતનો સમય છે શરૂ થતા શિયાળાની ઠંડ **માંડળિકના** વૃદ્ધ મિત્રોને થરથર કમ્પાવતી હોવાથી રાજમહાલયની ડહેલીમાં એક મોટી સગડી સળગાવીને સૌ બેઠા છે. એક બાજુએ કપાસની સાંઠીઓનો ઢગલો પડ્યો છે તેમાંથી લેઈ લેઇને સગડીમાં મૂકી તાપના ભડકા કરવામા આવે છે અને **માંડળિકના** અફીણીયા મિત્રો અગ્નિને ભેટવા જતા હોય તેમ હાથ પહોળા કરી કરીને તાપે છે—છાતીમા ઠંડ પેસી ન જાય તેટલા માટે છાતીને સેકે છે બીજી બાજુએ બે ખવાસો **મચ્છુના** કાળા પત્થરની ખરલમાં રેડીયો કસુંબો ઘોળી રહ્યા છે અને બાજુએ એક રૂપાનું ચલાણું તથા રૂપાની પાંચ સાત નાની વાડકીઓ પડી છે. મશરૂની સુશોભિત ગાદીપર બેઠેલો **માંડળિક** એક લાંબી નળીનો હુક્કો ગુડુડુ પી રહ્યો છે અને ધુમાડાના ગોટપર ગોટ કાઢી રહ્યો છે, તથા બીજો હુક્કો તાજો કરવાની તરખડ ચાલી રહી છે. બાજુએ **માંડળિકના** મંત્રી **નાથાશા** પણ બેઠા છે. કસુંબો તૈયાર થવાની રાહ જોતા અને અમલ ઉતરી જવાથી નબળા બની ગએલા અફીણીયાઓ વારેવારે કસુંબો ઘોળનાર ઉપર આડી દૃષ્ટે જોઈ રહ્યા છે. મુલક મુલકની ઢંગધડા વિનાની અને અતિશયોક્તિવાળી વાતો ચાલી રહી છે. વચમાં મૂર્ખતાભર્યાં દૃષ્ટાંતો સાંભળીને ખડખડ હસતો ડાયરો આનંદ પ્રદર્શિત કરી રહ્યો છે. એક અફીણીયો બોલ્યો· "બાપુ ! શું વાત કહું ?

આપણને તો હાથવેનમાં ગીરનારનો પહાડ છે પણ કોઇએ આખો ગીરનાર ફરીને પાછું આવ્યુ સાભળ્યુ નહિ. કહે છે કે પેલો રૂપો ભરવાડ ગીરનારમાં ગયો છે તે એક મહીનો થયો પણ પાછો ફર્યો નથી."

સંગ્રામસિંહ નામનો એક વૃદ્ધ રાજપૂત બોલ્યો: "એમાં કાઇ લાડવો નથી ! ગીરનાર ઉપર તો હજાર હજાર વરસની વયના બાવાઓ રહે છે, એમની પાસે ગયા પછી કોણ પાછુ આવે ?"

માંડળિકે પ્રશ્ન કર્યો· "કેમ ન આવે ?"

સંગ્રામસિંહ બોલ્યો· "એ બાવાઓ તો એવા કે કહેવાની વાત જ નહિ તેઓ તો જે કોઈ માણસ હાથ લાગે તેને કાતો પોતાનો ચેલો બનાવે અને કાતો મારી નાખે ચેલો બનાવે તો તેને ગુરૂમતર આપીને મોજ મરાવે. એ તો સિદ્ધિવાળા બાવા કહેવાય તેમની પાસે કાઈ રિદ્ધિ સિદ્ધિનો પાર છે ? એ ધારે પવનપાવડી ઉપર બેસારીને આકાશમા સહેલ કરાવે અને એ ધારે તો પાતાળમા લેઈ જઇને શેષનાગના માથાપરના મણિનુ દર્શન કરાવે."

એક અહીરણીયો બોલ્યો. "સંગ્રામ કાકા બરાબર કહે છે મારા દાદા મને કહેતા કે એમના પહેલાં પાંચમી પેઢીએ એક ગોવિંદ બાપા થઇ ગયા તે એક-વાર ગીરનાર પર ચડ્યા હતા. તે વાત કહેતા કે ગીરનારમા સિદ્ધિવાળા મહાત્મા પુરૂષો ઘણાએ છે. તેઓ અઘોરી હોય છે અને જે કોઇ માણસ ત્યાં જાય તેને મારી ખાય છે. એ ગોવિદ બાપાને પણ અઘોરી બાવાએ મારવા લીધા એટલે તે તો નમી પડ્યા અને બોલ્યા કે બાપજી ! હુ તો તમારો ચેલો થવા આવ્યો છુ. પછી ગોવિદ બાપા તેમના ચેલા થયા પછી તો બાવાજીની સાથે તેમની ગુફામા રહેવા લાગ્યા. ત્યા તો કેવો આનંદ ! અંદર ભોંયરામા ભોયરા ને માહે કેવા મજાના મનગમતા ઓરડા તે ઓરડામાં સોનાની હીંચોળા ખાટોપર ઇંદ્રની અપસરાઓ કચુડ કચુડ હીંચે; ગોવિદ બાપા તો એ બધુ જોઇને ઘેલા બની ગયા, પણ ધીમે ધીમે ત્યા રોજ આવજા થઇ એટલે તેમને ગોઠી ગયુ. કહે છે કે ઘણીએ વાર પવનપાવ-ડીપર બેસીને ઇંદ્રની અપસરાઓ સાથે તે આકાશમાં ઉડતા અને ઘણીએ વાર જૂનાગઢપર આવીને ગામમાં શુ બને છે તે છાનાછાના જોતા ! એક વાર તો રાજાજીના મહેલ ઉપરનો સોનાનો કળશ તેમણે ચોરી લીધેલો અને બીજી રાતે પાછા પવનપાવડીપર બેસીને ત્યાં આવી કળશ પાછો મૂકી દીધેલો. એવામાં એક અપસરા સાથે ગોવિંદ બાપાને બહુ દોસ્તી જામી ગઇ. એક વાર એ અપસરા કહે કે જો તમે કહો તો આપણે આ ગુફામાં-

થી નીકળીને ઈંદિરના દરબારમાં જઇને રહીએ. **ગોવિંદ** બાપાએ કહ્યું કે ના, તું કાંઇ યુક્તિ કરે તો આપણે અહીંથી નાસી જઇને **જૂનાગઢ**મા રહીએ. અપસરાને એ વાત ગમી નહિ, પણ **ગોવિંદ** બાપાની દોસ્તી એવી કે તેને છોડવાનુએ ગમે નહિ એટલે પછી **ગોવિંદ** બાપાને સાથે લેઇને એક વાર રાતે પવનપાવડીપર બેસીને એ અપસરા અમારે ઘેર આવી ઈદિરના ઘરની અપસરા ને તેજ તેજનો અબાર, એમાં શુ કહેવુ ? ગામના લોકો તો તેમને જોવા ઉલટયાં અને એમની પૂજા કરવા લાગ્યા, એટલે **ગોવિંદ** બાપાના દિકરાએ એ અપસરાની મૂર્તિ કરાવીને પોતાના ઘરમાં બેસાડી, એ મૂર્તિ હજીસુધી અમારા ઘરમા છે બાપુ ! પણ હવે એ જમાનો ગયો ! ત્યા જતા હવે તો કોઇની હીંમત ચાલતી નથી **ગોવિદ** બાપા જેવી ચતુરાઇ કોઇનામા હોય નહિ અને ત્યા જવાની હામ કોઇ ભીડી શકે નહિ '

આ વાત સાભળીને એક ચારણથી મુગા રહેવાયુ નહિ. તેણે પણ પોતાના પરાક્રમની વાત કહેવાને ઉસ્કેરાઇ જતા કહ્યું: "હવે જોયા જોયા તમારા **ગોવિદ** બાપા ! તમારી પેઠે મારા પણ દાદાની પાચ પેઢી પહેલા એક **અરજણ** ચારણ થઇ ગયા તે રા' **ચુડાચંદ**ના રાજકવિ હતા. એમના પર રાજાની એટલી મહેરબાની કે **અરજણ** ચારણને ત્રણસો ને તેત્રીસ ગામ એક દુહો સાભળીને ઇનામમા આપ્યા હતા. એમ બન્યુ કે એક વાર ભરકચેરીમા **અરજણ** ચારણ એક દુહો બોલ્યા. તે દુહો આ પ્રમાણે હતો, સાભળો:-

"કાયા સોનુ, આખો મણી, હોઠ પરવાળા જાણે,
"ભાગ્યશાળી હોય ભૂપાત, તે એવી નારી માણે !"

"આ દુહો સાભળીને રાજાજી ખુશ ખુશ થઇ ગયા અને બોલ્યા· "કવિ **અરજણ** ! તારો દુહો તો એક લાખ સોનૈયાની કિંમતનો છે, પણ એક દિવસની અદર તું મને એવી સ્ત્રી આણી આપ. ' આ સાભળીને **અરજણ** ચારણ ગભરાયા અને બોલ્યા: "બાપજી ! એવી સ્ત્રી તો અહીં ન મળે, અહીંથી હજારો ગાઉ દૂર **કામરૂદેશ** છે ત્યા એવી સ્ત્રીઓ હોય છે. ત્યા જે કોઇ પુરૂષ જાય છે તેને ત્યાની જાદુગર સ્ત્રીઓ પોપટ બનાવી મેલે છે." આ સાંભળીને રાજા તો હઠે ચડયો કે બસ, ગમે તેમ કરો પણ મારે એવી સ્ત્રી માણવી છે. રાજહઠ તો ભૂડી કહી છે ને ? આખી કચેરીમાં બીડુ ફેરવ્યુ પણ કોઇની હિંમત ચાલી નહિ. પછી રાજાએ કહ્યું કે "**અરજણ** ! હવે તું મને એવી સ્ત્રી આણી આપ, નહિં તો તારૂ અવળી ઘાણીએ તેલ કઢાવીશ." પછી તો **અરજણ** ચારણે હામ ભીડીને શ્રી **શંકર**નું નામ

લેઇ બીડુ ઝડપ્યુ. **કા**મરૂદેશ હજારો ગાઉ દૂર છે પણ ત્યાં તે એક પલકમાં જઈ પહોચ્યા અને છાના છાના ફરીને એક કચનવરણી કામિનીને લેઈ એક પલકમાં પાછા ફર્યા ! પેલા દુહામાં કહ્યા પ્રમાણેની રૂપાળી સ્ત્રી જોઇને રાજા તો ખુશખુશ થઇ ગયા એટલે તેમણે **અ**રજણ ચારણને ૩૩૩ ગામો બક્ષીસ આપ્યા. અત્યારે એ ગામો અમારા હાથમા રહ્યા નથી પણ એ ૩૩૩ ગામોમાં માગી ખાવાનો પટ્ટો અમારા વરાજે પાસે છે ! "

ગોવિંદ બાપાની વાત કહેનારો અફીણીયો ખડખડ હસી પડતો બોલ્યો "બાપજી ! આ તો ચારણભાઇએ બરાબર ગપાટો માર્યો ! હજારો ગાઉ દૂર આવેલા **કા**મરૂદેશમાથી તે એવી રીતે સ્ત્રી આવી શકે ખરી ?"

ચારણ બોલ્યો "અરે ન કેમ આવે ?"

"ત્યારે કહો જોઇએ **અ**રજણ ચારણ **કા**મરૂદેશમાં એક પલકમાં કેવી રીતે જઇ પહોચ્યા ?"

"તમારા **ગો**વિદ બાપાની પવનપાવડી લેઇને એક પલકમા ગયા, અને એક પલકમા પાછા ફર્યા. તમારા **ગો**વિદ બાપા અને અમારા **અ**રજણ ચારણ ભાઇબધ હતા તે તમને ખબર નથી કે શુ ?"

આ સાભળીને પેલો અફીણીયો ચૂપ બની ગયો અને આખો ડાયરો ખડખડ હસી પડયો. ગપ્પ મારવામા તે અફીણીયા કરતા ચારણ ચડતો લેખાયો ! આ વાત ચાલતી હતી એટલામા કસુબાની વાડકીઓ પણ ભરાઇને તૈયાર થઇ ગઇ અને હુક્કો પણ તાજો થઇ ગયો સોગદ ઉપર સોગદ આપીને, એક બીજાના ગળામા હાથ નાખીને અને આગ્રહ કરીને આખા ડાયરાએ કસુબો લીધો. **માં**ડળિકે પણ તે લીધો. ઉપર સૌએ કોપરૂ, સાકર અને ખારેકોનુ ખારભજણુ ઉડાવ્યુ અને હુક્કાના ગોટ વધારે પ્રમાણમા નીકળવા લાગ્યા. **માં**ડળિક આ ડાયરામાથી ઉઠવાનુ કરતો હતો, એવામા એક ખવાસે આવીને ખબર આપ્યા "બાપજી ! ગુજરાતના રાજા **ભી**મદેવ તરફથી એક કાસદ કાઇ તાકીદનો સદેશો લેઇને આવ્યો છે."

રાજાએ કાસદને અદર લેઇ આવવા તે ખવાસને આજ્ઞા આપી. રા' **માં**ડળિક **અ**ણહીલપુરના રાજાઓ સાથે કાઇ મૈત્રી સબધ ધરાવતો નહોતો કારણકે બન્ને રાજ્યો વચ્ચે કેટલાક વર્ષથી વૈર ચાલ્યુ આવતું હતુ. **મૂ**ળરાજ સોલકીએ **ચુ**ડાસમા વશના રા' **ખેં**ગારની સાથે લડીને તેને **બ**ગસરામા મારી નાખ્યો હતો અને ત્યારપછી **સૌ**રાષ્ટ્ર તથા ગુજરાતના રાજાઓ વચ્ચે મૈત્રીસધાનનો કોઈ પ્રસગ આવ્યો નહોતો, તોપણ એ બનાવને કેટલાક વર્ષ થઈ ગયાં હોવાથી તથા વચમા કાઇ અનિષ્ટ પ્રસંગો નહિ

ઉપસ્થિત થયા હોવાથી આગલુ વૈર ભૂલી જવાયુ હતું. રા માંડળિકે આદરપૂર્વક કાસદના હાથમાથી રાજા ભીમદેવનો લખોટો લીધો અને તેમાંથી પત્ર કાઢ્યો. માંડળિક એક દક્ષ રાજા હોવા છતાં વાચી લખી જાણે તેટલુ ભણ્યો નહોતો. તેણે પોતાની પાસે બેઠેલા વણિક મત્રી નાથાશાને એ પત્ર વાચવા આપ્યો. મત્રીએ પત્ર વાચી સભળાવ્યો અને તે સાથે જ વિધર્મીઓ ઉપર હમેશનુ વૈર રાખનાર માંડળિકના નેત્રો રક્તવર્ણીય બન્યા. થોડા વખત પહેલા અફીણીયાઓ જે વિનોદ કરી રહ્યા હતા, તેથી માંડળિકનુ વદન હાસ્યપ્રફુલ્લ હતું, પરતુ અત્યારે તેનુ વદન ક્રોધાક્રાન્ત બની ગયુ. તે બોલ્યો: "નાથાશા ! આ કાસદને રાજા ભીમદેવ ઉપર પાછો પત્ર લખી આપજો. તેમા લખજો કે અમારા અને તમારા કુળ વચ્ચે જૂના વખતથી વૈર ચાલ્યુ આવ્યુ છે, પરતુ આ વખતે અમે તે વૈર ભૂલી ગયા છીએ અને શ્રી સોમેશ્વરના શિવાલયનુ જતન કરવામા તમારી સાથે ખડે પગે ઊભા રહીશુ માટે જરા પણ ચિન્તા કરશો નહિ મ્લેચ્છોને આ દેશમા આવતા અટકાવીને અને કાંઇ અનર્થ કરે તે પહેલા તેમનો નાશ કરીને આપણા દેશનુ માન જાળવવું, પ્રજાને સુરક્ષિત રાખવી અને ધર્મની અધોગતિ થતી અટકાવવી, એ જ ચૌલુક્ય વશનો ધર્મ છે તેમ જ ચુડાસમા વશના રાજાઓ પણ પરાપૂર્વથી તે જ પોતાનો ધર્મ માનતા આવ્યા છે. તો આ વખતે સુલ્તાન મહમૂદને મારીને તેની તથા તેના સરદારોની ખાભી સૌરાષ્ટ્રમા કરવાને અમે પાછી પાની કરીશુ નહિ એમ નક્કી માનજો. અમે લશ્કરની તૈયારી કરવા માડી છે અને તમે પણ પૂરી જોગવાઇમાં રહેજો. ભીમદેવને એટલુ લખજો અને એ સાથે આપણા તાબાના બીજા ભાયાતો, ઠાકોરો અને નાના વજીફદારોને સદેશો કહાવો કે ધર્મનુ રક્ષણ કરવાનો ખરેખરો પ્રસગ આવી પહોંચ્યો છે માટે સૌએ પોતપોતાના ગામોમાથી શૂરા રાજપૂત, કોળી અને ભીલોને લડવૈયા તરીકે જૂનાગઢમાં મોકલી આપવા. વળી આપણા તરફથી આખા સૌરાષ્ટ્રમા ઢઢેરો પીટાવો કે શ્રી સોમેશ્વર મહાદેવની છાયામા વસતો દરેકે દરેક બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર કે જે કોઇ પણ લડવાની વિદ્યા જાણતો હોય, તેણે વગર વિલબે પોતાના દેશનુ, પોતાના દેશબધુઓનુ અને પોતાના પરમપવિત્ર ધર્મનુ રક્ષણ કરવાને અસ્ત્રશસ્ત્ર સજીને તૈયાર થવું. ગીરનારપરના ભીલ લોકોને કહાવો કે હમણાં જંગલી તથા ઘાતકી પ્રાણીઓનો શિકાર કરવાનુ તેમણે બધ રાખવુ અને તેને બદલ મ્લેચ્છોનો શિકાર કરવાને પોતાનાં તીરનાં ભાથાં જાળવી રાખવાં. આટલી મારી આજ્ઞાનો તમે તુરત અમલ કરો અને હવે આપણા સેનાપતિ અર્જુનજીને મારી પાસે મોકલો."

મંત્રી તુરત જ ત્યાંથી ચાલ્યો ગયો. અહીરણીઆઓ ઉપર અહીરણનો અમલ કાબૂ મેળવતો જતો હતો પરંતુ રાજાના જુસ્સાદાર શબ્દો સાંભળીને તેઓના ઝોકા ઉડી ગયાં, અને તેઓ નિકટમાં આવી પહોંચેલી નવી લડાઇના વિચારમાં પડ્યા. મ્હોંપરથી માખો ઉરાડતો ચારણ બોલ્યો: "વાહ બાપુ! વાહ! મ્લેચ્છોનું દળ કાપવાને તો એવી જ દુહાઈ આખા દેશમાં ફેરવવી જોઇએ, પણ મહારાજ! અમ સરખા વૃદ્ધોને માટે કાંઇ તજવીજ કરજો. જુવાનીયાઓ લશ્કરમાં દાખલ થશે અને વૃદ્ધોને કદાચ બાતલ કરશે, પણ અમને નકામા સમજશો નહિ એક અહીરણની કાંકરી લેઇને અમે યુદ્ધે ચડીશું તો સુલ્તાનના આખા લશ્કરનો દાટ વાળી નાખીશું એ નક્કી સમજજો."

માંડળિક બોલ્યો: "જુવાનીયાઓ કરતાં વૃદ્ધોની કીંમત હું ઓછી સમજતો જ નથી. કદાપિ રણક્ષેત્રમાં નહિ ઉતરેલા એવા કિશોર વયના યોદ્ધાઓ કરતાં સુખ દુ:ખ ખમેલા અને રણમાં સેંકડો વાર રાતવાસો કરીને તથા લડીને પાકટ અનુભવ મેળવી ચૂકેલા વૃદ્ધોને હું નહિ ભૂલું. તરણતારણ ભોળા શંભૂના માનનું સંરક્ષણ કરવાનો સમય આવતાં તો વૃદ્ધોની નસોમાં પણ જુવાનીનું લોહી વહેવા લાગશે એ હું સારી પેઠે સમજું છું અને તેથી મ્લેચ્છોની સામે થઇને ધર્મસેવા બજાવવાનો લાભ વૃદ્ધોને પણ પૂરી રીતે મળશે એ નક્કી સમજવું."

ચારણ ઉત્સાહમાં આવી જતો બોલ્યો "ધન્ય છે, બાપા! ધન્ય છે! રા' માંડળિક જેવો પરાક્રમી રાજા વૃદ્ધોની કીંમત નહિ સમજે ત્યારે બીજું કોણ સમજશે?

"દુધીયા દાંતના બાળ, ટકટક કરતા તૂટશે,
"છાશીયા વજ્જર સમાન, લોહના ચણા ચાવી જશે."

એટલામાં અર્જુનજી આવી પહોંચ્યો. માંડળિકની પાસે આવતાં તે બોલ્યો: "કેમ બાપુ! શું ફરમાન છે?"

"અર્જુનજી! તમારી બહાદૂરીની પરીક્ષાનો સમય હવે આવી લાગ્યો છે. આપણે માથે એક ધર્મયુદ્ધ આવી પડ્યું છે. ગુજરાતના રાજા ભીમદેવનો સંદેશો આવ્યો છે કે ગઝનીનો રાજા સુલ્તાન મહમૂદ સોમનાથનું શિવાલય તોડવાને તથા સૌરાષ્ટ્રમાં લૂટ ચલાવવાને સ્વારી સાથે ચડી આવે છે. માટે હવે આપણા ધર્મનું, આપણી જાતનું, દેશનું અને પ્રજાનું રક્ષણ કરવાને થાઓ તૈયાર!"

"તૈયાર જ છું, મહારાજ! આજ્ઞા આપો એટલી જ વાર છે. કહો

તો સુલ્તાનની સામે ચડુ અને તે જ્યાં આગળ આવ્યો હોય ત્યાંથી તેને આગળ વધવા જ ના દઉં. એ યવનના શા ભાર છે કે આપણા સાક્ષાત્ શંકર ભગવાનના મદિરને એક આગળી અરાડી શકે ?"

"સુલ્તાનની સામે જવાની કશી જરૂર નથી. અજાણ્યા મુલકમાં આપણને અનુકૂળતા નહિ પડે. માટે તેને અહીં આવવા દો. વળી સાંભળવા મુજબ સુલ્તાનનુ લશ્કર ઘણું મોટું છે એટલે આપણું લશ્કર તેની સામે થાય તો તેમાં ફાવી શકે નહિ. અહીં આપણી જાણીતી ભૂમિમાં એક વાર એ દુષ્ટ યવનને આવવા દો એટલે પછી આપણે જોઇ લેઇશુ. ગુર્જરાધિપતિ ભીમદેવ પણ આપણી બાજુમાં ઊભો રહેશે." માંડળિકે જણાવ્યુ.

"મહારાજ ! આપણી નાની સેનાની ચિંતા તમે નહિ જ કરશો. આ તો ધર્મયુદ્ધ છે એટલે સોમેશ્વર પોતે આપણા દરેક સૈનિકમા દશગણું બળ રેડીને તેને દશ યવન સૈનિકોના સરખો બનાવશે. વળી સોમેશ્વરની છત્રછાયામાં વસતો દરેક જણ આ યુદ્ધમા લડવાને તૈયાર થયા વિના રહેશે નહિ. હજી આપણા તાબાના આહીર, કોળી, ભીલ અને બીજા નાના મોટા ઠાકોરોમાં આ વાતની જાણ તો થવા દો; અને પછી જોજો કે સુલ્તાનના લશ્કરના જેવડુ જ આપણું સૈન્ય બને છે કે નહિ." અર્જુનજી એ શબ્દો બોલતાં જુસ્સામા આવી ગયો. તેના શબ્દોએ આખા ડાયરામાં ઉત્સાહ પ્રસરાવી દીધો.

"ધન્ય છે, ધન્ય છે, ભીમ ગોહીલના સુપુત્ર ! તને તો એવો ઉત્સાહ જ શોભે ! જા, ભીમ ગોહીલના જેવી અમર કીર્તિ મેળવવાને અત્યારથી સેન્યની તૈયારી કર. મારી આજ્ઞા છે. તીર, ભાથાં, તલવાર, બરછી, ભાલાં, વગેરે જે કાંઈ અસ્ત્રશસ્ત્ર જોઇએ તેને માટે રાજ્યનો ખજાનો તારા કબ્જામાં છે એમ જ સમજજે. આ યુદ્ધમાં જો આપણો ખજાનો ખાલી થશે તો એક ઘડીમા શ્રી સોમેશ્વર તેને પાછો ભરી દેશે ! બોલો, બોલો, શ્રી સોમેશ્વર ભગવાનની જય !"

'જય' શબ્દ આખા ડાયરાએ ઉત્સાહભેર ઝીલી લીધો અને તેની ગર્જનાથી આખું રાજમહાલય ગાજી ઉઠયુ. રાણી ઉમાદે આ ઓચિંતી ગર્જનાનુ કારણ જાણવાને પોતાના જનાનાની વડારણોમાં પૂછપરછ કરવા લાગી, પરન્તુ જ્યારે રા' માંડળિક તુરત જ જનનામાં આવ્યો, ત્યારે જ તેણે તેના મુખેથી સઘળી હકીકત સાંભળી.

પ્રકરણ ૧૧ મું.

ભીમદેવનો સુકુમાર યોદ્ધો!

અણહીલપુરમાં સુલ્તાન મહમૂદની સામે થવાને લગતી લડાયક તૈયારીઓ મોટા પ્રમાણમાં ચાલી રહી હતી એ વર્ષના લાંબા પ્રવાસેથી **ભીમ**દેવનુ લશ્કર હજી હમણાં જ આવ્યુ હતું અને હજી તો લશ્કરનો થાક પણ પૂરો ઉતર્યો નહોતો, તથાપિ જ્યા એક મ્લેચ્છ **સો**મેશ્વરના શિવાલયનુ અપમાન કરવાને તથા તેને લૂટવાને ચડી આવે છે એ વાત લોકોમા જાહેર થઈ, તે સાથે જ સૈનિકોનો થાક કોણ જાણે ક્યાએ ગાયબ થઇ ગયો અને દરેકે દરેક સૈનિકમા લડવાનો એટલો ઉત્સાહ સ્ફુરી આવ્યો કે આખુ લશ્કર લાંબા વખત સુધી આરામ લઇને તાજુ બની ગયુ હોય તેવો દેખાવ થઇ રહ્યો. **પાં**ચાલ, **ચ**રોતર, **ન**ળકાંઠા, **ભાલ** વગેરે ગુજરાતના કુદરતી વિભાગોમા રહેતા ભીલ, કોળી, વાઘરી, રાજપૂત, આહીર ઇત્યાદિ સર્વ લડાયક જાતોમાંથી ઘણાઓ ધર્મસેવા નિમિત્તે પણ વિના પગારે **ભી**મદેવની સેનામાં દાખલ થયા એકદર રીતે જોતાં **ભી**મદેવની સેનામા અઢારે વર્ણના થોડા થોડા સૈનિકો એકત્ર થયા હતા બ્રાહ્મણો પોતાના ધર્મના રક્ષણને અર્થે, વણિકો અને જૈનો રાજધર્મનુ સરક્ષણ કરવાની ફરજ બજાવવાને અર્થે, અને ઘાચી, મોચી, તેલી તમોલી, તથા કારીગર વર્ગો માત્ર પોતાના દેશ અને ધર્મને લગતા ઝનૂનથી પ્રેરાઇને લડવાને માટે બહાર પડયા હતા

રાજા **ભી**મદેવે જે રાત્રિએ **બ**કુલાની સાથે વાગ્લગ્ન કર્યું હતું તેને બીજે જ દિવસે આખા રાજમડળ અને સમસ્ત પ્રજાવર્ગના મોટા આશ્ચર્યની વચ્ચે **બ**કુલાની સાથે શાસ્ત્રોક્ત વિધિથી લગ્ન કર્યું હતું; અને તે ક્ષણથી **બ**કુલા ‘ રાણી **બ**કુલાદેવી ’ નુ માનયુક્ત પદ પામી હતી. આ બનાવથી રાણી ઉદયમતિના હૃદયની શી અવસ્થા થઈ હશે તે જણાવવાનુ આ સ્થળ નથી, પ્રસગોપાત તે જણાવવામા આવશે, તોપણ અત્ર એટલુ તો જણાવી દેવું જોઇએ કે **બ**કુલા સાથેના લગ્ન પછી રાજા **ભી**મદેવનો પ્રેમ ઉદયમતિ ઉપરથી ઘટી જવા પામ્યો હતો **ભી**મદેવના મનમાં કેટલીક વાર એમ થઇ આવતુ કે: “ ગંમે તેમ છે, તોએ રાણી ઉદયમતિનુ મે અગ્નિદેવની સમક્ષ પાણીગ્રહણ કર્યુ છે, તેથી મારે તેના પ્રતિ પણ ઉચિત પ્રેમ દર્શાવવો જોઇએ અને તેની એક મૂર્ખતાને પરિણામે તેનો સમૂળગો ત્યાગ કરવો ન જોઇએ ” તેના આ વિચારને ઉદાર મનવાળી **બ**કુલાદેવી તરફથી સારી

પુષ્ટિ મળતી. તે કહેતી કે: "નાથ! રાણી ઉદયમતિ તે મારાં મોટા બ્હેન કહેવાય અને હું તો તેમની દાસી થવાને જ યોગ્ય છુ; માટે તેમને પટરાણી જ નહિ પણ માનીતી રાણીના પદ ઉપર અચળ રાખીને મને તેમની કિંકરી તુલ્ય લેખી તેમની સાથે જ રહેવા દો." પરન્તુ પુન: જ્યારે **ભી**મદેવને સાંભરી આવતું કે: "મારાપર અને મારા રાજ્યપર આફ્ત આવી પડવા છતા મારો તિરસ્કારપૂર્વક અનાદર કરનારનો ત્યાગ મારે શુ ન કરવો જોઇએ? એ પતિધર્મને ભૂલી જાય, તો હુ પત્નીધર્મને ભૂલી જવામાં કાંઈ જ દોષ કરતો નથી હા, મને લાબા વખત પછી તેને મળવાની કેટલી અભિલાષા હતી? પણ તે અભિલાષાને ધૂળધાણી કરી નાખીને તેણે મારો અસાધારણ તિરસ્કાર કર્યો છે. હા, હા, એ કઠોર હૃદયની સ્ત્રી જ્યાસુધી કોમળ હૃદય ધારણ ન કરે, ત્યાસુધી તે મારે ગ્રહણ કરવાયોગ્ય નથી!" આવો નિશ્ચય કરી વાળતા પણ **ભી**મદેવને વાર લાગતી નહિ. **અ**કુલાના સદ્‌ગુણોમા તેનુ ચિત્ત એટલુ સમોહ પામી ગયુ હતું કે ઉદયમતિને પુન: આદરપૂર્વક બોલાવવાની વૃત્તિ તેના ચિત્તમા જાગૃત થઈ નહિ.

ભીમદેવે થોડા દિવસમા **અણ**હીલપુરમા મોટુ સૈન્ય એકઠુ કર્યું. પોતાના ખાસ લશ્કરમા જેઓ ઘાયલ થએલા હતા તેઓને પડતા મૂકીને તેણે બાકીના લશ્કરને શસ્ત્રાસ્ત્રો પૂરા પાડવા માડયા. **મે**વાસમાથી બે હજાર ભીલ લોકો આવ્યા તેઓ તો પોતાની ઢબના અને પોતાને ફાવે તેવા તીરકામઠાનો મોટો જથ્થો લેઇને આવ્યા હતા. તેઓને **ભી**મદેવે તલવારો આપવાની ઇચ્છા દર્શાવી, પરન્તુ તેઓએ જણાવ્યુ કે "ના બાપજી! અમારૂ જોર માત્ર તીરકામઠામા જ છે—અમને તલવાર ચલાવતા આવડે નહિ," એટલે તેમને તલવારો આપવાનુ બધ રાખવામા આવ્યુ. **સૌરાષ્ટ્ર**ની સરહદપરનો કેટલોક મુલક **ભી**મદેવના તાબામા હતો ત્યાથી એક હજાર ભરવાડો આવ્યા. ડાગ, ગોફણ અને તીરકામઠા એ તેઓનાં હથિયાર હતાં. તે સિવાય નાના મોટા ઠાકોરો પોતપોતાની તરફથી હજારો લડવૈયાઓ, ઘોડેસ્વારો, ઉટસ્વારો અને પાયદળ લેઇને **અણ**હીલપુરમા આવી રહ્યા હતા. એવડા મોટા લશ્કરને ઉતારો આપવાની જોગવાઈ **ભી**મદેવથી તુરતમા બની શકી નહિ, તેથી કેટલાકો ગામની ભાગોળે તબૂઓ અને રાવટીઓ નાખીને પડયા. ભીલ, કોળી અને ભરવાડોએ કહ્યુ કે "અમોને તો ઉતારો પણ જોઇતો નથી. ધર્મના રક્ષણને ખાતર અમે **સરસ્વતી**ની રેતીમા પણ પડી રહીશુ."

હવે કેવી રીતે દેશનુ તથા **સોમેશ્વર**ના શિવાલયનુ સરક્ષણ કરવું તે

વિષે **ભીમ**દેવે પોતાના મંત્રીઓ, નાના મોટા સેનાપતિઓ અને શૂરા ઠાકોરોને બોલાવીને તેમની સલાહ માંગી. લાંબા વખતસુધી વિચાર ચાલ્યાબાદ એવો નિશ્ચય કરવામા આવ્યો કે મુખ્ય મત્રીશ્વર અને **દામોદર** નામનો યુદ્ધ-વિષયક મત્રી એ બન્ને એક સેના સાથે **અણુહીલપુર**માં રાજધાનીનું તથા પ્રજાનુ રક્ષણુ કરવાને રહે **સુલ્તાન મહમૃદ** કઈ દિશાએથી **સોમ**-નાથપર ચડી આવશે તે **ભીમ**દેવ જાણુતો નહોતો, તથાપ **અણુહીલપુર** થઇને જો તે આગળ વધે તો **અણુહીલપુર**ને તે કાઈ હરકત ન કરી શકે તેટલા માટે આ સેના ત્યાં રાખવાનુ ઠરાવ્યુ. બાકીના સઘળા લશ્કર સાથે **ભીમ**દેવે **સોમ**નાથ **પાટણ**ની આસપાસના પહાડી મુલકમાં જઇને રહેવાનુ ઠરાવ્યુ **સુલ્તાન**ની સેનાને આગળ વધતી અટકાવવી અને **સોમ**-નાથસુધી પહોંચવા જ ન દેવી એવો વિચાર કેટલાક મત્રીઓના ચિત્તમા ઉદ્ભવ્યો, પરન્તુ **સુલ્તાન**ની સમસ્ત સેનાની સામે પોતે એકલો ઝુઝે તેમા મોટી હાનિ સહેવી પડે તેવા સભવથી **ભીમ**દેવે એમ કરવાની હામ ભીડી નહિ. રા' **માં**ડળિક તરફથી પણ લશ્કર તૈયાર કરવામા આવ્યુ હોવાના ખબર મળી ગયા હતા અને શિવાલયના સરક્ષણને અર્થે એકઠું કરવામાં આવેલુ તેનુ લશ્કરી બળ **સુલ્તાન**ને આગળ વધતો અટકાવવાના કામમાં આવી શકે એમ જણાયુ નહિ, એટલે આ પ્રમાણે આખી સેનાના બે વિભાગો કરવાની યોજના જ છેવટે મુકરર થઈ

અહીં આગળ ગુજરાત તથા **સૌરાષ્ટ્ર**ના રાજાઓએ એક મોટી ભૂલ કરી હતી. જો **ભીમ**દેવ અને રા' **માં**ડળિક તથા **સૌરાષ્ટ્ર**ના બીજા નાના મોટા રાજાઓ પોતાના ગર્વનો ત્યાગ કરીને મળી ગયા હોત, અને તેઓ પો-તાના એકત્ર લશ્કરી બળ સાથે **સુલ્તાન મહમૃદ**ની સામે ધસી ગયા હોત, તો કદાચ **સુલ્તાન**ના લશ્કરને માર્ગમા જ નાશ પામવાનો વખત આવત અથવાતો તેને અધવચથી કટાળીને સ્વારીને પાછી ફેરવવી પડત. આ વખતે **અજમેર**મા **ચોહાણુ** વશનો રાજા **બિલન**દેવ અથવા **ધર્મ**-ગજદેવ રાજ્ય કરતો અને તે પણ **ભીમ**દેવના જેવો જ પરાક્રમી અને શૂરો હતો. **ભીમ**દેવ **ચોહાણુ** કુળ સાથે પરપરાનુ વૈર ધરાવતો હતો તેથી તેણે **સોમ**નાથનુ રક્ષણ કરવા માટે લશ્કરી બળ સાથે તૈયાર થવાનો સદેશો **ધર્મ**ગજદેવને કહેવરાવ્યો નહોતો. **ભીમ**દેવ **સોમે**શ્વરનુ શિવાલય પોતાની માતૃભૂમિમાં આવેલુ હોવાનુ અભિમાન ધરાવતો હતો અને તેથી તે **રાજ**પૂતાનાના એક રાજાને અને ખાસ કરીને પોતાના વશપરપરાના વૈરીને પોતાની મદદમાં ઉભા રહેવાનુ આમત્રણ કરી શક્યો નહિ. જો **ભીમ**-

દેવે ધાર્યું હોત તો તે **ધર્મગજદેવ** તરફથી પણ લશ્કરી મદદ મેળવી શકત અને પોતાના, રા' **માંડળિક**ના તથા **ધર્મગજદેવ**ના એકત્ર લશ્કરી બળવડે તો **સુલ્તાન મહમૂદ**ને અવશ્ય પોતાના દેશ તરફ પાછા નાસી જવાની ફરજ પડત. પરન્તુ તુરતમાં જ બે મોટા રાજાઓને નમાવીને પાછો ફરેલો **ભીમ**દેવ સ્વાભિમાનનો ત્યાગ કરવા જેટલો નમ્ર બની શક્યો નહોતો અને તેથી જ ઉપર પ્રમાણે યોજના તેને રચવી પડી હતી

યુદ્ધમાં **બ**કુલાદેવીને પોતાની સાથે લેવાનુ તો **ભી**મદેવે તેની સાથે લગ્ન કર્યું તે પહેલાં જ નિશ્ચિત થઇ ચૂક્યુ હતું, એટલે **ભી**મદેવની ખાસ આજ્ઞાવિના પણ તેણે પોતાની તૈયારી કરવા માંડી હતી. એક ક્ષત્રિય કુળમાં જન્મ પામવાથી અશ્વારોહણ કરવાનુ, તીર ફેંકવાનુ અને એવુ બીજુ યુદ્ધને લગતું પ્રાથમિક શિક્ષણ તેને બાલ્યાવસ્થામાં જ મળ્યુ હતું. ત્યારપછી એ શિક્ષણ આગળ વધી શક્યુ નહોતું, તેમજ તે કેળવવાનો પ્રસગ તેને મળી શક્યો નહોતો, તથાપિ વયના ક્રમે કરીને યુદ્ધવિષયક શિક્ષણના સસ્કારો ગુપ્ત રીતે વિકાસતા જ રહ્યા હતા **બ**કુલાદેવીનુ એ સઘળુ જ્ઞાન આ પ્રસગે તેને ઉપયોગી થઈ પડ્યુ.

છેવટે **અણ**હીલપુરમાથી કૂચ કરીને **સોમ**નાથ તરફ રવાના થવાનુ શુભ મુહૂર્ત આવી પહોચ્યુ. સૂર્યનાં કિરણ ફૂટતાની સાથે **અણ**હીલપુરના પાધરમાથી સેનાએ કૂચ કરવી એવી રાજાજ્ઞા પણ બહાર પડી. સૈનિકો તો પોતાનાં આયુધો તથા બીજી સામગ્રી સાથે તૈયાર જ હતા. માર્ગમા જે જે સ્થળે સેનાને થોભવું પડે તેમ હતું તે તે સ્થળે અગાઉથી નિવાસમાટેની, ખોરાકની, ઘાસની વગેરે સામગ્રીની તૈયારી કરી રાખવામા આવી હતી. પરન્તુ **બ**કુલાદેવીને તો કૂચ કરવા અગાઉની આખી રાત્રિ પોતાની તૈયારી કરવામા જ ગાળવી પડી. છેલ્લા ત્રણ દિવસથી લશ્કરની તૈયારીની ધામધૂમમા અને જૂદી જૂદી આજ્ઞાઓ આપવામા **ભી**મદેવ એવો ગુચવાઈ ગયો ગયો હતો કે તેને **બ**કુલાદેવી સાથે કાઇ વાતચીત કરવાની ફુરસદ પણ મળતી નહોતી. મધરાત પછી–મોડી રાત્રે તે **બ**કુલાદેવીના શય્યાગૃહમા પ્રવેશ કરતો અને તે વખતે આખા દિવસના પરિશ્રમથી તે એવો શ્રાન્ત જણાતો કે **બ**કુલાદેવી તેને વાતચીત કરવાનો કાઈ પણ વધુ પરિશ્રમ નહિ આપતા પોતાની સુકોમળ ભુજાઓમાં સ્થાન આપી નિદ્રાધિન કરી દેતી. આ છેલ્લી રાત્રિએ તો **ભી**મદેવ **બ**કુલાદેવીની પાસે બિલકુલ આવ્યો પણ નહિ. **બ**કુલાદેવીએ પોતાને માટે એક પાણીદાર અશ્વ તે પર પલાણ નખાવીને તૈયાર કરાવ્યો અને પછી તે પર બેસીને તથા તેને થોડુ ફેરવી જોઇને તેની

પરીક્ષા લીધી. ત્યારબાદ પોતે વસ્ત્રો સજવા માંડયાં. ગુજરાતના રાજાની સ્ત્રીને છાજે તેવાં મૂલ્યવાન્ વસ્ત્રો ધારણ કરીને તેણે પોતાના સ્વરૂપને આયનામાં નિહાળ્યું. ક્ષત્રિય કુળમાં પોતાનો જન્મ થયો હતો અને છેવટે ક્ષાત્રય કુળમાજ પરણીને ક્ષત્રિયને છાજે તેવું કાર્ય કરવા માટે પોતાને સજ્જ થએલી જોઇને તે હર્ષ પામી. સ્રીત્વને છાજતા વસ્ત્રો તથા અલકારો ધારણ કરી રહ્યા બાદ તેણે શરીર પર એક ઉનનો ગરમ જામો પહેરી લીધો આ જામો ગળાથી પગની પાનીએ પહોચે તેટલો લાબો હતો અને તે ધારણ કર્યા પછી તેને વસ્ત્રોપરથી કોઇ સ્ત્રી તરીકે ઓળખી શકે તેમ રહ્યુ નહિ. તે જામો પહેરીને તેણે એક રેશમી સેલુ લઇને તે વડે ભેઠ બાધી અને ભેઠમા છરો, જમૈયો તથા કટાર દરેકનાં મ્યાન સાથે ખોસી દીધા. યુદ્ધમા લડવાને માટે આ શસ્ત્રો નિરૂપયોગી હતાં કારણકે તેમા તો બહુધા તીર અને કોઇ વાર તલવાર જ ઉપયોગી નીવડે તેમ હતુ પરન્તુ સુખદુઃખના અનેક પ્રસગો પસાર કરી ચૂકેલી ચતુર બકુલાદેવી સમજતી હતી કે યવનોની સામે યુદ્ધમા જવાનુ હોવાથી કોઈ વાર કોઈ જુલ્મી યવનના હાથમા સપડાઈ જવાનો અને પોતાની જાત ખુલ્લી થતા શીલભગ થવાનો સમય આવી લાગે તો એ નાજુક શસ્ત્રો શત્રુનો ઘાત કરવા અથવા તો છેવટે આત્મઘાત કરીને શીલરક્ષણ કરવામા ઉપયોગી થઇ પડે તે સર્વની ઉપર બકુલાદેવીએ લોહની જાળીથી ગુથેલુ બખ્તર ધારણ કર્યું. મસ્તકપર આખા ઉત્તમાગને ઢાકી દે તેવો ટોપ પહેર્યો પગે ખુલતી બાહ્યોનો સુરવાળ પહેરી લીધો અને એક પુરૂષને શોભે તેવા પગરખા પહેર્યા ઘુટણ નીચેના પગપર લોહની જાળીથી ગુથેલા જ પાદરક્ષક પટાઓ વીટી લીધા. કમરપર તલવાર લટકાવવાનુ તેને સાભરી આવ્યુ પરન્તુ તેણે તે અગાઉથી મેળવી રાખી નહોતી અને તેથી બહાર નીકળતી વખતે રાજા પાસેથી એકાદી સારી તલવાર માગી લેવાની તેણે ધારણા રાખી હતી. આ સઘળી તૈયારી કરી રહ્યા પછી તેણે પોતા માટેની કેટલીક સામગ્રી તૈયાર કરી. આ સામગ્રીમા ખાસ કરીને કેટલાક વસ્ત્રો હતા અને તે વસ્ત્રોવડે ચામડાનો એક તોબરો ભરી લેઇ તેને એક બાજુએ લટકાવી દીધો આટલી તૈયારી કરતા તો પરોઢ થઈ ગયુ. બકુલાદેવી પોતાનુ એક બખ્તરીયા યોદ્ધાના જેવુ સ્વરૂપ આયનામા નિહાળતી અને હર્ષ પામતી ઉભી હતી, એવામાં ભીમદેવ ઉતાવળે ધસમસતો આવી પહોંચ્યો; પરન્તુ દ્વારમા પગ મૂકતાં જ તે અટકી ગયો તેણે ધાર્યું હતું કે પોતાની પ્રિયતમા હજી પર્યકપર પ્રભાતની મીઠી નિદ્રા અનુભોગી રહી હશે. પરન્તુ અહીં આવતાં તો તેણે તેનુ કાંઈ વિચિત્ર જ સ્વરૂપ જોયુ ! બકુલાદેવી પોતાનુ સ્વરૂપ

નિહાળવામાં મગ્ન બની હતી અને તેથી તેનુ ધ્યાન **ભી**મદેવના આગમન તરફ ખેંચાયુ નહિ. **ભી**મદેવ તો પોતાની પ્રિયતમાને–પોતાના સુકુમાર યોદ્ધાને જોઈને વિવિધ કલ્પનાઓનો ભોગી થઇ પડયો. તે મનમાં ગણુ-વા લાગ્યો:

*" વાહ જી વાહ ! શું રૂપ ધર્યું ? કઇ ટોપ ધર્યો શિર ઉપર સુન્દર,
" બખ્તર વજ્ર ધર્યું ઉર, કિન્તુ સુકોમળતાથી ભર્યું ઉરકન્દર,[1]
" સાકળી પ્હેરી પગે, પણ છે કદલી દ્વય સ્થભ અતિમૃદુ અન્દર,
" યોધ બન્યો ભડવીર બહારથી, કિન્તુ છે નાજુક નારી અંદર !
" ભાસતુ જે શયને મુખ શ્વેત જ, તે અહીં તામ્રસમુ જહળાતુ,
" કેસરીશી કટી નાજુક પાતળી ચાલી ગઈ, કયમ એમ ભળાતુ ?
" ભાર નિતબતણાથી લચી જતુ જે તન, તે દૃઢ ધીર કળાતુ,
" નારી નહી અબલા બકુલા મમ ! કિન્તુ સુયોધ ખરી પ્રબલા તુ ! "

તુરત જ **ભી**મદેવ સસ્મિત વદને અદર પેઠો અને **બ**કુલાદેવી આય-નામાં પોતાનુ સ્વરૂપ નિહાળી રહી હતી ત્યા ધીમે પગલે જઇને તેની પાછળ ઊભો ટોપ, કવચ અને બખ્તર ધારણ કરી ઊભેલી સુન્દરી પોતાની પાછળ પો-તાના સ્વામીને ઊભેલો જોતાં જ ચમકી અને સ્વામીની તરફ વળી. **ભી**મદેવ તેનુ સ્વરૂપ જોઇને ખડખડ હસી પડયો અને બોલ્યો " ઓહો ! ગુજર્જરેશ્વરની પત્ની પોતે જ ગુજર્જરેશ્વરનો યોદ્ધો બનશે એવું મે સ્વપ્ને પણ ધાર્યું નહોતુ, પરન્તુ મારા સુકુમાર યોદ્ધાજી ! તમારા શસ્ત્રાસ્ત્રો કયા છે ? ટોપ, કવચ, બખ્તર ધારણ કર્યા, પણ એક શૂરવીરને છાજે તેવી તલવાર, તીર કે કામઠુ એવુ કાંઈ તમારી પાસે નથી, તો એ તમે ભૂલી જ ગયાં કે શુ ? યોદ્ધો નિઃશસ્ત્ર શોભે જ નહિ. "

" તો હુ પણ કાઈ નિઃશસ્ત્ર નથી. " **બ**કુલાદેવીએ સસ્મિત વદને ઉત્તર આપ્યો.

" સશસ્ત્ર છો, તો બતાવો ક્યાં છે તમારા શસ્ત્ર ? "

બકુલાદેવી **ભી**મદેવને ખભે હાથ મકી મૃદુતાપૂર્વક બોલી: " નાથ ! આપના સુકુમાર યોદ્ધાની પાસે શસ્ત્રો પણ સુકુમાર જ હોવા જોઇએ. તલ-વાર, તીર કે ભાલો અમોને ન શોભે. અમોને માત્ર એકાદી નાજુક કટારી જ બસ છે અને તે હુ લેવાનુ ભૂલી ગઇ છું એમ ન સમજશો. એમ બોલતાં જ **બ**કુલાદેવીએ ભેટમાંથી કટારી ખેંચી કાઢી અને **ભી**મદેવને બતાવી.

---

* સવૈયા [1] હૃદયગુહા

ભીમદેવ અંતરથી **બકુલાદેવી**ની પ્રશંસા કરતો સસ્નેહ લોચને તેના તરફ દૃષ્ટિ કરી રહ્યો. **બકુલાદેવી** આગળ બોલી: “ સ્વામિન્! દુશ્મનો સાથે યુદ્ધક્ષેત્રમાં લડતી વખતે જે શસ્ત્રાસ્ત્રો જોઇશે તે તો હુ આપની પાસેથી જ માંગી લેઇશ; પરન્તુ આ કટારી, અને તે ઉપરાત એક બરછી, એક છરો અને એક જમૈયો જે હજી મારી ભેટમા જ છે, તે તો મારી જાત તથા મારા શીલના સરક્ષણને અર્થે જ મેં રાખ્યાં છે. આપણને જુલ્મી અને વિષયપિપાસુ યવનોની સામે લડવાનુ છે તે હુ ભૂલી ગઈ નથી. ”

“ ધન્ય છે, મારી પ્રિયમૂર્તિ ! તારી દીર્ઘ દૃષ્ટિ ખરેખર પ્રશસનીય છે. હું તેથી પરિતુષ્ટ છુ તું મને એક અમૂલ્ય રત્નરૂપ થઈ પડી છે પણ હવે તૈયાર થવામા કેટલી વાર છે ? જો, આ નોબતો ગરગડી, શરણાઇઓ ફુંકાઈ અને લશ્કર થોડી વારમા કૂચ કરશે. ’

“ અશ્વ ઉપર સ્વાર થઉ એટલી જ વાર છે. હુ તો માત્ર આપની આજ્ઞાની રાહ જોતી જ ઊભી હતી. ” એમ કહેતી **બકુલાદેવી** **ભીમ**દેવની પાછળ રાજમહાલયમાંથી બહાર નીકળી અને અશ્વારોહણ કરીને **ભીમ**દેવની સાથે જ નગરની બહાર ચાલી એક યોદ્ધાના રૂપમા યુદ્ધમા સાથે જવાનુ **બકુલાદેવી**નુ ધૈર્ય જોઇને પુરવાસીઓ આશ્ચર્ય પામ્યા

પ્રકરણ ૧૨ મું.

સુલ્તાનનો સૌરાષ્ટ્રમાં પ્રવેશ.

સપ્ટેમ્બરની અધવચમા **ગઝની**માથી કૂચ કરીને **સુલ્તાન મહમૂદ ગઝનવી** પોતાના જંગી લશ્કર સાથે ઓકટોબર માસમા **મુલ્તાન**ની નજીકમાં આવી પહોંચ્યો અહીં આગળ એક વિશાળ રણ ઓળગવાનુ આવ્યુ. રણ ઓળગવા માટે **સુલ્તાને ગઝની**માંથી જ પુરતી સામગ્રી પોતાની સાથે રાખી લીધી હતી. ઉટોની મોટી સખ્યા સાથે હતી, ખોરાકનો જથો પૂરતો હતો, પાણી સાથે રાખવામાં પણ ગફલત રાખવામાં આવી નહોતી અને વળી રણમાં સહીસલામત માર્ગ શોધી રાખવા માટે અગાઉથી કેટલાક ભોમીઆઓને રવાના કરી દેવામાં આવ્યા હતા. **મહમૂદે** કપરી મુસાફરીઓનો એટલો બધો અનુભવ મેળવ્યો હતો કે સાથે લેવી જોઇતી સામગ્રીના જથાની ગણત્રી કરવામાં તે ભૂલ કરતો નહિ. આટલી સાવચેતીથી એ વિશાળ રણ ઓળગી જવામાં **સુલ્તાન**ને મુશ્કેલી નડી નહિ.

ત્યાંથી આગળ વધતાં રાજપૂતાનાના રણને કિનારે આવેલા કેટલાક નાના મોટા કિલ્લાઓ સુલ્તાનની નજર બહાર રહ્યા નહિ. નાનાં મોટા ગામોના ગરીબ લોકો સુલ્તાનના લશ્કરને અનાજ, પાણી અને ઘાસ આપતા એટલે તેઓને લૂટવા, મારવા કે વટલાવવા પાછળ વખત ગુમાવવાનુ મહમૂદને વાજબી લાગ્યુ નહિ. તે સમયે મહમૂદના લશ્કરનો ત્રાસ ભારતવર્ષના પશ્ચિમ વિભાગમાં એટલા મોટા પ્રમાણમાં ફેલાએલો હતો કે લોકો તેના લશ્કરના એક સિપાહીની માંગણીને પણ નાકબૂલ કરી શકતા નહિ. તેઓ "બાપજી ! બાપજી !" કરીને તેમને સતોષતા. છેવટે લોકોને રન્જાડતું અને ત્રાસ આપતું સુલ્તાન મહમૂદનુ લશ્કર અજમેરના કિલ્લાની નિકટમા આવી પહોચ્યુ. રાજા ધર્મગજદેવે જરૂર પડે તો સુલ્તાનની સાથે લડવાની સપૂર્ણ લશ્કરી તૈયારીઓ કરી રાખી હતી. મહમૂદ સોમનાથ ખાતે પહોચી જવાને બહુ ઉતાવળો થઇ રહ્યો હતો, પરન્તુ અજમેરના રાજાનુ સૈન્ય તેણે લડવાને માટે તૈયાર જોયુ એટલે તે પોતાનુ જોર મ્યાન કરી શક્યો નહિ. વળી અજમેર પાસે આવી પહોચતા લશ્કરને માટે જોઇતુ પાણી તથા અનાજ ખૂટી ગયુ હતું તે અજમેરમાંથી લેવાની તેને જરૂર પડે તેમ હતું. સિપાહીઓ અજમેરમાં પેસીને લૂટ ચલાવવાની પરવાનગી માંગી રહ્યા હતા કે જે પરવાનગી આપતાં પહેલાં સુલ્તાનને ધર્મગજદેવના લશ્કરની સાથે લડવાની પરવાનગી પોતાના લશ્કરને આપવાની જરૂર પડી. સુલ્તાનના સૈન્યે અજમેરના કિલ્લાપર હલ્લો કર્યો પરન્તુ મરણિયા રાજપૂતોએ મુસલમાનોને તે હલ્લામા નાસીપાસ કર્યા. કિલ્લાની ઉપર રહેલા લશ્કરે સુલ્તાનના લશ્કરપર તીરનો એવો તો સખ્ત મારો ચલાવ્યો કે સુલ્તાનનુ લશ્કર કિલ્લાની નજદીક આવી પણ શક્યુ નહિ સુલ્તાનના ઘણા સેનિકો માર્યા ગયા અને ધર્મગજદેવના સૈનિકોમાના થોડા ઘાયલ થવા ઉપરાત તેને બીજુ કશુ નુકસાન થયુ નહિ સુલ્તાનને અને તેના લશ્કરને ગભરાએલી સ્થિતિમાં જોઇને ચતુર ધર્મગજદેવે એકદમ અજમેરના કિલ્લાના દરવાજા ખોલી નાખ્યા અને પોતાના લશ્કરને સુલ્તાનના લશ્કરપર ઓચીંતો ધસારો લેઇ જવાનુ ફરમાવ્યુ. હજારો મરણીયા અને શૂરા રાજપૂતોને અજમેરના દરવાજામાંથી તીડના ટોળાની પેઠે ઉભરાતા જોઇને મુસલમાનો ગભરાયા અને નાઠા. ધર્મગજદેવે તેમની પૂઠ લીધી, પરન્તુ દુર્ભાગ્યે એક આકસ્મિક તીરે તેનો પ્રાણ લીધો. સુલ્તાનની સેના નાંદોલ તરફ પલાયન કરી ગઇ, અને ધર્મગજદેવ મરણ પામવાથી તેની સેના અજમેરના કિલ્લા તરફ પાછી ફરી. નાંદોલ ધર્મગજદેવના તાબાનું જ એક ગામ હતું અને વળી સુલ્તાનના સિપાહીઓ ભૂખ્યા ડાંસ જેવા હતા.

ધર્મગજદેવનુ લશ્કર માર્ગમાથી પાછુ ફરી ગયુ હોવાથી હવે તેઓને કાઈ જ બીક રહી નહોતી. આથી **સુલ્તાને નાંદોલને** લૂટી લીધુ અને ત્યાથી પૂરતો દાણોપાણી લેઇને **અણહીલપુર** તરફ તે કૂચ કરવા લાગ્યો.

નાંદોલથી આગળ વધીને **સુલ્તાન** ગુજરાતની રાજધાની **અણહીલપુર**-ની નજીકમા આવી પહોચ્યો. **અજમેર** અને **અણહીલપુર** વચ્ચે જે જે નાનાં મોટા ગામો અને કિલ્લાઓ આવ્યા તે સઘળા તેના લશ્કરની લૂટના ભોગ થઇ પડ્યા હતા. કેટલાંક નાના ગામોના લોકો તો પોતાની જાત અને ધર્મના સરક્ષણને અર્થે પોતાનો માલ અસબાબ મૂકીને નાસી ગયા હતા અને તેવા ઉજ્જડ ગામડાંઓ લૂટી લેઈને જ સતોષ નહિ પામતા **મહમૂદના** સૈનિકો તેમને આગ લગાડીને આગળ વધતા યવન સૈનિકોના આવા જગલી અને જુલ્મી વર્તનને લીધે આસપાસના પ્રદેશમા સર્વત્ર ત્રાસ વર્તાઇ રહ્યો હતો. હિદુ સ્ત્રીઓ તો **મહમૂદનુ** નામ સાભળતાં જ ભયથી બ્હેબાકળી બની જતી અને પોતાના પ્રાણધનરૂપ પુત્રોને ગોદમા લેઇને માલ મીલકતની દરકાર કર્યા વિના નાસી જતી.

સુલ્તાન મહમૂદ પોતાના લશ્કરની સાથે આવી પહોચ્યે છે એ વાત **અણહીલપુરમા** જાહેર થતા સર્વત્ર ત્રાસ ફેલાઇ ગયો. કેટલાકો હિમત નહિ હારતા પોતાના કુટુંબોનુ અને પોતાની માતૃભૂમિનુ રક્ષણ કરવાને લશ્કરમાં દાખલ થયા પરન્તુ ખાસ કરીને ધનવાન્ જૈન વણિકો તો પોતાનુ ધન જમીનમા ખાડો ખોદીને દાટવામા જ મશગુલ બની ગયા તેઓ **મહમૂદની** લોભી વૃત્તિ સારી પેઠે જાણતા હતા, તેથી જર–ઝવેરાત તેની લોભી દૃષ્ટિએ ન પડે તેટલી સાવચેતી રાખવાને સઘળુ ધન ભોંયમા ભડારી પોતે ગરીબ હોવાનો દેખાવ ધારણ કરી બેઠા હતા **ભીમદેવના** મુખ્ય મત્રીશ્વરે **દામોદર** સાથે મળીને **સુલ્તાન** જો નગરપર હલ્લો કરે તો બચાવ કરવાની સઘળી તૈયારી કરી રાખી હતી, પરતુ **મહમૂદનો** ત્રાસ જ લોકોને અતિભયકર ભાસતો હતો. **મહમૂદે** કરેલી આગલી સ્વારીઓમા તેણે તથા તેના સૈનિકોએ જે જગલી વર્તન ચલાવ્યુ હતું તેનુ સ્મરણ હજી તાજુ જ હતું

છેવટે **સુલ્તાન** પોતાના લશ્કર સાથે **અણહીલપુરની** પડોશમા આવી પહોચ્યો. **ભીમદેવ** કિલ્લામાં નથી એવી તેને ખબર મળી એટલે તે હસ્યો અને બોલ્યો ' હબીબ કહેતો હતો કે ગુજરાત અને **સૌરાષ્ટ્રના** હિન્દુઓ બળવાળા છે, પણ અહીં તો ગુજરાતનો રાજા પોતે હુ આવ્યા પહેલાં નાસીને કયાંય ભરાઇ બેઠેલો જણાય છે ને શુ ? હિન્દુઓનો રાજા જ જો આટલો બ્હીકણુ છે તો તેના સિપાહીઓ તો ઔરતો કરતાં પણ ઓછી

તાકાતવાળા હોવા જોઇએ." **મહમૂદે** આ ચડાઈ હિંદુઓના મુલક સામે કે હિંદુ રાજાઓ સામે કરી નહોતી, પરન્તુ હિંદુઓના દેવ સામે અને એ દેવના જર–જવાહીર સામે કરી હતી, તેથી **અણહીલપુરમા** તેણે યુદ્ધ મચાવ્યુ નહિ ફક્ત કિલ્લામા જઇને અનાજનો મોટો જથ્થો ઉપાડી આવવાની તેણે પોતાના સિપાહીઓને આજ્ઞા આપી કેટલાકો અનાજની લૂટ ચલાવવાને અને તે સાથે લાગ પડે તો કાઈ માલમીલ્કત પણ લૂટી લેવાને અધીરા થઇ કિલ્લા તરફ દોડયા, પરન્તુ તે લૂટ ચલાવવાનુ તેઓ ધારતા હતા એટલુ સહેલુ માલૂમ પડયુ નહિ **ભીમદેવનો** મત્રી અને **દામોદર** પોતાની સેનાને બહાર લેઈને જરૂર પડયે યુદ્ધ કરવાને જ તૈયાર થઇને ઉભા હતા. **સુલ્તાનના** સૈનિકો લૂટ ચલાવવાને આવી પહોચતા તેઓની સાથે હિંદુ સૈનિકોએ દારૂણ યુદ્ધ મચાવ્યુ, પરન્તુ **સુલ્તાનની** મોટી સેનાની સામે હિંદુઓ ફાવી શકતા નહિ હિંદુ સૈન્યના મોટા ભાગે લડીને પ્રાણ આપ્યા, પરન્તુ છેવટે મત્રીશ્વર અને **દામોદરને** નાસી જવુ પડયુ અને **સુલ્તાનના** સૈનિકો કિલ્લામાથી અનાજનો મોટો જથ્થો ઉપાડી ગયા આ અનાજનો જથ્થો **સુલ્તાનને** ઘણો મોઘો થઇ પડયો, કારણકે હજારો સૈનિકોને ભોગે તે મેળવી શકાયો હતો. **સોમનાથપર** જીત મેળવ્યા પહેલા સૈનિકોનો નાશ થએલો જોઇને **સુલ્તાનને** બહુ દુ ખ થતુ હતુ અને તેથી તે જ્યા ને ત્યા વિનાકારણે યુદ્ધમા ઉતરવાનુ પસદ કરતો નહોતો, પરન્તુ હિંદુઓના સૈન્ય તરફથી યુદ્ધની તૈયારી જોતા તેને વિનાછૂટકે યુદ્ધમા ઉતરવાની ફરજ પડતી હતી. **અણહીલપુરમા** પોતાના સખ્યાબધ સૈનિકોનો નાશ થએલો જોઇને **સુલ્તાન** વિપણ્ણ વદને નિશ્વાસ નાખીને બોલ્યો "**સોમનાથ** પહોચતા પહેલા જો આવી બહુ લડાઇઓ લડવી પડશે તો **સોમનાથપર** જીત મેળવવાનુ બહુ મુશ્કેલ થઇ પડશે, એટલુ જ નહિ પણ પછી તો નાનકડા સૈન્ય સાથે **સૌરાષ્ટ્રમાથી** બહાર નીકળવુ પણ ભારે થઈ પડશે ! ગુજરાતના હિંદુઓને નિર્બળ જોઇને હુ હસતો હતો પરન્તુ તે મારી ભૂલ હતી **સૌરાષ્ટ્રના** હિંદુઓ પણ જો આવા બળવાન્ હશે અને તેઓની સખ્યા મોટી હશે તો મારે વિમાસવુ પડશે. ઓ પાક પરવરદેગાર ! આ પાક લડાઈમાં તું મારી મદદે ધાજે અને હિંદુઓના બળને હરી લેજે !"

અણહીલપુરથી જ ગુજરાતના હિંદુઓનુ બળ જોઇને સ્હે ખાઈ ગએલો **સુલ્તાન** હવે આગળ વધવા લાગ્યો **સોમનાથ** પાસે ઉતાવળે જઈ પહોંચવાને ઇરાદે તથા માર્ગમાં કોઇ કાઠી રાજા યુદ્ધને માટે તૈયારી કરીને પોતાની સામે થઈ ન શકે તેટલા માટે તેણે લશ્કરને ઉતાવળે કૂચ કરી

જવાનુ ફરમાન કર્યું સૌરાષ્ટ્રના રસાળ પ્રદેશમા પ્રવેશ કર્યા પછી સુલ્તાનને પાણીની, અનાજની, કે ઘોડાઓને માટે ઘાસ મેળવવાની ચિંતા રહી નહિ, કારણકે માર્ગમાં સ્થળે સ્થળે કૂવા, વાવ, તળાવ, અનાજના ખેતર અને લીલીછમ જુવારના સાઠા તૈયાર જ હતા અને તે સઘળુ પોતાના લશ્કરને માટે જ ખુદાએ તૈયાર કરી રાખ્યુ છે એમ સુલ્તાન માનતો હતો. માર્ગમાં નાના મોટાં સેકડો મદિરો અને દહેરાઓ આવતાં. નાના ગામડાના લોકો સુલ્તાનની જુલ્મી સેનાની સામે થઇને પોતાનો બચાવ કરી શકે એ સભવિત જ નહોતુ એટલે આ મદિરો અને દહેરાઓને જમીનદોસ્ત કરાવી નાખીને તેમાની મૂર્તિઓને—સુલ્તાનના શબ્દોમા શેતાનોને—*ખડિત કરી ફકી દેવામા સુલ્તાન આનદ માનતો હતો આ પ્રમાણે કેર મચાવતા સુલ્તાન મહમૂદના લશ્કરના નેજા સને ૧૦૨૪ ના નવેમ્બર માસની અધવચમા સૌરાષ્ટ્રમા સોમનાથ પાટણને માર્ગે ફરકવા લાગ્યા

પ્રકરણ ૧૩ મું.

હમ્મીરની હિંમત.

દિવસના ચતુર્થ પ્રહરનો સમય છે સૂર્ય જરા નમ્યો છે. ટાઢની ચમકી હોવાથી નમેલા સૂર્યનો તાપ ત્વચાને મધુરો લાગે છે સૌરાષ્ટ્રના એક પ્રાચીન નગર લાઠીને પાધર આવેલા તળાવમા ગામના ઢોર પાણી પીને ગામ તરફ વળી રહ્યા છે. ખેડૂતો પોતાના હળ ગામ તરફ હાકી જતા જોવામા આવે છે અને માર્ગમા તળાવ આવતા બળદને પાણી પાઈ ગામ તરફ ચાલ્યા જતા નજરે પડે છે અત્યારે તળાવથી કેટલેક દૂર ધૂળનુ વાદળુ ચડી રહેલુ જોવામા આવે છે તળાવમાં પોતાના અશ્વને પાણી પાતો એક ક્ષત્રિય યુવક તે ધૂળના વાદળ તરફ અનિમેષ લોચને નજર કરી રહ્યો છે અને કાઈ વિચારોમા નિમગ્ન બની ગયો હોય તેમ તેની મુખમુદ્રાપરથી જોઇ શકાય છે આકાશમાં ધૂળનુ વાદળુ ચડવાથી અસ્ત પામતો સૂર્ય ઢંકાઇ ગયો છે ગાઉના ગાઉ સુધી ધૂળનુ વાદળું લબાએલુ નજર આવે છે અને કોઈ કોઈ વાર ઘોડાના હણહણાટ સંભળાય છે તથા ચળકતા ભાલાં વિજળીની પેઠે ચળકે છે.

---

* **Yaminu-d daula again started for Somnath, and on his march he came to several forts in which were many images serving as chamberlains or heralds of Somnath, and accordingly he (Mahmud) called them Shaitan** *Ibn-Asir*

પોતાની ગાયોને પાણી પાતો એક ભરવાડ તે ક્ષત્રિય યુવકને અનિમેષ લોચને નજર કરી રહેલો જોઇને બોલ્યોઃ " કાં ઠાકોર ! શુ જોઇ રહ્યા છો ? "

યુવકે કહ્યુંઃ " જુઓ તો ખરા, કેવડુ ધૂળનું વાદળ ચડી રહ્યું છે? તેનુ કારણ શુ ? "

ભરવાડ હસીને બોલ્યો. " બાપુ ! એ પણ તમને ખબર નથી કે શુ? આ તો ગઝનીનો **સુ**લ્તાન **સો**મનાથનુ મદિર તોડવાને ધસમસ્યો જાય છે, તેનુ લશ્કર જાય છે તેથી ધૂળ ચડી છે ઘોડાના હણહણાટ પણ સાંભળો છોને ? "

" શુ આ **સુ**લ્તાન **મ**હમૂદની સેના છે ? " યુવકે પ્રશ્ન કર્યો

" હા, બાપુ ! " ભરવાડે ઉત્તર આપ્યો અને તે પોતાની ગાયોને પાણી પાઇને ચાલતો થયો

તે ક્ષત્રિય યુવકનુ નામ **હ**મ્મીર હતું અને તે **જૂ**નાગઢના રા' **માં**ડળિકનો સાળો થતો હતો **હ**મ્મીરની વય વીશેક વર્ષની હતી અને તેના બે મોટા ભાઇઓનાં નામ દુદાજી તથા **અર્જુ**નજી હતાં. **અર્જુ**નજી **જૂ**નાગઢમા રા' **માં**ડળિકની સેનાનો અધિપતિ હતો તેથી તે **જૂ**નાગઢમા રહેતો હતો અને દુદાજી પોતાના પિતાની પાછળ **લા**ઠીની ગાદીએ બેઠો હતો તથા **હ**મ્મીર પોતે **લા**ઠીમા પોતાના મોટા ભાઇના કુટુંબની સાથે રહેતો હતો. **હ**મ્મીરમા ક્ષત્રિયને છાજતું ખમીર હતુ પરન્તુ લોકોમા તે હજી નાની વયનો મનાતો હતો **હ**મ્મીરમા હિંમત હતી પરન્તુ તે હિંમતને ઉત્તેજન નહિ મળવાથી હજી તેનુ સર્વ તેજ ગુપ્ત રહેવા પામ્યુ હતું અશ્વને પાણી પાઇને તે સીધો પોતાને ઘેર આવ્યો. એક યવનેશ્વર હિંદુઓનુ મોટું મદિર તોડવા માટે જાય છે એ જ વિચાર તેના ચિત્તમા ઘોળાઈ રહ્યો હતો અને તત્સબધી અનેકાનેક તરગો ઉઠતા હતા અત્યારસુધી તેનામાં જે તેજ ગુપ્ત રહ્યુ હતું તે પરનુ આવરણ હવે ધીમે ધીમે દૂર થતું જતું હતુ. ઘેર આવીને તે એક ખુણામા બેસીને પોતાના વિચારમા જ નિમગ્ન બન્યો. એટલામા તેના મોટા ભાઇ **દુ**દાજીની સ્ત્રીએ તેને ગુપચુપ વિચાર કરતો જોઇને પૂછ્યું " કેમ દિયરજી ! શુ વિચારમા પડી ગયા છો ? "

હમ્મીરે જવાબ આપ્યો " ભાભી ! આજે ઘોડાને પાણી પાતાં પાતાં મેં **ગ**ઝનીના **સુ**લ્તાનની ફોજને **સો**મનાથનું શિવાલય તોડવા માટે ધસમસી જતી જોઈ તેથી મારા મનમા કાંઇ કાંઇ વિચારો ઘોળાયાં કરે છે. "

ભાભીએ મંદ સ્મિત કરીને કહ્યુંઃ " નાને નાનપણ એવા વિચારો વળી શું આવે છે ? "

હુમ્મીર બોલ્યો: " હુ એમ વિચારૂં છું કે આજકાલ **સૌરાષ્ટ્ર**ના સઘળા રાજાઓ બાયલા બની ગયા છે, નહિ તો એ તરકડો આપણા દેશમાં પેસી પણ શુ શકે ? **સૌરાષ્ટ્ર**ની હદની બહાર જ તેવી ખાબી ન થાય ?"

" દિયરજી ! એ કાંઇ બાળકના ખેલ નથી "

" નહિ, નહિ, હાલમા કોઇ ક્ષત્રિયનુ બીજ જ રહ્યુ નથી, નહિતો હિંદુઓના મદિરને પરધમીઓ હાથ લગાડવાની હિંમત પણ બીડી શકે નહિ "

" આખા દેશમાં કોઇ ક્ષત્રિયનુ બીજ નથી રહ્યુ, પણ તમે તો ખરા ક્ષત્રિયબીજ છો કે નહિ ? " ભાભીએ દિયરને મ્હેણુ માર્યુ

તેજીને ટકોરો જ બસ છે ભાભીનુ મ્હેણું સાંભળીને **હુમ્મીર**ના રોમે રોમે ક્ષાત્ર રૂધિર વ્યાપી ગયુ અને તેનુ શરીર શૌર્યના આવેશથી કપવા લાગ્યુ તેણે પોતાની ભાભીને કાઇ જ ઉત્તર આપ્યો નહિ અને મુગો મુગો ઘરની બહાર નીકળ્યો હાથમા તલવાર, તથા ભેટમાં કટાર લેઇને તે એકદમ રાજપૂતવાડમા ગયો શૌર્યના આવેશમા તેણે પોતાના કેટલાક મિત્રોને પાણી ચડાવ્યુ અને તેમને પણ લડવા જવા માટે તૈયાર કર્યા આખા **લાઠી**માથી તેણે બસો જુવાનિયાને તૈયાર કર્યા અને તે સૌને તલવારો, તીરના ભાથા અને કામઠા પુરા પાડયા આખી રાત તેણે માણસો એકઠા કરવામા જ ગાળી અને પ્રભાત થતા તો લડવૈયાઓનુ ટોળુ **લાઠી**ના ઝાપા બહાર નીકળ્યુ

દુદાજીની સ્ત્રીએ પોતાના દિયરને મ્હેણુ માર્યુ ખરૂ, પરન્તુ જ્યારે **હુમ્મીર** પોતાના જુવાનિયા સગાથીઓને સાથે લેઇને લડવા નીસર્યો, ત્યારે તેને પોતાના સાહસપૂર્વક બોલાએલા શબ્દોને માટે પસ્તાવો થવા લાગ્યો **આર્યાલા**ના ગોહીલ **સાર**ગજીની પછી ત્રીજી પેઢીએ **ભીમ**જી ગોહીલ થઇ ગયા એ **ભીમ**જીના વશમાં ત્રણ પુત્રો હતા અને તેમાના દુદાજી તથા **અર્જુન**જી મોટા હતા પણ આજસુધી તેમને કાઇ સતતિ થઇ નહોતી આથી **ભીમ** ગોહીલના વશનુ નામ રાખવાની સઘળી આશા હવે **હુમ્મીર** ઉપર જ રહી હતી **હુમ્મીર** પરણે અને પુત્રો થાય તો જ **ભીમ** ગોહીલનો વશવેલો ચાલે તેમ હતું; પરન્તુ **હુમ્મીર** તો **સુલ્તાન**ની સામે લડવા ચાલ્યો, એટલે દુદાજીની સ્ત્રીને ભય ઉત્પન્ન થયો કદાચ **હુમ્મીર** યુદ્ધમાં મરાઇ જશે તો પોતાના સસરાનો વશવેલો નાબૂદ થશે એવી કલ્પના ઉઠતા તે ગભરાઇ અને **હુમ્મીર**ને સમજાવીને યુદ્ધમા જતો અટકાવવાનો તેણે વિચાર કર્યો. ભાગ્યયોગે દુદાજી તે વખતે **લાઠી**મા નહોતો પરન્તુ રાજ્યના કાઈ કામ સારૂ પરગામ ગયો હતો.

જ્યારે **હમ્મીર** પોતાના સંગાથીઓની સાથે અશ્વારોહણ કરીને નીકળતો હતો, ત્યારે તેની ભાભી પોતાની ડેહેલીએ આવીને ઊભી રહી પોતાની ભાભીને ડેહેલીએ ઊભેલી જોઇને **હમ્મીર** હસતે મુખડે બોલ્યો:

" જે લડવાને જાય, ભાભી ! દિયર તાહરો,
" મરાય કે જીતાય, પણ હાર્યો પાછો નહિ ફરે !
" સાચુ ક્ષત્રીબીજ, નહિ છૂપે રણખેતમા,
" નામુ તુજને શીષ, જગવ્યુ તે નૂર માહરૂ ! "

આ સાભળીને **હમ્મીર**ની ભાભી બોલી:

" ઓરા આવો દિયરજી, વાતલડી સુણો એક,
" હજી નાનડીયા બાળ છો, જોયુ ન જાય રણખેત "

હમ્મીર ઉત્તર આપતો બોલ્યો:

" નાનો પણ રજપૂત, ભાભી ! સાભળ વાતડી,
" **ભીમ** ગોહીલનો સૂત, કમ ડરૂ તુજ વાતથી ? "

ભાભીએ કહ્યુ:

" આવો દિયરજી લાડકા, વાતલડી સુણો એક,
" કાચા કુવારા બાળ છો, કમ ભુલાશો હેત ? "

હમ્મીર બોલ્યો:

" હેત ભૂલીને મા ગઇ, તેમ ભૂલજો, ભાભી ! હેત,
" ગામમા હવે વસવુ નહિ, હવે તો વસીશુ રણખેત "

ભાભીએ આખમા આસુ આણીને કહ્યુ

" સાભળો શાણા દિયરજી, વાતલડી કહુ એક,
" **ભીમ** ગોહીલના વશની, આશા તમોપર છેક
" પરણ્યા ન નાર સુલક્ષણી, વસાવ્યુ નહિ ઘરસુત્ત;
" બાપનુ સભારણુ બેટડો, કેમ વાઢીયા રહે રજપૂત?"

હમ્મીરે ઉત્તર આપ્યો:

" **ભીમ** ગોહીલનો બેટડો, પડશે રણમોઝાર,
" એની કીરત અમ વશનુ, સભારણુ રાખણહાર "

પોતાના દિયરનો આવો બહાદુરીભર્યો ઉત્તર સાભળીને ભાભીની આંખમાંનાં આસુ હર્ષના આસુમાં ફેરવાઇ ગયા અને તે બોલી·

" ધન્ય ધન્ય વ્હાલા દિયરજી ! ધન્ય ધન્ય તમારી માત !
" ઓરા આવો તો લઉ દુ ખડા, થાય મારા પવીતર હાથ ! "

પછી હુમ્મીરે ભાભીની પાસે આવીને પોતાનો ઘોડો ઊભો રાખ્યો અને ભાભીએ રણધીરા ઘોડેસ્વાર દિયરનાં દુ:ખડાં લીધાં વિદાય આપવાને કપાળે કુકુનો ચાંદલો કરી મસ્તકપર અક્ષત ઉરાડયા. હુમ્મીર માતાસ્વરૂપ ભાભીને મસ્તક નમાવીને પગે લાગ્યો અને ભાભીએ મગળ આશીર્વાદ આપ્યો એટલે એકદમ અશ્વને દોડાવીને તે ગામના ઝાંપા બહાર નીકળી ગયો ત્યા તેના સંગાથીઓ તેની જ રાહ જોતા ઊભા હતા, તેઓ હુમ્મીર આવ્યો એટલે તેની સાથે સોમનાથ પાટણ તરફ ચાલ્યા

હુમ્મીર પોતાને વતનથી વિદાય થયો, પણ ભાભીનો એક બોલ તેનાથી ભુલાયો નહિ. પોતાના બન્ને મોટા ભાઇઓને કાંઈ સતતિ નહોતી અને પોતે પણ જો યુદ્ધમા મરણ પામે તો ભીમ ગોહીલનો વશ નાબૂદ થાય એ ચિતા તેના ચિત્તમાથી ખસી નહિ તે સમજતો હતો કે પોતે મરણ પામશે તોપણ ભીમ ગોહીલના વશની કીર્તિનો કાંઈ સૌરાષ્ટ્રમાથી નાશ થશે નહીં, પણ ઉલટી તેમા વૃદ્ધિ થશે, પરન્તુ તેમ થવાથી એક પરાક્રમી ક્ષત્રિય કુળનો તો લોપ જ થવાનો આ વાત તેના હૃદયમા સાલવા લાગી જોકે તેથી તે નાહિમત થયો નહિ, પણ તેના વદનપર દુ ખની રેખાઓ તરી આવી સોમનાથ તરફ પ્રયાણ કરતા માર્ગમા શીહોર પાસે [1]ગીરની દક્ષિણે આવેલો દ્રોણનો ડુગર આવ્યો, ત્યા હુમ્મીરનો મિત્ર વેગડો નામનો એક ભીલ સરદાર રહેતો હતો હુમ્મીર તે દિવસે પોતાના મિત્રનો મેમાન થયો અને વેગડાને પોતાના પ્રયાણની વાત કહી વેગડાએ હુમ્મીરની બાળવય જોઇને તેને પાછા ફરવાને સમજાવ્યો, પણ હુમ્મીરે કહ્યુ· ' જો રામનુ બાણ પાછુ ફરે, તો જ હવે તો હુમ્મીરની પ્રતિજ્ઞા અફળ જાય, માટે હુ પાછો ફરવાનો તો નથી જ સુલ્તાનની ફોજ મોટી હશે અને તે મારાથી પાછી નહિ વાળી શકાય તો ફીકર નહિ હુ લડીને પ્રાણ આપીશ, પણ પાછો નહિ ફરૂ પણ દોસ્ત ! મારા મનની એક ઉમેદવારી મારા મનમા રહી જાય છે ”

વેગડાએ કહ્યુ “ એવી તે તારી શુ ઉમેદવારી છે ? ”

હુમ્મીર બોલ્યો · “ અમે ત્રણ ભાઇઓમાં મારા બે મોટા ભાઇઓને કાંઈ સતતિ થઈ નહિ અને હુ તો હજી પરણ્યોએ નથી જો હુ કુવારો ને કુવારો યુદ્ધમાં ખપી જઇશ, તો મારા બાપ ભીમ ગોહીલનો વશવેલો આગળ વધશે નહિ, તે મારા મનમાં બહુ લાગી આવે છે. ”

---

૧ હાલમા તે સ્થળ ઉજ્જડ છે, પણ વેગડા ભીલની જગ્યો તરીકે ત્યાંની જમીન ઓળખાય છે ખરી.

વેગડો બોલ્યો: "તારા મનની એ ઉમેદવારી હુ પૂરી કરીશ રણે ચડવું તો પછી મનની કાંઇ મનમા રહે તેમ ન કરવું. મારી મોટી દીકરી પરણુવાને લાયક થઇ છે, અને તારા જેવો વર મારી દીકરીને ક્યાંથી મળવાનો હતો ? માટે તું તેને પરણુ અને અહીં થોડા દિવસ રહે પછી આપણે બન્ને લડવા જઇશુ"

હુમ્મીરે પોતાના મિત્રની માંગણી કબૂલ રાખી અને વેગડાની મોટી પુત્રીવેરે તે જ દિવસે લગ્ન કર્યું પાંચ દિવસસુધી હુમ્મીર વેગડાને ઘેર રહ્યો અને પોતાની સ્ત્રીની સાથે પહેલી તથા છેલ્લી વારનો વિલાસ કરવા લાગ્યો પછી વેગડાએ પોતાની પડોશના ભીલોને બોલાવીને એક નાની સેના તૈયાર કરી અને હુમ્મીર તથા વેગડો બન્ને પોતપોતાની સેના સાથે સોમનાથ તરફ વિદાય થયા તે દિવસથી હુમ્મીરની સ્ત્રીને ગર્ભાધાનની આશા રહી.

હુમ્મીર પોતાના મિત્ર તથા સાસરાની સાથે સોમનાથ તરફ વિદાય થયો, પણ વળી તેને સાભર્યું કે "જૂનાગઢમા મારી બ્હેન ઉમાદે છે તેને હુ મળુ અને પછી રણમા જઉ તો ઠીક" તેથી તે સોમનાથ નહિ જતાં જૂનાગઢ ગયો, પોતાની બ્હેનને મળ્યો અને તેને પોતાની પ્રતિજ્ઞા કહી સભળાવી.

ઉમાદે બોલી: "ભાઇ ! તુ હજી નાનો છે, અને તને એ પ્રતિજ્ઞા શોભે નહિ, માટે તું અહીં રહે, અર્જુનજી રણમા જવા તૈયાર થયો છે અને તું પણ જઇશ તો પછી મને વીરપસલી કરનાર એકે નાનડીઓ ભાઇ રહેશે નહિ"

હુમ્મીર બોલ્યો: "બ્હેન ! વીરપસલી સોમેશ્વર ભગવાન્ કરશે, પણ હુ હવે મારી પ્રતિજ્ઞા ફેરવનાર નથી" એમ કહીને તેણે વેગડા ભીલની પુત્રીવેરે પોતાનુ લગ્ન કર્યાની સઘળી વાત ઉમાદેને કહી સભળાવી ઉમાદેને તેથી કિંચિત્ સતોષ થયો અને તેણે પોતાના નાના ભાઇને કુકુનો ચાદલો કરી મગળ આશીર્વાદ આપ્યો રા' માંડળિકની સેનાની સાથે હુમ્મીર પણ પોતાની નાની ફોજ લેઈ સોમનાથ તરફ વિદાય થયો.

પ્રકરણ ૧૪ મું.

સોમનાથની ઉત્પત્તિ.

અત્ર સોમનાથની ઉત્પત્તિનો ઇતિહાસ આપવો પ્રસંગાનુકૂળ થઈ પડશે. અનત યુગો પૂર્વે–આ સૃષ્ટિના આદિકાળની પણ પૂર્વે પ્રથમ પ્રકૃતિ અને પુરૂષની ઉત્પત્તિ થઈ અને તેમાંથી 'નારાયણ' તથા 'નારાયણી'

એવાં પુલ્લિંગ—સ્ત્રીલિંગરૂપ સ્વરૂપો પેદા થયાં. નારાયણના નાભીકમળમાંથી બ્રહ્માની ઉત્પત્તિ થઇ અને બ્રહ્મા તથા નારાયણ મોહને વશ હોઇ પોતાની ઉત્પત્તિ સમજી નહિ શકવાથી માહોમાહે વિવાદ કરવા લાગ્યા તેઓના વિવાદનો અંત આણવાને તેઓની વચ્ચે તેજોબિંબરૂપ, અનિર્વચનીય, અવ્યક્ત, અનુપમ અને જ્વાળાઓથી ઢંકાએલું એવું અદ્‌ભુત જ્યોતિર્લિંગ ઉત્પન્ન થયું. બ્રહ્મા અને નારાયણ ત્રણે લોકમાં ફરી વળ્યા પણ એ જ્યોતિર્લિંગની ઉત્પત્તિનું મૂળ કારણ શોધી શક્યા નહિ પછી તે જ્યોતિર્લિંગમાં બ્રહ્મરૂપ ૐકારનો પ્રાદુર્ભાવ થયો

જ્યોતિર્લિંગનું મૂળ સ્વરૂપ આ છે, કિન્તુ સમસ્ત ભારતવર્ષમાં સુવિખ્યાત થએલાં દ્વાદશ જ્યોતિર્લિંગ કે જેમાંનું એક સોમનાથનું શિવલિંગ પણ છે તેમની ઉત્પત્તિનો ઇતિહાસ કેવળ જૂદો જ છે સોમનાથના જ્યોતિર્લિંગના ઇતિહાસ સાથે જ આપણને સંબંધ હોવાથી અત્ર તે જ આપવાની અગત્ય છે

પૂર્વે મહાત્મા દક્ષને અશ્વિની આદિ સત્તાવીશ કન્યાઓ હતી, તે સર્વને દક્ષે ચંદ્રમાને આપી હતી ચંદ્રમાની તે સર્વ સ્ત્રીઓમાં રોહિણી નામે સ્ત્રી હતી તે ચંદ્રને અત્યંત પ્રિય હતી, તેથી બીજી સ્ત્રીઓને દુ:ખ થવા લાગ્યું અને તેમણે પોતાનું દુ:ખ પિતા કને જઇને નિવેદન કર્યું દક્ષે ચંદ્ર પાસે આવીને વિનતિ કરી તેને સમજાવ્યો કે તારા જેવા કુળવાને એક પણ સ્ત્રીપર ન્યૂનાધિક ભાવ રાખવો ન ઘટે પણ ચંદ્રે દક્ષનું કથન માન્ય કર્યું નહિ તેણે રોહિણીમાં એકસરખી રીતે આસક્ત રહી અન્ય સ્ત્રીઓનો અનાદર ચાલુ રાખ્યો આથી દક્ષે પુન: ચંદ્રની પાસે આવીને તેને શાપ આપ્યો કે 'તું ક્ષયરોગી થા.' આથી ચંદ્ર તુરત જ ક્ષયરોગી થયો, અને તેની કળા ક્ષીણ થવા લાગી તેથી દેવોમાં તથા મનુષ્યોમાં હાહાકાર વ્યાપી રહ્યો. પછી ચંદ્રે દેવતાઓને વિનતિ કરવાથી દેવતાઓએ બ્રહ્માની પાસે જઇને ચંદ્રનો વૃત્તાંત કહ્યો બ્રહ્માએ સલાહ આપી કે જો ચંદ્ર પ્રભાસ નામના પુણ્યક્ષેત્રમાં મૃત્યુંજયના વિધાનથી શંકરનું આરાધન કરે તો શંકર પ્રસન્ન થઇને તેને ક્ષયરહિત કરે. પછી દેવોએ તથા ઋષિઓએ દક્ષનું આશ્વાસન કર્યું અને ચંદ્રને પ્રભાસના પુણ્યક્ષેત્રમાં સ્થાપન કર્યો ચંદ્રે છ માસ સુધી ત્યાં રહીને નિરંતર તપશ્ચર્યા કરી મૃત્યુંજય મંત્રથી મહાદેવના પાર્થિવલિંગની પૂજા કરી એ રીતે દશ કરોડ મંત્રથી પૂજિત થએલા ભગવાન્ શંકરે પ્રસન્ન થઇને પ્રત્યક્ષ દર્શન આપી ચંદ્રને કહ્યું: 'તારૂં કલ્યાણ થાઓ. હું તારા પર પ્રસન્ન થયો છું, માટે વર માગ.' પછી ચંદ્રે પોતાનો

ક્ષય રોગ ટાળવાની વિનતિ કરી, તેથી **શં**કરે કહ્યું કે : 'કૃષ્ણપક્ષમા તારી કળા દિવસે દિવસે ક્ષય પામો અને નિરતર શુક્લપક્ષ વિષે તે કળા પુનઃ વૃદ્ધિ પામો.' આથી દેવોએ અને ઋષિઓએ હર્ષિત થઇને **ચંદ્ર**ને આશીર્વાદ આપ્યો અને તેઓએ **શં**કરપ્રતિ પ્રાર્થના કરી કે: 'હે સ્વામિન્' **ચંદ્રે** **પા**ર્વતી સહિત તમારૂ મત્રાદિકે કરી સ્થાપન કર્યું છે, માટે તમે અહીં જ સ્થિર થઇ રહો ' દેવો તથા ઋષિઓની આ વિનતિપરથી પ્રસન્ન થએલા, **મ**હાદેવ ત્યા લિંગરૂપે સ્થિર થયા અને '**ચંદ્ર**' અથવા '**સો**મ' ના યશને અર્થે તેનુ નામ '**સો**મ–ઇશ્વર' – '**સો**મેશ્વર' અથવા '**સો**મનાથ' એવુ રાખ્યુ શ્રી **શં**કર તે તીર્થક્ષેત્રમાં **ચંદ્ર**ના પૂજનથી સ્વયભૂ રીતે પ્રકટ થયા માટે '**સો**મનાથ' નુ લિગ 'સ્વયભૂલિગ ' અથવા 'જ્યોતિર્લિંગ કહેવાય છે અને તે **ભા**રતવર્ષના દ્વાદશ જ્યોતિર્લિગમાનુ એક સુપ્રસિદ્ધ 'જ્યોતિર્લિગ' છે **શિ**વલિગના બે ભેદ છે: એક જ્યોતિર્લિગ અને બીજુ સ્થાપિત લિગ જ્યોતિર્લિગનુ માહાત્મ્ય સ્થાપિત લિગ કરતા વિશેષ મનાય છે સ્થાપિત લિગને અર્પણ કરેલુ કાઇ પણ દ્રવ્ય શિવનિર્માલ્ય કહેવાય છે અને તે દ્રવ્યને સ્પર્શ પણ કરી શકાતો નથી કે તે અર્પણ કરેલા પ્રસાદનો આહાર કરી શકાતો નથી, કિંતુ જ્યોતિર્લિગને અર્પણ કરેલો કાઇ પણ પદાર્થ દૂષિત થતો નથી એટલે તેને ગ્રહણ કરવામા તથા તેનો આહાર કરવામા શાસ્ત્રસમતિ દર્શાવેલી છે

સોમનાથના **શિ**વલિગની ઉત્પત્તિ આ પ્રમાણે અતિપ્રાચીન કાળમાં થઇ હોવાથી તેનુ માહાત્મ્ય અપૂર્વ મનાય તેમા કાઇજ આશ્ચર્ય નથી વળી દ્વાદશ જ્યોતિર્લિગના સ્તોત્રમા **સો**મનાથને પ્રથમપદ. અપાએલુ છે, તેથી તેની મહત્તામા વિશેષતા અર્પિત થાય એ સ્વાભાવિક જ છે.

પુરાતન કાળથી અસ્તિત્વ ધરાવતું **સો**મનાથનુ જ્યોતિર્લિગ જ આપણી કથાના સમયમા એક ભવ્ય મદિરમા વિરાજમાન હતું **પ્ર**ભાસના પુણ્યક્ષેત્રનુ માહાત્મ્ય આખા **ભા**રતવર્ષમાં અતિસુવિખ્યાત હોઇને યાત્રાળુઓ તરફથી થતી આવકમાથી એ શિવમદિર બાધવામાં આવ્યુ હોય એમ બનવું સભવિત છે તે ગમે તેમ હો, પણ અત્યારે તેમાના અગણિત ધનથી લોભાઇને **સુ**લ્તાન **મ**હમૂદના નેત્રોની આસપાસ દેવે ધનપિપાસાના પડદા વીંટાળી દીધાં હતાં.

---

* सौराष्ट्रदेशे विदशेऽतिरम्ये ज्योतिर्मय चद्रकलावतसम् ॥
भक्तिप्रदानाय कृपावतीर्णं त सोमनाथ शरण प्रपद्ये ॥ १ ॥

ધર્મની પુરાતનતાના સબંધમાં અત્યારે જે મતભેદ અસ્તિત્વ ધરાવે છે, તે મતભેદ એ સમયે પણ કેટલાક પ્રમાણમાં અસ્તિત્વ ધરાવતો હતો તે સમયે ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ત્રણ મુખ્ય ધર્મોનુ પ્રબળ હતું: શૈવ, વૈષ્ણવ અને જૈન; જૈનો તથા શૈવો કે વૈષ્ણવો વચ્ચે જેટલા ધર્મવિવાદો થતા હતા તે કરતાં વધારે વિવાદો અને કકાસો શૈવો અને વૈષ્ણવો વચ્ચે થતા હતા. વૈષ્ણવો શૈવધર્મ પાળનારાઓની નિંદા કરતા તથા શંકરની મશ્કરી કરીને શૈવોને માઠુ લગાડતા, ત્યારે શૈવો વૈષ્ણવોને પોતાના ધર્મની એક શાખારૂપ માનીને તેઓને પોતાના પુત્રરૂપ કહેતા. આ વિવાદ અત્યારે અત્યન્ત વધી ગયો છે અને તે એટલેસુધી કે વૈષ્ણવો 'શિવ' નું નામ લેવામા મહાપાપ સમજે છે અને શૈવો વૈષ્ણવોના ધર્મની કાળી બાજુઓનુ પ્રદર્શન કરી પોતાનુ ઉપરીપણું તથા સનાતનતા સિદ્ધ કરવાને મથે છે આ સઘળા વિવાદો અજ્ઞાનાંધકારમા મારવામા આવતા તરફડિયાંના સરખા જ છે એમ કહ્યા વિના ચાલતુ નથી ઉભય મતાનુયાયીઓ પોતપોતાની કક્ષાઓમા સનાતન છે અને ઉભય શાસ્ત્રપ્રતિપાદનમા એક જ કેન્દ્રસ્થાનપ્રતિ ગમન કરે છે

પ્રકરણ ૧૫ મું.

શિવમાહાત્મ્યની કથા.

મહમ્મૂદ ગઝનવી સોમનાથનુ શિવાલય તોડવાને આવે છે એ વાત કેટલાક દિવસ પહેલા આખા સૌરાષ્ટ્રમા પ્રસરી ગઇ હતી સોમનાથ પાટણમા પણ એ વાતથી કિંચિત્ ઉદ્વેગ પેદા થયો હતો. શિવાલયના સરક્ષણને માટે રાખવામા આવેલુ નાનુ લશ્કર કેટલાક વરસોથી કામ વિના પડી રહ્યું હતુ તેને તુરત જ સજ્જ કરવાની તૈયારીઓ થવા લાગી હતી સેનાપતિ જેવો ખાસ યોદ્ધો રાખવામા આવેલો નહોતો. ધર્મસેવા નિમિત્તે કેટલાક બ્રાહ્મણો, ખેડૂતો અને બીજાઓ સ્વયસેવક તરીકે મોટી સખ્યામા બહાર પડયા હતા શિવાલયને માટે જીવાઈ આપીને નિભાવવામાં આવતી સેનાની સખ્યા બે હજાર જેટલી પણ પૂરી નહોતી, પરન્તુ જેમ જેમ સુલ્તાનની ફોજ નજીક આવતી ગયાના સમાચાર મળતા ગયા અને શિવભક્તોનુ ઝનૂન વધારે ને વધારે ઉશ્કેરાતુ ગયુ, તેમ તેમ સ્વયસેવકોની ભરતીવડે સેનામા વધારો થવા લાગ્યો. ચાર હજાર લડવૈયાઓ સુલ્તાનની ફોજની સામે લડવાને તૈયાર થયા અને પ્રાણાતે પણ યવનોને પાટણમાં પેસવા દેવા નહિ એવી સૌ કોઇએ પ્રતિજ્ઞા પણ લીધી

મહમૂદની સેના **સોમનાથ પાટણ**થી પાચ કોસ જેટલી દૂર રહી, એટલે શિવાલયના પૂજારી **શં**કરપ્રસાદે **શં**ભૂસ્તુતિ કરવાને અને યોદ્ધાઓમાં ઝનૂન ઉત્પન્ન કરવાને એક કથા કરવાનુ ઉચિત માન્યુ

સાજ પડી એટલે શિવાલયમાં સઘળા સૈનિકો એકત્ર થયા પૂજાની રચના કરવામા આવી અને સ્તોત્રો ગવાયા. પૂજારી **શં**કરપ્રસાદે **શિ**વલિંગ પર બીલીપત્ર ચડાવી, દધીધારા વહેવડાવી મનઃસકલ્પવડે પ્રાર્થના કરી: "હે સ્વયભૂ ભગવાન્! અમારી ધર્મશ્રદ્ધાને ખડિત કરવાને યવનો ચડી આવે છે અને શિવભક્ત આર્યોને ત્રાસ પમાડે છે. તેઓને વિદારવાને આપનુ જ્યોતિર્મય ત્રીજુ નેત્ર ઉઘાડી પ્રલયાગ્નિ ઉત્પન્ન કરી યવનોને ભસ્મસાત્ કરી નાખજો."

આરતી, પૂજા, સ્તોત્રાદિની સમાપ્તિ થઇ એટલામા એક પ્રહર રાત્રિ વીતી ગઇ પછી **શં**કરપ્રસાદે **શિ**વલિંગના મોખરામા આવેલા રંગમડપમાં એક કુશાસનપર બેસી સૈનિકવૃદને શિવમાહાત્મ્યની કથા સભળાવવા માડી.

"હે શ્રોતાજનો! પરમકૃપાળુ અને આ જગતના આદિરૂપ એવા શ્રી **શં**કર ભગવાનના અનન્ય ભક્તો! આપણાપર એક મહાપાપી યવન મોટી સેના લેઇને ચડી આવે છે અને આપણે સઘળા આપણી જાતનુ, આપણા ધર્મનુ તથા આપણા દેશનુ સરક્ષણ કરવાને તત્પર થયા છીએ. એ મૂર્ખ યવને શ્રી **શં**કરભગવાન્ સામે ચડાઇ કરવાનો ઇરાદો રાખ્યો છે, પરન્તુ મહાસમર્થ એવા એ **મ**હાદેવપર ચડાઈ કરવાને તો દેવો પણ સમર્થ નથી તો એ પરદેશી યવનના શા ભાર છે? તેઓ જોકે આ નગરપર ચડી આવે છે અને **શં**કરભગવાન્પર ચડાઇ લાવે છે, પણ આપણે એમ જ સમજવાનુ છે કે તેઓ આપણાપર અને આપણી ધર્મ શ્રદ્ધાપર ચડાઇ લાવે છે; કારણકે શ્રી **મ**હાદેવજીના અનત જ્યોતિર્ધારી એવા જ્યોતિર્લિંગ-પર ચડાઇ સંભવતી જ નથી અને ભગવાન્ પોતે પોતાના તેજવડે એ બિબનુ રક્ષણ કરવાને સમર્થ છે, એટલુ જ નહિ પણ એ મૂર્ખ યવનોને ભગવાન્ પોતાનુ ત્રીજુ નેત્ર ઉઘાડીને બાળી નાખવાને પણ સમર્થ છે કિન્તુ આ ચડાઈ આપણી ધર્મશ્રદ્ધા ઉપર જ છે અને તેથી આપણે આપણી ધર્મશ્રદ્ધાની પ્રતીતિ કરાવવાની ખાતર મનુષ્યયત્ન કરવો જોઇએ એટલે કે બચાવ કરવાને સૈન્ય લેઇને તૈયાર રહેવું જોઇએ. **શિ**વજીની ઉપેક્ષા તથા દ્વેષ કરનારનો તો **શિ**વજી પોતે જ નાશ કરે છે, એવા પૂર્વે ઘણા બનાવો બન્યા છે, એટલે શિવાલયની કે **શિ**વલિંગની ઉપેક્ષા કિંવા દ્વેષ કરતા પહેલાં તો આપણાપર ચડી આવનાર યવનેશ્વર વિનષ્ટ થઈ જશે એ નિશ્ચિત

સમજજો. હવે સર્વે શ્રવણ કરો. **શિવજીનો** દ્વેષ કરનાર એવા **શંખચૂડ** રાજાનુ આખ્યાન હુ તમોને કહી સભળાવુ છુ–

(ચોપાઈ)

" **શંખચૂડ** નૃપ **વૃંદાસગી**, બિહરત બિચરત અનુપ ઉમગી,
" છિન[1] બિછુરે[2] નહિ નારીસગ, બઢયો રગ રસ અમિત અનગ ૧
" **શંખ**[3] **શંખધર**ના[4] હિ ઉપાસે, જ્યો **બિભિછન રામ** લખિ[5] હુલાસે,
" જ્યા **નૃસિહ પ્રહલાદ**કા પ્યારે, જ્યો **બલિ**કા **કમલાપતિ** કારે ૨
" **શંખચૂડ શંકર**કા દ્વેષી, પાપપાની પ્રતિદિન પ્રવેશી,
" 'શિવ' પ્રસગ 'કશવ' ન ઉચરહી, બાવન અચ્છર દો પરિહરહી[6] ૩
" શ્રી **શિવ**મદિર કાઉ બિલોકી, લિગ ઉથાપક હોય અશોકી,[7]
" લખિ ત્રિપુડ્ બિપ્રક ભાલ, તુબારો[8] ટુક કરે કપાલ ૪
" આય ઋષિ **શુક્રાચારજ**ને, શિચ્છા બહુત દિની શુભ બચને,
" **શંખ** નહી માન્યો નિજ મનમે, મચ્યો બહુત **શિવદ્વેષ** કરનમે " ૫

" આ પ્રમાણે **શંખચૂડ શંકર**નો દ્વેષ કરી રહ્યો છે અને **શિવભક્તો** ઉપર ત્રાસ વર્તાવી રહ્યો છે, કોઇનુ કહ્યુ માનતો નથી. હવે તેને કેવી દુર્બુદ્ધિ સૂઝે છે તે સાભળો –

(દોહા)

" નિજ સામત બુલાયકે, તાકો બોલત ભૂપ,
" મધવા[9] બૈરી અપનકો, હરબો પદ સુખરૂપ[10] ૬
" દુર્વર, **જૃંભ** આદિ સબ, સપ્ત બડે સામત,
" યુદ્ધ કરન તત્પર હુયે, સેના સહિત ચલત ૭
" **કનકાચલ** આયા કટક, ભનક[11] સુની જબ **ઇન્દ્ર**,
" તુરત ગયે **કૈલાસ** જહઁ, બૈઠે **શિવ** મુનીન્દ્ર ૮
" હાત નેરિકૈ દેવગન, કહી સબ બિપતકિ બાત,
" પુનિ પુનિ[12] બદન કરી બદત, પાહિ પાહિ[13] જગનાથ ૯

---

૧ ક્ષણ ૨ વિખૂટો થાય ૩ **શંખચૂડ** ૪ વિષ્ણુ ૫ દેખી. ૬ 'કશવ' શબ્દમા 'શ' અને 'વ' અક્ષર આવે છે અને તે જ અક્ષરો 'શિવ' શબ્દમા પણ આવે છે **શંખચૂડ** કશવનો ઉપાસક હતો પણ શિવનો દ્વેષી હતો, તેથી 'કશવ' શબ્દ બોલતા પોતાના દ્વેષવાળો 'શિવ' આવતો હોવાથી પોતાના ઉપાસ્ય દેવના નામનો 'કેશાવ' શબ્દ પણ તે બોલતો નહિ મૂળાક્ષરોમાં બાવન અક્ષરો હોય તેમાથી એ બેનો ત્યાગ કરીને પચાસ અક્ષરો તે બોલતો, એટલો બધો દ્વેષ તે 'શિવ' શબ્દ પ્રતિ પણ ધરાવતો હતો ૭ ખુશી ૮ તુબડાની પેઠે ૯ ઇદ્ર ૧૦ તેનું સુખરૂપ ઈન્દ્રપદ હરી લેવું ૧૧ ઉત્પાત. ૧૨ પુન પુન –વારવાર ૧૩ રક્ષા કરો, રક્ષા કરો

" આશ્વાસન કર ઈંદ્રકા, શિવ બોલત સુખદાય,
" ચિંતા મત કરો ટારહુ,[૧] સબહિ બિપત દુખદાય ૧૦
" પ્રકટ કીયે નિજ અશતે, કાલાગ્નિ ગનરાય,
" ઉમા અંશ ઉત્પન્ન કરી, દેવી સુર સુખદાય. ૧૧

(કડખા)[૨]

" શસ્ત્ર કરમે કઢે, નદી ઉપર ચઢે, લોહમે તન મઢે, મદમાતે;
" શીષ ભારી જટા, હાત ખેલત પટા, રૂપ બડ બિકટા,[૩] નેન રાતે,
" કાલ અગનિ ચલ્યો, મેરૂમે હલચલ્યો, તીન જગ ખલભલ્યો, શેષ સરકયો;
" ભગનગન વ્યસ્ત[૪] ભો, ગગન મનુગ્રસ્ત ભો, નગન લિખ ત્રસ્ત ભો ભાનુ ભરકયો ૧૨

(દોહા)

" એક એકતે સરસ નર, એક એકતે શૂર,
" એક એકતે ક્રૂર નર, ઉગ્ર ક્રોધ ભરપૂર ૧૩
" ઈંદ્રાદિક દિગ્પાલકા, સેના દેઇ અપાર,
" નિજનિજ દિશ ખંડ કીયે, સેનાકે રછવાર[૫] ૧૪
" પદવ્યોહાર[૬] કાર્તિક કીયો, ચાતક યુદ્ધરૂધીર,[૭]
" ઉતતે જૃંભાસુર ચલ્યો, અસુરોકે ભડ બીર ૧૫
" કાર્તિકને અસુરાદિકા, કિયો અમિત સહાર,
" ગનેશને દુર્મદ વપુ, મુખસે કિયો અહાર[૮] ૧૬

(ચોપાઇ)

" દાનવ સેના હની અપારા, શુષ્ક તરૂકો જથા કુઠારા,[૯]
" જૃંભાસુરકો સુન્યો બિનાશ, શંખ બધ્ધ હુઆ ચિતાપાશ " ૧૭

" આ પ્રમાણે શંખચૂડના મુખ્ય યોદ્ધાઓનો નાશ થઇ ગયો તેથી તે ચિંતાતુર થયો, પણ હજી તેનો મદ ઉતરતો નથી. કૃષ્ણની સાહાય્ય લેઇને યુદ્ધ કરવાનું તે ધારે છે અને હવે તે કૃષ્ણપાસે સાહાય્યયાચના કરવા જાય છે:

(દોહા)

" દાનવગન શ્રી મુરારિકે પાસ ગયે દુખ ગાત,
" રચ્છા કરો રાધાપતિ, તુમ હમ આશ્રયદાત ૧૮
" ભાવી લિખ્યો નહીં મિટે, સગરી રીત કુરીત,
" કૃષ્ણ શંખકે પચ્છમે, યહી બડો બિપરીત ૧૯
" લેકે સેના અમિત નિજ, ચઢયો કૃષ્ણ જદુરાજ,
" લિખ સુર અતિહર્ષિત હુએ, મૃગજુથ લિખ બનરાજ ૨૦

---

૧ ટાળીશ. ૨ ઝૂલણાની ચાલ ૩ અતિવિકટ ૪ ઉલટું ૫ રખવાળ. ૬. પદવ્યવહાર ૭ યુદ્ધરૂધિરનો તરસ્યો—ચાતક ૮ આહાર ૯. કોહાડો.

(કડખા)

"ચઢત **ઘન**શ્યામ તન, ચઢત જીતકામ ગન, કઢત તીરબાન અરૂ લઢન પ્રચલે;
"પ્રલય અગનિ જગ્યો, [1]સલિલધી ઉમગ્યા, **મેરૂ** ગિરિવર ડગ્યો, લોક ઉછલે,
"બજ રહે ડંક ફીર, ગજ રહે બક બીર, કગ રહે ટંક તીર. ફર છિન પલે;
"રવ કેર રાખ જ્યો, ભય ધરે **શંખ** ત્યો, ચમક અસિઅગ જ્યો, નભસિ ચપલે [2] ૨૧
"**કાલભૈરવ** પકરિ **કૃષ્ણ**કો ગરૂડજુત,[3] મુખમે ડારી ઉદરમેં ઉતાર્યા,
"પેટમે સકલ બ્રહ્માંડ દેખ્યો પુની, એક શિવલિંગ નયને નિહાર્યો,
"પાય પરી ફીર અપરાધ માની ગયો, પરીખ તેરી પરી, મુખ ઉચાર્યો,
"**શિવ**મહિમા સકલ મનમેં સમજી ગયો, દોષસંતાપ અતિ ચિત્ત ધાર્યો" ૨૨

"જુઓ, આ પ્રમાણે **શિવ**જીની સામે થવાથી **કૃષ્ણ**ને પણ વિમાસવુ પડ્યુ. હવે **શંખચૂડ**નો નાશ કરવાને **શિવજી કૃષ્ણ**ને જ સાધનભૂત બનાવે છે, તે સાભળો:

(ચોપાઇ)

" પાયા થો વર **શંખ** હિ ઐસો, બધ હોવે નહિ વહ કાહેસો,
" પતિવ્રતભંગ હોય જો **વૃંદા**, **શંખ** નાશમે નહિ અચભા ૨૩
" નિજ અપરાધ છમાવન[4] કારન, **વૃંદા** પાતિવ્રત્ય વિદારન,
" **શંખચૂડ** બને **બનમાલી**,[5] **વૃંદા** પાસ ગયે પદ ચાલી ૨૪
" **કૃષ્ણ શંખ**ના રૂપ ધરીકે, **વૃંદા**કો સભોગ કરીકે,
" ભંગ કીયો પતિવ્રત નારીકા, દિયો સ્વરૂપ બ્રહ્મચારીકા ' ૨૫

(દોહા)

" કામ સિદ્ધિ કરકે ગયે, **કૃષ્ણ શંભુ**ક પાસ,
" ઉમયાપતિને હરખસો, દીની બહુત સબાસ [6] ૨૬
" **શંખ** સુની છલ **કૃષ્ણ**કો, પાયો અતિ સતાપ,
" હાડ સબી ગલને લગે, દેહ ભરાયો તાપ " ૨૭

" **શંખચૂડ**નાં હાડ ગળવા લાગ્યા, પણ હજી તે **શંક**રનો દ્વેષ છોડતો નથી તેણે ફરીથી પોતાની સેના તૈયાર કરી અને **શિવ**જીની સેના સામે લડવા માડ્યુ.

" સજ દોનો સેના હુઈ, મચ્યો મહા ધમસાન,
" **શિવ** સેનાપતિ **કૃષ્ણ** અરુ, અસુર **શંખ** રાજન ૨૮

(સવૈયા)

" અસુર ઔર રૂદ્રગન મિલકે, યુદ્ધ મચાયા અતિભારી,
" માર માર રવ ચહૂ ઔરસે, શ્રવણ હોય મહા ભયકારી,
" સરિતાએ અસુરોકે રૂધિરકી, ચલી મિલ ગઈ સાગરમેં,
" તિલ સમ ટુક[7] હો ગયે કોઉકે, માસ ખાત ખગ કો શિરસે ૨૯

---

૧. સમુદ્ર ૨ આકાશમા વિજળીની પેઠે. ૩ ગરૂડની સાથે. ૪ ક્ષમા મેળવવાને ૫ કૃષ્ણ ૬ સાબાશી. ૭ તલ જેવડા ટુકડા.

(ચોપાઇ)

" આયો **શં**ખ નિકટ મુખ વિકટા, અસ્ત્ર શસ્ત્ર ખેલત ખેલ પટા,
" ઉપજાવત અગ્નિ અસ્ત્રોસે, કરત સહાર અમિત શસ્ત્રોસે ૩૦
" પાવસ[૧] પેદા કરત પ્રભૂજી, ભાગત અગ્નિકી જ્વાલા બૂઝી,
" બરખાવત પાષાણ અસુર જ્યો, પૌન[૨] ઉડાવત શ્રી **શં**કર ત્યો ૩૧
" નાગરારિ[૩] દાનવ જ્યો ડારે, **શંભૂ** વ્યોમસે ગરૂડ ઉતારે,
" બિચ્છુ ઉત્પન્ન હોય અનત, મયુરવદ પચ્છ[૪] કકડત ૩૨

(ડખા)

" લક્ષ ચપલા પ્રભાશલ[૫] ઉરમે હન્યો; તૂલ સમ[૬] અસુર નિર્મૂલ કીનો;
" ફૂલ ફૂલે અમર[૭] ફૂલ બરખાયહે,[૮] પાય જીનો ભયો ત્રાસહીનો;
" **ઈંદ્ર**-ને ઇદ્રપદ, **બ્રહ્મ**કા બ્રહ્મપદ, **વિષ્ણુ**કો વિષ્ણુપદ ધામ દીનો,
" સુમન[૯] જયકારક વચન નિગમાગમી, સ્તુતિ જસ વિસદ[૧૦] ઉચ્ચાર કીનો ૩૩

(દોહા)

" સકલ દેવ પ્રસ્તુત[૧૧] કરી, ચરન કમલ શિર નાય,[૧૨]
" **શિ**વમહિમા સીમા રહિત, યથામતિસો ગાય " ૩૪

આખ્યાન સમાપ્ત થયુ અને તુરત જ શ્રોતૃવૃંદમાથી "હર, હર, મહાદેવ !' નો ઘોર ધ્વનિ ગાજી ઉઠયો, તથા આખા શિવાલયમા તેનો પ્રતિધ્વનિ પડતા શિવાલય ગાજી ઉઠયુ **શં**કરપ્રસાદે આગળ ચલાવ્યુ: "હે ભક્ત સૈનિકો ! જુઓ આ પ્રમાણે **શિવ**જીએ **શં**ખચૂડનો વધ કર્યો કારણ-કે તે **શિવ**નો દ્વેષ કરતો હતો તેવી જ રીતે **શિવ**નો દ્વેષ કરનાર આ યવનેશ્વરનો વધ કરવાને પણ **શિવ**જી સમર્થ છે એ દુષ્ટોનો જો અંત જ આવી ગયો હશે તો તેઓ **શિવ**જીનો દ્વેષ કરવામાં પ્રવૃત્ત થશે, એ નિશ્ચિત માનજો બોલો હર, હર, મહાદેવ !" પુન: શિવાલય ગાજી ઉઠયુ

કથા પૂરી થઇ એટલે **લક્ષ્મણ**સિંહ નામનો એક વૃદ્ધ સૈનિક ઉભો થયો અને બોલ્યો "ભાઇઓ ! આપણી ધર્મભક્તિની પરીક્ષાનો જ આ પ્રસગ આવ્યો છે. આપણા ધર્મને કે દેશને વટલાવવા આપણે તૈયાર નથી એમ બતાવી આપવાને આપણે યવનસેનાની સામે મરણીયા થઇને લડીશુ; પરન્તુ મરણીયા થવા માટે એક વાર સૌ આ **સોમનાથ મ**હાદેવના લિગ સમક્ષ પ્રતિજ્ઞા લ્યો કે કાતો અમે યવનસેનાને પાછી હઠાવીશુ અને કાંતો લડીને મરીશુ, પણ નાસી જઇશુ નહિ કે પાછા ફરીશું નહિ."

---

૧ વરસાદ ૨ પવન. ૩ સર્પોના ઢગલા ૪ પાખો ૫ લાખો વિજળીનુ તેજ જેમા છે તેવું શલ ૬ લીલા છોડની પેઠે ૭ દેવો ૮ વરસાવે છે ૯ દેવો ૧૦. સ્વચ્છ ૧૧ સ્તુતિ. ૧૨ નામીને

"એ પ્રતિજ્ઞા અમને માન્ય છે." ચોમેરથી એકસરખો ધ્વનિ ઉઠયો.

લક્ષ્મણસિંહ બોલ્યોઃ "હવે થોડા વખત પછી મધરાત થશે માટે સૌ પોતપોતાને ઘેર જાઓ અને બૈરાં છોકરાંને મળીને પરોઢ થતાં સૌ અંદરની ગઢી ઉપર હાજર થઇ જાઓ. ગવનેશ્વર આપણાથી પાંચ કોસ દૂર પડેલો છે, તે કદાચ પ્રભાત થતાં જ કિલ્લાની પાસે આવી પહોંચશે, અને તે વખતે આપણી સઘળી તરેહની તૈયારી હોવી જ જોઇએ.

લક્ષ્મણસિંહની આજ્ઞા સૌએ માન્ય કરી. ધર્મભક્તિથી પ્રેરાયેલા અને શંખચૂડ-વધાખ્યાન સાભળીને વિધર્મીઓનો નાશ કરવાના વિચારથી ઉત્તેજિત થએલા બીજા સેકડો સૈનિકોનો સેનામાં વધારો થયો. નસે નસે ધર્મભક્તિનુ રૂધિર ફરી રહ્યુ હોય અને વિધર્મીઓનો નાશ કરવાના મદથી શરીર માતેલુ બન્યુ હોય, તેવી રીતે સેકડો સૈનિકો હર્ષથી ઉછળતે હૃદયે હર હર મહાદેવનો શોર મચાવવા લાગ્યા. પૂજારી શંકરપ્રસાદમાં પણ ધર્મભક્તિનો ઝરો વહેતો હતો, પરન્તુ તેનામા લડવાની કળાનુ જ્ઞાન નહોતું અને તેથી તેને કિંચિત્ ખેદ પણ થયો જે વખતે બીજા શિવભક્તો યુદ્ધમાટે તત્પર થઇને પોતાના બૈરી છોકરાઓથી વિખૂટા થવા તૈયારી બતાવે, તે વખતે પોતે ખરેખરો શિવભક્ત અને મદિરનો મોટો પૂજારી થઇને બીજાઓની નજરમા કુટુમ્બના મોહપાશથી બધાએલો દેખાય તે તેને ગમ્યુ નહિ, પરન્તુ તેનામા યુદ્ધકળા નહિ હોવાથી લાચારી સાથે પોતાની સ્થિતિમાં સતોષ માનીને તેને શાન્ત રહેવું પડ્યુ તોપણ શિવમાહાત્મ્યની કથાવડે પોતે થોડા વધારે સૈનિકોને ધર્મભક્તિ માટે તૈયાર કરવામાં જે સફળતા મેળવી હતી, તેથી પણ તેને કિંચિત્ સતોષ મળ્યો તે આખી રાત્રિ તેણે મૃત્યુંજયના મત્રનો જાપ કરવામા વ્યતીત કરી. પ્રભાત થયુ અને પૂજાદિમાંથી નિવૃત્ત થઇને તેણે મદિરના ઘુમ્મટપર ચઢીને જોયુ તો કોટની અંદરની ગઢીપર હજારો યોદ્ધાઓ દુશ્મનોનો સંહાર કરવાને તૈયાર થઇને ઊભા રહ્યા હોય, ક્યારે સેના આવે અને ક્યારે તીરોનો મારો શરૂ થાય તેની રાહ જોઇ રહ્યા હોય અને મધમાખોની પેઠે ઉભરાતા હોય તેવું દૃશ્ય તેની નજરે પડ્યું. તે જોઇને તેના મુખમાથી સહજ ઉદ્‌ગાર નીકળી પડ્યાઃ "ધન્ય છે મહાદેવ ! તારા પ્રતાપને !"

પ્રકરણ ૧૬ મું.

સોમનાથનો ઘેરો—મરણીયો હમ્મીર.

સોમનાથ **પાટ**ણના કિલ્લાથી કેટલેક દૂર આવેલા ડુંગરી પ્રદેશમાં **ભીમ**દેવ અને રા' **માં**ડળિકની સેનાઓ પડાવ નાંખીને રહી છે. આસપાસના બીજા કેટલાક નાના મોટા ઠાકોરો અને ભાયાતો પણ પોતપોતાનાં નાનાં મોટાં લશ્કરો સાથે ત્યાં જ આવીને મળ્યા છે. સૌ **સુલ્તાન**ની સેનાની સામે થવાને એકપણે થઈ રહ્યા છે અને ઘડીએ ઘડીએ ગુપ્ત ચારો આવીને **સુલ્તાન**ની સેના નજીક આવી રહી હોવાના ખબર આપી રહ્યા છે. પર્વતની ગુફાઓમા, ચઢાણુમાં અને ઢોળાવમા રાવટીઓ નાંખીને, ભોંયે સાથરા કરીને અને ઝરણાના પાણી પીને સૈનિકો દિવસ ગુજારી રહ્યા છે. **ભીમ**દેવ તથા **માં**ડળિક પરપરાથી ચાલતી આવેલી દુશ્મનાવટને ભૂલી જઇને દુશ્મનની સામે કેવી રીતે થવું તેની યોજનાઓ ઘડવામાં સમય ગાળે છે અને મિત્રભાવપૂર્વક વર્તન ચલાવે છે. સમરાંગણની શોભા જોવાને આતુર થઈ રહેલી અકુલાયેલી ગોજ રાત્રિએ પોતાના સ્વામીને 'સુલ્તાન હવે કેટલે દૂર છે?' એવો પ્રશ્ન કરે છે અને 'તે નજીક આવતો જાય છે' એવો ઉત્તર સાભળીને સતુષ્ટ થાય છે.

મધરાતનો સમય છે. **ભીમ**દેવ અને **માં**ડળિક વેશબાદલો કરીને પોતાની સેનાઓમા સાથે ફરી રહ્યા છે અને સેનામાં શુ ચાલી રહ્યુ છે તે જુએ છે કોઇ સ્થળે પાચ—પદર સૈનિકો એકઠા થઇને તાપણું કરી તાપે છે, તો કોઈ સ્થળે આગલા યુદ્ધોને લગતી વાતો વૃદ્ધ સૈનિકો લલકારે છે અને યુવાન સૈનિકો તે સાંભળતા જોવામા આવે છે. કોઈ ગુજરાતી સેનિકો સૌરાષ્ટ્રના સૈનિકો કરતાં પોતાની સબળતાના ગુણ ગાઈ રહ્યા છે, તો કોઇ સ્થળે સૌરાષ્ટ્રીઓ ગુજરાતીઓપર પોતાની સરસાઇ સિદ્ધ કરી રહ્યા છે. પરન્તુ સર્વ સ્થળે યુદ્ધને લગતી કાંઇ ને કાંઈ વાત ચાલતી શ્રવણગોચર થયા વિના રહેતી નથી. હુક્કા ગુડગુડાવતા અને રેડીયા કસુબા પીને કેફમાં ડોલતા વૃદ્ધ સૈનિકો અત્યારે નિદ્રા ભોગવી રહ્યા છે, તોપણુ તેઓને યુદ્ધનાં સ્વપ્નો તો આવ્યાં જ કરે છે અને "ઓ મુઓ, ઓ પકડાયો, હર હર મહાદેવ!" એવી ગર્જના કરતા એકદમ જાગૃત થઈ જાય છે. **ભીમ**દેવ અને **માં**ડળિક એક વીરસેનાને છાજતું આવું દશ્ય જોઇને સતુષ્ટ થતા આમતેમ ફરી રહ્યા છે, એવામાં એકાએક **સામંત**સિંહ ત્યાં આવીને **ભીમ**દેવને મસ્તક નમાવીને ઊભો. **ભીમ**દેવે પ્રશ્ન કર્યો: "કોણ **સામત**? શા ખબર છે?"

સામતસિંહ બોલ્યોઃ "મહારાજ! **સુલ્તાન સોમનાથ**થી પાંચ કોસ દૂર પડયો છે, પરન્તુ પ્રભાત થતાં જ **સોમનાથ**ના કિલ્લા પાસે જઇ પહોંચે અને કિલ્લાને ઘેરો ઘાલે એવો સભવ છે."

"કાંઇ ફીકર નહિ. તે કિલ્લાને ઘેરો ઘાલશે, ત્યારપછી જ આપણને તેની સેનાપર હલ્લો કરવાનુ ફાવશે, માટે એક વાર તેને ઘેરો ઘાલવા દો; કેમ રાહ! તમારો શો વિચાર છે?" **ભીમદેવે** છેવટનો પ્રશ્ન **માંડળિક**ને સબોધીને કર્યો.

"મારો વિચાર પણ તમારા જેવો જ છે કારણકે યવનસેના એક વાર ઘેરો ઘાલે અને આપણે તે સેનાને ઘેરીને તેના પર મારો ચલાવી, એકે યવન સૈનિકને છટકવા ન દેતા સૌનો ઘાણ કાઢીએ, એ ગોઠવણ મને વધારે સારી લાગે છે." **માંડળિકે** પોતાનો વિચાર દર્શાવ્યો.

સામત બોલ્યોઃ "પણ મહારાજ! **સોમનાથ**ના કિલ્લાની અદર કોઈ આગેવાન નથી, એવા પણ અત્યારે ખબર મળ્યા છે. કિલ્લાની બહારથી તો આપણે યવનસેના સામે લડીશુ, પણ કિલ્લાની અદરથી તેઓપર બરાબર રીતે મારો ચાલે તો જ રાજપુત સેનાનો રગ રહે"

"**સોમનાથ**ના કિલ્લાની અદર મદિર માટેનુ લશ્કર તૈયાર જ હશે" **ભીમદેવે** કહ્યું.

"પરન્તુ તેનો કોઇ લાયક આગેવાન નથી નાયક વિનાની સેના ગમે તેટલી મોટી હોય, પણ તેનુ બળ કાંઈ જ કહેવાતું નથી, કારણકે સૌ સ્વચ્છદીપણે યુદ્ધ ચલાવે છે અને તેથી તેવા યુદ્ધની દુશ્મન ઉપર જોઇએ તેવી અસર નીપજતી નથી"

ભીમદેવ જરા વિચારમા પડયો અને ક્ષણભર મૌન રહીને બોલ્યોઃ "એ વાત ખરી છે આપણે કોઈ હોશિયાર માણસને કિલ્લામા મોકલી આપવો જોઇએ અને તેની આગેવાની હેઠળ કિલ્લામાનુ લશ્કર લડે તે વધારે સલાહભરેલુ છે."

સામતસિહ બોલ્યો "પણ હવે ત્યા કોઈ માણસને મોકલતા તો મોટી અડચણ નડશે. **સુલ્તાન**નુ લશ્કર હવે હાથવેતમા જ આવી રહ્યુ છે અને કિલ્લામા પહોચતા પહેલા કદાચ **સુલ્તાન**ના લશ્કર સાથે તેને ભેટો થઇ જશે; એટલે જાણીજોઇને આગમા પડવા માટે જશે કોણ?"

ભીમદેવ બોલ્યો "જાણીજોઇને આગમા પડવા જેવું તો છે ખરૂ; પણ શુ આપણા આટલા આટલા શૂરવીર ઠાકોરો અને યોદ્ધાઓમાંથી

કોઇ ત્યાં જવાની હિંમત ભીડશે નહિ ? ચાલો આપણે આપણી રાવટીમાં અને સૌ ઠાકોરોને તથા યોદ્ધાઓને એકઠા થવાનુ કહેણ મોકલાવો.”

ભીમદેવ અને **માં**ડળિક ત્યાંથી પાછા ફર્યા અને **ભીમ**દેવની રાવટીમાં જઇને બેઠા. **સામંતસિંહ ગુજરાત** અને **સૌરાષ્ટ્ર**ના જૂદા જૂદા ઠાકોરો, ભાયાતો અને નાની મોટી ટુકડીઓના અધિપતિ યોદ્ધાઓને **ભીમ**દેવની રાવટીમાં જઇ પહોંચવાની વરદી આપવા ગયો. એએક ઘડીમાં તો વીસ પચીશ ઠાકોરો, યોદ્ધાઓ વગેરે આવી પહોંચ્યા અને **ભીમ**દેવે સઘળી હકીકત કહી સંભળાવી. છેલ્લે તેણે જણાવ્યું: “જુઓ, કિલ્લામાં જઇને તેમાંના લશ્કરના નાયક થવું એમાં તો કાંઇ મોટી હિંમત બતાવવાની નથી, કારણકે જેવી રીતે આ લશ્કરની સાથે રહીને લડવાનુ છે, તેવી જ રીતે કિલ્લાની અદર રહીને પણ લડવાનુ છે. પરન્તુ **સુલ્તાન**ની સેના કિલ્લાને ઘેરો ઘાલવા માટે આગળ વધી જતી હોવાથી કદાચ તેની સાથે ભેટો થઇ જવાનો સભવ છે, અને કદાચ ભેટો થાય તો તેમાથી આબાદ રીતે પાર ઉતરીને કિલ્લામા જઇ પહોંચવું, તેમા જ ખરી હિંમત સમાએલી છે. બોલો, આટલા આટલા વીર ગુજરાતીઓ અને **સૌરાષ્ટ્રી**ઓમાથી કયો રાણીજાયો રાજપુત હામ ભીડે છે ?”

સૌ એક એકનુ મ્હો જોઇને ચૂપચાપ બેસી રહ્યા જેમ જેમ ક્ષણ પછી ક્ષણ જવા લાગી, તેમ તેમ **ભીમ**દેવ અને **માં**ડળિક ઉભયનાં હૃદય નિરાશાથી થડકવા લાગ્યાં **ભીમ**દેવ બોલ્યો· “કેમ કોઈ તૈયાર થતું જણાતુ નથી ? અરે ગુજરાતીઓ ! શૂરવીર રાજભક્ત અને ધર્મભક્ત યોદ્ધાઓ ! હુ આ શુ જોઉ છુ ? તમે સૌ અહીં યુદ્ધમા આવ્યા છતાં શું જીવતા રહેવાની ઇચ્છાથી આવ્યા છો ? શુ સૌની જીવતા રહેવાની ઇચ્છા કે આશા પૂરી થશે ખરી ? શરમ છે, રાજપુતો ! હજી પ્રારભમાં જ—”

પચાળમાંથી બે હજાર ભરવાડ લેઇને આવેલો **દાનો** ભરવાડ બોલ્યો: “બાપજી ! જો આપનો હુકમ હોય તો મારા બે હજાર ભરવાડો સાથે હુ **સોમનાથ પાટણ**ના કિલ્લામા પહોચી જઉ. **સુલ્તાન** સામો મળશે અને તેની સાથે લડવુ પડશે, તોપણ શુ થયુ ? મારા મરણીયા ભરવાડો પોતાની ડાંગોવડે જ એ તરકડાના ભોડા ભાગી નાખશે.”

“સાબાશ, સાબાશ ! જગલમાં ઉછરેલા પણ ધર્મભક્તિથી ભરેલા મારા બહાદુર સેવક ! તને અને તારી માતાને હુ ધન્ય ધન્ય કહુ છુ; પણ હું દિલગીર છું કે કિલ્લામાંના સૈનિકોમાં આગેવાન તરીકે તુ ત્યાં ઉપયોગનો નથી. દુશ્મન સામે ઓચીંતો હલ્લો લેઇ જવામાં જ તારા બળનો ઉપયોગ

કરવો ઉચિત છે; માટે કોઈ બીજાએ તૈયાર થવું જોઇએ." ભીમદેવે જણાવ્યું.

પુનઃ શાંતિ ફેલાઈ ગઈ અને કોઇ તૈયાર થતું જણાયું નહિ. ગુજરાતીઓમાંથી એક જગલી ભરવાડ પણ તૈયાર થયો, પરન્તુ સૌરાષ્ટ્રીઓમાંથી કોઈ જ તૈયાર નહિ થતું જોઇને પોતાની મૂછ નીચી લેખાશે, એવા વિચારથી બળતે હૃદયે અને ક્રોધની કપારી સાથે માંડળિક પોતાના રક્તમય નેત્રો વિકાસતો બોલ્યો: " અને હું કેવો દુર્ભાગી છુ કે મારા સઘળા સામતો અને ભાયાતોમાથી ક્ષાત્ર તેજનો લય થઇ ગએલો જણાય છે? રણક્ષેત્રમાં જેમની ગંભીર ગર્જનાઓ સાંભળીને શત્રુઓ ગર્ભગલિત થઈ જાય, જેમના હાથમાનાં પ્રખર ખડ્ગો જોઇને જ શત્રુના હાથ કૌવતહીન બની જાય, જેમનુ સગ્રામસમયનુ અસહ્ય નેત્રતેજ જોઇને શત્રુઓ કપી ઉડે અને જેમનો અતુલ પ્રતાપ જોઇને શત્રુઓને પોતાના મ્હો ધૂળમા દાટવાં પડે, એવા રણધીર યોદ્ધાઓ મારી પાસે હોવા છતા હુ અત્યારે કોઇને આ કાર્ય માટે તત્પર થએલો જોતો નથી શુ? ત્યારે તો રાજપૂતોના પ્રતાપનો સૂર્ય અસ્ત પામીને સર્વત્ર યવનમયના પ્રસરવાનો સમય હવે નજીક જ આવવો જોઈએ! શરમ છે, ધિંકાર છે મને અને મારા રાજભક્ત સેવકોને તથા રણધીર મિત્રોને!" એટલુ બોલતા માંડળિકથી ઉશ્કેરાઇ જવાયુ.

સેનાપતિ અર્જુનજી અને હમ્મીર બન્ને એકદમ એકી સાથે જ બોલ્યા: "ધિંકાર નહિ પણ ધન્ય કહો, મહારાજ! હુ તૈયાર છુ."

માંડળિકનુ કાળજુ એ જ ક્ષણે ઠર્યું. તે બોલ્યો: "હા, હવે હુ ધન્યવાદ આપીશ. પણ અર્જુનજી! તમારા ઉપર તો આપણા આખા લશ્કરનો આધાર છે, એટલે તમને ત્યા મોકલી શકાય તેમ નથી, માટે"—

હમ્મીર વચમા જ બોલી ઉઠયો: "તો મહારાજ! આ સેવક આપની આજ્ઞા સાભળવાને આતુર થઈ રહ્યો છે. મહારાજની ગાદીના પુણ્ય પ્રતાપથી અને સ્વર્ગસ્થ વડીલોના આશીર્વાદથી આ સેવક પોતાના થોડા સૈનિકોની સાથે સોમનાથના કિલ્લામાં જઈ પહોચવા તૈયાર છે. આ દેહમા પ્રાણ હોવા છતા યવનોને ફાવી જવા દેવા અને તેમનો આપેલો ટુકડો આપણે ખાવો એવી માનહાનિ આપણા ખરા ક્ષત્રિય વીરોએ શામાટે સહન કરવી જોઇએ? વીરમાતા અને વીરપત્નીઓનો ઇહલોકનો અલકાર પાતિવ્રત્ય તે એ ચોરોના હાથમાં જવા દેવું હોય તો જ આપણે કાયર થઇને બેસી રહેવું જોઇએ, અને નહિ તો एकोहं असहायोहं એવો વિચાર પણ મનમાં

આપ્યા વિના મરણીયા થવું જોઇએ ! આ આર્યભૂમાતાને યવનોના હાથમાં જવા દેવાને કોણ તૈયાર થાય ? ગોબ્રાહ્મણોના પ્રતિપાળક ક્ષત્રિયો શું તેઓનો જ શિરચ્છેદ યવનોને હાથે થયેલો જોવાને કદાપિ તૈયાર થશે ખરા ? માટે આ સેવક હવે વધુ વખત નહિ ગાળતાં અહીંથી વિદાય થવાની પરવાનગી માંગે છે."

હમ્મીરનો મિત્ર અને સસરો વેગડો ભીલ બોલ્યો: "અને મહારાજ ! હુ જોકે લશ્કરનુ સેનાપતિપદ લેવાને લાયક નથી, તોપણ હમ્મીર મારા મિત્ર છે અને વળી જમાઈ થાય છે. તેમ જ હુ તેમની સાથે જ મારા થોડા ભીલ લડવૈયાઓને લેઈને આવ્યો છુ. હમ્મીરજી મોટી હિમ્મત બતાવીને કિલ્લા તરફ જાય છે તો આ સેવક પણ તેમની સાથે જવાની રજા માગે છે."

"બહુ સારૂ. તમે બન્ને તમારા સૈનિકો સાથે પ્રસ્થાન કરો. જુઓ, બની શકે ત્યાંસુધી કિલ્લામાં જઈ પહોંચજો અને જો કદાચ સુલ્તાનની સેના આવી પહોચે તથા લડવું પડે તો લડજો, જીવ આપવો પડે તો જીવ આપજો, પણ કાયરની પેઠે પાછા ફરીને સૌરાષ્ટ્રની ભૂમિને લજવશો નહિ."

"મહારાજ ! કાયરતા શુ કહેવાય એ અમે સમજતા નથી. મરવું કે મારવુ એ અમારા બાપદાદાનો બોલ છે, અને એ બોલ અમે કદાપિ ઉથાપતા નથી." વેગડો બોલ્યો.

ભીમદેવ મ્લાન વદને રણવીર યુવક હમ્મીરની હિમ્મત જોઈ રહ્યો અને આશ્ચર્ય પામ્યો. હમ્મીરે એકદમ પોતાના અસ્વારોને એકઠા કર્યા અને સોમનાથના કિલ્લા ભણી કૂચ કરી. વેગડો પણ પોતાના ભીલ સૈનિકો સમેત હમ્મીરની સાથે ચાલ્યો. બન્ને પાસે મળીને લગભગ પાચસો ઘોડેસ્વારો હતા. કિલ્લાભણી કોને મોકલવો તે વિષેની મસલત ચલાવવામા અને અસ્વારોને સાથે લેઇને વિદાય થવામા બહુ સમય વ્યતીત થઇ ગયો તેથી જ્યારે હમ્મીર અને વેગડો પર્વતની તળેટીએ આવી પહોચ્યા, ત્યારે અરૂણોદયનો સમય થઇ ગયો હતો અને તેઓ અર્ધોએક કોસ દૂર ગયા નહિ એટલામાં તો સૂર્યોદય પણ થઇ ચૂક્યો. અશ્વોને દોડાવતા અને કોઈ પણ સ્થળે નહિ થોભતાં તેઓ ઝપાટાબધ પ્રયાણ કર્યે જતા હતા અને કિલ્લામા જલ્દી પહોચી જવાની એકસરખી આતુરતા ધરાવતા હતા. પરન્તુ બીજી બાજુએ મહમૂદ પણ સોમનાથના કિલ્લાની નજીકમાં જઇ પહોંચવાને અધીરો બની ગયો હતો અને તેથી તે રાતોરાત કૂચ કરીને કિલ્લા તરફ ધસી જતો હતો. 'ક્યારે કિલ્લા પાસે પહોંચું, કિલ્લો તોડું અને સોમનાથના જવાહીરની લૂંટ ચલાવું' એવી અધીરાઈથી તે ઘેલા સરખો બની ગયો હતો. અણહીલપુર છોડ્યા

પછી માર્ગમાં કોઈ પણ હિંદુ રાજા મહમૂદની સામે થયો નહોતો તેથી તે સોમનાથને એક ક્ષણમાં કબ્જે કરી લેવાની હિંમત ધરાવતો હતો અને માનતો હતો કે હિંદુ રાજાઓ તેનાથી ડરીને નાસી ગયા છે. આ કારણથી સોમનાથને કબ્જે કરવાનુ તેને મન એક રમતતુલ્ય જણાતું હતું.

લગભગ એક પ્રહર દિવસ ચડયે હમ્મીર અને વેગડો પોતાના ઘોડેસ્વારો સાથે સોમનાથના કિલ્લા પાસે જઇ પહોંચ્યા, અને તે જ ક્ષણે તેમણે જોયુ કે કિલ્લામાં જવું એક બહુ મુશ્કેલ કામ છે. સુલ્તાનનુ લશ્કર કેટલુક તો આવી ચૂકયુ હતું અને બીજુ હજી આવ્યે જતું હતું તથા કિલ્લાને ફરતો ઘેરો નાંખ્યે જતું હતું. હજી આખુ નગર ઘેરાઇ ગયુ નહોતું, પણ હમ્મીર તથા તેના સૈનિકો કિલ્લાની લગભગ પહોચે અને સુલ્તાનના સૈનિકો તેમને જુએ તે સાથે જ સુલ્તાનના સૈનિકો હમ્મીરપર તૂટી પડે એ સર્વથા શક્ય હતું. હવે શુ કરવું તેનો મોટો વિચાર પડયો. થોડેક દૂર જતા જ તેઓ સુલ્તાનના લશ્કરની નજરે પડી જાય તેમ હતું તેથી કિલ્લામાં સહીસલામત રીતે પેસવામાટે શો ઉપાય કરવો તેની સૌને ચિંતા પડી. સોમનાથના કિલ્લાની આસપાસ એક ઉંડી ખાઇ હતી અને જ્યારે કોઈ ચડી આવે ત્યારે તે ખાઈમા દરિયાનુ પાણી એકદમ ભરી શકાય એવી ગોઠવણ હતી. સોમનાથના સૈનિકોએ આ વખતે તે ખાઈ પાણીથી ભરી દીધી હતી એટલે તેને તરીને પાર જવામાં પણ કાઇ થોડી અડચણ નહોતી.

હિમ્મત હારી જવાય એવો જ પ્રસગ આવી લાગ્યો હતો, પરન્તુ હમ્મીર તેથી ડગ્યો નહિ. તેણે સર્વ અસ્વારોને ઘોડાપરથી ઊતરી જવાની આજ્ઞા કરી અને બે માણસોને સઘળા ઘોડા પર્વતમાના લશ્કરના નિવાસસ્થાને પાછા હાંકી જવાની સૂચના કરી. ઘોડાને લશ્કરના મુકામ તરફ પાછા હાંકી જવામા આવ્યા એટલે સઘળા સૈનિકો ફક્ત અસ્ત્રશસ્ત્ર સાથે પાયદળના રૂપમાં આગળ વધ્યા. તેઓ ખાઇની લગભગ નજીકમા જઈ પહોચ્યા, એટલામાં સુલ્તાનના સૈનિકો તીરોનો વરસાદ વરસાવતા એકદમ ધસી આવ્યા હમ્મીરના માણસો પણ તે હલ્લાનો બરાબર જવાબ વાળવામાં પાછા હઠયા નહિ. તેઓ પણ યવન સૈનિકોની સામા તીર ફેંકતા અને ભીલ સૈનિકો ગોફણોમાંથી પત્થર ઉરાડતા ખાઈ તરફ આગળ વધ્યા. ખાઇને કિનારે આવી પહોંચતાં બન્ને પક્ષના માણસો ભેટભેટા થઇ ગયા. મ્યાનમાંથી તલવારો બહાર નીકળીને ચમકવા લાગી. યવન સૈનિકો હમ્મીરનો ખાઈ તરફ આગળ વધવાનો માર્ગ રોકીને ઊભા એટલે હમ્મીરના સૈનિકો નાહિમ્મત થવા લાગ્યા. હમ્મીરે પોતાના માણસોની ભયત્રસ્તતા કળી જવામાં વિલંબ કર્યો નહિ.

તે એકદમ ગર્જના કરીને બોલ્યોઃ "આગળ વધો મારા બહાદુર ભડવીરો! આપણે મરવા માટે જ અહીં આવ્યા છીએ, પછી ડરવું શાને? આપણે સિંહના બચ્ચા છીએ, તે કેમ ભૂલી જાઓ છો? શુ મૃગલાંના જૂથ વચ્ચેથી સિંહને માર્ગ કાઢવો મુસ્કેલ લાગે છે? થાઓ મરણીયા, ચલાવો તલવાર અને થુવરની વાડ વાઢીને માર્ગ કરો તેવી રીતે યવનોનાં માથાં વાઢી વાઢીને આગળ વધવાનો માર્ગ કરી ખાઇના પાણીમાં કૂદી પડો. તમે સઘળા બહાદૂર તરીયા છો, પછી શી ફીકર છે? ધ્યાનમાં રાખજો કે આપણે સહીસલામત રીતે ખાઇમાં પડયા, એટલે કિલ્લામાં જ પહોંચી ચૂકયા સમજજો, કારણકે યવનસૈનિકો ખાઈમાં પડવાની હામ બીડી શકવાના નથી. હાં ચાલો આગળ, અને રાખો હિમ્મત!" એમ બોલતો જ હમ્મીર સૌની આગળ ધપી આવ્યો અને માણસોના ટોળા વચ્ચે થઇને મદમત્ત થએલો આખલો દોડે, તેવી રીતે દોડતો આગળ વધ્યો. સામે આવતાં તીરને પોતાની તલવારવડે કાપતો અને જેમ આવે તેમ તલવાર ઉછાળતો તે આગળ વધ્યો. યવન સૈનિકો પણ આગળ વધતા હમ્મીરને અટકાવવાને યત્ન કરવા લાગ્યા. હજારો યવન સેનિકો પાસે પાંચસો માણસોનુ શુ ગજુ? બન્ને પક્ષો વચ્ચે તુમુલ યુદ્ધ મચ્યુ અને માત્ર થોડી જ પળોમાં હમ્મીરના અર્ધા માણસો કપાઇ ગયા, છતાં હમ્મીર અને વેગડો તેઓને વટાવી જઇને ખાઇમાં કૂદી પડયા વિના રહ્યા નહિ. તેમની સાથે તેમના બસો માણસો પણ ખાઈમા પડયા અને તરતા તરતા આગળ વધવા લાગ્યા

આ બાજુએ યવન સૈનિકો હમ્મીર અને વેગડા જેવા હિંદુ આગેવાન યોદ્ધાઓને જીવતા રહેલા જોઇને વધારે જોરમાં આવ્યા તેઓમાના કેટલાક પાણીમાં તરતા હિંદુ સૈનિકોની તરફ ખાઇને કિનારે ઉભા રહીને તીરોનો મારો ચલાવવા લાગ્યા અને તે ઉપરાંત પાચસો યવનો હિંદુઓની પાછળ ખાઈમા કૂદી પડયા થોડી વારમા હમ્મીર, વેગડો તથા તેમના બીજા માણસો શરીરે વાગેલા ઘામાંથી ચાલતી લોહીની ધારાઓવડે ખાઈમાંના જળને લાલ બનાવીને પેલે પાર ઉતર્યા, અને ભીનાં વસ્ત્રો તથા શરીરો સમેત કિલ્લાના દરવાજા ભણી આગળ દોડયા, પરન્તુ યવન સૈનિકો તેમની પાછળ પડયા અને દરવાજાસુધી પહોંચતાં બન્ને પક્ષોને કેટલાક માણસોની હાનિ સહેવી પડી. કિલ્લાના દરવાજાની એક નાની બારી માત્ર ઉઘાડી હતી તેમા સત્વર હમ્મીર પેસી ગયો અને બીજા વીસપચીસ માણસો પણ પેઠા; પણ વેગડો અને તેની સાથેના સોએક માણસો બારી પાસે આવ્યા એટલામાં તો યવન સૈનિકોનું

ટોળું પહોંચ્યુ. હુમ્મીર બારીની અદર વેગડાને સત્વર અદર લેઈ લેવાને માટે રાહ જોઇને ઊભો હતો. તેણે વેગડાને બારીની પાસે આવી પહોચેલો જોતાં જ મોટેથી બૂમ મારીને કહ્યું: "અરે ઠાકોર! હવે વિલબ નહિ કરતાં જલ્દી અંદર આવી જાઓ!"

પરન્તુ પાસે આવી પહોંચેલા યવન સૈનિકોનો મારો વેગડો અને તેની સાથેના માણસોપર એટલો જોરમાં ચાલતો હતો કે તે મારાનો બરાબર જવાબ આપ્યા વિના બારીમાં પેસી જવું, એ વેગડાને મન હીણુપત લગાડનારૂં જણાયુ. અદર પેસી જવાનુ જણાવનાર હુમ્મીરને વેગડાએ ઉત્તર આપ્યો: "હુમ્મીરજી! મારૂ નામ વેગડો છે, એટલે હુ લાંબાં શિગડાવાળો કહેવાઉ છુ; એટલી નાની બારીમાં મારૂ માથું ન આવે, અને આવું તો મારા નામને બટ્ટો લાગે, માટે હુ તો યવનોને મારીશ, કિલ્લાને નિર્ભય કરીને મોટો દરવાજો ઉઘડાવીશ અને પછી જ માહે પેસીશ." એમ બોલતાં જ તે પોતાના માણસો સાથે યવનો ઉપર તૂટી પડ્યો, અને તુમુલ યુદ્ધ મચાવ્યુ.[1] કિલ્લાપરથી પણ તીરોનો વરસાદ વરસવા લાગ્યો અને દુશ્મનોનાં કાળજાં ભેદવા લાગ્યો. પરન્તુ ઘાયલ થવાથી નિર્બળ બની ગએલા હિંદુ સૈનિકો બહુ વાર ટકી શક્યા નહિ અને તુરતમાં કિલ્લાની અન્દરથી મદદ પણ આવી પહોચી નહિ, તેથી વેગડો પોતાના માણસો સાથે કિલ્લાની બહાર જ મરાયો એ ભીલ સરદારની વીરતાની પ્રશસ્તિરૂપે માત્ર નીચેનો સોરઠો જ આજસુધી સચવાઈ રહેવા પામ્યો છે, તે તેના શૌર્યવીર્યનુ સ્મરણ કરાવી રહ્યો છે.

"વેગડ વડ ઝુઝાર, ગઢ બારીએ ગર્યો નહિ,
"સિગ સમારણહાર, અબર લગી અડાવીયા"

---

૧ વેગડા ભીલનુ તીરોનુ યુદ્ધ કેવુ તુમુલ હતુ તેનુ વર્ણન ભાટ ચારણોની અતિશયોક્તિમય ભાષામા નીચેના સોરઠામા આપવામા આવ્યુ છે

"અર્જુન! શેથા રેક! તારા તીર ઉડી ગયા!
"આ તો ભડ છે એક, કિરાત બીજો વેગડો!
"અર્જુન! દૈવત આજ, તારૂ ના અજમાવજે!
"આ તો શંભૂનાથ, કિરાત બીજો વેગડો!
"અર્જુન જોડી હાથ, થાકી પગ જેને પડે,
"તે હરનો તું હાથ, જમણો સાવજ વેગડા!"

પ્રકરણ ૧૭ મું.

દ્વન્દ્વયુદ્ધની માંગણી.

'એક હિન્દુ યોદ્ધો બહાદૂરીથી લડીને **સો**મનાથના કિલ્લામા પેસી ગયો' એવા ખબર **સુ**લ્તાનને **સો**મનાથ તરફ આવતાં મળ્યા. **સુ**લ્તાન **મ**હમૂદ સ્વારીના પ્રયાણમાં હાથી કે ઘોડા ઉપર સ્વાર થઇને ચાલતો નહોતો પરન્તુ એક સુન્દર મ્યાનામાં બેસીને મુસાફરી કરતો હતો. તે મ્યાનાને આઠ હેલકરીઓ ઉપાડતા, કારણકે મ્યાનામાં **સુ**લ્તાન એકલો નહિ બેસતાં પોતાની પાસે પોતાના હજુરીયા **આ**યાઝ કે **મી**શકાનીને અવશ્ય બેસાડતો અને તેની સાથે વાર્તાવિનોદ કરીને વખત ગાળતો. મ્યાનાની આસપાસ એક ઘોડેસ્વાર લશ્કરી ટુકડી ચાલતી અને તે સિવાય **સુ**લ્તાનના લશ્કરનો કટલોક ભાગ આગળ અને કેટલોક પાછળ રહેતો આ પ્રમાણે લશ્કરની મધ્યમાં **સુ**લ્તાનનો મ્યાનો રહેતો હોવાથી **હ**મ્મીરના વીરતાભર્યા પ્રસગની ખબર **સુ**લ્તાનને **સો**મનાથ તરફ આવતા માર્ગમા જ મળી. **મ**હમદ એ ખબર સાભળીને જરા ચમક્યો. એ વખતે મ્યાનામા તેની પાસે **મી**શકાની બેઠો હતો **મી**શકાનીને **સુ**લ્તાને પુછ્યુ "**મી**શકાની ! આપણા હજારો બહાદૂર લડવૈયાઓની વચ્ચે થઇને એક હિન્દુ યોદ્ધો લડતો લડતો બહાદૂરીથી પસાર થઇ ગયો, એ તો એક મોટી નવાઇની વાત લેખાય ! શુ હિદુઓ એટલાબધા કાવતમદ હશે ?'

મીશકાની બોલ્યો. "બદેનવાજ ! સઘળા ઇન્સાનને ખુદાએ બનાવ્યા છે. આપણા લડવૈયાઓ કેટલા બધા બહાદૂર છે ? કદાચ સઘળા હિદુ લડવૈયાઓ એટલા બહાદૂર નહિ હોય, પણ શુ એકાદ લડવૈયો પણ એવો નહિ હોય ? હોય જ"

"પણ આ મુલકના હિદુઓની બહાદૂરીનો આપણને એ ત્રણ ઠેકાણે પરિચય પડ્યો અને તેમા હુ બધી વખત દગ થઇ ગયો છુ. **અ**જમેર ખાતે તો આપણને નાસી જ જવું પડ્યુ અને **અ**ણહીલપુરમાથી જોકે આપણે આપણા માટે જોઇતો ખોરાક મેળવી શક્યા પણ તે ખોરાક આપણને બહુ મોઘો પડી ગયો, કારણકે તે પાછળ આપણને સેકડો લડવૈયાઓનો ભોગ આપવો પડ્યો હતો. અહીં આગળ હજી આપણે યુદ્ધ શરૂ કર્યુ નથી અને માત્ર એક જ ઝપાઝપીનો પ્રસગ આવ્યો છે, તોપણ હુ હિંદુઓની બહાદૂરી જોઇને છક થઇ ગયો છુ. કદાચ હિદુઓના બીજા

સરદારો પણ તેવા જ બહાદૂર હશે, તો આપણને **સો**મનાથપર જીત મેળવવી મુશ્કેલ થઇ પડશે. ”

મીશકાની મંદ સ્મિત કરીને બોલ્યો: “આપ નામવરનો સ્વભાવ બહુ અગમચેતીવાળો છે, તેથી આપને **સો**મનાથપર જીત મેળવવી મુશ્કેલ લાગે છે, પણ તેવું કાંઇ જ સમજશો નહિ. હિંદુઓ કેટલા નાહિમ્મત છે તે તો આપણે જોઇ ગયા છીએ, કારણકે ગુજરાત અને **સૌ**રાષ્ટ્રમા પેઠા પછી કોઈ પણ રાજા આપણી સામે થઈ શક્યો નથી. વળી ખુદાવિંદ ! આપ કેમ ભૂલી જાઓ છો કે હિંદુઓના દેવોના દેવળો તોડવાને તો ખુદા આપણને મદદ કરી રહ્યો છે ? ”

“ **મી**શકાની ! તું બહુ ચતુર છે હો ! મને નાસીપાસ થતો અટકાવવામા તારી ચતુરાઈ બહુ ઉપયોગી નીવડે છે. ખુદાપર ભરોસો રાખવાનું હું વિસરી ગયો હતો તે તે મને બરાબર વખતે જ ઠીક સભારી આપ્યું. ”

કેટલીક વારે **સુ**લ્તાન અને તેનુ આખુ લશ્કર **સો**મનાથના કિલ્લાની નિકટમા પહોચી ગયુ લશ્કરને કિલ્લાની આસપાસ ઘેરો ઘાલીને પડવાનો હુકમ ફરમાવવામા આવ્યો અને **સુ**લ્તાન, સરદારો તથા બીજાઓ માટે કિલ્લાની બહારના મેદાનોમા તબુઓ ઠોકવામા આવ્યા. કિલ્લાપરથી છૂટાં છવાયા તીરો **સુ**લ્તાનના લશ્કરમા આવીને પડવા લાગ્યા, પરન્તુ બન્ને લશ્કરો વચ્ચે બહુ અતર હોવાથી **સુ**લ્તાનના લશ્કરમા કાઇ નુકસાન થવા પામ્યુ નહિ. મધ્યાહ્ન થયો એટલે તીરો આવતા બધ થઈ ગયા

કિલ્લાની નજીકમાં જઇ પહોચવાને અને કિલ્લાના દરવાજા તોડી માહે પ્રવેશ કરવાને વચ્ચે આવેલી પાણીની ખાઈ ઓળગી જવાની જરૂર પડે તેમ હતું. ખાઇ ઉપર કામચલાઉ પૂલો બાધવાની તૈયારી કરવામા આવી અને તે પૂલોપર થઇને લશ્કરને કિલ્લાની નજીકમાં લેઇ જવાનુ યોગ્ય વિચારવામા આવ્યુ માટી, પત્થર અને ઝાડની ડાળીઓવડે ખાઇનો કેટલોક ભાગ પૂરી દેઈ કામચલાઉ જમીન બનાવી તે પર થઇને ખાઇને ઓળગી જવાની ગોઠવણ શરૂ કરવામા આવી. સાજ પડી, પરન્તુ હજી બહુ જ થોડુ કામ કરી શકાયુ હતું, કારણકે ખાઈ ઘણી ઉડી હતી અને થોડા ભાગને પણ ઉતાવળે પૂરી દેવાનુ કામ સહેલુ નહોતું. ખાઈ પૂરવાનુ કામ ચાલતું હતું ત્યાસુધી **સુ**લ્તાન જાતે ખાઈના કિનારાપર ઉભો રહ્યો હતો અને તેથી કામ ઉતાવળે ચાલતું હતું. સાજ પડી એટલે તે પોતાના તબુમાં પાછો ફર્યો, અને કામ મુલ્તવી રાખવામાં આવ્યુ.

સુલ્તાન પોતાના સિપહસાલાર **અ**બુલ **હ**સન, વજીર **અ**હમદ **હુ**સેન, **આ**યાઝ, **મી**શકાની અને બીજા કેટલાકો સાથે તબૂમાં પેઠો કે તુરત જ **હ**બીબ એક રાજપૂતના હાથ બાંધીને તેને **સુ**લ્તાનની પાસે ઘસડી લાવ્યો અને બોલ્યો: "ખુદાવિંદ ! આ એક કાફર ઘોડેસ્વાર આપણા લશ્કરમાં ઘુસી જવા માગતો હતો તેને પકડીને આપની હજુરમાં રજુ કરૂં છું." પોતે મોટી બહાદૂરીનુ કામ કર્યું હોય તેવી રીતે **હ**બીબની આંખોમા આનદ ચમકવા લાગ્યો.

સુલ્તાને તે રાજપૃત કેદીને સવાલ પૂછ્યો: "અરે ઓ કાફર ! તું મરવાને માટે જ અમારા લશ્કરમા પેસવા માગતો'તો કે શુ ?"

તેણે જવાબ આપ્યો: "આપના સરદારે મને કાંઈ જ જવાબ આપવાની તક આપ્યા વિના અહીં આણ્યો છે એટલે હુ કાંઈ ખુલાસો કરી શક્યો નથી. પરન્તુ હુ ગુજરાતના મહારાજા **ચૌ**લુક્યકુળભૂષણ શ્રી **ભી**મદેવ તરફથી સન્દેશો લેઇને આવેલો એક દૂત છુ."

"તું દૂત છે ? ત્યારે તો **હ**બીબ ! એના હાથ છોડી નાખ તે જે સન્દેશો લાવ્યો હોય તે તેને જણાવવા દે."

દૂતના હાથ છોડી નાખવામા આવ્યા એટલે તે બોલ્યો "અમારા મહારાજાએ જણાવ્યુ છે કે તમે અમારા ધર્મને અપમાન પહોચાડવાના ઈરાદાથી આ ચડાઈ કરો છો, પણ અમે હિંદુઓને અમારો ધર્મ પ્રાણ કરતાં પણ પ્યારો હોય છે અને તેથી પ્રાણને ભોગે પણ અમે અમારા ધર્મનુ રક્ષણ કરીશુ. આજસુધી તમે હિંદુઓનુ જે બળ નહિ જોવા પામ્યા હો તે બળ તમે ગુજરાત અને **સૌ**રાષ્ટ્રના હિંદુઓમાં જોઇ શકશો, માટે અહીંથી પાછા ફરશો તો સારી વાત છે. અમે તમારા લશ્કરને કે તમને કાંઈ પણ ઈજા કર્યા વિના અમારા દેશમાંથી સહીસલામત રીતે પાછા નીકળી જવા દઈશુ, પણ જો તમે તમારી જીદ નહિ છોડતા યુદ્ધ જ કરવા માગતા હો તો અમે કહીએ છીએ કે નકામા તમારા અને અમારા લડવૈયાઓનો ભોગ આપવો અને લોહીની નદીઓ વહેવડાવવી તેમાં કાંઈ જ લાભ નથી. માટે તમે પોતે અગર તો તમારો કોઈ પણ એક માણસ અમારા મહારાજા સાથે તીરનુ, તલવારનુ કે મુષ્ટીયુદ્ધ કરે અને તેમાં જેની હારજીત થાય તે પ્રમાણે હારજીત કબુલ રાખવી, એ ઓછુ હાનિકારક છે જો તમે એ દ્વન્દ્વયુદ્ધમાં હારો તો અમારા મહારાજાને દંડ આપીને અહીંથી ચાલ્યા જાઓ અને જો તમે જીતો તો તમે કહો તે દંડ આપવાને અમારા મહારાજા તૈ-

ચાર છે. તેમની છેવટની એ માગણી છે કે તમારે હજારો જાનોની ખુહારી ન થવા દેતાં આ દ્વન્દ્વયુદ્ધની માંગણી કબૂલ રાખવી.”

સુલ્તાન મહમૂદ એક વિચારશીલ પુરૂષ હતો. **ભીમ**દેવ તરફની આ માંગણીમાં રહેલું વાજબીપણું તે તુરત સમજી ગયો. આગળ કોઇ વાર હિંદુસ્તાનપરની ચડાઇ વખતે કોઈ પણ હિંદુ રાજાએ આ પ્રમાણે દ્વન્દ્વયુદ્ધની માંગણી કરી નહોતી તેથી **મહમૂદ**ને તેવા યુદ્ધનો કાંઈ જ અનુભવ નહોતો. વળી **ગુજરાત** અને **સૌરા**ષ્ટ્રના હિંદુઓના બળથી તે છક થઇ ગયો હતો, એટલે યુદ્ધમા ન ઉતરવું પડે અને યુદ્ધનો છેવટનો નિકાલ આવી જાય તો ઠીક, એવો વિચાર તેના ચિત્તમા જન્મ પામ્યો. તેણે પોતાના વઝીર **અહમદ હુસેન** ભણી નજર કરીને પૂછ્યુ· “કેમ વઝીર ' આ દ્વન્દ્વયુદ્ધથી આ ચડાઇનો નિકાલ લાવવો વાજબી છે કે નહિ ?’

“વાજબી છે, પણ તેમા આપણુ કાંઇ જ હિત સમાએલુ નથી, કારણકે દ્વન્દ્વયુદ્ધમા આપણી જીત થશે કે નહિ તે ચોક્કસ કહી શકાય નહિ **ભીમ**દેવ બહુ જોરાવર આદમી છે અને વળી તીર મારવામા તો તે એટલો કુશળ છે કે આ મુલકમા તે ‘ **ભીમ બા**ણાવળી ને નામે જ ઓળખાય છે તીર મારવામા તે આટલો કુશળ છે અને તલવારના દ્વન્દ્વયુદ્ધમાં તો તેણે **ચેદિ** દેશના રાજાને હરાવ્યો છે એ તાજી જ વાત છે એટલે તેની સામે બરાબર રીતે ટકી શકે તેવો કોઈ લડવૈયો આપણામા હોય એમ હુ નથી માનતો

વઝીરની આ વાત સાભળીને સિપહસાલાર **અબ્દુલ હુસન**ની ભ્રકુટી ચડી. તે રોષ દર્શાવતો બોલ્યો “ આપણા લડવૈયાઓના કૌવતની કીમત આવી રીતે ઉતારી પાડવી એ કેટલુ ગેરવાજબી છે ? ચાલો, હુ પોતે એ કાફર રાજા સાથે તલવારના દ્વન્દ્વયુદ્ધમા ઉતરવા તૈયાર છુ, પણ એવુ દ્વન્દ્વયુદ્ધ આપણા માટે લાભકારક નથી એટલે તેવા યુદ્ધવડે આ ચડાઇનો નિકાલ લાવવામા આપણુ કાંઇ જ હિત સમાએલુ નથી આપણે આ મુલકમાં કાફરોના ધર્મ ઉપર હલ્લો લાવ્યા છીએ અને જો આપણે દ્વન્દ્વયુદ્ધમા જીતીએ તો શુ હિંદુઓ તેઓના દેવળ તોડવા દેવા જેવો દંડ આપણને આપવા કબુલ થશે ખરા ? તેઓ આપણને દંડમા ગમે તેટલુ જર-જવાહીર આપે, પણ તે શા કામનુ ? તેમનો ધર્મ નાબૂદ કરવાનો આપણો ઇરાદો તો પાર પડે જ નહિ, તો પછી આપણી ચડાઇનો મુખ્ય હેતુ નિષ્ફળ ગએલો જ ગણાય.”

વઝીર કરતાં સિપહસાલારનુ કહેવું **મહમૂદને** વધારે વાજબી લાગ્યું અને એ વિષય ઉપર વધુ ચર્ચા નહિ ચલાવતાં પોતે થોડી વાર વિચાર કર્યાપછી **ભીમ**દેવના દૂતને જવાબ આપ્યોઃ "તારા રાજાને કહેજે કે અમે તમારી દ્વન્દ્વયુદ્ધની માંગણી* કબૂલ રાખતા નથી; પણ જો તમે અમારી સાથે લડયા વિના સુલેહ કરવા માગતા હો તો ભલે, અમારી શરતોમાં તમારે અમને દંડ આપવો, પેશકશી ભરવી અને ઇસિલામી દીન ધારણ કરવો એટલી શરતો મુખ્ય છે. આ શરતો તું તારા રાજાને કહેજે અને જો તેને તે કબૂલ હોય, તો મને જવાબ આપવા આવજે "

આ શરતો સાંભળીને દૂતનાં રોમ ખડા થયાં અને તેના મગજમાં ક્રોધ ભરાઈ આવ્યો પોતે દુશ્મનના તંબુમા તેના માણસોની વચ્ચે ઊભો છે, એ વાતને ભૂલી જતા તે એકદમ બોલ્યો· "એમા અમારા મહારાજાને પૂછવાની શુ જરૂર છે ? હુ જ તેનો જવાબ આપી દઉ છુ કે અમે હિંદુઓ ધર્મ અને દેશ વેચીને સુલેહની ખરીદી કરતા જ નથી. અમે અમારા દેહ અમારા ધર્મ અને દેશને અર્પણ કર્યા છે સ્ત્રી, પુત્ર અને આપ્તજનોનો મોહ છોડીને જીવપર ઉદાર થઈને "મારવુ કે મરવુ" એવુ વ્રત અમે ગ્રહણ કર્યુ છે પરધર્મમા ભ્રષ્ટ ન થતા યવનોને "ત્રાહિત્રાહિ" પોકરાવવાનુ અને શૈવધર્મનો પ્રતાપસૂર્ય ગગનમા સદૈવ તપતો રાખવો એવી મહાનગી બતાવવાનુ અમે રાણીજાયા રાજપૂતોએ પણ લીધુ છે બંધ ઘનઘોર સગ્રામ કરીશુ, તમારા સૈનિકોના ધડ અને શિર રણમા રોળીશુ અને અમે પણ પ્રાણ આપીશુ, તેટલા માટે જ અમે અમારી તલવારો બહાર કાઢી છે અને તે તલવારોને શત્રુના રક્તનુ પ્રાશન કરાવ્યા વિના અમે કદી પાછી મ્યાન કરીશુ નહિ, માટે તમારે બેલાશક યુદ્ધ કરવા તૈયાર થવુ."

દૂતના આવા ગર્વભરેલા શબ્દો સાભળીને **સુલ્તાનની** આંખમાં ખૂનસ ભરાઈ આવી, અને તે બોલ્યોઃ "અરે નાપાક કાફર ! જો તું કાફરો તરફનો દૂત ન હોત તો હુ આ પળે જ તારા કકડા કરી નાખત "

દૂત કાંઇ પણ ઉત્તર આપે તે પહેલા ક્રોધથી સતપ્ત થએલા **અબુલ હસને** તલવારનો એક ઝટકો તેની પીઠ પાછળથી માર્યો અને દૂત પ્રાણરહિત થઇને નીચે પડયો ! **અબુલ હસન** બોલી ઉઠયો· "નામવર ! તે દૂત છે માટે તેને ન મારી નાખવો એવુ કાંઈ સમજવું નહિ. દૂત જો આવાં ગર્વભરેલા વચનો બોલે તો તેને પણ ઠાર કરવો જોઇએ; વળી આપણી સઘળી ચર્ચા એ નાપાક કાફરે સાભળી હતી અને તે જો **ભીમ**દેવને જઇને

કહેત તો તેથી આપણને નુકસાન થવાનો ભય હતો; એટલે તેનો આ પ્રમાણે ખુરદો કરી નાખવાની જ જરૂર હતી. ”

સુલ્તાન ચુપચાપ બેસી રહ્યો અને એ સ્વદેશાભિમાની રાજપૂત દૂતના મૃતદેહને ખાઇમા ફેંકી દેવામા આવ્યો નિ શસ્ત્ર દૂતનો અજાણતા ઘાત કરવા જેવુ અધર્મ્ય કર્મ કરવા માટે પણ અબ્બુલ હસન ગર્વ ધરાવવા લાગ્યો.

પ્રકરણ ૧૮ મું.

મુસલમાન સિપાહીઓનો કચ્ચરઘાણ.

પુન રાત્રિએ ખાઇને પૂરીને રસ્તો કરવાનુ કામ શરૂ થયુ આખી રાત એ કામ ચાલુ રહ્યુ અને સ્હવાર થતા તો ખાઇનો થોડોએક ભાગ પુરાઇને પગે ચાલીને ઉતરી શકાય તેવો રસ્તો તૈયાર પણ થઈ ગયો. રસ્તો તૈયાર થયાની ખબર જાણીને મહમદ ખુશ ખુશ થઇ ગયો અને જરા પણ વિલબ કર્યા વિના લશ્કરને ખાઇ ઉતરી કિલ્લાની નજીકમા જઈ પહોચવાનો હુકમ ફરમાવ્યો ખાઈની આસપાસ ફરી વળેલુ લશ્કર થોડી વારમા ખાઈ ઉતરીને કિલ્લાને ઘેરીને ઉભુ અને કિલ્લાના દરવાજા તોડવાનો પ્રયત્ન ચાલુ કર્યો

પરન્તુ હમ્મીરની આગેવાની હેઠળ કિલ્લાની અદરનુ લશ્કર કાઇ ઓછુ સાવધ નહોતુ સુલ્તાનના લશ્કર સાથેની ઝપાઝપીમા હમ્મીરને શરીરે પાચ સાત જગ્યોએ ઘા વાગ્યા હતા અને એકાદ દિવસમા એ ઘા રૂઝાય તેવો સભવ પણ નહોતો, છતા ઘાને વનસ્પતિના રસથી ભીંજવેલા પાટાથી સારી રીતે બાધી લેઇને હમ્મીર કિલ્લાની અદરના લસ્કરની આગેવાની લેવામા પાછળ પડચો નહોતો. જેવી રીતે સુલ્તાનનુ લશ્કર કિલ્લાને ઘેરી વળ્યુ હતું, તેવી જ રીતે હમ્મીરે કિલ્લાની અદરની ગઢીપર પોતાના સઘળા લશ્કરને શસ્ત્રાસ્ત્રો સાથે ગોઠવી રાખ્યુ હતુ દુશ્મનપર જરા પણ વખત થોભ્યા વિના તીરનો મારો ચલાવી શકાય અને ભોજન કરવા માટે પણ કિલ્લાપરથી હેઠે ઉતરવાની જરૂર રહે નહિ, તેટલા માટે હમ્મીરે ખોરાક કિલ્લાપર પહોચતો થાય તેવી ગોઠવણ કરી હતી. આપત્તિકાળમા ધર્મ ન સચવાય તો તે ક્ષમ્ય છે, એવુ તે લશ્કરમાના બ્રાહ્મણ સૈનિકો પણ સમજતા હતા અને તેથી વર્ણાશ્રમધર્મનુ જતન કરવા કરતા દેશના મુક્તિપ્રદ ધર્મનુ સરક્ષણ વધારે આવશ્યક હતુ એ તેઓ સારી પેઠે સમજતા હતા. કિલ્લાપરના બૂરજના એક બાકોરામાથી હમ્મીરે

જ્યારે જોયુ કે મુસલમાન સૈનિકો ખાઈ ઉપર પૂલ કરીને તેને પસાર કરી ગયા છે, અને તેઓ કિલ્લાની દિવાલોને ઘેરવા લાગ્યા છે, ત્યારે તેણે એકદમ સાવધ બનીને બેસવાની પોતાના સૈનિકોને આજ્ઞા કરી

. **સુલ્તાન**ના લશ્કરે કિલ્લામા પ્રવેશ કરવાને દરવાજા તોડવાનો પ્રયત્ન આરભ્યો, તે જ ક્ષણે **હમ્મીરે** દુશ્મનના લશ્કરપર તીરનો સખ્ત મારો ચલાવવાની આજ્ઞા આપી મુસલમાન સૈનિકો હિદુ લશ્કરના સિપાહીઓનાં માથા માત્ર જોઇ શકતા હતા, પરન્તુ તેમનાપર તીર ફેકવામા તેઓ સફળ થતા નહોતા, કારણકે તેમના તીર કિલ્લાની બહારની ગઢી સાથે અથડાઇને પાછા પડતા હતા તેથી ઉલટુ હિદુ સિપાહીઓને નીચે ઊભેલા મુસલમાન સિપાહીઓ ઉપર મારો ચલાવવાનુ સારી રીતે ફાવતુ હતુ આ પ્રમાણે હિદુ સિપાહીઓને જરા પણ ઇજા કર્યા વિના મુસલમાન સિપાહીઓને દુશ્મનનો મારો ગુપચુપ સહન કરવો પડતો હતો અને તેથી થોડી વારમા **સુલ્તાન**ના સેકડો સિપાહીઓ ઘાયલ થયા તથા મરણ પામ્યા કિલ્લાના દરવાજા તોડવાનો પ્રયત્ન પણ નિષ્ફળ ગયો, કારણકે તે એટલા મજબુત હતા કે સહેલાઇથી તૂટી શકે નહિ વળી માથે હિદુ સિપાહીઓ તરફથી તીરનો વરસાદ વરસી રહે અને નીચે કિલ્લાના દરવાજા તોડવાને મથન કરવુ, એ મુસલમાનોને બિલકુલ ફાવ્યુ નહિ એક વાર બે હાથીઓને આગળ કરીને તેમના કુભસ્થળના મારવડે દરવાજાના દ્વાર તોડી નાખવાનો યત્ન કરવામાં આવ્યો, પરન્તુ દ્વારપરના અણીદાર ખીલા કુભસ્થળમા પેસી ગયા તેથી હાથીઓ લોહીલોહાણ થઇને ચીસો પાડતા નાસી ગયા નાસતા હાથીઓપર કિલ્લાપરના હિંદુ સિપાહીઓએ તીરનો એવો તો મારો ચલાવ્યો કે હાથીઓ વેદનાથી ગ્રસ્ત થઇને ખાઇમા કૂદી પડ્યા અને હાથીઓ સાથે તેમના મહાવતોનો પણ તે ખાઇના ખારા પાણીમા જ અત આવ્યો

મધ્યાહ્નસુધી કિલ્લાના દરવાજા તોડવાનો આ પ્રયત્ન ચાલુ રાખવામા આવ્યો, પણ તેમા મુસલમાનોને જરા પણ સફળતા મળી નહિ, તેથી ઉલટુ તેઓના સેકડો માણસો હિદુઓના અસ્ત્રોથી ઘવાયા અને મરણ પામ્યા. આ પ્રયત્નોમા ફાવી શકાય તેવુ જણાયુ નહિ એટલે **સુલ્તાને** લશ્કરને પાછુ બોલાવી લીધુ અને લશ્કર ખાઇ ઓળગીને કિલ્લાથી દૂર જતુ રહ્યુ હિદુઓએ તીરનો મારો ચલાવવાનુ બધ કર્યું હવે કેવી રીતે કિલ્લામા દાખલ થવું તે સબધમા **સુલ્તાને** સાજસુધી પોતાના વઝીરો સાથે મસલત કરી અને છેવટે કિલ્લાના દરવાજા અભેદ્ય હોવાથી તે તોડવાનો પ્રયત્ન માડી વાળવો એવો ઠરાવ કર્યો. કિલ્લામા પેસવાની બીજી

યુક્તિ એવી શોધી કાઢી કે કિલ્લાને લોખંડની નિસરણીઓ લગાડીને તેપર ચડી અંદર દાખલ થવું અને એકીસામટા એક હજાર સૈનિકોએ કિલ્લાપર એ પ્રમાણે ચડવું. કદાચ હિંદુઓ સાથે યુદ્ધમાં ઉતરવું પડે તોપણ એ હજાર સૈનિકોમાંથી થોડા તો બચશે અને તેમણે એકદમ કિલ્લાના બારણા ઉઘાડી નાંખવા એટલે આખુ લશ્કર કિલ્લામા એકીસામટુ પેસી જાય

અબુલ હુસને પ્રશ્ન કર્યો. "પણ નામવર ! હિંદુઓ આપણા માણસોને કિલ્લાપર ચડતાં જ નીચે ફેંકી દેશે તો ?"

આ પ્રશ્ન સાભળીને **સુલ્તાન** પાછો વિચારમા પડી ગયો, પણ થોડી વાર રહીને તે આસ્તેથી બોલ્યો "તેનો એક ઉપાય છે આપણે આજ મધરાત પછી ગુપચુપ આપણા લશ્કરને ખાઈ ઓળગાવીને કિલ્લાની પાસે લેઈ જવુ, એવી રીતે કે દુશ્મન આપણી હિલચાલને બિલકુલ સમજી શકે નહિ પછી પરોઢમા જ નિસરણીઓ લગાડીને આપણે માણસોને કિલ્લાપર ચડાવી તેમા દાખલ કરવા. હિંદુઓ જે વખતે ઉંઘતા હશે, તે વખતે આપણે કિલ્લામાં દાખલ થઈ જઇશુ, પછી આપણા માણસો દરવાજા ખોલી નહિ શકે શુ ?'

વઝીર **અહમદ હુસેન** બોલ્યો "આપ નામવરની ગોઠવણ બરાબર છે, પણ એ એક દગો તો કહેવાય જ"

અબુલ હુસન બોલ્યો 'એમા દગા શુ છે ? દુશ્મનની ગફલતનો આપણે ફાયદો ઉઠાવીએ તો શુ તેમા આપણે દગો કરીએ છીએ ?"

"નહિ, નહિ, એ કાંઈ દગા કહેવાય નહિ અને જો તે દગો હોય તોપણ શુ ? કાફરો સાથે દગો કરવો એ પણ આપણા મજહબી ફરમાન મુજબ બરાબર છે." **સુલ્તાને** અભિપ્રાય ઉચ્ચાર્યો

વઝીરે કાઇ પણ વધુ દલીલ કરી નહિ રાત્રિ પડી એટલે આખા લશ્કરમા ગુપ્ત ખબર ફેલાવી દેવામા આવ્યા કે મધરાતે ખાઇ ઓળગી જવાની છે માટે બધા લશ્કરે તૈયાર થઇને રહેવું અને ઉંઘવુ નહિ. સૌ જાગતા જ રહ્યા અને જરા પણ ખળભળાટ વિના ખાઇને ઓળગવા લાગ્યા કિલ્લા ઉપર ચડવાને નિસરણીઓ તૈયાર રાખવામા આવી અને આખુ લશ્કર આવી જાય એટલે તેમાથી એક હજાર બહાદૂર લડવૈયાઓ ચુટી કાઢીને તેમને નિસરણીઓપર ચડાવવાનુ ઠરાવ્યુ.

જે વખતે મુસલમાન સિપાહીઓ પુલપર થઇને ખાઇને ઓળગી જતા હતા, તે વખતે એક ઘોડેસ્વાર મુસલમાન સિપાહી હાથમાં મશાલ સાથે દૂરથી ઘોડો દોડાવતો આવ્યો અને બોલ્યોઃ "અરે બિરાદરો ! હુ તો સાં-

જેનો પેલુ હરણુ શોધવા ગયો હતો, હજી તે હાથ લાગ્યુ નહિ. આપણુ આ બધુ લશ્કર ક્યાં જાય છે ?”

એક સિપાહી ઉત્તર આપતાં બોલ્યો: “લ્યો જુઓ, અત્યારસુધી મશાલ કરીને હરણુ શોધે છે ? કયું હરણુ શોધવા ગયા'તા મીંયાં સાહેબ ?”

“નામવર સુલ્તાન સાહેબના ખોરાકને માટે બપોરે હું એક મજાનુ નાજુક હરણુ શોધી લાવ્યો'તો, પણ તે નાસી ગયુ એટલે સુલ્તાન સાહેબે મને હરણુ શોધવા માટે મોકલ્યો'તો, પણ આપણે બધાએ ક્યાં જવાનુ છે ?”

“રાતોરાત આખા લશ્કરે ખાઈ ઓળગી જવાની છે અને પહેલા પહોરમાં જ નિસરણીઓની મદદવડે ગુપચુપ કિલ્લા ઉપર ચડી જવાનુ ઠરાવ્યુ છે”

“ઓહો, એ તો મને ખબર જ નથી. હુ હરણુને શોધવા માટે નીકળી ગયો, ત્યારપછી એ ફરમાન બહાર પડ્યુ હશે” ઘોડેસ્વાર બોલ્યો.

“ઠીક, પણ હવે ચાલો, અત્યારે કાંઈ તમને તમારૂ હરણ હાથ લાગવાનુ નથી.”

“નહિ કેમ લાગે ? આખી રાત ફરીશ, પણ હરણુને શોધ્યા વિના કેમ રહીશ ?” એમ કહેતો હાથમા મશાલ સાથે જ તે પાછો હરણુને શોધવા ચાલ્યો કેટલેક દૂર ગયા પછી તે ઘોડેસ્વાર પોતાના હાથમાની મશાલ હોલવી નાખીને ઘોડાપરથી ઉતરીને પાસેના એક વૃક્ષપર ચડ્યો. ઘોડો એટલો ચતુર હતો કે તેને વૃક્ષના થડ સાથે નહિ બાધ્યા છતા વૃક્ષ નીચે જ તે સ્થિર ઉભો રહ્યો પેલા ઘોડેસ્વારે તે જ વૃક્ષપર ગુપ્ત રાખેલુ એક મોટુ ભાથુ લીધુ તે ભાથામા સઘળા લાલ રગથી રગેલા અને લાલ ફુમતાવાળા તીરો હતા પોતાની પાસેના કામઠાવડે તેણે તે લાલ તીરો કિલ્લાની તરફ ભારે જોર સાથે ફેંકવા માડ્યા. તેણે ઉપરાસાપરી એટલા બધા તીરો ફેંક્યા કે થોડી વારમાં તેનુ આખુ ભાથુ ખાલી થવા આવ્યુ

ઝાડની નીચે ઘોડો ઉભેલો જોઇને એક મુસલમાન હાથમા બળતા વાસડા સાથે ત્યા આવી પહોચ્યો અને બળતા વાસના પ્રકાશમાં તે સ્વારવિનાના ઘોડાને નિહાળી નિહાળીને જોવા લાગ્યો તે મુસલમાન સુલ્તાનનો ગુપ્ત ચાર હતો, જે આસપાસમા દુશ્મનની હીલચાલ ગુપ્ત રીતે તપાસતો રહેતો હતો. ઝાડ નીચે સ્વાર વિનાનો ઘોડો જોઇને તેને વહેમ ઉત્પન્ન થયો હતો અને તેથી તે ઘોડો કોનો હશે તે વિષે તે ગભીર વિચારમા પડ્યો ઘોડાપરનુ પલાણુ મુસલમાન સૈનિકોના ઘોડાઓના પલાણુને લગભગ મળતુ જ હતું, તેથી તેણે ધાર્યું કે તે ઘોડો મુસલમાન સ્વારનો જ હશે પણ સ્વાર ક્યાં

ગયો હશે તેની કલ્પના તે કરી શકયો નહિ. એટલામા ઝાડપર બેઠેલો સ્વાર બોલ્યો "ઝાડ નીચે કોણ છે?"

તુરત જ ઝાડ નીચેનો મુસલમાન બોલ્યો "તુ કોણ છે?"

"બિરાદર"

"ઝાડપર કેમ ચડયો છે?" મુસલમાન ચોરે પ્રશ્ન કર્યો.

"રહે, હુ નીચે આવીને તેનુ કારણ કહુ" એમ બોલતો તે સ્વાર ઝાડપરથી નીચે ઉતર્યો

ચારે પોતાના હાથમાનો બળતો વાસ તે સ્વાર તરફ લબાવ્યો અને તેના પ્રકાશમા તેણે જોયુ કે પોતાની પાસે એક સિપાહી ઉભો છે પરન્તુ તે સાથે જ તે સ્વારના હાથમાનુ કામઠુ અને લાલ તીર જોઇને તે વહેમાયો તે એકદમ ગાજી ઉઠયો "હા, નાપાક હિદુ! તુ મુસલમાન સિપાહી બન્યો છે. કેમ?"

આ પ્રશ્નનો ઉત્તર આપીને તે ચારની સાથે વિવાદમા ઉતર્યા પહેલાં ઘોડેસ્વારે એક પળમા પોતાની ભેડમા છુપાવી રાખેલી એક નાજુક કટારી કાઢી, અને પેલો ચાર પોતાની તલવાર મ્યાનમાથી બહાર કાઢે તે પહેલાં તો તે તેના કાળજામા ભોકી દીધી ચાર ઘાયલ થતા જ એકદમ લથડી પડયો અને અચેતન થઇ ગયો કાળજામાથી જોસબધ લોહીનો સ્રાવ થવા લાગ્યો અને તે રીબાઇ રીબાઇને મરણ ન પામતા તેનો એકદમ અત આવી જાય તથા આ શારીરિક વેદનામાથી તુરત મુક્ત થઇ જઇને ખુદાના દરબારમા ખડો થઇ જાય તેટલા માટે, તેમ જ તેનુ મુડદુ સુલ્તાનને જડી આવે ત્યારે તે સમજે કે કોઇ બહાદુર હિદુ સરદારે તેના ચારનો પ્રાણ લીધો છે તેટલા માટે તે વેશધારી સ્વારે પોતાનુ એક લાલ તીર તેના મસ્તકમા ભોક્યુ અને પછી તુરત જ ઘોડાપર સ્વારી કરીને તે પોતાને માર્ગે પડયો

' ' ' '

ગત દિવસના શ્રમથી અત્યારે સોમનાથ પાટણના કિલ્લાની અદર આવેલુ હિદુ લશ્કર સુખે નિદ્રા ભોગવી રહ્યુ છે હમ્મીર પણ પોતાને વાગેલા ઘા અને તે ઉપરાત આખા દિવસની દોડધામથી લાગેલા શ્રમને લીધે ઘસઘસાટ નિદ્રા લેઇ રહ્યો છે જોકે સૌ કોઇ નિદ્રાનો આસ્વાદ લે છે, તોપણ તેઓ કેવળ નિશ્ચિત તો નથી જ બન્યા. યવન સેનાને મારી હઠાવાય નહિ, ત્યાસુધી હિદુઓએ જીત મેળવી કહેવાય નહિ એ તેઓ સારી પેઠે સમજે છે. હમ્મીર જેવો શૂરો હતો તેવો જ ચતુર પણ હતો. કિલ્લાના

બૂરજપર દુશ્મનના લશ્કરની હીલચાલ તપાસવાને ચોકીદારો રાખવાનુ તે વિસરી ગયો નહોતો, પરન્તુ અત્યારે એ ચોકીદારો પણ અધારી રાત્રિમાં અને શીતળ વાયુલહરિમા નિદ્રિત થઈ ગયા હતા અને તેથી તેઓ સુલ્તાનના લશ્કરની રાત્રિચર્યાને કળી શક્યા નહોતા. સુલ્તાનનુ લશ્કર કિલ્લાની નિકટમાં ખાઈ ઉતરીને જમા થતુ હતું, ત્યારે કિલ્લાની અદર હિંદુ લશ્કર ખુશખુશાલ ઉઘતુ હતુ! એવામા ઉપરાસાપરી તીરો આવીને પડવા લાગ્યા એકાદ બે જણ તેથી ઘવાયા પણ ખરા. તે તીરો સબધે થોડાએક જાગતા સૈનિકોમા ચકચાર ચાલી, એટલામા તો સોમનાથનો પૂજારી શંકરપ્રસાદ પણ હાથમા તેવા બે લાલ તીરો લેઇને દોડતો આવ્યો અને તેણે હમ્મીરને જાગૃત કર્યો હમ્મીર અને બીજા વૃદ્ધ સૈનિકો સમજી ગયા કે "આ લાલ રગના તીર કોઈ આપણા હિતેચ્છુએ આપણને સાવધ રહેવા માટે ફેક્યા છે, માટે દુશ્મન તરફથી કાંઈ દગો થતો હોવો જોઇએ." થોડી વારમા તો આખુ લશ્કર જાગી ગયુ અને તેમાનો કેટલોક ભાગ કિલ્લાપર ચડી ગયો. તેઓએ તપાસ કરી તો જણાયુ કે મુસલમાનોનુ મોટુ લશ્કર કિલ્લાની નિકટમા જમા થયુ છે અને તેઓ તરફથી લોટાની નિસરણીઓવડે કિલ્લાની દિવાલોપર ચડીને માહે પેસવાનો પ્રયત્ન થાય છે.

દુશ્મનનો ઓચિંતો હુમલો અને આ પ્રકારનો દગો જોઇને હમ્મીર ક્રોધાધ થયો. તે સુલ્તાનના કરામતખોરપણાને એક પળવારમા કળી ગયો અને દરેક પળે સાવધાન જ રહેવાનો પાઠ તે એ ક્ષણે શીખી ગયો. તેણે એકદમ પોતાના આખા લશ્કરને કિલ્લાની અદરની ગઢીપર કાંઈ પણ ખળભળાટ વિના ચડી જવાની આજ્ઞા કરી અને પોતે ગુપ્ત રીતે દુશ્મનના માણસોની હિલચાલને તપાસતો રહ્યો થોડી વારમા તો ત્રણસો ચારસો નિસરણીઓ કિલ્લાની દિવાલો પાસે મૂકી દેવામા આવી અને તેપર એક પછી એક સિપાહીઓ ચડવા લાગ્યા. હમ્મીરે સૌને જણાવી દીધુ કે મુસલમાનો જેમ જેમ ઉપર ચડતા આવે તેમ તેમ તેમને ઉચકી ઉચકીને કિલ્લાની બહાર ફેકી દેવા! ખરેખર, હિંદુ સિપાહીઓએ તે જ પ્રમાણે કર્યું. દરેક નિસરણીપર એક પછી એક બબે ત્રણ ત્રણ સિપાહીઓ ચડયા હતા, તેઓ તો ચડયા કે તુરત જ તેમને ગોળમટોળ પત્થરની પેઠે કિલ્લાની બહાર રેડવી દેવામા આવ્યા! તેઓ કિલ્લાની બહાર પોતાના માણસોના ટોળાઓમા એટલે ઉચેથી પડયા કે તેમની સાથે બીજાઓ પણ કેટલાક છુદાઇ–કુટાઇને મરણ પામ્યા! એકીસામટા દશ–પાચ હજાર માણસો કિલ્લાપર ચડી શકે તેમ તો નહોતું, તેથી એક પછી એક

જેટલા સૈનિકો કિલ્લાપર ચડયા તે સઘળાનો એક જ મીસાલે અંત આવ્યો. પ્રભાત થયુ ત્યારે **સુલ્તાને** જાણ્યુ કે નિસરણીઓપરથી પડવાથી અને છુદાઇ કુટાઇ જવાથી પોતાનાં ત્રણ હજાર માણસોનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને તે સિવાય બીજા કેટલાક ઘાયલ થવા પામ્યા હતા. વળી થોડી વાર કિલ્લામા ગાબડુ પાડવાનો પ્રયત્ન કરવામા આવ્યો અને દરવાજા તોડવામા પણ થોડી અગાળઝીક કરવામા આવી, પરન્તુ તેથી મુસલમાનોનુ કાઇ જ વળ્યુ નહિ ઉલટુ માથાપર હિંદુઓ તરફથી તીરનો વરસાદ વરસવાને લીધે કેટલાક વધુ માણસોનાં મરણ નીપજ્યા

મધ્યાહ્ન થયા પહેલા તો **સુલ્તાને** લસ્કરને ખાઈની પેલી મેર પાછુ બોલાવી લીધુ અને મોટી નાસીપાસી વચ્ચે તેણે પોતાના સિપહસાલારને કહ્યુ “ **અબુલ હુસન** ! આપણી બધી કરામતો આપણને દગો દેવા લાગી છે, અને હવે આપણે શુ કરીશુ ? આપણે **ભીમ**દેવના જાસુસને મારી નાખ્યો એ વાત હજી તેના જાણવામા આવી જણાતી નથી તે વાત તે જાણશે એટલે તે પણ આપણી સામે હલ્લો લેઇને આવશે, અને જો તેની સામે આપણે નિષ્ફળ ગયા તો આ **મુલક**માથી જીવતા રહીને નાસી જવાનુ પણ ભારે થઈ પડશે હો ”

અબુલ હુસન સુલ્તાનને ધીરજ આપતો બોલ્યો “ નામવર ! ખુદા આપણી મદદમા ઊભા છે, પછી એ કાફરોના શા ભાર છે ? મયદાને જગમા તો આપણે હિંદુઓને બિલકુલ ફાવવા દઇશુ નહિ, માટે ખુદાપર અને આપણા બળપર ઇતબાર રાખો '

સુલ્તાન એકદમ અકળાઇને બોલ્યો “ અરે, ખુદા પણ ઉંઘતો જ જણાય છે. નહિતો આપણા આટલા માણસોનો કચ્ચરઘાણ નીકળી ગયો અને હિંદુઓનો એક વાળ પણ વાંકો ન થયો, એવું બને જ કેમ ? **અબુલ હુસન** ! હવે તો ખુદાપરથી મારો ઇતબાર ઉઠતો જાય છે અને મને આપણુ ભવિષ્ય બહુ માઠ જણાય છે. ”

આયાઝ અને **મીશકાની**એ ગભરાએલા **સુલ્તાનને** ધીરજ આપીને શાન્ત કર્યો, અને પોતાના સિપાહીઓની શોર્યપ્રશસ્તિ કરીને તેને પુનઃ આશાવાળો બનાવ્યો.

પ્રકરણ ૧૯ મું.

'બાણાવળી' નું બાણ.

જે સમયે સોમનાથ પાટણના કિલ્લાની બહાર મુસલમાન સૈનિકો જમા થવા લાગ્યા છે અને કિલ્લાની દિવાલોને નિસરણીઓ લગાડવાની તૈયારી કરવામા આવે છે, તથા જે સમયે સાવધાનીસૂચક લાલ તીર કિલ્લાની અદર આવેલા જાણીને હમ્મીર ગુપચુપ પોતાના લશ્કરને કિલ્લાપર ચડાવી રહ્યો છે, તે સમયે બ્રહ્મમુહૂર્તની સુખદ–શીતળ વાયુ લહરિમા ગુર્જરરાષ્ટ્રાધિપતિ ભીમદેવ પર્વતના ઢોળાવપરના પોતાના તબૂમાં ગાઢ નિદ્રા લેઈ રહ્યો છે ! નિદ્રા તે અર્ધમૃતાવસ્થા છે પોતાની આસપાસમા શુ બની રહ્યું છે અને પોતાના તબૂથી થોડા કોસ દૂર શુ મામલો મચી રહ્યો છે તેનુ અત્યારે તેને જરા પણ ભાન નથી. લશ્કરનુ રક્ષણ કરનારા ચોકીદારો પૂરી સાવધાનતાથી ચોકી કર્યા કરે છે અને તબૂની બહારના રખેવાળો પણ જાગતા જ સૂતા છે, પરન્તુ ભીમદેવ તો નિદ્રાની ગોદમા સ્વપ્નમા નિમગ્ન છે. ઘડી વારમા તે રોષયુક્ત ઉદયમતિના સ્વપ્નને નિહાળે છે, ઘડી વારમા બકુલાદેવીને પોતાનો આત્મવૃત્તાંત સભળાવતી જુએ છે અને બીજી ક્ષણે અણહીલપુરમાથી ઉડીને સોમનાથના શિવાલયમા પોતે શિવલિંગની સમીપે પ્રણિપત કરી રહ્યો હોય તેવી લાગણી અનુભવે છે. સ્વપ્નમા પાસું બદલાવતા તે કાઇક અસ્પષ્ટ ગણગણાટ કરતો સભળાય છે અને બકુલાદેવીના કપોલને બદલે વાયુલહરિને ચુબન કરતો હોય તેવો ધ્વનિ શ્રવણગોચર થાય છે.

એટલામા કોઇએ તેના પગના અગુઠાને સ્પર્શ કર્યો અને તે સાથે જ તે જાગ્રત થતો બિછાનામા સફાળો બેઠો થયો. નેત્રો ઉઘાડતા જ તેણે પોતાના બિછાના પાસે દાઢી મૂછોવાળા એક સૈનિકને જોયો અને તે સાથે તેનો હાથ ઢોલિયાની નીચે રાખેલી તલવાર તરફ લબાયો. તેની ઉઘ અને આળસ માત્ર એક જ ક્ષણમાં ઉડી ગઇ અને આખા તબૂને ગજાવી મેલતો ત્રાડ મારીને તે બોલ્યોઃ "અરે દુષ્ટ યવન ! મારા અત:પુરસુધી ચાલ્યા આવવાની શુ તેં હિમત કરી છે ? શુ તું મારો ઘાત કરવાને મારા ચોકીદારોને વટાવીને અહીંસુધી ગુપ્ત રીતે આવી શક્યો છે ? બોલ, તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? શામાટે આવ્યો છે ? નહિતો આ જ તલવાર આ ક્ષણે તારા રૂધિરથી રગાઇ જશે !" એમ બોલતાં જ તેણે પોનાની તલવારને મ્યાનમાંથી ખેંચી કાઢી અને દીપકના પ્રકાશમાં ચળકતી ખુલ્લી તલવારને તેના પ્રચડ બાહુએ તે મુસલમાન સૈનિક ભણી ઉગામી.

તે સૈનિક કાંઇ જ ઉત્તર નહિ આપતાં ખડખડ હસી પડ્યો, અને આગળ **ભી**મદેવ શુ બોલે છે તે સાભળવાને સ્થિર ઉભો રહ્યો.

"અરે વિલક્ષણ યવન ! તારો કાળ જ આવ્યો છે શુ ? ક્યા ગયા બધા ચોકીદારો ? અરે, બહાર કોઇ છે કે ? જે હો તે અહીં આવો અને આ દુષ્ટને અતપુરમા કેમ આવવા દીધો છે તેનો ઉત્તર આપો, નહિતો તમારા ટુકડે ટુકડા કરી નાખીશ."

પરન્તુ બહારથી કોઈ આવ્યુ નહિ કે કોઇએ કાંઈ જ ઉત્તર આપ્યો નહિ ! **ભી**મદેવનો ક્રોધ આથી એ કાઠામા વહન કરવા લાગ્યો અને કાંઈ કાંઇ અમગળ શકાઓ તેના ચિત્તમા ઉભરાવા લાગી. કા તો દુશ્મનના ઓચિતા ધસારાથી આખુ લશ્કર પોતાને મૂકીને નાસી ગયુ હશે, અથવા તો પોતાનુ લશ્કર બેવફા નીવડ્યુ હશે અને દુશ્મનને મળી ગયુ હશે, કિંવા આમા કાંઈ **માં**ડળિકનો તો દગો નહિ હોય, યા તો ચોકીદારો ગાઢ નિદ્રામા પડ્યા હશે: એવી એવી કલ્પનાઓ સાથે તે ચોકીદારોને મારી નાખવા માટે અને તબુની બહારના મામલાની તપાસ કરવાને માટે હાથમા ખુલ્લી તલવાર સાથે દોડ્યો. તે જ ક્ષણે પેલા સૈનિકે તેને રોક્યો અને કહ્યુ. "અરે નાથ ! આટલા આકળા કેમ થયા છો ? આ વિચિત્ર વેશમા તમારી **બ**કુલાને તમે ભૂલી ગયા કે શુ ?"

ભીમદેવ એકાએક સ્થભી ગયો અને ચકિત થતો બોલી ઉઠ્યો: "કોણ ? પ્રિયા **બ**કુલા ? ! તુ આ વેશમા ક્યાથી અને તે મને જગાડ્યો શામાટે ?"

"અરે ગુર્જરેશ્વર ! તમે અહીં ગુલાબી ઉંઘની ગોદમા પડ્યા છો, પણ ત્યા દુશ્મનો કિલ્લામા પેસવાને દગો કરી રહ્યા છે, તે કાંઈ જાણો છો ખરા કે નહિ ?" યવનવેશધારી સૈનિકે–**બ**કુલાએ જણાવ્યુ.

"હેં ? મને તે કાંઈ ખબર નથી હજી આપણો દૂત પાછો ફર્યો નથી. તું શુ આ વેશ પહેરીને દુશ્મનના લશ્કરમાં ફરી આવી ?" **ભી**મદેવ ચકિત થતો પ્રશ્ન કરવા લાગ્યો.

"દૂત ક્યાથી પાછો ફરે ? દૂતને તો તેઓએ મારી જ નાંખ્યો હશે. જેઓ દગો કરવામા કુશળ હોય તેઓ દૂતને જીવતો રાખે એ સભવિત નથી, માટે ઉઠો, લશ્કર લઇને દોડો, નહિતો **સો**મનાથ **પા**ટણ ગયું સમજજો."

"હેં ? શુ મામલો એટલેસુધી પહોંચી ગયો છે ? પણ તું મને ઉંઘતો મેલીને ક્યારે ગઈ, ક્યાં ફરી આવી, શુ જોઇ આવી એ સઘળુ મને કહે તો ખરી !"

"તમે દૂતના આગમનની રાહ જોઇને અહીં બેસી રહ્યા હતા, પણ તે વાત મને ગમતી નહોતી. યવનોની ક્રૂરતા, તેઓની કરામતબાજી એ સઘળુ હુ સારી પેઠે સમજતી હોવાથી મને તો પહેલેથી જ ખાત્રી હતી કે દૂતને યવનોએ કા તો કેદ કર્યો હશે અને કા તો મારી નાખ્યો હશે. તમે જ્યારે અહીં સૂવાને આવ્યા, ત્યારે જ મેં તમને કહ્યું હતુ કે દૂતના આવવાની રાહ જોઇને બેસી રહેવું તે સારૂ નથી, અને તેથી તમે જ્યારે નિદ્રાધિન થયા, ત્યારે હુ આ વેશ ધારણ કરીને ઘોડાપર સ્વારી કરીને ચોકીદારોને મારી જાત ઓળખાવીને તથા થોડા વખતમા હુ પાછી ફરીશ એમ કહીને દુશ્મનના લશ્કર તરફ ગઈ મારી સાથે મે એક કામઠુ અને તીરનાં બે ભાથા લીધા હતા, જેમાનુ એક ભાથુ લાલ તીરનુ હતું અને બીજું સાધારણ તીરનુ હતુ તે ભાથા અને કામઠુ મે એક વૃક્ષ ઉપર સતાડયાં. પછી હાથમા એક બળતી મશાલ લેઇને દુશ્મનના લશ્કર તરફ ગઇ અને હુ એક યવન સૈનિક છુ તથા સુલ્તાનના ખોરાકને સારૂ હરણ શોધવા નીકળ્યો છુ એમ જણાવીને એક સૈનિકને લશ્કર કયા લેઈ જવામા આવે છે તે જાણી લીધુ તે વખતે સુલ્તાન રાતોરાત પોતાના લશ્કરને કિલ્લાની બાજુએ જમા કરતો હતો અને રાતોરાત નિસરણીઓની મદદવડે કિલ્લામા ગુપ્ત રીતે દાખલ થઈ જવાનો તેનો સંકેત હતો. આ વાત મે જાણી લીધી અને હુ પાછી પેલા વૃક્ષ પાસે આવી, વૃક્ષપરના લાલ તીર મેં કિલ્લામા ફેક્યાં કારણકે જો તે વખતે આપણા હિંદુ સૈનિકો ઉઘતા હોય તો સુલ્તાન તરફના આ દગાની વાત જાણીને સાવધાન બની જાય. મે એ પ્રમાણે ઘણા તીર ફેક્યા અને તે સઘળા કોટની દીવાલોપર થઇને અદર પડયા. એટલામા કોઇ મુસલમાન હાથમા બળતા વાસના કકડા સાથે ત્યાં આવ્યો અને વૃક્ષતળે સ્વાર વિનાનો અશ્વ જોઇને વહેમાયો હુ વૃક્ષની નીચે ઉતરી અને તે મારા હાથમા લાલ તીર જોઇને કળી ગયો કે હું એક હિંદુ હોવા છતા વેશધારી મુસલમાન સિપાહી બન્યો છુ તે મારા પર કાઈ હલ્લો કરવાની તક મેળવે તે પહેલા તો મેં મારી કટારી ભેડમાથી કાઢતા જ તેના કાળજામાં ભોકી દીધી અને તેનો પ્રાણ લીધો. નાથ ! જુઓ, આ મારી નાજુકડી કટારીનુ પ્રથમ પરાક્રમ ! લ્યો, હજી તે કટારી યવનના લોહીથી ભીની જ છે, તે લોહીનો ચદ્રક હુ તમારા કપાળે કરૂં છુ." એમ કહેતાં બકુલાદેલીએ કટાર કાઢી અને તેપરના રૂધીરલેપમાંથી ભીમદેવને કપાળે ચદ્રક કર્યો.

આ વૃત્તાંત સાંભળીને ભીમદેવ તો દિગ્મૂઢ જ બની ગયો. બકુલા

એક સ્ત્રી છે કે વીર યોદ્ધો છે તેવી ભ્રમણા સાથે તે બોલ્યો: "ધન્ય છે દેવી! તારા આ પરાક્રમની વાત સાંભળીને હું પોતે શર્માઈ જઉં છું! મધ-રાતે આ વેશ ધારણ કરીને મને જણાવ્યા વિના એકદમ જોખમભર્યાં કાર્યમાં પ્રવૃત્ત થનાર તારા સરખી સ્વદેશાભિમાની અર્ધાંગનાઓ જો ન હોત તો ખરેખર આ **આ**ર્યાવર્ત બહુ વહેલો યવનોના હાથમાં જઈ પડ્યો હોત, પરન્તુ ભગવાન્ **સો**મેશ્વરની આપણાપર કૃપા છે કે હજી આપણું ગૌરવ તારા સરખી આર્યાઓવડે અને તેવી જ આર્યાઓએ જન્મ આપેલા પુત્રો-વડે જળવાઇ રહ્યું છે! હે પ્રભો! આ રત્ન તેં મારી કોટે બાંધીને મારા ભાગ્યનો ખરેખર ઉદય કર્યો છે"

"હવે એ વાતો પછી સંભારજો, પરન્તુ એકદમ લશ્કર તૈયાર કરીને દોડો, નહિતો શુનું શું થઈ જશે મેં કિલ્લામાં ફેંકેલા લાલ તીરની કાંઈ અસર થઈ કે નહિ તે તો મારા જાણવામાં કાંઈ જ નથી, કદાચ મુસલ-માનો કિલ્લાની દિવાલોને નિસરણીઓ લગાવીને કિલ્લામાં દાખલ થઇ શક્યા પણ હોય, માટે જરા પણ વિલંબ કર્યા વિના આપણે કિલ્લામાંના લશ્ક-રની કુમકે જઇ પહોંચવું જોઇએ." **બ**કુલાદેવીએ એક અગત્યની સૂચના કરી

"તારી સૂચના વાજબી છે હવે હું ત્યાં જવામાં જરા પણ વિલંબ કરવાનો નથી" એમ બોલતો **ભી**મદેવ આગળ વધ્યો અને ઉત્સાહના ઉ-ભરામાં જાતે નગારાપર દાંડી ઠોકી આખા સૈન્યને જાગૃત કર્યું **સા**મંતસિંહ, સેનાપતિ તથા બીજા નાના મોટા સરદારો રણવાદ્યના સરખો ઘોર ધ્વનિ સાંભળીને એકદમ **ભી**મદેવની પાસે દોડી આવ્યા, તેમને **ભી**મદેવે સત્વર સૈન્યને **સો**મનાથ તરફ દોરી જવાની સૂચના કરી એકાએક રાત્રિને સમયે કૂચ કરી જવાનું ફરમાન બહાર પડવાથી લશ્કર મોટી તરખડમાં પડ્યું **ભી**-મદેવે **માં**ડળિકને પણ આ સમાચાર કહેવરાવીને તૈયાર થવાની સૂચના કરી, એટલે **માં**ડળિકે પણ પોતાના સરદારોને જાગૃત કરીને કૂચ કરવાની તૈયારી કરવા માંડી. તૈયારી કરતાં કરતાં પ્રભાત થઇ ગયું કેટલાક દિવસ સુધી એક જ સ્થળે સૈનિકો પડ્યા રહ્યા હોવાથી તેઓને પોતપોતાનો સરસામાન એકઠો કરી લેતા સામાન્ય નિયમ કરતાં વધારે વાર લાગી અને પ્રભાત થયા પછી લશ્કર નાની નાની ટુકડીઓના આકારમાં કૂચ કરી ગયું. **ભી**મદેવના લશ્કરની પાછળ પાછળ **માં**ડળિકે પણ પોતાના માણસોને વિદાય કર્યા. કદાચ આજ ને આજ યુદ્ધમાં ઉતરવું પડશે એમ ધારીને **માં**ડળિકમા અફીણીયા સૈનિકોએ આજે રોજ કરતાં વધારે અફીણનો અમલ ચડાવ્યો અને તેથી કેફની ઝૂમમાં ને ઝૂમમાં તેઓ ઝડપભેર આગળ વધવા લાગ્યા. અફીણ, મદ્ય

ઈત્યાદિ કેફી વસ્તુઓના અનેક અવગુણો છતાં તેમા એક એ ગુણ રહેલો છે કે તેના વ્યસનીઓ જ્યારે પોતાના વ્યસન પ્રમાણે બરાબર કેફ્મા લીન થયા હોય છે ત્યારે તેઓ અસાધારણ જુસ્સા સાથે પોતાનુ કાર્ય બજાવે છે. તે જ પ્રમાણે **માં**ડળિકના સૈનિકોમાંના કેટલાક અફીણના તાજા અમલને લીધે મોટા ઉત્સાહમા આવી ગએલા દેખાયા.

મધ્યાહ્ન થતા જ **ભી**મદેવનુ લશ્કર **સુ**લ્તાનના લશ્કરની સામે રણ-ક્ષેત્રમા જઇને ઊભુ રહ્યું. **સુ**લ્તાન હિંદુઓની આટલી મોટી સેના કિલ્લાની અંદરની સેનાની મદદે આવેલી જોઇને ભડકયો. હજી કિલ્લાપર નિસરણીઓ લગાવીને ચડતા માણસોની મોટી સખ્યા થોડા વખત પહેલા જ નાશ પામી હતી અને તુરત જ ખુલ્લા મેદાનમા આ પ્રમાણે લડવાનો પ્રસગ આવશે એમ **મ**હમૂદે ધાર્યુ નહોતુ. પરન્તુ તે એકદમ ગભરાઈ ગયો નહિ. કિલ્લામાનુ લશ્કર અને **ભી**મદેવ તથા **માં**ડળિકનુ લશ્કર એકઠુ થઈ ન જાય તેટલા સારૂ હવે તેણે પ્રયત્ન કરવા માડયો. પાચ હજાર સૈનિકોને તેણે ખાઈની પેલી મેર કિલ્લાની બાજુએ મોકલી આપ્યા અને ખાસ કરીને કિલ્લાના દર-વાજાપર લશ્કરની જોરદાર ટુકડીઓની ગોઠવણ કરી. તે લશ્કરપર કિલ્લાની અંદરના હિદુઓ કિલ્લાપર ચડીને તીરનો મારો ન ચલાવી શકે તે માટે સૌને કિલ્લાની લગોલગ જ ગોઠવ્યા અને પછી બાકીના લશ્કરવડે **મ**હમૂદે **ભી**મદેવ અને **માં**ડળિકની સામે યુદ્ધમા ઉતરવાની તૈયારી કરવા માંડી. જો હિદુ લશ્કર પોતાની મેળે ચડી ન આવે, તો તે દિવસે પોતે હિદુઓની સામે ન ચડી જવુ એવો **મ**હમૂદે નિશ્ચય કરી રાખ્યો હતો આ બાજુએ **ભી**મદેવે પણ જોયુ કે નિસરણીઓની મદદવડે કિલ્લામા પેસવાનો **સુ**લ્તાનનો પ્રયત્ન સફળ થયો નથી અને તેથી ઉલટુ હજારો મુડદાનો ગજ થવા પામ્યો છે, તેથી તે **મ**હમૂદની સામે એકદમ યુદ્ધમા ઉતરવાની તરખડમા પડયો નહિ. **સુ**લ્તાનનુ લશ્કર ઘણુ મોટું હતુ એ પ્રથમ દૃષ્ટિએ જ તેના કળ-વામા આવી ગયુ અને તેથી તેણે કિલ્લામાના લશ્કરની સાથે મળી જઇને **સુ**લ્તાનની સામે યુદ્ધ આરભવુ એવી ધારણા રાખી પરન્તુ કિલ્લામાનુ લશ્કર કે તેનો આગેવાન **હ**મ્મીર કોઈ જાણતુ નહોતું કે **ભી**મદેવ અને **માં**ડળિકનાં લશ્કરો મદદે આવી પહોચ્યા છે; એટલે એ લશ્કરની સાથે મળી જવાનુ તો શુ પણ તેને મદદે આવી પહોચ્યાનો સદેશો પહોચાડવાનુ પણ શક્ય નહોતું, કારણકે આખા કિલ્લાને **સુ**લ્તાનના સિપાહીઓ ઘેરી વળ્યા હતા. બીજી કાઇ યુક્તિઓ કામ લાગી શકે એમ રહ્યુ નહિ, એટલે **ભી**મદેવે એક તાડપત્ર ઉપર **હ**મ્મીરના નામે સદેશો લખ્યો અને એ તાડપત્રિકાને મજબૂત

બાણની અણીમાં ભેરવી **ભી**મદેવે એટલા જોરથી એ બાણ કિલ્લા તરફ છોડયું કે લાબું અંતર કાપીને તે **સો**મનાથના કિલ્લાને ઉલ્લંઘી શિવાલયના આંગણામાં આવીને પડયું. નિરભ્ર ખુલ્લો દિવસ હોવાથી તે બાણ તરફ સ્વાભાવિક રીતે જ એક બ્રાહ્મણનું ધ્યાન ખેચાયું અને તે તેણે **શં**કરપ્રસાદને બતાવ્યું. **શં**કરપ્રસાદે તે ઉઠાવી લીધું અને તે પરની પત્રિકા તથા બાણ બન્ને **હ**મ્મીરને પહોચતા કર્યા. **હ**મ્મીરમા હવે એવડુ જોર આવ્યું. અત્યારસુધી તે દુશ્મનને હઠાવવામા સફળ નીવડયો હતો અને હવે પછી દુશ્મન તરફથી કિલ્લામા પેસવાનો કાઇ પ્રયત્ન થાય તે પહેલાં **ભી**મદેવ અને **માં**ડળિકની મદદ આવી પહોચવાથી તેણે જુસ્સાપૂર્વક અને સંપૂર્ણ ખાત્રી સાથે પોતાના સૈનિકોને જણાવ્યું "વીરપુરૂષો! હવે **સુ**લ્તાનનુ નક્કી આવી બન્યુ છે. અત્યારસુધીમા હજારો સૈનિકોના જાન ગયા છતા **સુ**લ્તાન **મ**હમૂદ **સો**મનાથ **પા**ટણનુ પાધર છોડી ગયો નથી, પરન્તુ હવે નક્કી તેના અંતનો જ સમય આવ્યો છે. પણ તે અહીંથી શામાટે જાય? તેનો કાળ જ તેને અહીં બોલાવી લાવ્યો છે અત્યારસુધીમાં તેણે **હિં**દુસ્તાન ઉપર ઘણી સ્વારીઓ કરી છે અને ઘણા હિંદુ મંદિરોને તેણે તોડી નાખ્યા છે એ સઘળાનુ તેનુ પાપ હવે ભરાઇ રહ્યું છે અને તેથી શ્રી **સો**મેશ્વરના પ્રતાપે તેને અહીં ભસ્મસાત્ થવા માટે બોલાવ્યો છે, એટલે જ્યાસુધી તેનો સર્વનાશ ન થાય, ત્યાસુધી અહીંથી પાછા જવાનુ તેને ગમે જ ક્યાથી? પણ કાઇ ફીકર નહિ. આજ રાત્રિએ આપણે સઘળાએ તૈયાર થઇ રહેવુ કાલે સ્હવારે ઘણુ કરીને **ગુ**ર્જરેશ્વર તથા **સૌ**રાષ્ટ્રાધિપતિના રણવાદ્યો વાગશે અને તે સાથે યુદ્ધનો પ્રારભ થશે એ યુદ્ધનો પ્રારભ થતાની સાથે જ આપણે પણ કિલ્લાના દ્વાર ઉઘાડીને સમરાગણમા કૂદી પડવુ અને એ યવનેશ્વરને આપણું બાહુબળ બતાવી આપી દેશની બહાર હાકી કાઢવો બસ, હવે વધુ વખત કિલ્લામા બેસી રહેવાની કશી જરૂર નથી આપણા પક્ષના લડવૈયાઓની સખ્યા હવે મોટી થઇ છે તો પછી આપણે શામાટે રણક્ષેત્રમાં ખુલ્લા પડીને આપણો હાથ દુશ્મનોને ન બતાવવો જોઇએ?"

ખુલ્લા રણક્ષેત્રમા લડવાની હોશ અત્યારસુધી પૂરી નહિ પડવાથી ઘણાના હાથ ચળવળી રહ્યા હતા અને લશ્કરનો મોટો ભાગ યુદ્ધને માટે એકસરખો ઉત્સુક જ હતો, તેથી સૌએ **હ**મ્મીરના એ વિચારને અનુમતિ આપી અને રણક્ષેત્રમાં ખુલ્લા પડવાનો નિશ્ચય થતા "જય **સો**મેશ્વર, જય જય **શં**ભો!" ની ગગનવ્યાપી ગર્જના ઉઠી.

ભીમદેવે સાંજસુધી રાહ જોઇ, પણ **સુ**લ્તાનના લશ્કર તરફથી યુદ્ધ-

પ્રારભનાં કાંઇ ચિહ્નો દૃષ્ટિગોચર થયાં નહિ. બન્ને લશ્કરોની વચ્ચે લગભગ અર્ધા કોસ જેટલું એક મોટું મેદાન આવી રહેલુ હતું અને આજુબાજુનાં છૂટાં છવાયાં વૃક્ષોપર જાસૂસોને બેસારીને દુશ્મનના લશ્કરની હીલચાલ તપાસવાનું તેમને ફરમાવવામાં આવ્યુ હતું. સાંજે તેઓએ આવીને ભીમદેવને ખબર આપ્યા કે સુલ્તાને આખો દિવસ પોતાના મરણ પામેલા માણસોને ભોંયમા ભડારવાનુ અને લશ્કરને યુદ્ધને માટે સુવ્યવસ્થિત રીતે ગોઠવવાનુ જ કામ કર્યા કર્યુ છે રાત્રિ પડી એટલે ભીમદેવે પણ પોતાની સેનાને વ્યૂહમા ગોઠવવા માંડી અને મધરાતે તે ગોઠવણ પૂરી થઈ. માંડળિકે પણ ભીમદેવની પેઠે જ વ્યૂહની રચના કરીને વામ પક્ષમાં પોતાનુ સૈન્ય રાખ્યુ એવુ ઠરાવવામા આવ્યુ કે પ્હો ફાટતા જ ભીમદેવે યુદ્ધની શરૂઆત કરવી અને એકાદ પ્રહર દિવસ ચઢયે જ્યારે ભીમદેવના સૈનિકો કાંઇક શ્રમિત થાય ત્યારે માંડળિકે પોતાની સેના સાથે મોખરામા આવી જવુ

મધરાત વીતી ગઇ. વ્યૂહની રચના બરાબર થઇ ગઇ સૈનિકો પોતપોતાને સ્થાને જરા આડે પડખે થયા ગુપ્ત ચારો પણ આખા દિવસનો વૃત્તાત જણાવીને વિરામ લેવા લાગ્યા પરન્તુ ભીમદેવને વિરામ લેવાનુ ગમ્યુ નહિ. તે કાળો પોશાક ધારણ કરીને લસ્કરમા ફરવા નીકળ્યો. બકુલાદેવી પણ તેની સહચારિણી થઇ. સૈનિકોની એક પછી એક પક્તિની તપાસ લેતા તેઓ ફરવા લાગ્યા. કોઇ સૈનિકો નિદ્રામા ઘોરતા જણાતા હતા, તો કોઇ કાઇ વાતો કરીને પ્રભાત ક્યારે થાય તેની રાહ જોતા હતા ભીમદેવ અને બકુલાદેવી ગુપચુપ આ સર્વ પ્રકાર જોતા અને સૈનિકોની વાતો સાભળતા તથા તે ઉપર અનુમાનો કરતા ફરતા હતા, એવામાં એક રાજપૂત સૈનિક પણ પોતાની પેઠે હરતો ફરતો ભીમદેવના જોવામા આવ્યો.

ભીમદેવે હાક મારી "કોણ છે એ?"

"એ તો હુ હરસિગ રાઠોડ" ઉત્તર મળ્યો.

"અત્યારે કેમ આમ તેમ ફર્યા કરો છો?" ભીમદેવે પ્રશ્ન કર્યો

"ઉંઘ આવતી નથી એટલે ફરૂ છુ: પ્રભાત થતા પહેલા પાછો મારે સ્થાને ગોઠવાઇ જઇશ." પેલા સિપાહીએ ઉત્તર આપ્યો.

એ ઉત્તર સાંભળીને ભીમદેવ તથા બકુલા આગળ ચાલ્યા, કેટલેક દૂર ગયા પછી બકુલાએ સ્વામીને પ્રશ્ન કર્યો: "નાથ! પેલા રાજપૂત સિપાહીના સ્વરમાં તમને કાંઇ વિકૃતિનો ભાસ થયો કે નહિ?"

"નહિ, તે કોઇ આપણો સિપાહી જ હતો."

"મને તે માટે શકા છે, તેના અવાજ ઉપરથી મને શકા પેદા થઈ છે, તે કોઈ પરાયો માણસ જણાય છે. ચાલો આપણે તપાસ કરીએ." બકુલાએ કહ્યું અને તુરત જ તે પાછી ફરી, એટલે ભીમદેવ પણ તેની પાછળ દોરાયો. કેટલેક દૂર જતા તે જ સિપાહી એક સ્થાને ઉભેલો અને ચારે બાજુએ નજર ફેરવતો જણાયો. બકુલાએ ધીમે પગલે તેની પાછળ જઇને એકદમ પ્રશ્ન કર્યો. "તમે કોણ છો ?"

"એ તો હુ હરસિગ રાઠોડ." ઉત્તર મળ્યો

બકુલાએ તેના મ્હોની નજીક પોતાનુ મ્હો લેઈ જઇને તેનો ચહેરો ઓળખવા માડયો પોતાની દાઢીને એક ઓકાનીવડે બાધી લેઇને અને માથે રાજપૂતના જેવુ ફાળીઉ વીટીને તથા તેને અનુસરતા જ બીજા વસ્ત્રો ધારણ કરીને રાજપૂત બનેલો તે એક મુસલમાન વેશધારી જણાયો બકુલા તેને જોઇને ભડકી ઉઠતી બોલી "જુઓ, જુઓ, મહારાજ ! આ તો કોઈ મુસલમાન જેવો જણાય છે"

"હે, શુ લશ્કરમા મુસલમાન પેઠો છે ?" એકીસામટા પાચ સાત સ્વરો સભળાયા અને ભીમદેવની સાથે આસપાસમા જાગતા બેઠેલા દશ-બાર રાજપૂત સિપાહીઓ પણ તે સ્થળે દોડી આવ્યા પેલો મુસલમાન પણ કાઇ અસાવધ નહોતો તત્ક્ષણ તેણે પોતાની તલવાર મ્યાનમાથી બહાર કાઢી અને ધસી આવનારા રાજપૂતો, ભીમદેવ તથા બકુલાની સામે ઉગામી, પરન્તુ તેની તલવારનો કાઇ જ ઉપયોગ થાય તે પહેલા તો ભીમદેવે પોતાની તલવાર તેના હાથ ઉપર એવા તો જોરથી લગાવી કે તેના હાથ અને તે હાથે પકડેલી તરવાર એ બન્ને એકીસાથે નીચે પડયા તથા લોહી લોહાણ થઇ ગયેલો મુસલમાન બેભાન બની જઇ પડી ગયો

બકુલા બોલી ઉઠી "મહારાજ ! જોયો આ મુસલમાનોનો દગો ? પણ આ દગો હજી આટલેથી જ અટકતો નહિ હોય આસપાસમા તપાસ કરાવો; કદાચ મુસલમાન લશ્કર નજીકમા જ કયાય ભરાઇ બેઠુ હશે"

ભીમદેવે તુરત જ એક સો ઘોડેસ્વારોને તૈયાર કરાવ્યા એક બાજુએ કેટલાક અતરસુધી માંડળિકનુ લશ્કર વિસ્તરેલુ હતુ, બીજી બાજુએ કિલ્લાની વિશાળ ખાઇ આવેલી હતી, ત્રીજી બાજુએ પહાડી પ્રદેશ હોવાથી નાના મોટા ડુગરા આવેલા હતા, અને માત્ર એક જ દિશા એવી હતી કે જે તરફથી સુલ્તાનનુ લશ્કર આવી શકે તેમ હતું, તેથી તૈયાર કરેલા સો ઘોડેસ્વારોને તે દિશાએ રવાના કર્યા તે ઘોડેસ્વાર રવાના થયાને એકાદ ઘટિકા પણ વ્યતીત નહિ થઈ

હોય, એટલામાં તો તે દિશાએથી ભયંકર બુમરાણ મચેલુ **ભી**મદેવના સાંભળવામાં આવ્યું એટલે તેણે એકદમ આખા લશ્કરને કૂચ કરી જવાનુ ફરમાવ્યુ માત્ર એક જ ક્ષણમા લશ્કર તૈયાર થઇ ગયુ અને મોટી ત્વરા સાથે તે આગળ વધવા લાગ્યુ કેટલેક દૂર જતા પાચ હજાર મુસલમાન સૈનિકોનો ભેટો થયો અગાઉ મોકલેલા સો ઘોડેસ્વારોમાંના કેટલાક તો મરાઇ ગયા હતા અને કેટલાક મુસલમાનોને હાથે કેદ પકડાયા હતા. **ભી**મદેવની સેના સામે આવીને ઉભી રહેતાં જ, જે યુદ્ધ પ્હો ફાટતાં શરૂ થવાનુ હતું, તે પરોઢમાં જ શરૂ થયુ **ભી**મદેવની સાવધાનતાથી, પાચ હજાર મુસલમાન સૈનિકો અધારામા છાપો મારવાના ઇરાદાથી આવ્યા છતા, તેમાં તેઓ સફળ થઈ શક્યા નહિ. ગુજરાત અને **સૌરા**ષ્ટ્રની ભાષાથી જાણીતો થએલો મુસલમાન સરદાર **હ**બીબ જ આ મુસલમાનોની સેના સાથે અજાણતાં છાપો મારવાને આવ્યો હતો અને **ભી**મદેવે જેનો હાથ કાપીને પોતાનો કેદી બનાવ્યો હતો તે પણ **હ**બીબ જ હતો તે વેશબાદલો કરીને **ભી**મદેવનુ લશ્કર કેવડુ છે તે જોવાને અદર પેસી ગયો હતો, પરન્તુ તે બાતમી મેળવીને તે પાછો ફરી શકે તે પહેલાં તો તે ઘાયલ થઇને **ભી**મદેવનો કેદી બન્યો અને તેના પાંચ હજાર સૈનિકો સરદાર વિનાના બની ગયા. તેઓએ **ભી**મદેવની સેના સાથે અવ્યવસ્થિત યુદ્ધ મચાવ્યુ, પરન્તુ તેમાના અર્ધ ઉપરાંત સૈનિકો માર્યા ગયા એટલે જીવતા રહેલાઓ પુઠ ફેરવીને **સુ**લ્તાનની છાવણી તરફ નાસવા લાગ્યા તેમાનો એક પણ મુસલમાન **સુ**લ્તાનની છાવણી સુધી જીવતો પહોચીને પોતાની દુર્દશાનો વૃત્તાત કહી સભળાવે નહિ તેટલા માટે રાજપૂતો તેમની પાછળ પડયા, પણ થોડે દૂર જતાં જ **સુ**લ્તાનની સેના તેઓની મદદે આવી પહોંચેલી જણાઇ

અરૂણોદયનો સમય હતો દુશ્મનને પોતાની સામે મોટી સેના સાથે આવી ઉભેલો જોઇને **ભી**મદેવે વ્યૂહને પુનઃ વ્યવસ્થિત કર્યો અને **માં**ડળિકને પોતાની સેના સાથે નિકટમા આવીને પડવાનો સદેશો મોકલાવ્યો. બન્ને લશ્કરોમાંથી છૂટાં છવાયાં તીરો તો ફેંકાતાં જ હતાં પરન્તુ થોડી વારે બન્ને પક્ષનાં રણવાદ્યો ઘોર ધ્વનિ ગજાવવાં લાગ્યા, ત્યારે બન્ને સૈન્યો વચ્ચે અતિભયકર યુદ્ધ મચ્યુ **સુ**લ્તાનની સાગરસમી વિશાળ સેનાની સમક્ષ **ભી**મદેવની સેના નાની જણાતી હતી, પરન્તુ **ભી**મદેવના સૈનિકોમાં જે અનુપમ શૌર્યવીર્ય રહેલાં હતાં, તેનુ પ્રમાણ કાઢીએ તો બન્ને સૈન્યો લગભગ સરખાં થવા જતાં હતાં. **સુ**લ્તાનની એ વિશાળ સેનાને થોડી વારમાં **ભી**મદેવના સૈનિકોએ તીરોના ભીષણ વરસાદવડે હ-

ફાવી મેલી એટલામાં સિંહની પેઠે ત્રાડ મારતો **હમ્મીર** પોતાના પાંચ હજાર સૈનિકોની સાથે અશ્વવેગે દોડતો આવીને **ભીમ**દેવની સેનાના મોખરામાં આવીને ઉભો. તેને આવેલો જોઇને **ભીમ**દેવ આશ્ચર્ય પામ્યો. **સુ**લ્તાનનુ લશ્કર કિલ્લાને ઘેરીને ઉભું હતુ, છતાં તેની વચ્ચેથી માર્ગ કરીને **હ**મ્મીરને આવી પહોંચલો જોઇને **ભીમ**દેવ તેના શૌર્યવીર્યની અતરથી પ્રશસા કરવા લાગ્યો. તે પ્રશસા પ્રકટ કરીને અભિનન્દન અર્પવાનો અત્યારે સમય નહોતો, કારણકે **હ**મ્મીરને પોતાના અનુયાયીઓ સાથે કિલ્લાના ઘેરાને પાર કરીને અને **સુ**લ્તાનના સૈનિકોની મોટી સખ્યાની કત્લ ચલાવીને **ભીમ**દેવની સાથે મળી જતો જોતા જ **સુ**લ્તાને લડતા સૈન્યમા બીજા તાજા લશ્કરનો ઉમેરો કર્યો હતો અને તેથી રાજપૂત સેનાપર તીરોનો અસાધારણ વરસાદ વરસી રહ્યો હતો

ભીમદેવ પોતાના સૈન્યની મધ્યમાં એક હાથીપર સ્વારી કરી રહ્યો હતો અને સૈનિકોને ઉત્તેજન આપી રહ્યો હતો **હ**મ્મીરના સૈનિકો પોતાના લશ્કરમા ઉમેરાએલા જોઇને તેનામા વધારે ધૈર્ય આવ્યુ અને તે બોલી ઉઠ્યો "સાબાશ, સરદારો ! સાબાશ ! આજે તમે તમારા રણોત્સાહથી તમારા પૂર્વજોને પણ સ્વર્ગમા આનદ ઉપજાવ્યો છે ! ધન્ય છે તમને અને ધન્ય છે તમારી માતાઓને ! હા, જો તમે કાયર થઇને બેસી રહ્યા હોત, તો પરદાસ્યના ભયકર કટકા તમારે સહન કરવા પડત અને તમારો સ્વધર્મ તથા સ્વદેશ યવનોના હાથમા જઇને પડ્યો હોત ! પણ ફીકર નહિ, તમે આજે તમારૂ ખરૂ નૂર બતાવી આપ્યુ છે અને આ પરપીડક યવનેશ્વરની ખાપરીને **સો**મનાથના કીલ્લા સમારતી વખતે તેમા ચણી લેવાના કામમા લેઈ શકાય તેવો જ યોગ આવ્યો છે સરદારો ! વીરપુરૂષો યુદ્ધમાં પડતા પણ પાછા હઠતા નથી કારણકે તેમને સ્વર્ગમા તેડી જવા માટે અપ્સરાઓ આકાશમા વિમાનારૂઢ થઇને પરિક્રમણ કરી રહી હોય છે, માટે યવનોનો ધ્વંસ કરવાને અથવાતો રણયજ્ઞમા સ્વાત્માની આહુતિ આપીને સ્વર્ગમા અપ્સરાઓને વરવાને આગળ જ વધ્યા કરજો તમારા હિદુપણાને માટે, તમારા ધર્મને માટે, તમારા જાતિકુળને માટે, તમારા સરક્ષણને માટે અને તમારાં સ્ત્રીપુત્રોને માટે અડગ રહીને લડજો, મારા શરવીર ગુજરાતીઓ ! પણ **સિંધુ, ચેદિ, માળવા, આંધ્ર** આદિ દેશોપર વિજય મેળવ્યા પછી આ યુદ્ધમાં અપકીર્તિ મેળવશો નહિ "

અંબાડીની પાછળના ભાગમા બખ્તર ધારણ કરી બેઠેલી **બ**કુલાદેવી બોલી: "મહારાજ ! વીરપુરૂષોના શબ્દો પણ તીર કરતાં વધારે જોરદાર હોય છે જુઓ તો, તમારા આ ઉત્તેજનના શબ્દો સાભળીને આ ઉશ્કેરાએલા સૈનિકો કેવા જોરથી લડે છે ?"

"દેવી ! મારા શબ્દો કરતાં તેમાં વધારે અસર નીપજાવનારી તો ધર્મભક્તિ અને દેશભક્તિ છે. આ યુદ્ધમા તમે જે કાંઇ જુઓ છો તે કરતાં એક વિશેષતા હું જોઉ છુ. જ્યારે જૂદા જૂદા દેશો મેળવવાને માટે મે યુદ્ધો કરેલા, ત્યારે મારા સૈનિકોને આટલા જોરથી લડતા મે નથી જોયા. પરન્તુ આ પ્રસગે સ્વદેશરક્ષણ અને સ્વધર્મરક્ષણનો પ્રશ્ન ઉપસ્થિત થયો હોવાથી જ સૈનિકોમાં આટલુ બધુ તેજ ઉમેરાએલુ હુ જોઉ છુ." **ભી**મદેવ બોલ્યો : " અને હા, કદાચ શ્રી **સો**મેશ્વરનો પણ એ પ્રતાપ હોય !" **ભી**મદેવે એ છેલ્લા શબ્દોમા પોતાની ધર્મશ્રદ્ધા પ્રકટ કરી.

બકુલા બોલી : " પણ નાથ ! જુઓ, **સુ**લ્તાન પણ આપની પેઠે હાથીપર ચડ્યો જણાય છે. અત્યારસુધી તેનો હાથી જોવામાં આવતો નહોતો, તે હમણા જ દેખાયો. ધનુષ્યપર એક ઝેરી બાણ ચડાવો "

"તમે પણ ચડાવો અને હુ પણ ચડાવુ. એ દુષ્ટને માર્યા વિના અથવાતો ઘાયલ કર્યા વિના આ દેશમાથી જો જવા દઇએ તો આપણા શૌર્યને બટ્ટો લાગે "

બકુલા સ્મિત કરતી બોલી : " પણ મારૂ બાણ તો એટલે દૂરસુધી પહોચી પણ નહિ શકે" એમ કહેતી **બ**કુલાએ ધનુષ્યપર બાણ ચડાવ્યુ અને અબાડીમા ઊભા થઇને એવા તો જોરથી તે છોડ્યુ કે **સુ**લ્તાનના હાથીના કુભસ્થળ સાથે અથડાઇને તે પાછુ પડ્યું. **બ**કુલાનુ બાણ નિષ્ફળ ગએલુ જોઇને તે જ ક્ષણે **ભી**મદેવે બરાબર તાકીને એક ઝેરી બાણ છોડ્યુ અને ને એવા તો જોરથી **સુ**લ્તાને માથાપર પહેરેલા લોખડના ટોપપર વાગ્યુ કે ટોપ એકદમ ઉડી પડ્યો અને **સુ**લ્તાન ભયભીત બની ગયો **સુ**લ્તાન પોતાની સેનાની પાછળના ભાગમા એટલે દૂર ઉભો હતો કે તેટલેસુધી હિદુ સૈનિકોનાં બાણ પહોચી શકે જ નહિ, પરન્તુ 'બાણાવળી' નુ આ 'બાણ' મોટા જોરમા આવેલુ જોઇને **સુ**લ્તાન એટલો ગભરાઇ ગયો કે તેણે હાથીપરથી ઉતરી જઇને તુરત જ ઘોડાપર સ્વારી કરી.

પ્રકરણ ૨૦ મું.

મહમૂદ હારવાની અણીપર.

એક પ્રહર પૂર્ણ થઈ ગયો એટલે ગુજરાતી યોદ્ધાઓની આગળ **સૌ**રાષ્ટ્રીય યોદ્ધાઓ આવીને ઊભા. રા' **માં**ડળિક પોતાના સૈન્યની મધ્યમાં રહ્યો અને સેનાપતિ **અર્જુ**નજી વ્યૂહને વ્યવસ્થિત રાખીને યુદ્ધ ચાલુ

રાખવા માટે યોદ્ધાઓને ઉશ્કેરી રહ્યો. ગુજરાતીઓના જેટલા જ શૌર્ય સાથે સૌરાષ્ટ્રીય યોદ્ધાઓ પણ લડયા અને ખાસ કરીને સેનાપતિ અર્જુનજીની યુદ્ધકળાકુશળતાને પરિણામે સુલ્તાનના મોટા લશ્કરને હફાવવામાં હિંદુ લશ્કર ફત્તેહ પામ્યુ. જેમ જેમ સુલ્તાન પોતાના લડતા સૈન્યમાં તાજા સૈન્યનો ઉમેરો કરતો હતો, તેમ તેમ અર્જુનજી પોતાના સૈન્યની એવી ગોઠવણ કર્યે જતો હતો કે સુલ્તાનનુ તાજુ લશ્કર પણ ફાવી શકે નહિ. આખુ નભોમંડળ કર્ણભેદી ગર્જનાઓથી ગાજી રહ્યું અને લડવૈયાઓની હીલચાલથી ઉડતી રજને લીધે આકાશ છવાઇ ગયુ. ચોમેર ધુમસ ચડયુ હોય અને સૂર્ય તે તળે છૂપાઇ ગયો હોય તેવી રીતે સૂર્યનો આછો આછો તડકો બન્ને લશ્કરોપર છવાઇ રહ્યો હતો. સામસામાં ઉડી રહેલા તીરો એક બીજાની સાથે અથડાઇને પાછા પડતા, નિષ્ફળ જતાં અને દુશ્મના કાળજામા પેસી વ્યથા ઉપજાવતા હતા. કોઇને પણ ભૂખ તરસનુ ભાન રહ્યું નહિ, અને સામા પક્ષને હરાવવો એટલુ જ ધ્યાન લાગી રહેલુ હતું મુસલમાન સૈનિકો પણ કાંઈ થોડા જોરથી લડતા નહોતા. પરન્તુ બન્ને પક્ષો તરફથી જે યુદ્ધ ચાલતું હતું તેમાં સ્વલ્પ ભેદ હતો મુસલમાનો જીત મેળવવવા માટે આવ્યા હતા અને હિંદુઓ પોતાના દેશનું અને ધર્મનુ સંરક્ષણ કરવામાં ઉદ્યુક્ત થયેલા હતા, એટલે મુસલમાનો કરતાં હિંદુઓ વધારે ઝનૂનથી લડતા હોય તે સ્વાભાવિક હતું સુલ્તાનના સૈન્યમાં દાખલ થયેલા સ્વયસૈનિકો માત્ર મોટી લૂટ મેળવવાના ઇરાદાથી આવ્યા હતા, ત્યારે હિંદુ સ્વયસૈનિકો પોતાની ધર્મભક્તિથી પ્રેરાઇને યુદ્ધમાં ઉતર્યા હતા આ કારણુથી મધ્યાહ્ન થતાસુધીમાં તો સૌરાષ્ટ્રીય સૈનિકોએ સુલ્તાનના લશ્કરનો મોટા પ્રમાણમા દાટ વાળી નાખ્યો. અર્જુનજીના એક તીક્ષ્ણ બાણથી સુલ્તાનનો મુખ્ય વઝીર અહમદ હુસેન ઘવાયો, અને તે સાથે તેના હાથ તળે લડતું લશ્કર નાસીપાસ થઇ ગયુ. વઝીરને ઘવાએલો જોઇને સુલ્તાન ગભરાટનો માર્યો 'આહ' મારી ઉઠયો અને બોલ્યો: "ઓ એક આખવાળા અર્જુન! તારી એક આખ મને બહુ સાલી રહી છે, જો ખુદા અહીં આવીને મને કાઇ પણ માગવાને કહે તો હુ તારી તે જીવતી આખ જ માંગી લઉ!"* પોતાના વઝીરની આ દશા જોઇને સુલ્તાન ગભરાયો ખરો, પરન્તુ તે એકદમ નાહિંમત થઇ ગયો નહિ. તેણે પોતાના સિપહસાલાર અબુલ હસનને

---

*" અરજણ એક જ આખ, સાલે મન સુલ્તાનને,
" બીજાને બે આખ, નચા કોઇ જાણે નહિ"

તેના લશ્કર સાથે મોખરામાં આવ્યો અને મોખરાના લશ્કરને પાછળ રાખી યુદ્ધ ચાલુ રાખ્યુ. પરન્તુ **અબ્બુલ હુસનને પણ** ત્રાહિ ત્રાહિ પોકરાવવામાં હિંદુ સૈન્યે જરા પણ વાર કરી નહિ જેમ જેમ **સુલ્તાન** પોતાનુ નવું સૈન્ય મોખરામા લાવતો જતો હતો તેમ તેમ હિંદુઓ મુસલમાનોની નિર્બળતા જોઇને વધારે જોરપર આવતા હતા અને "જય **સોમેશ્વર**, જય જય **શંભો**" ની ગર્જનાથી રણક્ષેત્રને ગજાવી મૂકતા હતા, તેના પ્રત્યુત્તરમા **સુ**-લ્તાનનુ સૈન્ય "અલ્લાહો અકબર" ની ગર્જના કરતુ પરન્તુ તે ગર્જના હિંદુઓની ગગનભેદી ગર્જનામા ડૂબી જતી જણાતી

એટલામા મધ્યાહ્નનો સમય થયો અને **ભીમ**દેવ તથા **હમ્મીર** પાછા પોતપોતાના સૈન્ય સાથે મોખરામા આવ્યા **સુલ્તાનના** સૈન્યના મોખરામાં રહીને લડતા **અબ્બુલ હુસનને** સબોધીને **ભીમ**દેવ એક ત્રાડ મારીને કહ્યુ: "ઓ યવન સરદાર ! તારા પગ નીચે જરા નજર કર અને જો કે તારા દેશબધુઓના માથા કેટલી મોટી સખ્યામા રોળાઇ રહ્યા છે અને તે-ઓના રૂધિર તથા માસનો કેવો કીચડ થયો છે ! તારા સૈનિકોનો આવો ઘટ્ઘાણ થાય છે, છતા તને કાંઈ સાન વળતી નથી ? ભલા માણસ ! મને તારા **સુલ્તાનની** અને તેના મોટા સૈન્યની બહુ દયા આવે છે, માટે કહુ છુ કે હજી પણ સમય વિચારીને મારી માગીને પાછો ચાલ્યો જા, નહિ-તો તમારી સઘળાની કબ્ર કરવા માટે આ દેશમાથી પત્થર પણ નહિ મળે !"

અબ્બુલ હુસન તેવી જ ભીષણ ગર્જના સાથે ગર્વપૂર્વક બોલ્યો "અવ કાશીર રાજા ! લડાઈ કરવામા જીભ ચલાવવાની કાઇ જ જરૂર પડતી નથી માટે વધારે બોલ્યાવિના યુદ્ધ ચાલુ રાખ એટલે પછી તારૂ જોર કેટલુ છે, તે જણાઇ આવશે અમે તમો સઘળાને અમારા પાક દીનમા લાવ્યા વિના જીવતા નહિ રહેવા દેવાનો નિશ્ચય કર્યો છે અને એ નિશ્ચય અમલમા લાવતા હવે અમે કાંઈ વિલબ કરવાના નથી."

અબ્બુલ હુસનના આ શબ્દોથી એકલા મુસલમાન સૈનિકો જ નહિ, પણ હિંદુ સૈનિકો પણ ઉત્તેજિત થયા 'યવનો શુ અમને મુસલમાન બનાવવાનો ગર્વ ધરાવે છે ?" એ સ્વાભાવિક વિચાર પ્રત્યેક હિંદુના ચિત્તમાં ઉદ્-ભૂત થયો અને તેઓમાં પહેલા કરતા બમણુ જોર ઉમેરાયુ **હમ્મીર** તો મર-ણીઓ થઇને યવનોની સામે ધુરકયો અને તેના સૈનિકો પણ તેની પાછળ રહીને આગળ દોડયા. બન્ને સેનાઓ વચ્ચે હવે બહુ અતર રહ્યુ નહિ, તેથી પ્રત્યેક બાણ કાંઇ ને કાંઈ અસર નીપજાવ્યા વિના રહેતું નહિ હિંદુ-ઓનુ આ જોર જોઇને મુસલમાન સૈનિકો તો મ્હે ખાઇ ગયા. તેઓ હિંદુ-

ઓને બહુ આગળ વધેલા જોઇને એ ચાર ડગલા પાછા હટયા, એટલે હિદુઓ વિજયના વિશ્વાસ સાથે વિશેષ જોરમા આવ્યા. મામલો અણીપર આવી રહ્યો હતો અને હિદુઓ એટલા જોરથી ધપતા જતા હતા કે મુસલમાનો થોડી વારમાં પુઠ બતાવશે એવી આશકા ઉત્પન્ન થઇ એક હજાર સૈનિકો સાથે પાછો **અર્જુનજી** હિદુ સૈન્યમાં જોડાયો, એટલે તો પછી મુસલમાનોમાં મોટો શોર મચી રહ્યો. લશ્કરની ડાબી બાજુ તો ખળભળી ગઇ અને પાછી પણ હઠી ગઇ. આ પ્રકારનો રણરગ જોઇને **સુલ્તાન** ગભરાઇ ગયો અને હવે વિજય મેળવી શકાશે નહિ તેવો સશય તેના ચિત્તમાં ઉદ્ભૂત થયો.

મનુષ્યસ્વભાવનુ એ એક લક્ષણ છે કે આપત્તિકાળમા તે ઇશ્વરને સભારે છે; અને જ્યારે એ કાળ વ્યતીત થઇ જાય છે ત્યારે ઇશ્વરનુ તેને સ્મરણ પણ રહેતું નથી **સુલ્તાન મહમદ** જેટલો ધનસચયનો ઉપાસક હતો, તેટલો ખુદાનો ઉપાસક નહોતો, તોપણ આ સમયે તેને એકદમ ખુદા યાદ આવ્યો, કારણકે મામલો એવી અણીપર આવી રહ્યો હતો કે મુસલમાન સૈનિકો નાસી જવાની શક ક્ષણે ક્ષણે વૃદ્ધિગત થતી હતી. બીજુ તાજુ સૈન્ય હવે રહ્યુ નહોતુ અને જે સૈન્ય લડયા વિના એક બાજુએ રહ્યુ હતું, તે તો થાકીને લોથપોથ થઇ ગયુ હતુ. તેથી કોઇ પણ મનુષ્યપ્રયત્ન સફળ થાય તેમ **મહમૂદને** જણાયુ નહિ. તે એકદમ પોતાના ઘોડાપરથી નીચે ઉતરી ગયો અને લોહીથી ભીંજાએલી ભૂમિપર એક ચાદર પાથરી તે પર ઘુટણમડીએ પડી મદદ માટે ખુદાની બદગી કરવા લાગ્યો. એ બદગી કરવામા પાચેક પળ વ્યતીત થઈ ગઈ અને તુરત જ આંખો ઉઘાડીને **સુલ્તાને** નજર કરી તો જણાયુ કે પોતાનુ લશ્કર યુદ્ધ બધ કરીને પલાયન કરવામા પ્રવૃત્ત થયુ હતુ અને હિદુઓ તરફથી અગણિત બાણોનો વરસાદ પોતાના સૈનિકોપર વરસી રહ્યો હતો!

પ્રકરણ ૨૧ મું.

બાજી પલટાઈ ગઈ!

થોડા વખત પહેલાં ગર્વિષ્ઠ શબ્દો બોલનાર **અબુલ હસન** અત્યારે પોતાના સૈનિકોને પૂઠ ફેરવીને નાસતા જોઇને ગભરાઇ ગયો હતો અને હવે શું કરવુ

---

* **Mahmood at this moment perceiving his troops to waver, leaped from his horse, and, prostrating himself before God implored his assistance** -***Ferishta***

ઊભા રહીને લડવુ કે નાસી જવુ તેના વિચારમા પડ્યો હતો અશ્વપર બેઠાબેઠા તે ચારે દિશાએ નજર ફેરવી રહ્યો હતો, અને પોતાના લશ્કરની બાજુઓને તે બળભળી ગયેલી જ જોતો હતો. જ્યા અને ત્યા હિંદુ સૈનિકો તરફનો મારો મોટા પ્રમાણુમા ચાલી રહ્યો હતો અને મુસલમાન સૈનિકો પડતા જ જોવામાં આવતા હતા આ મામલો જોઇને સુલ્તાનના સિપહસાલારની હિમ્મત ટકી શકી નહિ. આસપાસમા તેણે નજર કરી તો સુલ્તાન પણ ક્યાય જોવામાં આવ્યો નહિ. આ વખતે સુલ્તાન ઘોડાપરથી ઉતરીને ખુદાને બંદગી કરવાના કામમા રોકાએલો હતો; પરન્તુ અબુલ હસને ધાર્યું કે સુલ્તાન પણ પોતાનો જીવ બચાવવાને નાસી ગયો જણાય છે. તુરત જ તેણે પોતાની પુઠ ફેરવી અને છાવણી તરફ નાસી જતા પોતાના સિપાહીઓની સાથે સાથે તેણે પણ નાસવા માડ્યુ. તેની સાથે બીજા નાના મોટા સિપહસાલારો પલાયનપ્રવૃત્તિમા પડ્યા.

પોતાના સરદારોને પણ નાસતા જોઇને સુલ્તાન વધારે ગભરાયો. તેણે પોતાના મનથી નિશ્ચય કર્યો કે અવશ્ય ખુદા પોતાની પાયમાલી કરવા જ તૈયાર થયો છે. ચારે બાજુએ લશ્કરની નાસભાગ થતી જોઇને ગભરાટના માર્યા સુલ્તાનના નેત્રોમાથી એક બે અશ્રુબિંદુઓ પડ્યા અને પોતાના સૈનિકોના લોહીથી બનેલા કીચડમા ભેળાયા. પણ તે જ ક્ષણે એ બહાદુર સુલ્તાન સાવધ થયો શોક કરવાનુ કે ઊભા ઊભા જોયા કરવાનુ મૂકી દઇને તે પુન ઘોડાપર સ્વાર થયો અને ઘોડાને આડકટો દોડાવીને સિપહસાલારને નાસી જતો અટકાવ્યો. અબુલ હસનનો હાથ પકડીને સુલ્તાન જુસ્સાભેર બોલ્યો " મારા બહાદુર સરદાર! કેવી શરમની વાત છે? શુ તું જીવતો છે ત્યાસુધી મારૂ લશ્કર નાસભાગમા પડે ખરૂ? ક્યા ગયુ તારૂ ખમીર અને ક્યા ગઇ તારી હિમ્મત! ચાલ, પાછો ફર અને મયદાને જગમા ઉભો રહી એ કાફરોની કત્લ ચલાવ. મરીશ તો બિહિસ્તની હુરોને વરીશ અને જીવીશ તો કાફરોને આપણા પાક મજહબમા લાવ્યાનુ પુન્ય હાસલ કરીશ, માટે હિમ્મત રાખ અને યુદ્ધ ચલાવ "

સુલ્તાનના ઉત્તેજક શબ્દોએ અબુલ હસનમા શૌર્ય આમેજ કર્યું અને તેણે પોતાના અશ્વને પાછો ફેરવી બીજા સરદારો તથા સૈનિકોને નાસતા અટકાવ્યા. થાકેલા સૈનિકોએ યુદ્ધ ફરીથી ચાલુ કર્યું અને થાકથી લોથપોથ થઇ ગએલી બે ટુકડીઓને પણ સુલ્તાને પાછી લડતા સૈન્યમાં દાખલ કરી. "અલ્લાહો અકબર" ની ગર્જના બળાત્કારપૂર્વક કરાવીને પણ તેણે પોતાના સૈનિકોમાં શૌર્યનો પ્રવેશ કરાવવા માંડ્યો. પુનઃ યુદ્ધ જામ્યુ, પરન્તુ

આ વખતે તીરોનુ યુદ્ધ બહુધા બંધ થઇ ગયુ હતું, કારણકે જ્યારે મુસલમાન સૈનિકો નાસવા લાગ્યા હતા, ત્યારે હિંદુ સૈનિકો વિજયગર્જના કરતા એકદમ ધસી જઇને તલવાર, ભાલા, કટાર તથા બીજાં શસ્ત્રોનો ઉપયોગ કરવા લાગી ગયા હતા. લશ્કરની એક બાજુ હજી ભેળાઇ નહોતી તે તીરનુ યુદ્ધ ચલાવ્યા કરતી હતી પરન્તુ મોટે ભાગે બન્ને સૈન્યો ભેળસેળ થઇ ગયાં હતા.

સુલ્તાનના લશ્કરને ફરીથી રણક્ષેત્રમા ઊભેલુ જોઇને માંડળિક જાતે પોતાના સઘળા લશ્કર સાથે લડવામા પ્રવૃત્ત થયો ભીમદેવ, હમ્મીર, માંડળિક, અર્જુનજી એ સઘળા મોટા યોદ્ધાઓ ભીષણ યુદ્ધ ચલાવવા લાગ્યા તેને પરિણામે સુલ્તાનનુ સૈન્ય પુન હચમચી ગયુ પરન્તુ એટલામા એક મહા અનર્થકારક બનાવ બન્યો સુભટ હમ્મીર લડતા લડતા ઘોડાપરથી ઉડી પડયો અને તે જ ક્ષણે એક મુસલમાન સૈનિકે તેના કાળજામા ભાલો મારીને તેનુ મરણ નીપજાવ્યુ ! ચાર હજાર હિંદુ સૈનિકો હમ્મીરના અધિપતિપણા નીચે લડતા હતા, તેઓ પોતાના સરદારને મરણ પામેલો જોઇને નિરાશ થયા અને તેઓનુ કૌવત એકદમ ખૂટી જવા લાગ્યુ ભીમદેવ હમ્મીરના મરણની વાત જાણીને શોકાતુર તો થયો જ, પરન્તુ તેના સૈનિકોને નાહિમ્મત બનેલા જોઇને મોટી ચિન્તામા પડયો હમ્મીરની જગ્યાએ તેના સૈન્યની સરદારી લે તેવો કોઈ બીજો સુભટ તેની નજરમા આવ્યો નહિ અને ત્યા કોને મોકલવો તેના વિચારમા તે પડયો. એટલામા તેની નજર પોતાની પાસે જ બેઠેલી બકુલાદેવી તરફ ગઇ. ભીમદેવ એકદમ બોલ્યો: "રાણીજી ! હવે તમારી વીરતાની કસોટીનો પ્રસગ આવ્યો છે અને હુ એક આપત્તિમા આવ્યો છુ."

બકુલાદેવી હર્ષભરિત સ્વરે બોલી. "આપની આપત્તિ દૂર થતી હોય અને મને સેવા બજાવવાનો લાભ મળતો હોય તો સત્વર કહો, તેવુ શુ કાર્ય છે ?"

"જુઓ રણવીર હમ્મીર મરણ પામ્યો અને તેનુ સૈન્ય યુદ્ધમા પાછળ પડતુ જાય છે, તેની આગેવાની લેનાર કોઈ નથી તમારામા છે હિમ્મત–તે લશ્કરની આગેવાની લેવા જેટલી ?"

"હા, નાથ ! હિમ્મત નહિ હોય, તોએ આપની આજ્ઞા તે હિમ્મત આણશે અને મને વિજય અપાવશે; માટે હુ તો અશ્વઉપર સ્વાર થતી કે તે તરફ દોડુ છુ." બકુલાદેવી એટલુ બોલતાં જ અંબાડીમાં ઊભી થઈ અને હાથીની બાજુએ બાધેલી નિસરણી છોડી, તે વડે નીચે ઉતરી, એક

ઘોડેસ્વારનો તેજદાર ઘોડો લેઈ, તેપર બેસીને હમ્મીરના લશ્કર તરફ દોડી ગઈ. લશ્કરની મધ્યમા જઈ પહોચતાં જ તે બોલીઃ “ રણવીર સુભટો ! હિમ્મત હારશો નહિ ! હમ્મીર જોકે આ યુદ્ધક્ષેત્રમાંથી અદશ્ય થયો છે, તોપણ તે આકાશમા રહ્યો રહ્યો તમારી વીરતાનુ અવલોકન કરી રહ્યો છે; માટે જરા પણ નાહિમત ન થતા યુદ્ધમા એકસરખી રીતે મચ્યા રહેજો.”

ગુર્જરેશ્વરીને પોતાની સેનાના સરદારપદે વિરાજિત થએલી જોઇને સૈનિકોમા વધારે જોર આવ્યુ અને હિંદુ સૈન્યની નબળી પડતી બાજુ પુનઃ જોરમા આવી, પરન્તુ બીજી બાજુએ માંડળિકની સેના એકાએક નબળી પડી ગઈ અર્જુનજી અને માંડળિક પોતાની સેનાને શૌર્યાવિર્ભૂત કરવાને બહુએ યત્ન કરવા લાગ્યા, પરન્તુ તેઓમા પુનઃ શૌર્યસચાર થતો જણાયો નહિ અને તે બાજુના સુલ્તાનના સૈનિકો વધારે જોરમા આવવા લાગ્યા. ચારણો અને ગઢવીઓ સેનાની મધ્યમા આવીને યોદ્ધાઓના કર્ણપુટમા શબ્દોદ્વારા શૌર્યનિર્ઝર રેડવા લાગ્યા, પણ તે પ્રયત્ન સફળ થયો નહિ માંડળિક બોલ્યો “ અરે સૌરાષ્ટ્રના વીરો ! તમારૂ શૌર્ય ક્યા ગયુ ? અરે બહાદુર ભીલ કોળી અને ભરવાડો ! તમારાં મોં કેમ ફીક્કા થઇ ગયા છે ? હા જુઓ છો શુ ? ચલાવો તીર અને નસાડો દુસ્મનને, નહિતો તમારો દેશ, તમારૂ ધન અને તમારો ધર્મ એ સર્વની યવનોને હાથે પાયમાલ થઇ જશે. ”

એક વૃદ્ધ સૈનિક માંડળિકના અશ્વપાસે આવીને બોલ્યો. ‘ લડાઇનો થાક બહુ લાગ્યો છે એટલે આજ અફીણ વ્હેલુ ઉતરી જવાથી સૌમાથી જોમ ચાલ્યુ ગયુ છે જેઓને અફીણનુ વ્યસન નથી તેઓ તો આપની ઉશ્કેરણીથી જોરમા આવે છે, પણ તેવા બહુ થોડા છે અને ત્રીજો પહોર થવા આવ્યો છે, માટે ઉતાવળે કસુબો મગાવો એટલે સૌના જીવમા બીજો જીવ દાખલ થાય

પોતાનુ સૈન્ય એકાએક નબળુ પડી જવાનુ કારણ હવે માંડળિકના સમજવામા આવ્યુ. તે દોડતે ઘોડે પોતાના મંત્રી નાથાશા પાસે ગયો અને બોલ્યો: “ નાથાશા ! કસુંબાને કેટલી વાર છે ? ”

નાથાશાએ હાથ જોડીને કહ્યુ : “ મહારાજ ! એક મોટો અનર્થ થયો છે. ગઈ રાત્રે આપણી અફીણની ગુણો એકાએક ચોરાઇ ગઇ છે અને આજે જૂનાગઢ હલકારો મોકલીને બીજું અફીણ મગાવ્યુ છે, પણ હજી આવી પહોંચ્યુ નથી. સ્હવારે તો થોડુ છૂટુછવાયુ અફીણ હતું તેમાંથી કસુંબો

કરાવીને પાયો હતો, પણ અત્યારે તો નવું અફીણુ આવી પહોંચે નહિ ત્યા-સુધી કસુંબો કરાવી શકાય તેમ નથી !"

"હે ! નખ્ખોદ જવા બેઠ–ત્યારે તો. હવે આપણા માણસો જીવતા છતાં મુઆ સમજવા અને યુદ્ધમા પણ આપણી હાર અને પાયમાલી જ સમજવી ! પણ નાથાશા ! એટલુ બધુ અફીણુ ચોરાઇ ગયુ શી રીતે ?"

"એ તો કાઇ ખબર પડતી નથી. લશ્કરની અંદરના માણસો તો કાઇ એવી ચોરી કરે નહિ, પણ દુશ્મનના માણસો વેશબાદલો કરીને લશ્કરમા પેસી જઈ ચોરી કરી ગયા હોય તેવો સભવ છે ગઈ રાતે ભીમદેવના લશ્કરમા વેશબાદલો કરીને ઘુસી ગએલો યવન સરદાર પકડાયો છે, પણ આપણા માણસોની ગફલતને લીધે આપણા લશ્કરમા પેઠેલો કોઇ યવન આ પ્રમાણે ફાવી ગયો હોય તેમ જણાય છે.' નાથાશાએ સઘળી વાત કહી સભળાવી

માંડલિકે એક ઉંડો નિસાસો મુકયો અને તે લશ્કરમા પાછો ફર્યો તેનુ હૃદય નિરાશાથી બળી રહ્યુ હતુ-સૈનિકોને નિર્બળ બનતા જોઇને ચીરાઇ જતુ હતુ આખા હિંદુ સૈન્યનો લગભગ અર્ધ વિભાગ આ પ્રમાણે નકામો બનવા લાગ્યો અને તે સાથે યુદ્ધની બાજી બદલાવા લાગી અત્યાર-સુધી પાછા હઠતા જતા મુસલમાનો હવે જોરપર આવતા જતા હતા અને ભીમદેવના લશ્કરના ગમે તેટલા બાહુબળ છતા એકંદરે સુલ્તાનનો પક્ષ વધારે પગભર થતો જણાતો હતો ભીમદેવ હાથીપર સ્વારી કરી રહીને પોતાના સૈન્યને ઉશ્કેરતો જતો હતો બકુલાદેવી અત્યારે જાતે લડવા કરતા સૈનિકોને વ્યવસ્થાપૂર્વક ઊભા રાખીને અને ઘાયલ થએલાઓને સત્વર દૂર કરી બીજાઓને ઉત્તેજક શબ્દોવડે પાણી ચડાવવામા વધારે મહેનત કરતી જણાતી હતી

સૂર્ય અસ્તાચલ તરફ ઉતાવળે પ્રયાણ કર્યે જતો હતો અને બન્ને પક્ષના સૈનિકો થાકયા હોવાથી ભાગ્યુ ભાંગ્યુ આખરૂ યુદ્ધ ચાલતુ હતુ, એવામા માંડળિકની સેના એકદમ યુદ્ધ કરતી અટકીને રણક્ષેત્રમાથી પાછી હઠી, તે સાથે જ મુસલમાનો હિંદુઓપર તુટી પડયા અને એક ભયકર કત્લ ચાલી. એ કત્લમા મુખ્યત્વે કરીને ભીમદેવના સૈનિકો જ કપાવા લાગ્યા, કારણકે માંડળિકની સેના તો મુસલમાનોને તૂટી પડતા જોઇને જ નાસવા લાગી હતી પોતાની વીરતાને શરમાવનારો આ પ્રસગ આવી પહોચેલો જોઇને અર્જુનજીને બહુ ખેદ થયો અને તેણે સૈનિકોને પાછા વાળવાનો બહુએ યત્ન કર્યો, પરન્તુ વ્યસનની તૃપ્તિ નહિ થવાથી જેમના શરીર અને મન નિર્બળ બની ગયાં હતા એવા

સૌરાષ્ટ્રીઓ પુનઃ રણક્ષેત્રમાં ઊભા રહ્યા નહિ નાસતી સેનાએ પણ **અર્જુનજીએ** ભારે યુદ્ધ મચાવ્યુ અને **સુલ્તાનને** એક વાર ઘાયલ કર્યા પછી રણક્ષેત્રમાંથી નાસવું એવી ધારણા રાખી. **સુલ્તાન** તરફ તેણે પોતાની એક આંખની મદદથી બહુએ તીર તાકીને માર્યા, પણ તે નિષ્ફળ ગયાં અને છેવટે **સુલ્તાનનો** ઘોડા ઘાયલ થયો એટલે **સુલ્તાન** બીજા ઘોડાપર સ્વાર થયો. **અર્જુનજીની** ધારણા મનમા ને મનમા જ રહી ગઈ અને મુસલમાનોનો પ્રસારો એકદમ વધી પડયો. **માંડળિક** પણ યુદ્ધક્ષેત્રને છોડી ગએલો જણાયો, એટલે છેવટે નિરાશ થઇને **અર્જુનજી** પણ રણક્ષેત્રમાથી નાસી છૂટયો. હિંદુ સૈન્યની પડતીનો હવે પ્રારભ થયો

ભીમદેવના સૈન્યનો મોખરાનો સઘળો ભાગ મુસલમાન સૈન્યની સાથે ભેળાઇ ગયો હતો. પાછળનો કેટલોક ભાગ હજી અલગ રહ્યો હતો અને તે તીરનુ યુદ્ધ ચલાવી રહ્યો હતો ભેળાઇ ગએલા ભાગમાં અસ્ત્રોનો છૂટથી ઉપયોગ થતો હતો **માંડળિકનુ** સૈન્ય નાસી ગયુ એટલે **સુલ્તાનના** સૈન્યનો કેટલોક ભાગ લડવામાથી નવરો પડયો હતો **અબ્દુલ હુસનની** ઇચ્છા એવી હતી કે **માંડળિકના** સૈન્યની પૂઠે લાગીને તેના લશ્કરની ખુવારી કરવી, પરન્તુ ચતુર **સુલ્તાને** તેમ કરવામા પોતાનુ હિત માન્યુ નહિ તેણે તે નવરા પડેલા લશ્કરને **ભીમ**દેવના લશ્કરની સામે દોર્યું અને **સુલ્તાનનો** સઘળો સૈનિકસમુદાય **ભીમ**દેવના લશ્કરપર તૂટી પડયો. હાથોહાથનુ ભીષણ યુદ્ધ મચ્યુ અને જેમ હિંદુ સૈનિકો મુસલમાનોને કાપવા લાગ્યા તેવી જ રીતે મુસલમાનો પણ દુશ્મનના સૈન્યની થોડી સખ્યા જોઇને વધારે શૂરા બની ગયા હોવાથી તેઓ પણ હિંદુઓને ભાજીની પેઠે કાપી નાખતા હતા આ ભયકર મારામારીમા **બકુલાદેવી** પણ માથુ મૂકીને યુદ્ધ ચલાવી રહી હતી. તેની ઇચ્છા આ રણક્ષત્રમા જ પ્રાણ આપવાની હતી, કારણકે વિધર્મીઓના હાથમા જીવતા જવા કરતા લડીને મરણ પામવામા તે પોતાનુ મોટુ ભાગ્ય માનતી હતી તેના શરીરે એકાદ ઘા વાગ્યો હતો પણ શૌર્યના આવેશમાં તેને તેનુ ભાન નહોતુ, કિન્તુ તેનો ઘોડો બહુ ઘાયલ થયો હતો. છેવટે ઘોડો અચેતન બનીને એકાએક પડી ગયો અને **બકુલાદેવી** નીચે ઉતરી ગઈ. તે પગપાળી થઈ જવાથી કાવરીઆવરી બનીને આસપાસ નજર કરવા લાગી, પરન્તુ નજીકમાથી કોઇનો અશ્વ મળી શકે તેમ જણાયુ નહિ. હાથીપર બેઠા બેઠા તીર ફેકવામા અને પોતાના સિપાહીઓને ઉશ્કેરવામા મશગુલ બનેલા **ભીમ**દેવને **બકુલાદેવીની** આ સ્થિતિનુ ભાન નહોતું, પરન્તુ અકસ્માત્ તેની નજર તે તરફ ગઈ અને **બકુલાદેવીને** અશ્વ

વિના ભૂમિપર ઊભેલી જોઇને તે ભયત્રસ્ત થયો તે સત્વર હાથીપરથી નીચે ઉતરી પડ્યો અને એક ઘોડેસ્વારનો ઘોડો લેઈ તે ઉપર સ્વાર થઇ દોડતે ઘોડે **બ**કુલાદેવી પાસે ગયો પરન્તુ **બ**કુલાદેવીને બચાવવાનો પ્રયત્ન કરવા જતાં એક મહા અનર્થ થયો હાથીપરની અંબાડી ખાલી જોઇને **ભી**મદેવનું સૈન્ય પૂઠ બતાવી નાસવા લાગ્યું. સરદારોએ સૈનિકોને નહિ નાસવા દેવા માટે બહુએ પ્રયત્ન કર્યો, પરન્તુ કોલાહલ અને ધમસાણ એટલા મોટા પ્રમાણમાં મચી રહ્યાં હતાં તથા મુસલમાન સેના તરફનો મારો એટલા જોરમાં ચાલતો હતો કે એક વાર નાસવા માંડેલું લશ્કર પાછું ન જ ફર્યું કેટલાક શૂરાઓ મરાયા અને કેટલાકો પકડાયા **ભી**મદેવનો હાથી મુસલમાનોના હાથમાં આવી ગયો અને જે વખતે **ભી**મદેવ **બ**કુલાદેવીની પાસે જઇ પહોંચ્યો તે વખતે તો તેનું લશ્કર એટલું અવ્યવસ્થિત થઇ ગયું હતું અને બાજી એટલી બધી પલટાઇ ગઈ હતી કે તેને પણ પોતાનું તથા પોતાની સ્ત્રીનું રક્ષણ કરવા તરફ જ વૃત્તિને દોડાવવાની જરૂર પડી આસપાસ નજર કરી, પરન્તુ સર્વત્ર નિરાશા જ ભાસવાથી એકદમ **બ**કુલાદેવીને પોતાના જ અશ્વપર બેસાડી દઈ ગુર્જરેશ્વર **ભી**મદેવે રણક્ષેત્રમાંથી પલાયન કર્યું !

હા વિધાતા ! તે નિર્દય સંધ્યાએ **સુ**લ્તાનની સેનાનો વિજય થએલો જોયો અને તે જ ક્રોધાક્રાન્ત રક્ત સૂર્યે ગુજરાતીઓને અને **સૌ**રાષ્ટ્રીઓને પૂઠ બતાવીને નાસતા જોયા ! **અ**ર્જુન જેવા બાણાવળી **ભી**મદેવ, સિંહ જેવો ટકીલો **માં**ડળિક, અને **પ્ર**તાપ જેવો શૂરો **અ**ર્જુનજી રણક્ષેત્રમાંથી નાસી ગયા અને રણધીર હમ્મીર મરાયો !* શું તે વિધાતાનો કોપ નહિ ?

*રણધીર હમ્મીરના શૌર્ય અને તેના મરણનું સ્મરણ કરાવતા નીચેના આ દુહાઓ તેની પ્રશસ્તિ તરીકે હજીસુધી લોકોને મ્હોએ અથવા તો ભાટ ચારણોના ચોપડાઓમા સચવાઈ રહ્યા છે —

વહેલો આવે વીર, સખાતે સોમયા તણી,
હીલોળવા હમીર, ભાલા અણિયે ભીમાઉત
પાટણ આવ્યા પૂર, ખળહળતા ખાંડા તણા,
ખેલે માટી શૂર, બેસાસણ સો ભીમાઉત
વેળ તાહરી વીર, આવી ઉવાટી નહિ,
ઠાકમ તણી હમીર, ભેખડ હતી ભીમાઉત
ચત ચાલણા તે વાય, અંગ જે અણસારો થયો,
ક્રમ નોય કુલ હેવાય, ભરતો આવે ભીમાઉત
શંકર તણે શરીર, માથે મ્લેચ્છાયણ તણા,
પડિયા હાથ હમીર, ભાઇ તાહરા ભીમાઉત

હારવાની અણીપર આવેલા અને ગભરાટથી આંખોમાથી અશ્રુબિંદુ વરસાવતા સુલ્તાન મહમૂદનો વિજય થયો ! ! ! શુ તે વિધાતાની अघटितघटना पटीयसी નહિ ? ! રણને ગજાવનારા કેસરી સરખા કરાળ યોદ્ધાઓ વિધર્મી સૈનિકોને હાથે મરાયા, ઘાયલ થયા અને હારીને નાસી ગયા ! ! ! શુ તે કર્મની વિચિત્ર રેખા નહિ ? ! હા વિધાતા ! હિંદુઓએ એવા તે શુ દુઃકર્મો કર્યા હતા કે તેના ફળરૂપે તેઓના કપાળે આ કાળુ કલંક તે હમેશને માટે ચોટાડ્યુ ? ! સર્વભક્ષી કાળ ! આવી કરાળ લીલાઓ કરીને આ જગતને તુ કેવા પ્રકારનુ શિક્ષણ આપવા ઇચ્છે છે ? ! શુ તેઓની ધર્મશ્રદ્ધા ડગી હતી કે તે આ તમાચો મારીને તેમને ભાનમા આણ્યા ? શુ તેઓમાથી શૌર્યનો લોપ થયો હતો કે તે શૌર્યને પુનઃ જાગૃત કરવાને તે આ ભયકર શિક્ષણ આપ્યુ ? અથવાતો શુ તેઓ પોતાના શૌર્યના ગર્વિષ્ઠ થઇ ગયા હતા કે તે તેઓને પરાજય અપાવ્યો ? અહો ! કુટીલ કાળ ! તારા વિશાળ ઉદરમાં હાથ નાંખવાનુ પામર લેખિનીમાં ક્યાંથી સામર્થ્ય હોઈ શકે ? તેમા શુ શુ ચિત્રવિચિત્રતાઓનો સચય ભર્યો છે તે સમજવાને એક અલ્પબુદ્ધિ મનુષ્ય કેવી રીતે સમર્થ હોઇ શકે ? कालस्य कुटिला गति. !

પ્રકરણ ૨૨ મું.

લૂંટ અને કત્લ.

સોમનાથના કિલ્લાનુ રક્ષણ કરનારૂ સૈન્ય મોટા પ્રમાણમા મરાઇ ગયુ અને જે થોડા પ્રમાણમા તે જીવતું રહ્યું હતું તે ભીમદેવના સૈન્યની સાથે પલાયન કરી ગયુ એટલે હવે કિલ્લાનુ કે તેમાના શિવાલયનુ રક્ષણ કરવાને

રટવટિયે રઢિયા, પાટણ પારવતી તણા,
કાકણ કમળ પછા, ભોઇ તાહગ ભીમાઉત
પડીયા હાથ હમીર, શરમપર સાહુ તણી,
શર આપ્યુ સધીર, આહુ અરથીલા ધણી
તુ મરતે મરિયા, હર શિયર હિમાયતી,
જો ચુડા ચડિયા જે, ભજ ત્રી ભાગ્યા ભીમાઉત
તુ જ હમીર હમીર, શંભૂ અને સરાહિયો,
વાઢ પડતે વીર, જકે ન ભાગ્યો ભીમાઉત
વન કાટાળા વીર, જીવીને જોવા થયા,
આબો અળગ હમીર, ભાગ્યા મોરી ભીમાઉત !

માટે બિલકુલ સૈન્ય રહ્યું નહિ. તે આખી રાતમા સુલ્તાન મહમૂદે સોમનાથના કિલ્લાને ફરીથી ઘેરો ઘાલ્યો અને સુલ્તાનના લશ્કરની વિજયગર્જનાઓ થઈ રહી તથા વિજયવાદ્યો વાગી રહ્યા. હિંદુઓના રણવાદ્યો સભળાતાં બધ થયાં એટલે કિલ્લાની અંદરના લોકો અત્યંત ભયત્રસ્ત થયા. પરપીડક મુસલમાનો હવે કિલ્લામા પેસીને કેવા કેવા અત્યાચારો ગુજારશે તેની કલ્પનાઓ લોકોને વિહ્વળ બનાવી મેલવા લાગી. શિવાલયના મુખ્ય પૂજારી શંકરપ્રસાદની આંખોમાંથી અપ્રતિહત અશ્રુધારાનો વર્ષાદ થઇ રહ્યો ! લોકો પોતાના પ્રાણસંરક્ષણની ચિંતામા પડ્યા કોઇ સમુદ્રતટ તરફનો કિલ્લાનો દરવાજો ઉઘાડી કિલ્લાની બહાર નીકળીને સમુદ્રમા હોડીઓ મૂકી નાસી જવા લાગ્યા સ્ત્રીઓ પોતાના શીલસંરક્ષણને અર્થે સતાતી કરવા લાગી, કેટલીક શિવાલયમાં આવીને કમળપૂજા ખાઈ આત્મસમર્પણ કરવા લાગી. કેટલીક સમુદ્રમાર્ગે નાસી જવા લાગી અને કેટલીક દુશ્મનોની સામે લડવાને તૈયાર થઈ ગઇ. કિલ્લામાના કેટલાક વૃદ્ધ રાજપૂતો, બ્રાહ્મણો, વણિકો અને બીજાઓ યુદ્ધમા પોતાની જરૂર નહિ પડે એમ માનીને લશ્કરમા જોડાયા નહોતા, તેઓ પણ હવે તો-અણીનો સમય આવી પહોચ્યો જાણીને લડવાને અને નહિ-મરવાને તૈયાર થયા. કમળપૂજા ખાઇ આત્મસમર્પણ કરવા આવનારી લલનાઓના આક્રંદથી, લડવામાટે શસ્ત્રોને હાથમા પકડી ચંડિકાની પેઠે ક્રોધવિહ્વળ થએલી સ્ત્રીઓની શૂરત્વોપાદક ગર્જનાથી અને બ્રાહ્મણોના સાતિસ્તોત્રો તથા પ્રભુપ્રાર્થનાઓથી શિવાલય ગાજી રહ્યું

એક બાજુએ પૂજારી શંકરપ્રસાદ સજળ લોચને શિવલિંગ પાસે પ્રણિપત કરી રહ્યો હતો અને પ્રાર્થી રહ્યો હતો “ હે ભોળા શંભો ! યવનો વિજયી થયા છે અને થોડા સમયમા તેઓ કિલ્લામા પેસી અમારો ધર્મ અમારૂ દ્રવ્ય, અમારૂ શીલ, અમારૂ સર્વસ્વ વિનષ્ટ કરશે ! તે સમયે અમારી લજ્જા રાખનારો આ સમસ્ત જગતમા માત્ર તું જ છે ! પ્રભુ ! જે પુણ્યક્ષેત્રમા તમે ચંદ્રમાનુ દુઃખ નાશ કર્યું હતું, તે ક્ષેત્રમા યવનો અમારા ધર્મનો નાશ કરવાને ચડી આવ્યા છે, છતા હજી તમે કેમ તમારા સર્વ લોચનને બધ રાખી રહ્યા છો ? શું અમારી પતિવ્રતા સ્ત્રીઓનો કલ્પાત તમારા હૃદયમા કાઇ જ અસર નીપજાવી રહ્યો નથી ? સેંકડો સ્ત્રીઓએ પોતાના શીલનો ભંગ યવનોને હાથે થવા દીધા કરતા કમળપૂજા ખાઈ પોતાનો આત્મા સમર્પણ કરવાનુ ઉચિત માન્યુ છે. છતા આ મહાવિપત્તિ પણ તમારૂ ધ્યાન ચલિત કરી શકી નથી ? શંખચૂડ જેવા અસુરનો નાશ કરવાને તમે દેવતાઓની વ્હારે ધાયા, પણ આ કળિકાળ હોવાથી જ શુ

તમે આ અસુર સુલ્તાનનો નાશ કરવાને આ બ્રાહ્મણોની વ્હારે ધાતા નથી ? હે શંભો ! હે જગતના આદિકારણરૂપ ! આ દીન જનોને સહાય કરો, સહાય કરો !"

શંકરપ્રસાદ એ પ્રમાણે પ્રાર્થના કરીને સ્વસ્થ થયો, તો તેણે બીજા હજારો વૃદ્ધો અને કિશોર વયના બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વણિકોને શિવલિંગ પાસે નમન કરીને પ્રાર્થના કરતા જોયા. તેના નેત્રોમાં પુન અશ્રુપ્રવાહ ચાલ્યો. ને ધીમેથી બરબડચો : "આ વૃદ્ધો અને બાળકો જેટલા ભાગ્યશાળી છે તેટલો હુ પ્રૌઢ વયનો હોવા છતા ભાગ્યશાળી નથી ! તેઓ યુદ્ધકળા જાણતા હોવાથી આ મહાવિપત્તિને સમયે શસ્ત્રો સજીને પોતાના ધર્મના સરક્ષણને માટે લડવાને–મરવાને સુદ્ધા તેયાર થયા છે, પરન્તુ હુ યુદ્ધકળાના જ્ઞાન વિનાનો કેવળ અબળ જ બની ગયો છુ ! તેઓ સઘળા ધર્મને અર્થે આત્માર્પણ કરશે અને હુ શુ જીવતો રહીને તેમને મરણ પામતા ટગર ટગર જોયાં કરીશ ? ઓ દુર્ભાગી શંકરપ્રસાદ ! હાય ! તુ કેમ ક્ષત્રિય જન્મ્યો નહિ ?" એમ બોલતા જ તેણે આવેશમા પોતાનુ કપાળ કૂટચુ

પાસે ઊભેલો એક વૃદ્ધ ક્ષત્રિય શંકરપ્રસાદના એ બળાપાના ઉદ્‌ગાર શ્રવણ કરીને બોલ્યો : "શંકરપ્રસાદ મહારાજ ! એમ આક્રંદ મા કરો. તમારો બ્રાહ્મણનો અવતાર અતિપવિત્ર છે અને તમે પણ કાંઈ ધર્મસેવા બજાવી શકો નહિ એમ સમજશો નહિ. પૂર્વે બ્રાહ્મણો પણ યુદ્ધથી નહિ તો અન્ય પ્રકારે ધર્મસેવા બજાવી ગયા છે"

શંકરપ્રસાદ તે વૃદ્ધ ક્ષત્રિયને પગે પડચો અને બોલ્યો : "હે વડીલ ! ભોળા શંભૂ તમારૂ કલ્યાણ કરશે ! આ દુર્ભાગી બ્રાહ્મણને તલવાર પકડતા પણ આવડતી નથી, તો કૃપા કરીને મને ધર્મસેવા બજાવવાનો અન્ય કાંઈ માર્ગ બતાવો."

"ભાઇ ! જેનામા બળ હોય છે તે બળવડે લડીને ધર્મસેવા બજાવે છે, તો જેનામા જ્ઞાન હોય તે તે સાધનદ્વારા બજાવે છે. તમારામા જ્ઞાન છે તો તમે કાઇ પણ યુક્તિથી, કળાથી પ્રસગ આવ્યે ધર્મસેવા બજાવી શકશો, માટે વિલાપ ન કરો અને ધૈર્ય રાખી બીજાઓને ધૈર્ય રાખવાનો બોધ આપો." તે વૃદ્ધ ક્ષત્રિયે કહ્યું.

આ સમયે વિલાપ કરવાથી કાંઈ વળવાનુ નથી એમ માનીને શંકરપ્રસાદે શિવાલયમા એકત્ર થએલા સ્ત્રીપુરૂષોને ધૈર્ય રાખવાનો અને 'આપત્તિમાં મહાદેવજી સાહાય્ય કરશે' એવી શ્રદ્ધા રાખવાનો બોધ આપવા માડયો.

શિવાલયના આંગણામા વળી બીજો જ પ્રકાર ચાલી રહ્યો હતો. એક પ્રૌઢ વયની ક્ષત્રિયાણી પોતાના જેવી જ શૂરી ક્ષત્રિયાણીઓનુ એક ટોળુ એકઠુ કરીને તેમને મુસલમાનોની સામે લડવાને ઉશ્કેરી રહી હતી તે જુસ્સાપૂર્વક બોલતી હતી: "બ્હેનો ! હવે આપણે જીવવુ શામાટે ? આપણા સૌભાગ્ય-સૂર્યનો રણક્ષેત્રમા અસ્ત થઈ ગયો, આપણાં સુવર્ણવલયો નકામા થઈ પડયાં અને આપણો ધર્મ તથા શીલ જે અત્યારસુધી ટકી રહ્યા છે, તે પ્રભાતમાં જ યવનોને હાથે નાશ પામશે, પછી આપણે જીવીને શુ કરવું છે ? બસ ! હવે તો કોઈ પણ ઉપાયે મરવું જ જોઇએ. વિધવાવસ્થાને પામ્યા પછી શીલનો ભગ થવા દેવા માટે અને યવનના ઘરમા એક જારિણી સ્ત્રી તરીકે બેસવાને માટે જીવવુ તે કરતા મરવુ અને અમર નામ કરવુ, એટલુ જ નહિ પણ આપણા સ્વર્ગવાસી સ્વામીઓની અનુગામિની થઇને અખડ પતિવ્રત પાળવુ તે શુ ખોટુ છે ? માટે હવે તો—

"મરવુ, મરવુ અને મરવુ જ." સ્ત્રીઓના ટોળાએ એકે અવાજે ઉત્તર આપ્યો.

"ધન્ય છે, ધન્ય છે, તમારી માતાઓને, ક્ષત્રિયપુત્રીઓ ! પણ જ્યારે મરવુ એ જ નિશ્ચય છે, ત્યારે આપણે ક્ષત્રિયમાતાનો ઉદરે જન્મ પામેલી વીરનારીઓએ યવનોની સામે થઇને તેઓની સાથે લડીને મરવુ શામાટે નહિ ? માટે તૈયાર થાઓ ! સર્વે ભગિનીઓ યવનોના રક્તથી પોતાની તલવારોને રગવાને તૈયાર થાઓ ! જેઓ દુશ્મનની સામે ઝુઝીને મરવાની હિમત ધરાવી શકે તેમ હોય તેઓ મહાદેવજીના લિગ પાસે જઈ કમળપૂજા ખાઇ મહાદેવજીને મસ્તક અર્પણ કરો ! જેઓ તેવી રીતે આત્મસમર્પણ ન કરી શકે તેમ હોય તેઓ ભલે પોતાના રત્નજડિત કકણો ચાવીને તેના વિષવડે આત્મવિસર્જન કરે ! અને હા ! જેઓ કેવળ ભીરૂ જ હોય અને આત્મસમર્પણ કરવાનુ ધૈર્ય ધારી શકે તેમ ન હોય તેઓને માટે નાસી જવા સારૂ સમુદ્રનો માર્ગ મોકળો છે ! પણ જે ખરી ક્ષત્રિયાણીઓ હશે, તેઓ શુ તેવી રીતે નાસી જવાનુ પસદ કરશે ? નહિ, નહિ ને નહિ જ ! તેઓ તો મરશે–યવનોનુ રક્ત પીશે અને પછી જ મરશે !"

આગણાની એક બાજુએ શિવાલયને આશ્રયે રહેલા બ્રાહ્મણો અને પૂજારીઓ એકત્ર થઇને કાઇ ઉડા વિચારમા મશગુલ બનેલા જોવામાં આવતા હતા કેટલીક વારે એક વૃદ્ધ બ્રાહ્મણ બોલ્યો· "ત્યારે હવે આમ ને આમ વિચારમાં તે ક્યાંસુધી બેસી રહીશુ ? આપણે બ્રાહ્મણો છીએ અને ક્ષત્રિયો નથી, તેથી શું થઇ ગયુ ? શુ આપણે આપણો જીવ બચાવવાને

નાસી જવું જોઇએ ? અત્યારસુધી શિવાલયમાં શ્રી સોમેશ્વરના આશ્રયે આપણે રહ્યા અને હવે જ્યારે ખરો આપત્તિનો પ્રસગ ઊભો થયો ત્યારે શું આપણે નાસી જવું ? ધિક્કાર છે એવો ભીરૂ વિચાર કરનારા આ બ્રાહ્મણોને અને તેમના બ્રહ્મત્વને ! ચાલો, ઉઠો, આપત્તિનો પ્રસગ વિદારવા માટે પ્રભુપ્રાર્થના કરો અને મનથી નિશ્ચય કરો કે જ્યારે યવનો આવી પહોંચે ત્યારે આપણે હથિયારો લેઇને સામા થવુ અને ધર્મને અર્થે આત્મભોગ આપવો જ્યાસુધી આપણા દેહમા આત્મા હોય ત્યાસુધી એ યવનેશ્વરને કે તેના એક પણ માણસને શિવાલયમા પેસવા દેવો નહિ, એવી સૌ કોઇ પ્રતિજ્ઞા લ્યો ”

એ વૃદ્ધ બ્રાહ્મણના આ ઝનૂની શબ્દો સાભળીને બીજાઓના અતર્ પણ ધર્મભક્તિથી ઊભરાયા, પરન્તુ વળી એક બ્રાહ્મણ બોલ્યો: “ જાણી કરીને જીવ આપવો તેમા હુ કાઇ ડહાપણ જોતો નથી આખુ યવન લસ્કર કિલ્લામા પેસશે, ત્યા આપણા જેવા મૂઠીભર બ્રાહ્મણોનુ શુ ગજુ ? તેઓ આપણને અવશ્ય મારી નાખવાના અને શિવાલયમા પેસીને ભાગફોડ કરવાના એમ થવા દેવા કરતા આપણે સુલ્તાનની સાથે સુલેહ કરીએ, તે જે માગે તે દડ આપીએ અને આપણા ધર્મને તથા દેવને ઇજા ન પહોચે તેવી રીતે તેને સમજાવી લેઇએ તો શુ ખોટુ ? ’

કેટલાક સરક્ષક નીતિવાળાઓને આ યોજના પણ ગમી ગઇ, પરન્તુ પેલા ઝનૂની વૃદ્ધ બ્રાહ્મણને તો તેથી ગુસ્સો જ ચડયો. તેના વદનપર ક્રોધની રેખાઓ તરી આવી અને તેના વૃદ્ધ કપાળપરની નસો ફૂલવા લાગી. તે ઊભો થઇને એકદમ બોલ્યો “ ધિક્કાર છે એ બ્રાહ્મણોને કે જેઓ યવનને માથુ નમાવવાને તૈયાર થયા છે ! એ યવનેશ્વર સાથે સુલેહ કરવી અને તેને દડ આપવો એનો માયનો શુ ? એ જ કે આપણે દાતમાં તરણુ લેઇને તેની પાસે જવું, તેની સામે લાખો રૂપીયાનુ નજરાણું મૂકવું, તેને મસ્તક નમાવવું, અને છતા એને દયા આવે તો તે આપણા ધર્મને અને આપણા દેવને ઇજા કર્યા વિના રહે ! અરે મૂર્ખ બ્રાહ્મણો ! એટલુ તો સમજો કે આજસુધી યવનોએ આ ભૂમિમાં કેવો ત્રાસ વર્તાવ્યો છે ? સુલ્તાન મહમૂદ–ધનનો લોભી અને મૂર્તિખડનનો અભિલાષી યવન શુ તમારા ધર્મ અને દેવને ઇજા કર્યા વિના રહેવાનો છે ? શુ તેને તમે આપણો ક્ષત્રિય નૃપતિ સમજો છો કે તે તમારી વિનતિનુ વાસ્તવિકપણું સમજીને તે કબૂલ રાખે ? અરે એ તો પરપીડક અને અસુરરૂપ યવન છે, તે ભૂલી જાઓ નહિ અને

તેને સમજાવવાનો વિચાર માંડી વાળો; નહિતો તેની સાથે લડવાનુએ ખોઈ બેસશો અને તે સાથે તમારો ધર્મ અને તમારા દેવને પણ ગુમાવી બેસશો.”

મોટો ભાગ આ બ્રાહ્મણના શબ્દોને અનુસરીને તેના મતમાં ભળ્યો, પણ કેટલાકોને એ મત ઉતાવળીઓ અને અવિચારી લાગ્યો. મહમૂદ ધનનો લોભી હોવાથી તેને જો અખૂટ ધન આપવામા આવશે તો તે શિવાલયને કે હિંદુઓના ધર્મને કાંઈ પણ ઈજા કર્યા વિના પાછો ચાલ્યો જશે, એવુ કેટલાકો માનવા લાગ્યા. કેટલોક વધુ વિવાદ પણ ચાલ્યો, પરન્તુ મતભેદ દૂર થયો નહિ. છેવટે બ્રાહ્મણોમા બે પક્ષ પડી ગયા અને મહમદ સાથે સુલેહ કરવાની જિજ્ઞાસાવાળાઓ બીજામાથી છૂટા પડી ગયા બાકીનાઓએ સુલ્તાનની સામે મરણીયા થઈને લડવાના અને આત્મસમર્પણ કરવાનો જ નિશ્ચય કર્યો. શિવાલયના દ્વારની બહાર તે સઘળાઓએ પોતપોતાના વિવિધ શસ્ત્રો ધારણ કરીને પડાવ નાખ્યો અને મહાદેવજીનુ નામ લઈને ‘મારવાની કે મરવાની’ અડગ પ્રતિજ્ઞા લીધી. સુલેહના રાગી બ્રાહ્મણો શિવાલયની અદર ચાલ્યા ગયા અને સુલ્તાનને કેવી રીતે સમજાવવો, તેની પાસે કેવી નમ્રતા સાથે ભાષણ કરવુ અને તેની સમક્ષ કોણે બોલવુ તે વિષે વિચાર ચલાવવા માડયો

પ્રભાત થયુ સુલ્તાન મહમદે હવે કિલ્લાના દરવાજા તોડીને માંહે પેસવાનો પ્રયત્ન કરવા માડયો. આ વખતે તે પ્રયત્નમા તેને મુશ્કેલી નડી નહિ કિલ્લામાથી લડવા નીકળેલા રાજપૂતો અને બીજાઓની સખ્યા સુલ્તાનની સૈન્યસખ્યાના પ્રમાણમા એટલી નાની હતી કે તેઓ કિલ્લાનુ સરક્ષણ કરી શકે નહિ આથી સુલ્તાનના સિપાહીઓની એક મોટી સખ્યા કિલ્લાને નિસરણીઓ લગાડીને અદર પેસવામા ફત્તેહ મેળવી શકી અદર પેઠેલા સૈનિકોએ કિલ્લાના દરવાજા તોડી નાખ્યા અને તેઓને તેમ કરવા દીધા પહેલાં જોકે કેટલાક હિદુઓ તેમની સામે થયા, તોપણ છેવટે હિદુઓનુ કાંઈ ચાલી શકયુ નહિ અને કિલ્લાના દરવાજા તૂટતાની સાથે જ સુલ્તાનના સૈનિકોને અદર આવવા માટેનો માર્ગ મોકળો થયો કિલ્લાનો એક દરવાજો ઉઘાડતાની સાથે જ હજારો મુસલમાનોનુ બનેલુ એક ટોળુ એકાએક કિલ્લામાં પેસી ગયુ લૂટ ચલાવીને માલદાર થવાની ઈચ્છાવાળા સૈનિકોનુ પ્રમાણુ તેઓમાં સૌથી વધારે મોટુ હતું ટોળાની સાથે સુલ્તાન મહમૂદ, તેનો પુત્ર મસાઉદ, તેનો ભાણેજ મસુદ, સિપહસલાર અબુલ હુસન અને બીજા સખ્યાબધ નાના મોટા સરદારો પણ દાખલ થયા. લૂટ ચલાવવા માટે

જ પેઠેલા સિપાહીઓ નગરમા પેસતાં જ આડાઅવળા વેરાઈ ગયા અને જેના તેના ઘરમાં પેસીને લૂંટ ચલાવવા લાગ્યા જે ઘરમાંથી તેઓ કાંઈ જ મેળવી શકતા નહિ તે ઘરમાના લોકોને મારીને, સતાવીને, ઘાયલ કરીને અને બીજો અનેક પ્રકારનો ત્રાસ આપીને તેઓએ છુપાવેલુ ધન બતાવવા કહેતા લોકો ત્રાસના માર્યા પોતાનુ ધન કાઢી આપતા ! સ્ત્રીઓ પોતાના શીલના તથા બાળકોના સરક્ષણને માટે પહેલેથી જ પોતાનુ ધન સોપી દેતી અને કહેતી "ભાઇ ! તમારે જોઇએ તે મારા ઘરમાથી લેઇ જાઓ, પણ મને કે મારાં બાળકોને અડકશો નહિ !" મુસલમાન સિપાહીઓ તેઓનુ સઘળુ ધન ઉઠાવી લેતા, પણ છેવટે ઘરમાથી નીકળતાં પહેલા હિંદુ અબળાઓના અને બાળકોના મ્હોમા થૂકીને ખડખડ હસી આનદ પામતા ! બિચારી અબળાઓ એ પ્રમાણે ધન અને ધર્મ બેઉની સાથે લુટાઈ ગએલા જોઇને વિલાપ કરતી, પરતુ તેઓનો તે વિલાપ સાભળવાને અત્યારે કોઈ પણ હાજર નહોતું ! ખુદ સોમેશ્વર મહાદેવ પણ નિદ્રામા જણાતા હતા ! કેટલીક સ્ત્રીઓપર બળાત્કાર કરતા મુસલમાનોના નીચ કૃત્ય તરફ તો નજર કરતા જ ગેભરાટ અનુભવાતો અને કોઈ રડયોખડયો હિંદુ નર તે જોતો તો તેની લાગણી પણ ઉશ્કેરાઇ જતી. પરન્તુ સેકડો મુસલમાનો પાસે પોતાનુ કાઇ વળી શકશે નહિ એમ માનીને તે ચૂપ રહેવામા જ સાર જોતો ! ધન ન બતાવવાની હઠ લેતી કોઇ કોઇ સ્ત્રીઓના નાકકાન કાપી નાખવામા આવતા અને કેટલીક સ્ત્રીઓના બાળકોની કત્લ કરી નાખીને તેઓને ધન બતાવવા માટે ત્રાસ આપવામા આવતો નગરના સઘળા લત્તાઓમા જ્યા અને ત્યા ક્રન્દનધ્વનિ વ્યાપી રહ્યો હતો અને તે સાથે મુસલમાનોના આનન્દસૂચક ધ્વનિ પણ શ્રવણગોચર થતા હતા કોઇ પુરૂષો હિંદુ સ્ત્રીઓ અને બાળકોપર ગુજરતો આ અત્યાચાર સહન કરી શકતા નહિ અને તેઓ એકાદ ટોળામા લૂટ ચલાવતા મુસલમાનોપર તૂટી પડતા, પરન્તુ તેના હિંદુઓને સફળતા મળતી નહિ અને તેઓની તો કત્લ જ થતી, કારણકે શહેરમા તીડના ટોળાની માફક વ્યાપી રહેલા મુસલમાનો જોતજોતામા સેકડોની સખ્યામા એકઠા થઈ જતા અને તેઓ હિંદુઓને રહેસી નાખતા. આ પ્રમાણે સર્વત્ર ત્રાસ અને શોક વ્યાપી રહ્યો, અનેક અબળાઓના શીલનો ભગ થયો, અનેકના વર્ણાશ્રમધર્મનુ ખડન થયુ, અનેક સ્ત્રીઓ વાંઝણી બની ગઇ, અનેક વિધવાઓ થઈ, અનેક બાળકો નમાયા અને નબાપાં બની ગયાં, સખ્યાબંધ સ્ત્રીઓ અને બાળકો નાકકાન તથા આંખો ખોઇને દુઃખી બની ગયા અને નિર્ધન બની ગએલાં કુટુંબોનો

તો પાર જ નહોતો ! સોમનાથ પાટણની સંપત્તિ આ પ્રમાણે સ્વલ્પ સમયમાં હરાઈ થઈ અને નગરવાસીઓને ભાગ્યદેવીએ દુઃખના સાગરમાં ધકેલી દીધા !

સુલ્તાન પોતાની સાથે પોતાના સરદારો વગેરેને લેઇને શિવાલય તરફ જ આગળ વધ્યો, કારણકે તેની પહેલી ઇચ્છા શિવાલયનુ ધન લૂટવાની હતી. પરન્તુ શિવાલય સુધી પહોચવાનુ કાંઈ સહેલુ નહોતું માર્ગમા સેંકડો સશસ્ત્ર હિંદુઓના ટોળા તેના ઉપર તૂટી પડયા, પરન્તુ સુલ્તાનની સાથેના સિપાહીઓએ ભારે ઝનનવડે તેઓની ઉપર હલ્લો કર્યો અને સેંકડો હિંદુઓને જોત જોતામા કાપી નાખ્યા જે યોદ્ધાઓ રહ્યા તેઓને એકદમ કેદ કરી લીધા શિવાલયની પાસે પહોચતામા કેટલાએ હિંદુઓ એ જ પ્રમાણે મુસલમાનોની તલવારોના ભોગ થઇ પડયા હિંદુઓએ પણ મુસલમાન સૈનિકોની મોટી સખ્યાને ચમત્કાર મોકલી હતી મરણીયા બનેલા હિંદુઓને મન મરવુ એ કાંઇ મોટી વાત નહોતી અને તેથી તેઓ ભારે ઝનન સાથે મુસલમાનોની સામે થયા હતા અને સેંકડો મુસલમાનોને ઘાયલ કર્યા હતા તથા મારી નાખ્યા હતા હિંદુઓ અને મુસલમાનોના મુડદાઓની મિશ્રિત પથારીને ખૂદતો ફરતો સુલ્તાન છેવટ શિવાલયના દરવાજા પાસે આવી પહોચ્યો, તો બ્રાહ્મણોનુ એક મોટુ ટોળું યુદ્ધ કરવાને તૈયાર થએલુ તેના જોવામાં આવ્યુ તે સર્વની પાસે કાંઇ એક જાતના હથિયારો નહોતા કોઇની પાસે તલવાર, તો કોઇની પાસે બરછી અને કોઇની પાસે કટાર કે ભાલા, એ પ્રમાણે જેને જે કાંઇ હથિયાર મળી ગયુ તે તે હથિયાર સાથે તેઓ ઉભા હતા મુસલમાન સૈનિકોને દરવાજામા પેસતા અટકાવીને પેલો ઝનૂની વૃદ્ધ બ્રાહ્મણ બોલ્યો· “અરે યવનો અને યવનેશ્વર ! આટલેસુધી તો તમે હિંદુઓને મારતા કૂટતા આવી પહોચ્યા છો, પરન્તુ અહીંથી આગળ વધવુ તે સહેલુ છે એમ સમજશો નહિ અહિ તો ખરાખરીનો ખેલ છે સશસ્ત્ર યોદ્ધાઓને પણ પાછા હઠાવી શકે તેટલા આત્મબળવાળા–ધર્મભક્તિવાળા અમે બ્રાહ્મણો તમારા માથા વાઢવાને તૈયર ઊભા છીએ, માટે કાતો અહીંથી પાછા હઠો અને કિલ્લાની બહાર નાસી જાઓ, નહિતો અમારા રક્તપિપાસુ શસ્ત્રો તમારા રૂધિરની રાહ જોઇ રહ્યા છે ”

યુદ્ધ માટેનુ જ આ આહ્વાન હતું અને મુસલમાન સૈનિકોએ તે ઝીલી લીધુ શિવાલયના દ્વારની સમીપમાં બ્રાહ્મણો અને મુસલમાનો વચ્ચે મહાદારૂણ યુદ્ધ મચ્યુ યુદ્ધકળા નહિ શીખેલા પરન્તુ ધર્મભક્તિથી પ્રેરાએલા બ્રાહ્મણોએ એટલા ઝનૂન સાથે મુસલમાનોને કાપવા માંડયા કે દૂર

ઉભો રહેલો સુલ્તાન ગભરાઇ ગયો. પોતાની સાથેનાં માણસો રસ્તામાં થએલી મારામારીથી તેમ જ અહીં મચેલા દારૂણ યુદ્ધથી લગભગ ખૂટી જવા આવ્યાં હતાં, તેથી તેણે પોતાના પુત્ર મસાઉદને હુકમ કર્યો કે "નગરની અદર લૂંટ ચલાવી રહેલા સૈનિકોને એકદમ એકઠા કરાવ અને અહીં આ-ગળ ઉભા રાખ " મસાઉદ પોતાની સાથે થોડાંએક માણસો લેઇને દોડયો અને તેણે થોડી વારમા લૂટ ચલાવતા મુસલમાનોને એકઠા કરી શિવાલયના દ્વાર આગળ ચાલતા યુદ્ધમા શામેલ કર્યા લાંબા વખત સુધી કાપાકાપી ચ-લાવી રહેલા બ્રાહ્મણો હવે થાકયા હતા તેઓમાનો મોટો ભાગ તો કપાઈ ચૂકયો હતો અને માત્ર થોડા જ જીવતા હતા અને જેઓ જીવતા હતા. તેઓ થાકી જવાને લીધે તુરત જ મુસલમાનોના હાથમા કેદ થઇ ગયા

સુલ્તાન પાચ ડગલા આગળ વધ્યો કે તુરત જ "હરહર મહાદેવ 'ની ગ-ર્જના કરતી ક્ષત્રિયાણીઓ ધસી આવી. સ્ત્રીઓને પોતાની તથા પોતાના લશ્કરની સામે ધસી આવેલી જોઇને સુલ્તાન તો આભો બની ગયો "શુ આ સ્ત્રીઓ મારા સૈનિકોની સામે ઉભી રહીને લડશે ?" એવો પ્રશ્ન તેણે પોતાના મનને પૂછ્યો, પરન્તુ તેનો ઉત્તર તો પેલી વીર ક્ષત્રિયાણીઓએ જ આપ્યો ! એક ક્ષત્રિય અબળા સૌને મોખરે આવીને બોલી "ઓ યવન ! દૂર ઉભો ઉભો શુ વિચારી રહ્યો છે ? તારામા જો બાહુબળ હોય તો તું એક આ અબળા ક્ષત્રિયાણીની સામે દ્વન્દ્વ યુદ્ધમા આવી જા, અને પછી આ દેશના ક્ષત્રિયોના બળની તુલના કરી લે ! હા, ભાગ્યના ચક્રથી ઘેરાઇ ગએલા હિંદુ સૈનિકોને તે રણક્ષેત્રમાથી નસાડી મૂકયા, તેથી તું એમ સમજતો હોઇશ કે હિંદુઓ અબળ છે, પણ તુ એમ માનતો નહિ; આ દેશની સ્ત્રીઓ પણ તારા સેંકડો યોદ્ધાઓને આ લોકની પેલે પાર મૂકી આવવા સમર્થ છે તું શિવાલયમા પેસે તે પહેલા તો તું અને તારા સઘળા યો-દ્ધાઓના રૂધિરથી આ શ્રી સોમેશ્વરના મદિરનો દ્વારમડપ રગાશે એ તારા મનમા ચોક્કસ માનજે. '

એક અબળાના મુખમાંથી આ જુસ્સાભરેલા શબ્દો ઉચરાતા સાભ-ળીને સુલ્તાન આશ્ચર્ય પામ્યો સ્ત્રીઓનુ આખુ મડળ શિવાલયના દ્વાર-મડપને રોકીને જ ઉભું હતું, તેથી તેઓને મારીને માર્ગ મોકળો કર્યા સિવાય અદર પેસી શકાય તેમ નહોતું. તેણે એકદમ પોતાના સૈનિકોને હુકમ કર્યો: "હાં, તૂટી પડો એ રાડોપર અને આગળ ચાલવાનો માર્ગ કરો. હિંદુ યોદ્ધાઓને હરાવીને હુ આટલેસુધી તો આવી પહોંચ્યો છુ, તો

હવે આ બિચારી અબળાઓના શા ભાર છે કે તેઓ મારી સામે થઈ શકે ? તેઓને તો તમે એક માકડની પેઠ મસળી નાખવાને સમર્થ છો !”

સુલ્તાનનો હુકમ સાંભળતાં જ મુસલમાન સૈનિકો સ્ત્રીમંડળની વચ્ચે દોડી ગયા અને પોતાની તલવારોને હિંદુ અબળાઓના સુકોમળ અંગોપર પ્રહાર કરવામાં વાપરવા લાગ્યા સ્ત્રીઓ પણ પોતાની સંખ્યા જેટલા મુસલમાન સૈનિકોને પૂરી પડવા સમર્થ હતી તેમણે પોતાની નાજુક કટારીઓને સુલ્તાનના સૈનિકોના ગળામા અને કાળજામા હુલવવાનો ઉદ્યોગ એટલા જોરથી ચાલુ કર્યો કે એક ઘડીવારમા તેમણે સેકડો મુસલમાનોને યમદ્વારે પહોચતા કરી દીધા પરન્તુ સ્ત્રીઓની એ નાની સેના સઘળા મુસલમાનોને પહોચી વળે એ તો અશક્ય જ હતુ તેઓમાના મોટા ભાગે લડતા લડતાં પોતાના પ્રાણ આપ્યા અને કેટલીક ઘાયલ થએલી સ્ત્રીઓ સુલ્તાનના સૈનિકોને હાથે કેદ પકડાઈ હવે દ્વારમડપનો માર્ગ સુલ્તાનને માટે મોકળો થયો હિંદુ સ્ત્રીઓના રુધિરથી રક્તવર્ણીય બની ગએલા અને તેઓના મુડદાઓથી ઢકાઈ ગએલા પગથિયા તરફ સુલ્તાન ઉતાવળે પગે ચાલ્યો, એટલામા એક સ્ત્રી કે જેને તેના હાથ પીઠ પાછળ એક દોરડાવડે બાધી લેઈને કેદી બનાવવામા આવી હતી તે પોતાના પહેરેગીર સિપાહીના હાથમાથી એક આચકા સાથે જ છૂટી ગઈ અને સુલ્તાન તરફ દોડી જઈને તેની છાતીમા ભારે જોરથી પોતાનુ મસ્તક માર્યુ સુલ્તાનનો શ્વાસ તે મારથી એકાએક રુધાઈ ગયો અને જો તેને બાજુએ ચાલતા શાહજાદા મસાઉદે ટેકો ન આપ્યો હોત, તો તે જમીનદોસ્ત પણ બની ગયો હોત. તે બહાદુર સ્ત્રી બોલી “ઓ બાયલા યવનેશ્વર ! અમને સ્ત્રીઓને કેદ કરીને તુ શાને આગળ વધે છે ? અમને એક વાર છૂટી કર અને તારા સૈનિકોની સાથે લડવા દે અમે મરવા જ ઇચ્છીએ છીએ, પરન્તુ તે સાથે તારા પાચ પચીસ સૈનિકોને મારીએ અને પછી અમે મરીએ તો સારૂં એવી અમારી ઇચ્છા છે

સુલ્તાન એકાદ ક્ષણ પછી તુરત જ સાવધ થયો આટલી બળવાળી સ્ત્રીઓને તથા તે કરતા વધારે બળધારી પુરુષોને જીવતા કેદી તરીકે રાખવામાં પણ સુલ્તાન હવે મોટુ જોખમ સમાએલુ જોવા લાગ્યો તેણે સઘળા કેદીઓની કત્લ કરી નાખવાનો હુકમ કર્યો અને તુરત જ શિવાલયના આગણામા દોરડા બાધીને કેદી બનાવેલા એક હજાર સ્ત્રી પુરુષોનો થોડી એક પળોમા વધ કરી નાખવામા આવ્યો ! એ ત્રાસ અને એ અન્યાય જોઈ શકવાને તો મધ્યાહ્ન સમયના ક્રુર ક્રોધાક્રાન્ત સૂર્યદેવ જ

સમર્થ હોઇ શકે ! ' પોતાના બળનુ ગુમાન ધરાવનારા મુસલમાનો કેદીઓની કત્લ કરીને પોતાના માર્ગને નિષ્કંટક બનાવે તે તેમના શૌર્યને પણ હિંદુઓનું દુર્ભાગ્ય જ અવલોકી શકે !

પ્રકરણ ૨૩ મું.

સોમનાથનું શિવલિંગ.

કાળી આંખોવાળા, લાંબી દાઢીવાળા, માથે લાંબી અણીની ટોપી ધારણ કરેલા અને પગે ઝુલતી બાંયોની ઇજારો પહેરેલા અફઘાન તથા તુર્ક સિપાહીઓના પગલા સોમનાથના શિવાલયમા થયા ! જ્યા રાત્રિદિવસ 'નમઃ શિવાય' અને 'હરહર મહાદેવ' જેવા પવિત્ર શબ્દોનો ઘોષ થતો હતો ત્યા અત્યારે વિધર્મીઓના મુખમાથી ઝનનભેર બોલાતા 'દીન દીન' શબ્દો શ્રવણગોચર થવા લાગ્યા જે સ્થળે ઘીના દીવા અને સુગંધી ધૂપોથી આખો દિવસ મઘમઘાટ પ્રસરી રહેતો હતો, તે સ્થળે આ સમયે બ્રાહ્મણો અને અબળાઓના લોહીમાંસથી ખરડાએલી તલવારોમાથી દુર્ગંધિનો પ્રચાર થતો હતો ! જ્યા સેંકડો યાત્રાળુઓ શિવલિંગની સમક્ષ દંડવત્ પડીને પ્રાર્થના કરતા હતા, ત્યા અત્યારે બ્રાહ્મણોના મુડદા દંડવત્ પડેલા જેવામા આવતા હતા અને મુસલમાન સિપાહીઓના પગતળે છુંદાતા હતા ! જે સ્થળે ગવૈયા અને કચનીઓ ગાનતાન કરીને ભોળા શંભૂને રીઝવતી હતી, તે સ્થળે તે જ ગવૈયા અને કચનીઓ જાણે કે પોતાની ગાનવિદ્યાને વિસરી ગયા હોયની તે પ્રમાણે ગુપચુપ ઉભા રહીને સુલ્તાન મહમૂદનો બિહામણો ચહેરો નિહાળી રહ્યા હતા જે બ્રાહ્મણો અને પુજારીઓ માનતા હતા કે શિવાલયને યવનોના સ્પર્શ થતા જ તે યવનોને શિવજીના તૃતિય નેત્રનો અગ્નિ પ્રકટ થઇને ભસ્મસાત્ કરી નાખશે, તે બ્રાહ્મણો અને પુજારીઓ વિધિની આ અઘટિત ઘટના દિગ્મૂઢ બનીને નિહાળી રહ્યા હતા.

શિવાલયના દ્વારમંડપમાં પેસવાનો માર્ગ નિષ્કંટક થતા સુલ્તાન મહમૂદ પોતાના સરદારો અને સિપાહીઓને મોખરે રહી દ્વારમંડપમાં પેઠો દ્વારમંડપ અને તેથી જરા દૂર દેખાતા રંગમંડપનો અદ્ભૂત દેખાવ જેઇને તે દ્વારમંડપમા જ સ્થભી ગયો. કઇ દિશાએ આગળ વધવું તે તેનાથી સમજાયુ નહિ. જ્યા જ્યાં તે દૃષ્ટિ કરતો ત્યા ત્યાં તેનુ ચિત્ત ચલાયમાન કરે તેવી શોભા જેવામા આવતી હતી. આસપાસ નજર કરતા તે સ્ફાટિકમણિથી જડેલા

સ્થભો અને ચાંદીના ચકચકતા ઝુમ્મરો જોતો, નીચે નજર કરતા મખમલ સરખા સુવાળા આરસપહાણ જોઇને તે આરસ ઊખેડાવી તેને પોતાના મહેલમા જડાવવા માટે લેઇ જવાનુ મન થતુ અને ઉચે ગભારા તરફ નજર કરતાં શિવગણના નગમેરગી પુતળા જોઇને પણ તેનુ ચિત્ત ચલિત થઈ જવા લાગ્યુ આ સર્વ મનોરમ દૃશ્ય જોવામા તે એટલો મશગુલ બની ગયો કે આગળ ચાલવાનુ તેને ભાભર્યુ જ નહિ પાસે ઊભેલો શાહજાદો મસાઉદ બોલ્યો ' હા, જરા આગળ ચાલીએ ' એટલે સુલ્તાન આગળ ચાલ્યો અને રગમડપની મધ્યમા આવી પહોચ્યો

દ્વારમડપમા ઊભા ઊભા જે કાઈ રચના જોવામા આવતી હતી તે કરતાં વધારે મનોહર રચના રગમડપની મધ્યમા ઊભા રહેવાથી નજરે પડતી હતી. શિવાલયના પ્રત્યેક ખૂણામા અહી ઊભા રહેવાથી નજર પહોચાડી શકાતી હતી વળી દ્વારમડપમાથી સોમનાથનુ શિવલિગ દૃષ્ટિએ પડતું નહોતું પરન્તુ અહીથી તો સામે જ એક ઉચુ શિવલિગ, તેનાપર ગંગાજળની ધારા વર્ષાવી રહેલી સુવર્ણની જળાધારી અને શિવલિગને વીંટાઇને તેપર પોતાની ફણા પ્રસારી રહેલો સર્પ એ સઘળ જોવાતું હતું સર્પના મુખમાથી બહાર નીકળેલી પ્રવાળની બે જીભોથી અને આંખોને સ્થાને આસપાસ બળતા દીપકોના પ્રકાશમા ઝગમગ થઇ રહેલા બે શ્વેત રત્નોથી એ ખરો સર્પ જ હોય એવી ભ્રાન્તિ સુલ્તાનને થઇ આવી અને તે બોલ્યો "આ હિદુઓના મન્દિરનો સૌથી મોટો દેવ તો આ સામે દેખાય છે તે ગોળમટોળ પત્થર જ કે ? કેમ હબીબ ? '

અબ્દુલ હસને સભારી આપ્યુ. "નામવર ! હબીબ તો દુશ્મનોનો કેદી બની ગયો છે એટલે તે અહીં નથી, પરન્તુ ઘણુ કરીને તો હિદુઓનો સૌથી મોટો દેવ એ જ હશે.

"પણ તે પત્થરની ઉપર તો સાપ ફણા માડી રહેલો છે ! ' સુલ્તાન બોલી ઉઠ્યો

ચતુર મસુદ સર્પને એક જ અવસ્થામા સ્થાયી રહેલો જોઇને બોલ્યો: ' નહિ મામાસાહેબ ! એ તો બનાવટી સાપ છે; જુઓ તો તેની આખો હીરાની જ હોવાથી આટલી ચળકે છે."

સુલ્તાનમાં હવે તે તરફ આગળ વધવાની હિમત આવી. તે તે તરફ ચાલ્યો અને શિવલિગની પાસે જઇને ઊભો. સાપની ફણાપર પ્રકાશી રહેલા હીરા જોઇને તે બહુ જ ખુશ થયો તે બોલ્યો : " અહો ! આટલી તેજદાર હીરાકણીઓ તો હુ આજે જ જોઉ છુ ! આ જ અમૂલ્ય હીરાઓ હુ મારી

પ્યારી બેગમને ભેટ કરીશ.” એમ બોલતા જ તેણે પોતાની બરછીની અણીવડે તે હીરાકણીઓ ઉખાડી લીધી.

તુરત જ **સુલ્તાન** હર્ષભેર બોલી ઉઠ્યો: “અય સરદારો ! જુઓ ! હુ છેવટે કાફરોનો ધર્મ નાબુદ કરવાને તેમના મદિરમા પેઠો છુ ! છે કોઈ હિંદુની તાકાત કે તે મારી સામે થઈ શકે ? બસ, હવે આ હિદુઓનો મોટામા મોટો દેવ કે જેને હિદુઓ મોટું માન આપે છે, એટલુ જ નહિ પણ જેનાથી ચદ્ર પ્રકાશ આપે છે અને દરિયામા ભરતીઓટ થાય છે એવું હિદુઓ કહે છે, તે દેવ–તે પથરો કેટલો બીનતાકાત છે તે હુ તમને એક પળમા જ બતાવી આપુ છુ.”

આ વખતે **શિવલિંગ**થી થોડે દૂર રગમડપમા કેટલાક બ્રાહ્મણો **સુ**-લ્તાનના સરદારોની સાથે કાઇ વાતચીત કરતા હતા, તે તરફ **સુલ્તાન**નુ ધ્યાન ખેચાયુ **સુલ્તાન**ની નજર તેઓ તરફ જતા જ તે બોલી ઉઠ્યો: “અરે, **અબુલ હસન** ! આ સઘળા હિદુઓ પાછા ક્યાથી ફરી નીકળ્યા ? શુ તેઓ હજી જીવતા રહ્યા છે ? તેમની એકદમ કત્લ કરાવી નાખ.”

અબુલ હસન બોલ્યો “નામવર ! તેઓ આપણી સામે લડવા આવ્યા નથી. પરન્તુ આપ નામવરને કાઇ અરજ ગુજારવા આવ્યા છે.”

“તેઓની શી અરજ છે ?” **સુલ્તાને** પ્રશ્ન કર્યો

તે સઘળા બ્રાહ્મણોમાથી એક બ્રાહ્મણ સૌના મોખરામા આવ્યો અને પાઘડી ઉતારીને **સુલ્તાન**ની સામે માથુ નમાવતો નમ્રતાપૂર્વક બોલ્યો· “ઓ ઉદાર મનના **સુલ્તાન** ! તમે અને તમારા લશ્કરે અમારાપર ભારે જીત મેળવી છે એ અમે કબુલ રાખીએ છીએ અને હવે અમારી જાતના તથા અમારા ધર્મના રક્ષણને માટે અમે તમારા ખોળામા અમારૂ માથુ મૂકીએ છીએ”

હિદુઓની આ નમ્રતા જોઇને **સુલ્તાન** જરા ગર્વથી ફુલાયો ખરો. તે બોલ્યો. “સાબાશ ! જુઓ, તમે કેવા ડહાપણપૂર્વક બોલો છો ? આવું જ ડહાપણ જો તમે અને તમારા રાજાઓએ પહેલેથી જ બતાવ્યુ હોત તો શુ હુ તમારા ઉપર આટલી સખ્તાઇ ગુજારત ખરો ? નહિ, કદી નહિ. તમારા સરદારોની અને રાજાઓની મૂર્ખાઇને પરિણામે જ તમારે આટલુ સહન કરવાનો વખત આવ્યો છે પણ હવે હશે, જે થયુ તે થયુ; બોલો તમારી શી અરજ છે ?”

બ્રાહ્મણ બોલ્યો: “નામવર ! તમે અમારા દેવની મૂર્તિને કાઇ પણ ઇજા કરશો, તેથી કાંઈ આપને ધનની પ્રાપ્તિ થનાર નથી, કારણકે અમારા દેવ

પત્થરના બનાવેલા છે પણ જો આપ આપની હમેશની ઉદારતા બતાવી આપીને અમારા દેવને તથા અમારા મદિરને કોઈ પણ ઇજા ન કરો તો અમે આપને ઘણું દ્રવ્ય આપીએ ”

“ઘણુ એટલે કેટલુ ?” સુલ્તાને પ્રશ્ન કર્યો

“ કહો તો આપ નામવરના તોલની બરાબર અમે સોનુ તોળી આપીએ, તે ઉપરાત મલ્યવાન હીરા, માણેક, મોતી, જવાહીર વગેરે આપીએ, અથવા તો અમારા દેશના જૂદા જૂદા જાતના હીરા-રત્નજડિત ઘરેણાં આપીએ ’

સોનુ હીરા, માણેક, મોતી વગેરેની લાલચ સાભળીને સુલ્તાનનુ મન ડગ્યુ સિપહસાલાર અબુલ હુસને વળી સુલ્તાનના ડગતા મનને ટકો આપતા કહ્યુ “ નામવર ' હિંદુઓની આ માગણી ઠીક છે આપણને આ લડાઈમા કરોડોનુ ખર્ચ થઈ ગયુ છે અને તેનો બદલો વાળવા માટ દેશમા પહોચ્યા પછી આપણને ઘણા દ્રવ્યની જરૂર પડશે આપણા હજારો સિપાહીઓ માર્યા ગયા છે અને તે સઘળાના કુટુબોને ઉદાઈ આપવાની જરૂર પડશે. તેમા પણ કેટલુક ધન જોઈશે તો મારી સલાહ એ છે કે આપણે હિંદુઓની આ નમ્રતાપૂર્વક કરાએલી માગણી કબુલ રાખવી અને તેઓ આપણને દડ તરીકે જે ધન આપવા તૈયાર થયા છે તે લેઈ લેવુ. બાકી મર્તિને ઇજા કરવાથી આપણને કશુ એ ધન મળી શકનાર નથી ’

પોતાના સિપહસાલારની જ આ સૂચના હોઈ સુલ્તાને તે સૂચના પ્રમાણે વર્તવાનો ઠરાવ કર્યો અને જણાવ્યુ “ બહુ સારૂ, ત્યારે મને તમે સૌથી પહેલા પેલી મોટી સોનાની સાકળ કે જે વડે પેલો ઘટ લટકાવવામા આવ્યો છે તે આપી દો તે ઉપરાત બીજુ પચાસ મણ સોનુ— ’

સુલ્તાનનો ભાણેજ મસુદ બોલી ઉઠયો “ હા, હા, સુલ્તાનસાહેબ ' આ તમે શુ કરો છો ? તમે અહીં ધન મેળવવાને આવ્યા છો કે ઇસલામી દીનનો ફેલાવો કરવા આવ્યા છો ? અને શુ તમે એક વાર હિંદુઓની મૂર્તિને કબ્જામાં લીધા પછી તેને વેચીને ધન મેળવો છો ? ઓ નામવર ! કયામત વખતે જ્યારે ખુદા તમને પૂછશે ત્યારે તમે “ મૂર્તિને વેચનાર મહમૂદ ’ ને નામે ઓળખાવાનુ પસદ કરશો કે “ મૂર્તિભજક મહમૂદ ” લેખાવાનુ પસદ કરશો ? ”

આ શબ્દો સાભળીને વળી સુલ્તાન ખમચ્યો. તે ચૂપ જ રહ્યો અને અબુલ હુસન મસુદને જવાબ આપતો બોલ્યો: “ અરે મસુદઅલી સાહેબ ' નામવર સુલ્તાનસાહેબ જ્યારથી હિંદુઓના મોટા મદિરમાં પેઠા, ત્યારથી જ

ઇસ્લામી દીનનો ફેલાવો કરનાર તરીકે આખી દુનિયામા તેમનુ નામ મશહૂર થઇ ગએલુ જ સમજવુ પછી મૂર્તિને તોડવાથી વિશેષ શુ થવાનુ હતું ? ”

મન્સુદ પોતાની નાની કાળી આખોને વિકસાવતો બોલ્યો “ અને મૂર્તિ વેચવા માટે પણ **સુલ્તાનસાહેબ** તેટલા જ મશહૂર થશે, કેમ ખરૂને ? ”

આ સવાદને **સુલ્તાને** પોતે જ અટકાવી દીધો અને તે એકદમ બોલી ઉઠ્યો ‘બસ, ચાલો, હુ મૂર્તિ વેચનાર તરીકે નહિ પણ મૂર્તિ તોડનાર તરીકે દુનિયામા મશહૂર થવા ચાહુ છુ

તુરત જ **સુલ્તાને** પોતાની પાસે ઊભેલા એક જલ્લાદના હાથમાથી એક મોટો કોહાડો લીધો બ્રાહ્મણો આજીજી કરતા આગળ ધાઈ આવ્યા અને બોલ્યા ‘ એ ઉદાર મનના **સુલ્તાન** ! તમે એમ ન કરો અમે તમારા પગમા પડીએ છીએ ! અમારા દેવને તમે ભાંગી ન કરો ! તમે કહેશો તો અમે તમારા ગુલામ થઇશુ, અમારા મન્દિરની સઘળી સપત્તિ તમને આપી દઇશુ. પણ તમે અમારા દેવને—આ **શિવલિંગને** જરા પણ ઇજા કરશો નહિ ’

‘ બસ, તમે અહીંથી દૂર હટી જાઓ નહિતો આ કોહાડો તમારા ગળાપર પડશે મને કાફરોની મૂર્તિના બદલામાં ધન મેળવવાની ઇચ્છા નથી. મૂર્તિ ભાગવાની કીર્તિ એ જ મારે મન અખૂટ ધન છે ” એમ બોલતાં જ તેણે પોતાનો કોહાડો ઉચો કર્યો અને **સોમનાથના શિવલિંગ** ઉપર-સ્વયભૂ જ્યોતિર્લિંગ ઉપર એવા તો જોરથી ઘા કર્યો કે **શિવલિંગના** પાષાણનો એક ભાગ જૂદો પડી ગયો તે ઉપર પુન બીજા બે ત્રણ ઝટકા માર્યા અને બાકી રહેલા પાષાણના પુન બે કકડા થઇ ગયા **શિવલિંગનો** થોડો એક ભાગ જમીનમા સજ્જડ કરી લીધેલો હતો તેથી બે કકડા તો છૂટા પડ્યા પરન્તુ એક કકડો જમીનને વળગી રહ્યો તે કકડો **સુલ્તાને** પોતાના માણસો પાસે ખોદાવીને છૂટો કરાવ્યો જોતજોતામા એ પ્રમાણે એ પરમપુનિત સ્વયભૂલિંગના ત્રણ કકડા થઇ ગયા !§ **સુલ્તાનના** હાથમાહેના કો-

---

§ **સોમનાથના શિવલિંગના સુલ્તાન મહમૂદે** ત્રણ કકડા કર્યા એવી વિગત સામાન્ય રીતે સઘળા ઈતિહાસોમાથી મળી આવે છે, પરન્તુ તત્સબધી વિશેષ વિગતના સબધમા કટલેક મતભેદ જોવામા આવે છે સુપ્રસિદ્ધ ફારસી ઇતિહાસલેખક **ફીરીસ્તા** કહે છે કે “એક મોટા ઓરડાની વચમા **સોમનાથની** મૂર્તિ હતી જે પત્થરની હતી અને જમીનની બહાર તે પાચ વાર લાબી દેખાતી હતી તથા જમીનની અદર બે વાર જેટલી દાટેલી હતી **સુલ્તાને** તે મૂર્તિની પાસે જઇ પહોચતા સૌથી પહેલા તે મૂર્તિનુ નાક પોતાના કોહાડાવડે ખડિત કરી નાખ્યુ ”

હાડાના **શિવલિંગ**પરના આઘાતથી શિવાલય થર થર કમ્પતું ભાસ્યુ. દશ દિગ્પાળો ડોલતા જણાયા. વાયુનો વેગ વધતો માલૂમ પડ્યો, અને તેના એક મોટા સુસવાટા સાથે શિવાલયપરની ધ્વજાનો દંડ કડકડ કરતો તૂટી પડ્યો ! ધ્વજાદંડના સખ્ત આઘાતથી શિવાલયના આંગણામાં ઊભેલા બે તુર્ક સૈનિકો મરણ પામ્યા ઘીના બળતા દીપકો બુઝાઇ ગયા. ધૂપદાનીઓમાંથી વહેતો સુગંધમય વાયુ બંધ થઈ ગયો. સૂર્યદેવે વાદળાનો અંતરપટ આડે રાખીને પૃથ્વીસુંદરીને શોકસૂચક સાડી પહેરાવી અને પોતે યવનેશ્વરના દુષ્કૃત્યનું દર્શન નહિ કરવાને આંખો મીંચી દીધી જાણે થોડીએક ક્ષણો પછી મહા ઉલ્કાપાત મચવાનો હોય તેવા જ ચિહ્નો સર્વત્ર દૃષ્ટિગોચર થવા લાગ્યા.

શિવલિંગના કકડા થએલા જોઇને બ્રાહ્મણોની આંખોમાં ચોધાર આંસુ વહેવા લાગ્યા. જે મહાન્ **શિવલિંગ**ના પૂજનથી સર્વ દુઃખો દૂર થતાં હતાં તે જ **શિવલિંગ**ના કકડા થએલા જોઇને કોના રોમ ઊભા થયા વિના રહે ? મહમૂદને દ્રવ્યની લાલચ બતાવીને **શિવલિંગ**ને ઇજા નહિ થવા દેવાનું માથે

આગળ લખતાં તે જણાવે છે - "સુલતાને **સોમનાથ**ના પેટ ઉપર એક ઘા માર્યો. એ પેટ પોલું હતું અને તેથી તે તૂટી જતાં તેમાંથી હીરા માણેક અને મોતીનો મોટો જથ્થો મળ્યો ! **સોમનાથ**ના પેટમાંથી નીકળેલું આ દ્રવ્ય, બ્રાહ્મણો જેટલું દ્રવ્ય આપવાનું કહેતા હતા, તે કરતાં ઘણું જ વધારે હતું" **ફીરીસ્તા**ની પછી બીજા ઇતિહાસલેખકોએ લખેલા ઇતિહાસોમાં **ફીરીસ્તા**એ જણાવેલી વિગત જ ઉતારી લેવામાં આવેલી જણાય છે 'તારીખે અલ્ફી" નામના ફારસી ઈતિહાસગ્રંથમાં પણ તે જ પ્રમાણે લખ્યું છે, એટલે કે તે સઘળાઓ માને છે કે '**સોમનાથ** એ એક હાથપગવાળી મૂર્તિ હતી અને અંદરથી પોકળ હોઇ તેમાં રત્નો ભરેલા હતા ! આધુનિક ઈતિહાસકાર **એલ્ફીન્સ્ટન** પોતાના હિંદના ઈતિહાસમાં અને મી ફાર્બસ પોતાની 'રાસમાળા'માં તેને આધારે જ **સોમનાથ**ની મૂર્તિ પોકળ હોવાનું જણાવે છે, પરન્તુ એ કથન સત્ય વાત સાથે મળતું આવતું નથી **એલ્ફીન્સ્ટન** એવું કહે છે કે **સોમનાથ**ના **શિવાલય**માંની બીજી કાંઇ મૂર્તિને માટે **ફીરીસ્તા**એ એ સઘળું લખ્યું હોય તો તે સંભવિત છે, પરન્તુ ખુદ **સોમનાથ**ના **શિવલિંગ**ના સંબંધમાં તો એ વાત ખરી નથી. ખરી હકીકત શું હશે તેની તપાસ માટે આપણે **ફીરીસ્તા** ઉપર આધાર રાખવો જોઇતો નથી **ફીરીસ્તા**ની પહેલાં બીજા કેટલાકોએ ફારસીમાં ઇતિહાસો લખ્યા છે, જેમાંના મુખ્ય **અલ બીરૂની**, **ઇબ્ન અસીર** અને **અબુલ ફેદા** છે **અલ બીરૂની** ઈસુની દશમી સદીમાં, **ઇબ્ન અસીર** બારમી સદીમાં અને **અબુલ ફેદા** તેરમી સદીમાં થઈ ગયા હતા **અલ બીરૂની**, **ઇબ્ન અસીર** અને **અબુલ ફેદા**ના લેખોને આધારે **ફીરીસ્તા**નું કથન અતિશયોક્તિભરેલું અને સત્ય વાતથી વેગળું જતું જણાય છે આ ત્રણે

લેનારાઓ **મહમૂદ**ના આ નિર્દય કૃત્યથી હવે પસ્તાવો કરવા લાગ્યા અફ્ઘાનો અને તુર્કોના નિર્દયપણાનો ખ્યાલ જેઓના ચિત્તમા અત્યારસુધી નહોતો તેઓ હવે સમજી શક્યા કે તેઓ કેટલા દુષ્ટ અને નિર્દય હોય છે. તેઓ વિચારવા લાગ્યા "અરેરે ! આ લોકોની આવી નિર્દયતા જો આપણા જાણવામા પહેલેથી જ આવી હોત, તો આપણે તેને સમજાવીને તેની સાથે સુલેહ કરવાનો વિચાર જ શામાટે કરત ? આપણા બીજા ધર્મબધુઓ જેવી રીતે તેઓની સાથે લડીને અત્યારે સ્વર્ગપુરને શોભાવી રહ્યા છે, તેઓની સાથે આપણે પણ ભેળાઈ જઇને લડત અને લડતા લડતા મરણ પામીને સ્વર્ગના અધિકારી બનત ! પણ આપણા નસીબમાં તે સ્વર્ગ નહોતુ કિન્તુ આ ભૂલોકનુ નરક જ હતું અને તેથી આપણે જીવતા રહી આ મહાઅનર્થ જોવા દુર્ભાગ્યવાન્ બન્યા છીએ ! અરેરે ! જાતિબધુઓની કત્લ થતી નજરે જોવી, અબળાઓના મુડદાં યવનોના પગ તળે કચરાતા જોવા અને પરમપવિત્ર **સોમેશ્વર**નુ **શિવલિંગ** યવનને હાથે ખંડિત થએલુ જોવુ, એ શુ

ઇતિહાસલેખકાના લખાણો ઉપરથી પ્રો **વીલ્સને** જે અભિપ્રાય આપ્યો છે તે આપણને વધારે રુચતો અને સત્ય જણાય છે તે જણાવે છે કે **સોમનાથના** **શિવાલય**મા જો કાઇ મૂર્તિ જ હોત તો તે મૂર્તિના ઘાટ અને સ્વરૂપ વિષે આ ઈતિહાસલેખકાએ કાઈક ઉલ્લેખ કર્યો જ હોત, પરન્તુ તેઓએ તેમ કર્યું નથી વળી **સોમનાથના** શિવાલયમા મુખ્ય પૂજા **શિવલિંગ**ની જ થતી હતી અને તેવા શિવલિંગો નક્કર પત્થરના જ બનાવેલા બીજા સ્થળોએ પણ હોય છે, તેથી **સોમ**નાથનુ **શિવલિંગ** પોકળ હોય અને તેમા રત્નો ભર્યા હોય એ વાત ખરી લાગતી નથી **અલ બિરુની** કહે છે કે તે 'પત્થર' (નહિ - પત્થરની મૂર્તિ') ઉપર રત્નો જડેલા હતા કદાચ **શિવલિંગ** ઉપર એવા થોડા રત્નો જડ્યા હોય કિંવા તે પરની સુવર્ણની જળાધારીપર કે ફણીધરની ફણાપર રત્નો જડ્યા હોય તો તે કાઈક સભવિત છે, પરન્તુ **ફીરીસ્તા**ની અતિશયોક્તિભરી વાતમા તો જરાએ તથ્ય માલૂમ પડતુ નથી વળી '**રોઝત ઉસસફા**' નામના ફારસી ઇતિહાસલેખકના લેખને આધારે દીવાન **રણછોડજી** પોતાના '**તવારીખે સોરઠ**' નામના ફારસી ગ્રથમા જણાવે છે કે **મહમૂદે** **શિવલિંગ**નો અતિ કઠીણ પત્થર તોડવાને તેની ફરતી આગ લગાડી હતી જો **શિવલિંગ** પોકળ જ હોય તો તેની ફરતી આગ લગાડીને તેને તોડવાની જરૂર પડે તેવો સભવ રહેતો નથી આ કારણથી **શિવલિંગ** પોકળ હતુ અને તે તોડવાથી જ **મહમૂદ**ને અગણિત દ્રવ્ય મળ્યુ હતુ એ વાત સત્ય ઠરતી નથી ખરી વાત એ જ હોવી જોઇએ કે **મહમૂદે** **શિવલિંગ**ના કકડા કર્યા હતા અને **શિ**વાલયમા અગણિત દ્રવ્ય હતુ તે તેને મળ્યુ હતુ **ફીરીસ્તા** કરતા તેની પૂર્વેના ઈતિહાસલેખકોના લખાણો વધારે વિશ્વાસપાત્ર ઠરવા જોઇએ અને તે લખાણો આ **શિવલિંગ** પોકળ હોવા વિષે કે તેમા રત્નો ભરેલા હોવા વિષે કશુ જણાવતાં નથી.

દુર્ભાગ્ય નહિ ? ઓ ત્રિપુરારિ **શંકર** ભગવાન્ ! યવનોને ભસ્મસાત્ કરવા માટે તેં તારૂં ત્રીજું નેત્ર નહિ ઉઘાડવાનો નિશ્ચય કર્યો હોય, તોપણ અમને બાળીને ભસ્મ કરી નાખવા માટે તો તારૂં તે નેત્ર ઉઘાડવાની કૃપા કર ! અમે દુર્ભાગ્યે અમારા અન્ય બંધુઓ સાથે યુદ્ધમાં નહિ જોડાતા મૂર્ખતાપૂર્વક જીવતા રહ્યા છીએ, તેઓને હવે તું પરલોકમાં અમારા બંધુઓ પાસે પહોંચતા કર ! અરે, પણ એવું અમારૂં ભાગ્ય જ ક્યાંથી ? અમે જો સ્વર્ગાધિકારી થવાના હોત તો અમને દુષ્ટબુદ્ધિ યવનની સાથે સુલેહ કરવાની દુર્બુદ્ધિ સૂજત જ ક્યાંથી ? અમારા ભાગ્યમાં આ નરક જોવાનું જ લખ્યું છે અને તે અમે જોઇએ છીએ તથા અંતરથી બળીએ છીએ !"

શિવલિંગના કકડા કર્યા પછી હવે **સુલ્તાન મહમદ** શિવાલયમાંનું દ્રવ્ય હાથ કરવા તરફ મચ્યો. **શિવલિંગપર** કોહાડાના ઘા કરતા જ ગંભીર ધ્વનિ થતા હતા તે ઉપરથી તેણે અનુમાન કર્યું હતું કે શિવાલયની નીચે ભોંયરૂં હોવું જોઇએ. શિવાલયની અંદર સ્થંભોમાં જડેલા સ્ફાટિકો અને રત્નો, તથા ચાંદીના ઝુમ્મરો, સોનાની સાંકળે લટકાવેલો ઘંટ, **શિવલિંગને** ધરતા આરસમાં જડેલા માણેક અને નીલમ, દીવાઓના બેસણની પાછળ પ્રતિબિંબને માટે બનાવવામાં આવેલા રત્નોના ચકક એ સઘળું તેણે ભાંગી તોડીને પોતાના માણસો પાસે એકઠું કરાવી લીધું અને પછી તેણે ભોંયરાનું દ્વાર શોધી કાઢી તેની અંદર પ્રવેશ કર્યો. ભોંયરામાં કાંઈ રત્નોની કે સોનારૂપાની શોભા નહોતી, પરન્તુ અનર્ગળ દ્રવ્ય ભરેલું હતું. યાત્રાળુઓ તરફથી શ્રી **સોમનાથને** ભેટ કરવામાં આવેલા સોનારૂપાના નાના મોટા સંખ્યાબંધ શિવલિંગોની મોટી પેટીઓ ભરી હતી, તે પેટીઓને **સુલ્તાને** તુરત જ પોતાના કબજામાં લેઇ લીધી. દેશ દેશના રાજાઓ તરફથી શિવાલયને ભેટ મળેલા રત્નોના દાબડાઓ જોઇને તો સુલ્તાનનું ચિત્ત ભ્રમિત જ થઇ ગયું. શિવાલયના કબજાના ૨૦૦૦ ગામોની આવકનું દ્રવ્ય સુવર્ણનો સંગ્રહ કરીને જાળવવામાં આવતું હતું અને ખર્ચ પણ તે સુવર્ણસંગ્રહમાંથી જ કરવામાં આવતું હતું. આવા સુવર્ણનો મોટો જથ્થો પણ **સુલ્તાનને** તે ભોંયરામાંથી હાથ લાગ્યો. પાણીદાર સાચા મોતીની માળાઓ કે જે એક વાર મોટા ચક્રવર્તી રાજાઓના કંઠમાં અને શીરપેચમાં વિરાજતી, તે માળાઓ પણ **સુલ્તાનને** હાથ લાગી. સંધ્યાકાળે જ્યારે **સુલ્તાન** આખા ભોંયરામાં ફરી વળીને તથા સઘળું દ્રવ્ય હાથ કરીને બહાર નીકળ્યો ત્યારે તે દ્રવ્યસંખ્યાની ગણત્રી કરતાં હર્ષઘેલો બની ગએલો જણાતો હતો ! ખરેખર, શિવાલયનું સઘળું દ્રવ્ય તેણે લૂટી લીધું હતું અને તે લાખો સોનૈયાની કીંમતનું હતું.

શિવાલયની નીચેના ભોયરામા જે વખતે સુલ્તાન દ્રવ્ય એકઠુ કરવામાં રોકાએલો હતો, તે વખતે શિવાલયના રગમડપમા જૂદો જ વ્યાપાર ચાલી રહ્યો હતો કેટલાક ધર્મના ઝનૂનવાળા અધ્રધાનો અને તુર્કો શિવાલયની આ-સપાસની નાની નાની દેરીઓમાંના શિવલિગોને ખડિત કરવામાં રોકાએલા હતા અને કેટલાક વિષયપિપાસુઓ શિવાલયમાની નૃત્યગાન કરનારી કચ-નીઓને વટલાવીને તેમનુ હરણ કરવાના કાર્યમા મચ્યા હતા શિવલિગને ખડિત કરનારાઓએ શિવાલયમા એક પણ એવુ પૂતળુ રહેવા દીધુ નહોતુ કે જેનો કોઇક પણ ભાગ ખડિત ન કરવામા આવ્યો હોય. દેરીઓની ર-ચનામા શોભાને માટે કોતરવામા આવેલા પૂતળાને પણ "યહ હિંદુઓકા દેવ હૈ, કાટ ડાલો ઇસિકુ' કરતા તેઓ દોડી જતા અને તે પૂતળાઓના અગઉપા-ગોને ખડિત કરતા નૃત્યગાન કરનારી સુસ્વરૂપ કચનીઓ તો થોડા જ સ-મયમા યવનોના કબ્જામા ગઇ, પરન્તુ તેઓમાની ઘણીખરી શીલમા અડગ રહેનારી બાલબ્રહ્મચારિણી અને માત્ર શંકરને અર્થે પોતાનુ જીવિત ગાળ-વાની ટકવાળી હતી તેઓ મુસલમાનોના હાથમાથી છૂટીને કોઇ હથિયારવડે, કોઇ પોતાની જીભ કરડીને, કોઇ શિવાલયની આકાશિકામાથી નીચે પછાડ ખાઇને અને કોઇ પાસેના કૂવામા પડતુ મેલીને આત્મસમર્પણ કરવા દ્વારા જ પોતાનો ધર્મ બજાવવા લાગી ! અબળાઓની આ દશા અને તે-ઓની આ આત્મભોગવૃત્તિ જોઇને જીવતા રહેલા બ્રાહ્મણોના કાળજા ચીરા-વા લાગ્યા. તેઓમાનો એક જણ પોતાના બધુઓને સબોધીને બોલ્યો : "ભાઇઓ ! જે કચનીઓ ભોળા શંકરને નૃત્ય અને ગાનવડે રીઝવતી હતી તેઓની આ દુર્દશા જુઓ ! તેઓમાની થોડીએક તો યવનોના ગૃહને શો-ભાવનારી સ્ત્રીઓ બનશે ! અરે, આ શુ આપણી જાતને અને આપણા ધર્મને થોડુ અપમાન છે ? પણ ભાઇઓ ! આ સ્ત્રીઓની જેવી દશા થઈ છે તેવી જ તમે આપણી દશા પણ સમજજો. આપણ દુર્ભાગીઓ, આપણા બધુઓથી અલગ રહીને જીવતા રહ્યા છીએ, પણ આપણને આ દુષ્ટ યવનો વટલાવીને પોતાના સરખા બનાવ્યા વિના રહેનાર નથી ! તેઓની દુષ્ટતાનો પાર પામી શકાય તેમ જ નથી, માટે તમે સઘળાઓએ હવે શુ ધાર્યું છે ?"

એક બ્રાહ્મણ તેનો ઉત્તર આપતાં બોલ્યો : "આપણે હવે કશુ કરી શકીએ તેમ નથી. આપણી પાસે હથિયારો નથી કે આપણે દુસ્મનની સામે થઇને યુદ્ધ કરીએ તથા યુદ્ધમાં પ્રાણ આપીએ. અરે, આત્મઘાત કરવા માટે પણ આપણી પાસે હથિયારો રહ્યાં નથી ! જો જીવતા રહીશુ તોપણ આપણને યવનો વટલાવ્યા વિના રહેનાર નથી. કદાચ બીજાઓની પેઠે આપણી પણ

તેઓ કત્લ કરાવી નાખે ! યવનોને હાથે કત્લ થઇને પરલોકવાસી થવું, તે કરતાં આત્મભોગ આપીને પરલોકવાસી થવુ એ વધારે સારૂ છે, માટે મારો વિચાર એવો છે કે આપણે શિવાલય પાસેના કૂવામા અને વાવમાં પડીને આત્મઘાત જ કરવો. બસ, આ અનર્થ હવે આપણી આંખોથી જોયો જતો નથી ! ”

પશ્ચાત્તાપથી બળતા, લડવાના સાધનો પણ ખોઈ બેઠેલા અને ધર્મની તથા શિવાલયની દુર્દશા પોતાના નેત્રોવડે જ જોઇને હતાશ થઇ ગએલા બ્રાહ્મણો-પશ્ચિમબુદ્ધિ બ્રાહ્મણો હવે આત્મઘાત કરવા તરફ પ્રેરાયા ! તેઓમાના કેટલાકે પોતાના તે નિશ્ચયનો અમલ કર્યો અને કેટલાક જીવન-લોલુપીઓ નાસી ગયા ! જે વખતે સુલ્તાન મહમદ સોમનાથના શિવાલયની ભાગતોડ કરીને અને તેમાનુ દ્રવ્ય લુટીને બહાર નીકળ્યો, ત્યારે શિવાલયમા કે શિવાલયના આગણામા એક પણ હિંદુ બચ્યો નહોતો ! જ્યા અને ત્યા નજર કરતા અફઘાનો અને તુર્કો જ પોતાના ખંડનવ્યાપારમાં મચેલા જોવામા આવતા હતા.

સોમનાથના શિવાલયનો ધ્વંસ થઇ ગયો ! સોમનાથના શિવલિગના કકડા થયા ! હિંદુઓના ધર્મનુ મોટુ અપમાન થયુ ! મૂર્તિભંજક મહમૂદને સંતોષ થયો-તેનુ નામ પણ થયુ ! સૂર્ય, ચંદ્ર અને અન્ય દેવતાઓ આ મહા અનર્થના સાક્ષીભૂત હતા, પરન્તુ તેઓ હિંદુઓને સાહાય્યભૂત થયા નહિ ! સોમનાથના શિવાલયને કુરૂપ બનાવી મેલીને દીવાલોને ભાગી તોડીને તેની મસ્જીદ બનાવી મેલવાનો સુલ્તાને હુકમ કર્યો અહો ! વિધિની ઘટનાનો પાર પામવાને કોણ સમર્થ છે ?

પ્રકરણ ૨૪ મું.

રણમાં રઝવડતો ગુજર્જરેશ્વર.

જે ભાગ્યચક્રે હિંદુ સૈનિકોને હાર ખવડાવીને રણમાંથી નસાડયા હતા, તે જ ભાગ્યચક્રે ગુર્જ્જરેશ્વરને માથે બીજી આપત્તિઓનો પણ વરસાદ વરસાવ્યો હતો. બકુલાદેવીને પોતાના જ અશ્વ ઉપર બેસાડીને ભીમદેવ રણક્ષેત્રમાથી પલાયન કરી ગયો અને તે ઉત્તર દિશા તરફ એકસરખી રીતે નાસતો જ રહ્યો. તેની સાથે સાથે તેના સરદારો અને સૈનિકો પણ હતા. માંડળિકનુ સૈન્ય યુદ્ધની અધવચમાં નિર્બળતા દાખવીને નાસી ગયુ, ત્યારથી

ભીમદેવ પોતાના એકલાના લશ્કર સાથે **સુ**લ્તાનની સામે ઊભો રહેવામાં પોતાને પૂરતો સબળ માનતો નહોતો અને તેથી **સુ**લ્તાનની સામે ફરીથી થવા પહેલાં મોટું સૈન્ય એકઠું કરવાનો યત્ન કરવાનું તેણે વાજબી માન્યું. કોઈ સુરક્ષિત અને મજબૂત કિલ્લામાં આશ્રય લીધા પછી ત્યાં રહ્યા રહ્યાં મોટું સૈન્ય એકઠું કરવું અને ત્યારબાદ **સુ**લ્તાનના લશ્કરની સામે થવું એવી તેની ધારણા હતી આથી તે જ્યાંસુધી કચ્છની સરહદમાં આવી પહોંચ્યો ત્યાંસુધી ઉત્તર દિશાએ જ નાસતો રહ્યો. ‡કંડહત્તનો કિલ્લો પોતાની લશ્કરી તૈયારીઓને માટે **ભી**મદેવને બરાબર રૂચ્યો. એ કિલ્લો ઉંચી ડુંગરીપર આવેલો હતો અને તેની આસપાસ રણમાં ભરાએલું ખારૂં પાણી ફરી વળ્યું હતું એટલે તે પુરતો સુરક્ષિત પણ હતો. **ભી**મદેવ તે કિલ્લામાં સ્થિર રહ્યો અને ત્યાં રહ્યા રહ્યા તેણે કચ્છના ક્ષત્રિયોને ફરીફરી યુદ્ધ કરવાને માટે તૈયાર કર્યા. **સુ**લ્તાન **મહમદ સો**મનાથમાંથી નીકળીને પોતાના દેશ તરફ પાછો ફરે ત્યારે માર્ગમાં તેની સાથે યુદ્ધ કરીને તેને નસાડવો અને તેની પાસેનું સઘળું દ્રવ્ય લુટી લેવું તેવી **ભી**મદેવની ધારણા હતી.

પોતાના અણીબુધીઆ સૈનિકો અણીને વખતે નિર્બળ બની બેઠા તેથી રા' **માં**ડળિક બહુ જ શરમાઇ ગયો હતો. તેના સેનાપતિ **અર્જુનજી**ને પોતાના સગા ભાઇ **હ**મ્મીરના મરણથી જેટલો શોક થયો નહોતો તેટલો શોક પોતાનું સૈન્ય યુદ્ધક્ષેત્રમાંથી પલાયન કરી ગયું તે માટે તેને થયો હતો. એક વાર **સુ**લ્તાનને **સૌ**રાષ્ટ્રીઓનું ખરૂં બળ બતાવી દેવું એવા નિશ્ચય સાથે **માં**ડળિકે **જૂ**નાગઢમાં રહીને પોતાનું લશ્કર ફરી તૈયાર કરવા માંડ્યું. જે કોઈ સોળ વરસથી વધુ ઉમરનો હોય અને થોડી પણ લડવાની કળા જાણતો હોય તેણે પોતાના દેશ અને ધર્મને માટે લડવાને તૈયાર થવું એવી દુહાઇ તેણે પોતાના તાબાના સઘળા મુલકમાં ફેરવી અને તે દુહાઇને પરિણામે બીજા સેંકડો સૈનિકો **માં**ડળિકના લશ્કરમાં ઉમેરાયા.

---

‡ **ફી**રીસ્તા તે કિલ્લાનું નામ **ગણદાબા** જણાવે છે અને તેની કેટલીક પ્રતોમાં તે નામ **ખદાબ, ખંદાવ** અને **ખંદવ** પણ જોવામાં આવે છે. મી **બ્રીગ** તે કિલ્લો ગણદેવીનો હશે એવું અનુમાન કરે છે પણ તે બરાબર નથી **ઇબ્ન અસીર** તેનું નામ **કંદહત** આપે છે **ઇલીયટ ખંદદાર** કહે છે. કિલ્લાના વર્ણનપરથી તે કિલ્લો કચ્છમાં આવેલા **કંથકોટ**નો હશે એવું અનુમાન '**રાસમાળા**'ના ગુજરાતી ભાષાંતરકાર શ્રીયુત **રણછોડભાઈ** ઉદયરામ કરે છે અને તે અનુમાન વાજબી પણ લાગે છે. **મૂળરાજ** ઉપર **બારપે** હલ્લો કર્યો, ત્યારે તે પણ ત્યાં જ ભરાયો હતો અને કચ્છ તે વખતે **ભીમ**ના તાબામાં પણ હતું.

સુલ્તાન મહમૂદે સોમનાથનુ શિવાલય લૂટી લીધુ. **શિવલિંગ**ના કકડા કર્યા અને તેમાંના બે કકડા **મક્કા** અને **મદીના**ખાતે મોકલવા તથા એક કકડો પોતાની રાજધાનીના નગર **ગઝની**ખાતે રાખવો એવી ધારણાથી એ ત્રણે કકડા તેણે પોતાની સાથે રાખ્યા.† **સોમ**નાથમાં રહેલા સઘળા હિંદુઓ વટલાયા અને જેઓ વટલાવાને આનાકાની કરવા લાગ્યા તેઓની કત્લ કરવામા આવી. શિવાલયની કેટલીક દિવાલોની ભાંગતોડ કરી નાખીને તેને મસ્જીદનો આકાર આપવામાં આવ્યો તથા **સોમ**નાથના **શિવ**લિંગ સિવાયના બીજા નાના મોટા શિવલિંગો તો ખંડિતાવસ્થામા શેરીઓમા રઝળવા લાગ્યા ભાગ તોડ, લૂટ અને કત્લના કામ માટે જ **સુલ્તાન મહ**મદ **સોમ**નાથમા ત્રણ માસ સુધી રોકાયો અને પછી **ભીમ**દેવને નમાવવાને તેની પુંઠે ધાયો **ભીમ**દેવ **કું**ડહત્તના કિલ્લામાં ભરાઇ રહીને લસ્કર એકઠુ કર્યે જતો હતો એવી ખબર **મહ**મદને મળી હતી તેથી તેણે પોતાના લશ્કરને તે કિલ્લા તરફ જ કુચ કરવાનો હુકમ આપ્યો

કેટલેક વખતે **મહ**મદ **કું**ડહત્તની નજીકમા જઇ પહોચ્યો, પરન્તુ કિલ્લાની આસપાસ કેટલાક પ્રદેશમા પાણી ભરાઇ ગએલુ જોવામા આવતા તે નિરાશ બન્યો કિલ્લામા રહેલો **ભીમ**દેવ, **મહ**મદ ચડી આવ્યો હોવાથી, લડવાને સજ્જ થઇ રહ્યો હતો કિલ્લાપર તેણે કેટલાક માણસોને રાખ્યા હતા અને તેઓ **સુ**લ્તાનના લશ્કરની હીલચાલ તપાસતા રહ્યા હતા **સુ**લ્તાન **મહ**મદ એક આગ્રહી પુરૂષ હતો **કું**ડહત્તના કિલ્લાની આસપાસ પાણી ભરાએલુ જોઇને તે કેવળ હતાશ બની ગયો નહિ વળી **સોમ**નાથનુ મેદાનમેદાન કરવામા તે ફત્તેહમંદ થયો હોવાથી તે માનતો હતો કે ખુદા તેની મદદમા જ ઉભો હતો, અને તેથી **કું**ડહત્તનો કિલ્લો કબજે કરવામા પણ ખુદા તેને મદદ કરશે એવી આશા તેના હૃદયમા ઉત્પન્ન થઇ તેણે પાણી કેટલુ ઉંડુ હતું તેની તપાસ કરાવી તો માલૂમ પડયુ કે થોડાએક ભાગમા કેવળ છીંછરૂ પાણી હતું હવે **સુલ્તાન**ને હિમ્મત આવી, પણ પાણીના અનુભવી તારાઓએ જણાવ્યુ કે “જો દરિયામા ભરતી આવશે અને તે વખતે આપણે પાણી ઉતરતા હોઇશુ તો ડૂબી મરીશુ ” **સુલ્તાને** ખુદાની બંદગી કરી અને કુરાનને પોતાના મસ્તકપર મેલીને સૌથી પહેલા

---

†કેટલાક ઇતિહાસલેખકો કહે છે કે આ **શિવ**લિંગના અન્દર ૪ કકડા કરવામા આવ્યા હતા, જેમાના બે **મક્કા** અને **મદીના** ખાતે તથા બીજા બે **ગઝની**ખાતે લેઇ જવામા આવ્યા હતા

પોતાના ઘોડાને પાણીમા ઉતાર્યો. તેની પાછળ પાછળ આખુ લશ્કર સહી-સલામત રીતે પાણી ઓળગી ગયુ. **મહમૂદે** ખુદાનો આભાર માન્યો અને તેણે **કુડહત્ત**ના કિલ્લાપર હલ્લો કર્યો.

કુડહત્તના કિલ્લાથી સાત કોસના અતરપર રા' **માંડળિક**નુ લશ્કર પડયું હતું. **માંડળિક**નો ઇરાદો એવો હતો કે **ભીમ**દેવની સાથે મળી જઇને બને-ના સામટા લશ્કર સાથે **સુલ્તાન**પર હલ્લો કરવો અને તેને નસાડવો. જે વખતે **સુલ્તાન**નુ લશ્કર કિલ્લાથી કેટલેક દૂરસુધી આવી પહોંચ્યુ હતું અને તે લશ્કર તથા કિલ્લાની વચ્ચે માત્ર પાણીનો વિસ્તાર જ આવી રહેલો હતો તે વખતે **ભીમ**દેવે **માંડળિક** તરફ એક જાસૂસ મોકલાવ્યો હતો અને તેને કહેવરાવ્યુ હતું કે "**સુલ્તાન મહમૂદ** પાણી ઉતરીને કિલ્લા તરફ આવે અને કિલ્લાપર હલ્લો કરે, તે જ વખતે અચાનક તમે તમારા લશ્કર સાથે આવી પહોચજો અને પાણી ઉતરીને **સુલ્તાન**ના લશ્કરપર છાપો મારજો. અમે **સુલ્તાન**ના લશ્કરની સામે રહીને લડીશુ અને તમે પીઠ પાછળથી લ-ડજો એટલે એ એવડા મારામા **સુલ્તાન**નુ લશ્કર ટકી શકશે નહિ પણ વેરાઈ જશે અને તેને શરણે આવવાની ફરજ પડશે ' **માંડળિક**ને આ સ-દેશો મળ્યો પણ તે સદેશામાની યોજના તેને ગમી નહિ તેણે જાસૂસને કહ્યુ "ગુર્જરેશ્વર મને આ પ્રમાણે લડવાનુ કહીને શુ કલકિત કરવા ધારે છે ? શુ હુ દુસ્મનની પાછળ રહીને લડુ ? શુ હુ નિર્બળ છુ કે તેમ કરૂ ? જો ગુર્જરેશ્વરની ઇચ્છા હશે, તો હુ પણ તેમની સાથે રહીને દુશ્મનની સામે રહીને લડીશ, પાછળ રહીને લડીશ નહિ '

ભીમદેવને **માંડળિક**નો આ ઉત્તર સાભળીને ખેદ થયો. તેણે પોતાના એક સરદારને પુન **માંડળિક**ની પાસે દોડાવ્યો અને **માંડળિક**ને સમજાવીને તેના લશ્કર સાથે કૂચ કરી આવવાનુ કહ્યું. સરદારે **માંડળિક**ને બહુએ કહ્યું પણ આગ્રહી **માંડળિકે** એ ગોઠવણ પ્રમાણે આવવાની ચોખ્ખી ના કહી. વિશેષમા **માંડળિકે** કહ્યુ "અને જો કદી **મહમૂદ**નુ લશ્કર એકીસામટુ મારી તરફ મારો ચલાવે, તોપછી પાછળ પાણીનો વિસ્તાર હોવાથી મારા લશ્કરને પાછળ હઠવાનો માર્ગ પણ જડી શકે નહિ ! ખરૂ કહુ તો આ યોજના સાભળીને મને ગુર્જરેશ્વરપર વિશ્વાસ આવતો નથી " સરદારે એ વિશેષ ખેદજનક ઉત્તર કહી સભળાવીને **ભીમ**દેવને નિરાશાના સાગરમા ડુબાડયો. ત્યારપછી તુરત જ **સુલ્તાન**ના લશ્કરે કિલ્લાપર હલ્લો કર્યો અને યુદ્ધનો પ્રારભ થયો. **ભીમ**દેવનુ લશ્કર મોટા જોર સાથે લડયુ અને **સુલ્તાન**ના અનેક પ્રયત્નો છતા તે કિલ્લાને જરા પણ ઇજા કરી શકયો નહિ. રાત્રિએ યુદ્ધ બધ રહ્યું.

માંડળિકના લશ્કરની મદદ વિના પોતાનું લશ્કર લાંબા વખતસુધી **સુલ્તા**નના લશ્કરની સામે ટકી શકશે નહિ એવું **ભી**મદેવને તુરત જ ભાસી આવ્યું. કોઇ પણ રીતે **માં**ડળિકને સમજાવવો જોઇએ જ એવું તેણે ધાર્યું અને પોતાના એ સંદેશાઓની કાંઈ જ અસર નહિ થઈ હોવાથી પોતે જાતે જઇને તેને સમજાવવો, એવો **ભી**મદેવે નિશ્ચય કર્યો. સરદારોએ **સુ**લ્તાનની સામે તનમનપૂર્વક લડીને પોતાની કીર્તિ જાળવી રાખવાનું **ભી**મદેવને વચન આપ્યું અને તેઓએ પ્રતિજ્ઞા લીધી કે "અમે મરીશું ત્યાંસુધી કિલ્લો દુશ્મનના હાથમાં જવા દઇશું નહિ" એટલે **ભી**મદેવે જાતે **માં**ડળિકની પાસે જઇને તેને સમજાવવાનો દૃઢ નિશ્ચય કર્યો. એક પ્રહરસુધી **ભી**મદેવે યુદ્ધનો રંગ જોયો અને પોતાના સરદારો **સુ**લ્તાનની સામે બરાબર રીતે ટકી શકશે એવી **ભી**મદેવની ખાત્રી થઈ, એટલે **ભી**મદેવ અને તેની સાથે **બ**કુલાદેવી બન્ને જણ દુશ્મનને જાણવા દીધા વિના ઘોડાપર સ્વારી કરીને કિલ્લાની બહાર નીકળી ગયા.

ઉતાવળે **માં**ડળિકની પાસે જઈ પહોંચીને ઉતાવળે પાછા ફરવાની ધારણાથી તેઓ પોતાના ઘોડાઓને દોડાવતા જ પ્રયાણ કર્યે જતા હતા. સૈનિકો નાહિમત ન થઇ જાય તેટલા સારૂ 'ગુર્જરેશ્વર કિલ્લામાં નથી' એ વાત એકલા સરદારોના જાણવામાં જ આવવા દીધી હતી અને સૈનિકો તે વાત જાણતા નહોતા. લાંબે વખતે એ વાત સૈનિકોના જાણવામાં કદાચ આવી જાય, પણ તે પહેલાં પોતે પાછો કિલ્લામાં જઈ પહોંચે તો સારૂં એવી **ભી**મદેવની અનન્ય ધારણા હતી. પણ હા દૈવ! મનુષ્ય ધારે છે કાંઇ અને તું કરે છે કાંઈ! આ પ્રસંગમાંથી જ એક નવીન આપત્તિનો ઉદ્ભવ થવાનો હતો તે એ માનવીઓના જાણવામાં નહોતો! ઈશ્વરેચ્છા બલીયસી એવું જાણનારા મનુષ્યો ઇશ્વરની ઇચ્છાને જાણતા નથી, એ જ એક મોટું દુર્ભાગ્ય છે!

મધ્યાહ્નનો સમય થઇ ગયો હતો. પ્રખર ગ્રીષ્મ ઋતુ ચાલતી હતી તેથી સૂર્યદેવ પોતાની સંપૂર્ણ પ્રચંડતાનું દર્શન સૃષ્ટિવાસી માનવીઓને કરાવી રહ્યા હતા. સોળે કળાઓમાં તપી રહેલા સૂર્યદેવ પોતાની પ્રત્યેક કળામાંથી અગ્નિની જ્વાળાઓ વર્ષાવી રહ્યા હોય અને સૃષ્ટિપર વસતા માનવીઓ, પશુપક્ષીઓ તથા વનસ્પતિને પણ દગ્ધપ્રદગ્ધ કરી રહેતા હોય તેવી રીતે આકાશમાંથી અગ્નિનો ઓઘ વરસાવીને પૃથ્વીપર પીતવર્ણના તડકાના રૂપમાં તેનો વિસ્તાર કરતા જણાતા હતા. તાપને લીધે આકાશ તરફ નજર પણ કરવી કઠિન થઇ પડતી હતી, તપ્ત થએલી ભૂમિપર પગ મેલવો પણ ભારી

થઇ પડતો હતો અને સર્વે દિશાઓમાં તાપને લીધે વહી જતા ઝાંઝવા જોઇને શરીર સાથે હૃદય પણ તપ્ત થતું હતું. સેંકડો કોસ દૂરથી વાતા વાયુની કોઇ ભૂલી પડેલી વાયુલહરિ આવતી, તો તે પણ એટલી ગરમ જણાતી કે કાળજાનું રૂધિર ચૂસી લેતી. કુંડદત્તનો કિલ્લો અને માંડળિકની છાવણી વચ્ચેના પ્રદેશમાં થોડાએક ગાઉ સુધી રેતીનું શુષ્ક રણ વિસ્તરાએલું હતું. ધગધગતી રેતીમાં પગ મેલતાં અને તે સાથે જ દાઝવાથી તુરત પગ ઉપાડીને ઉતાવળે ચાલતા અશ્વોની પીઠપર અત્યારે ભીમદેવ અને બકુલાદેવી આ શુષ્ક પ્રદેશમાં જ પ્રવાસ કરી રહ્યાં હતાં. ઘણી ટૂંકી મુસાફરીમાં પણ અશ્વો બિચારા રેતી ખૂંદી ખૂંદીને થાકી ગએલા જણાતા હતા અને રણમાં ચાલવાના ભારી શ્રમથી વળતાં પ્રસ્વેદબિંદુઓની શીતલતા પણ સૂર્યના સખ્ત આતાપને લીધે બહુ વખત નહિ ટકતી હોવાથી તેઓ વિશેષ શ્રમિત અને વ્યાકુળ થતા જણાતા હતા. જોકે વિરામ લેવાને માટે વખત ગાળવાનો જરા પણ સમય નહોતો, તોપણ આસપાસમાં ક્યાંય એવું વૃક્ષ પણ જોવામાં આવતું નહોતું કે જેની શીતળ છાયામાં બેસીને ક્ષણભર વિરામ લેવાની ઇચ્છા પણ આ પ્રવાસીઓ કરી શકે. જ્યાં અને ત્યાં રેતીનો સાગર દૃષ્ટિએ પડતો હતો અને ક્યાંય એકાદ પક્ષી પણ ફરકતું જોવામાં આવતું નહોતું. રણના મધ્યપ્રદેશસુધી તો ગુર્જરેશ્વર અને ગુર્જરેશ્વરી અશ્વપર પ્રવાસ કરતાં આવી પહોંચ્યાં, પણ એટલામાં ગુર્જરેશ્વરીએ પોતાના અશ્વને થોભાવ્યો, તે જોઇને ભીમદેવે પણ પોતાના અશ્વને થોભાવ્યો અને બકુલાને પ્રશ્ન કર્યો "કેમ, અશ્વ થાકી ગયો છે કે શું?"

"અશ્વ પણ બિચારો થાક્યો જ હશે તો. પણ તે મૂક પ્રાણી કાંઈ બોલી શકતું નથી એટલે તેનો થાક તો આપણે જાણી શકતા નથી. પણ આ રણ હજી કેટલેકસુધી લંબાએલું હશે?" બકુલાદેવીએ જણાવ્યું.

"હજી આપણે લગભગ મધ્યરણમાં પહોંચ્યાં છીએ. રણ ઉતર્યા પછી એક કોસ જેટલા અંતરે માંડળિકની છાવણી પડેલી છે. કેમ એ પૂછવું પડ્યું?"

"આટલામાં ક્યાંય પાણી મળશે?"

"પાણી? આ રણમાં પાણી ક્યાંથી મળે? શું તારે પાણી પીવું છે? રણ ઉતરી રહીએ ત્યાંસુધી નહિ ચાલી શકે?"

"ક્ષુધા તો કદાચ આખો દિવસ ચલાવી શકાશે, પણ પાણી વિના તો નહિ ચાલે. વળી આ રણની રેતીમાં અશ્વ એવી રીતે ચાલે છે કે તેથી મારા પેટમાં બહુ દર્દ થવા લાગ્યું છે."

"ત્યારે અહીં પાણી તો નહિ મળી શકે, હવે કેમ થશે? આસપાસમાં ક્યાંય માનવનિવાસસ્થાન જણાતું નથી અને આ રણમાં વાવ કે કૂવો તો ક્યાંથી હોય જ? હું આ રણનો પરેપરો ભોમીઓ નથી એટલે કોઈ છૂટાંછવાયા પાણીનાં સ્થાનો હશે તે પણ મારી જાણમાં નથી શું તને આ ક્ષણે જ પાણી જોઇશે?"

બકુલાનો કંઠ પાણી વિના સુકાતો હતો અને જ્યારે એ તૃષા અસહ્ય થઇ પડી હતી, ત્યારે જ તેણે પોતાના સ્વામીને તે વાત જણાવી હતી આ રણમાં પાણી મેળવવાનું પોતાના સ્વામીને પણ અશક્ય જણાય છે તે જાણી લીધા પછી એ પતિભક્ત સુંદરીએ પોતાનું દુઃખ વધારે પ્રમાણમાં વ્યક્ત કરીને પતિને દુઃખિત કરવાનું ઉચિત માન્યું નહિ ભીમદેવના પ્રશ્નનો ઉત્તર આપતાં તેણે જણાવ્યું "એટલી બધી કાંઈ ઉતાવળ નથી હજી કેટલોક વખત ચાલી શકશે. ચાલો, હવે આગળ ચાલીએ, માર્ગમાં વળી કોઈ જળાશય મળી આવશે"

પુનઃ બન્ને પ્રવાસીઓએ પોતાના અશ્વોને આગળ ચલાવ્યા તૃષા અને પેટમાં થતા દર્દને લીધે બકુલા પ્રતિક્ષણે પોતાનું સામર્થ્ય ગુમાવતી જતી હતી અને અચેતન બનતી જતી હતી, તોપણ બળાત્કારે મનને સાવધાન રાખીને તે અશ્વની લગામ હાથમાં પકડી રહી હતી અને અશ્વ ઉપર ટટ્ટાર બેસી રહી શકી હતી નિદ્રાથી ઘેરાઇ ગએલો માણસ જેવી રીતે બળાત્કારે નિદ્રાને દૂર હાંકી કાઢીને જાગૃત રહેવા માટે યત્ન કરે, તેવી રીતે બકુલા બળાત્કારે સાવધ રહેવા માટે પ્રયત્ન કરતી હતી, પરન્તુ પ્રતિક્ષણે પ્રયત્નને ઓછી ઓછી સફળતા મળ્યે જતી હતી. એમ ને એમ કેટલેકસુધી ચાલ્યું પણ હવે બકુલામાં ચૈતન્ય રહ્યું નહિ તેણે કહ્યું "નાથ! તૃષાને લીધે હું શક્તિહીન થતી જઉં છું"

"હેં! ઓ પ્રભુ! આ વળી ક્યાંથી નવી આપત્તિ આવી? આ રણમાં હવે હું ક્યાંથી પાણી લાવી આપું? પણ પ્રિયા! જો તું અસાવધ થતી જતી હોય અને તારાથી અશ્વ ઉપર બેસી શકાય તેમ ન હોય તો તું મારા અશ્વપર આવી જા હું તારા દેહને સાચવી રાખીશ, અને નહિ તો તું તારા અશ્વપરથી કદાચ પડી જશે"

બકુલાએ તેનો કાંઇ જ ઉત્તર આપ્યો નહિ કારણકે તેના કંઠ કાંટા પડ્યા હતા અને હવે બોલવાનું સામર્થ્ય તેનામાં રહ્યું નહોતું. વળી થોડુંક અંતર બન્ને અશ્વોએ કાપ્યું, પણ એટલામાં એકાએક બકુલાદેવી અસાવધ બનીને અશ્વપરથી નીચે પડી ગઇ! તેની આ અવસ્થા જોઇને ભીમદેવ

ભયભીત થઇ ગયો અને તે અશ્વપરથી નીચે કૂદી પડયો ધગધગતી રેતીમાથી નીકળતી જ્વાળાઓથી તેનો દેહ બળી ઉઠતો હતો, ત્યારે રેતીમા પડેલી **બ**કુલાદેવીના સુકોમળ દેહને તો શુએ થતું હશે, એવી કલ્પના કરતો તે **બ**કુલાદેવીની પાસે દોડી ગયો એ સમયે તેની આખો મીંચાઈ ગએલી હતી પાસે ઉભેલા અશ્વની પ્રતિછાયાથી તેના અર્ધ અગપર છાયડો પડતો હતો અને મસ્તકપર છાયડો લાવવાને **ભી**મદેવે પોતાના અશ્વને દોરી લાવીને બન્ને અશ્વોને પાસે ઉભા રાખ્યા એ કૃત્રિમ છાયડામા **બ**કુલાદેવીનુ અગ આવી રહ્યુ, પરન્તુ એ અગ નીચેની રેતીમાથી નીકળતી જ્વાળાઓ તો સૂર્યના પ્રચડ તાપના જેટલી જ તીવ્ર હતી **બ**કુલાના કરમાઇ ગએલા સુકોમળ વદન તરફ એકીટસે જોઇ રહેતા **ભી**મદેવના નેત્રોમા અશ્રુ ઉભરાઈ આવ્યા તેનુ અતર્ પોકારી ઉઠ્યુ . ' ઓ પ્રભુ ! આ સુકોમળ લતાએ તારો શુ અપરાધ કર્યો છે કે તેના ઉપર આ વજ્રનો પ્રહાર તું કરી રહ્યો છે ? હા ! આ સુકોમળ કમળ અત્યારે માત્ર જળવિના કેવુ ચીમળાઈ ગયુ છે ? અમૃત સરખા શરબતો પીનારી ગુર્જરેશ્વરીને આ રણમાં શુ પાણી વિના દેહત્યાગ કરવો પડશે ? ઓ પ્રભુ ! તુ આટલો ક્રૂર ન થા હા, તુ મને તૃષાતુર બનાવીને ભલે મારી નાખ, પણ આ સુકોમળ લતાને ચીમળાવી નાખવા જેટલો નિર્દય તુ ન થા ! અરેરે ! **બ**કુલા ! પ્રિયતમા ! હુ એટલો દુર્ભાગી છુ કે આ સ્થિતિમા જ તારો અત આવેલો જોઇશ ? ના, એમ નહિ થાય યુદ્ધમા મારો પરાજય થયો એ કરતા વધારે મોટી આ આફત મારે માથે નાખવા જેટલો ઘાતકી એ પરમકૃપાળુ પરમેશ્વર નહિ બને, એ તો નિશ્ચિત જ છે. પણ આમ શોક કર્યે કાઇ દહાડો નહિ વળે. આસપાસમા કયાયથી પાણી શોધી કાઢવું જોઇએ ઓ-પણે કાઇ ઝાડવા દેખાય છે કદાચ ત્યા પાણી હશે અને પાણી નહિ હોય તોએ એ ઝાડવાના પાદડાના રસના થોડા ટીપાથી એને સાવધ કરી શકાશે." એમ વિચારતો **ભી**મદેવ તે ઝાડવા તરફ દોડયો તે ઝાડવા કાઈ બહુ દૂર નહોતાં અને તેથી અશ્વ ઉપર બેસીને ત્યા જવાની તેને જરૂર જણાઈ નહિ. રેતીના દગ ખૂદતો અને ઉતાવળે પગે દોડતો ગુર્જરેશ્વર છલગો મારતો તે તરફ ચાલ્યો અશ્વપર બેસીને તે તરફ જવાથી અશ્વના દેહનો છાયડો દૂર થાય અને **બ**કુલાના દેહ ઉપર તડકો આવે એ દુ:ખકલ્પના તેનાથી સહી શકાઇ નહિ અને તેથી તે તે તરફ દોડતો ગયો.

જે ઝાડવાં તરફ **ભી**મદેવ પાણી મેળવવાની આશાથી દોડતો ગયો હતો તે ઝાડવાની પાસે પહોચતા જ તે નિરાશ થઈ ગયો. ત્યા કાંઈ જળાશય

નહોતું એટલુ જ નહિ પણ જે ઝાડવાના પાંદડાંના રસના ટીપાવડે **બકુલા**-દેવીની તૃષાને તૃપ્ત કરવાની **ભીમ**દેવે ધારણા રાખી હતી તે ઝાડવા જંગલી ખજુરીના નાના છોડ માત્ર હતા! નિરાશાના અંધકારથી **ભીમ**દેવનુ હૃદય છવાઇ ગયુ. તે દુઃખપૂર્ણ મનથી વિચારવા લાગ્યોઃ "હાય! હાય! હવે હું શું કરીશ? જળ વિના મારી પ્રિયતમાનો જરૂર અંત આવશે. અરે, જો કોઇ વટેમાર્ગુ પણ મને આ સ્થળે મળે, તો હુ આ મારા કંઠમાંનો હીરાનો હાર તેને કાઢી આપુ અને તેના બદલામા એક લોટો પાણી મારી પ્રિયતમાને માટે મેળવું, અથવાતો આટલામા કયાંય જળાશય હોવાની ખબર તેની પાસેથી મેળવું! પણ ગુર્જરેશ્વર! તારા દુર્ભાગ્યે કોઈ માણસ તો શુ પણ પક્ષી સરખુએ આ રણમાં ફરકતું જોવામા આવતુ નથી! મિષ્ટ ભોજન આરોગનાર નૃપતિને આજે સ્હવારના કડાકા છે, તેની તો કાંઈ ફીકર નહિ, પણ થોડુ જળ મને અત્યારે મળી શકે તોએ હુ મારૂ અહોભાગ્ય સમજુ! લોકો કહે છે કે ધનસંચય હોય, સુશીલ સ્ત્રી હોય, મોટો અધિકાર હોય તો પછી ઇહલોકનુ કાંઇ જ સુખ બાકી રહેતું નથી! અહો! એ કેવી મોટી ભ્રમણા છે? મારી પાસે અખૂટ ધન છે—અત્યારે જ મારી પાસે હીરા અને મોતીના દાગીના છે, પણ આ રણમા તે શા કામના? શુ તે હીરા કે મોતીવડે તૃષા છીપી શકે? સુશીલ સ્ત્રી પણ હુ મેળવી શકયો છુ પરન્તુ મારા દુર્ભાગ્યને લીધે થોડા જળના બિંદુઓ વિના તે અત્યારે મરવા પડી છે! અધિકાર તો હુ બહુ મોટો ધરાવુ છુ, પણ આ રણમા તે શુ કામનો? શુ આ જડ પૃથ્વી સમજે છે કે હુ તેનો માલેક અહીં પાણી મેળવવાને માટે રડવડુ છુ? જો તે સમજતી હોય તો અહીં જ તે પોતાનુ પેટ ચીરીને મારે માટે જળનો ઝરો વહેવડાવે! પણ હા! હુ દુર્ભાગ્યથી ઘેરાએલો છુ તેથી જ અત્યારે હુ ગુર્જરેશ્વર છતા રકમા પણ રંક છુ! હુ કેવો મર્ખ કે સાથે પાણી તો ન લાવ્યો પણ એકાદ ચાકરને પણ ન લાવ્યો! આ હીન દશામા **બ**કુલાને રણની ધગધગતી રેતીમા એકલી પડી રહેવા દઇને મને પાણી શોધવા નીકળવું પડયુ છે! પ્રભુ! એના પ્રાણ તું હરી લે, તે સાથે મને પણ તારી પાસે બોલાવી લેજે, કારણકે એ સુશીલ સુંદરીના વિરહમાં આ રંક આત્મા વધુ વખત જીવી શકનાર નથી! બાણ મારવામાં કુશળ, શત્રુની સામે લડવામા અદ્વિતીય અને મોટા મોટા દેશોના રાજાઓને નમાવવામાં એક્કો એવો હુ ગુર્જરેશ્વર, તે હુ પ્રિયાના દુઃખ સમીપ રંક બની ગયો છુ! હા, જો અત્યારે **સુલ્તાન મહમૂદ** અહીં આવીને મને કહે કે તારૂ આખું રાજ્ય આપી દે તો તેના બદલામાં

તને એક લોટો પાણી આપુ, તો હુ તેની તે માગણી કબૂલ કરૂ ! અરે, યવનને જોવાથી પણ દોષ માનનાર હું તેનો ખડિયો રાજા થઇને રહુ, પણ અકુલા મરણ પામે તે મારાથી કેવી રીતે જોયુ જાય ? ઓ દેવતાઓ ! જો તમે મારા પર સ્વલ્પ પણ કૃપા ધરાવતા હો, જો મેં તમને કોઇ પણ વાર યજ્ઞયાગાદિથી સતુષ્ટ કર્યા હોય તો તમે આ ક્ષણે મારી વ્હારે આવો અને મને લોટો–હા માત્ર એક પાણીનો લોટો જ આપો ! હે ઉમયાપતિ શંકર ! ઉમયાસગે સદૈવ વિચરતા હે ભગવાન્ ! તમારાપરની શ્રદ્ધામાંથી જો મારૂં મન ચલિત ન થયુ હોય તો મારી એ ધર્મશ્રદ્ધાના બદલામાં મને પાણીનો એક લોટો આપો ! ” એટલુ બોલતામાં નિરાશ થએલો ભીમદેવ રડી પડયો. તેના અશ્રુને નિહાળનાર માત્ર દશ દિગ્પાલો જ હતા અને તેને લૂછનાર માત્ર ઉષ્ણ વાયુલહરિ જ હતી ! તેના એ અરણ્યરોદનને શ્રવણ કરનાર આકાશવ્યાપી પચમહાભૂતો જ હતા, અને જાણે કે તેઓને રણુમા રડવડતા ગુર્જરેશ્વરપર અને તેની પ્રિયતમા અર્ધાગનાપર દયા ઉપજી હોય તેવી રીતે થોડેક દૂર આવેલી એક વૃક્ષાવલિ ભીમદેવની દૃષ્ટિએ આણી. પાણી અથવા પાદડા મેળવવાને ગુર્જરેશ્વર તે વૃક્ષાવલિ તરફ આશાભરિત હૃદયે દોડયો !

પ્રકરણ ૨૫ મું.

પર્ણકુટીમાં ધર્મચર્ચા.

રણુમા પણ કોઇ કોઇ સ્થાને ફળદ્રૂપ અને લીલોતરીવાળા સ્થાનો જોવામાં આવે છે, તેમાનુ એક આ પણ સ્થાન હતું તે સહેજ ચઢાણવાળી એક ટેકરી ઉપર આવેલુ હતુ અને લીલા વૃક્ષોવડે ચારે બાજુએથી ઘેરાએલુ હતું. તે વિશાળ સ્થળ આ રણુના અનેક પ્રવાસીઓને વિરામસ્થાનરૂપ થઇ પડયુ હતુ અને તેની એક મોટી વિશિષ્ટતા એ હતી કે તે સ્થાને પર્ણકુટી બાધીને રહેતા કોઇ એક તાપસે જૂદી જૂદી જાતના ફુલઝાડ રોપીને તેને સુદર બનાવ્યુ હતું શિરપર હમેશાં છત્ર ધારણ કરીને ચાલતો ગુર્જરેશ્વર તાપ અને શ્રમથી હાફતો હાફતો અને શ્વાસભેર દોડતો દોડતો આ સ્થાને આવી પહોચ્યો. એક માર્ગદ્વારા વૃક્ષજૂથને પાર કરીને તે અદર ગયો, તો તેણે માણસનો બોલ સાંભળ્યો. “ જ્યારે અહીં મનુષ્યનો નિવાસ છે, ત્યારે અવશ્ય પાણી પણ હશે. ” એવી આશા ઉદ્ભૂત થતા ભીમદેવના હૃદયમાં અતુલ હર્ષ ઉત્પન્ન થયો. તે પર્ણકુટીની જરા નિકટમા ગયો, એટલામાં તે ચમકયો અને થોભ્યો કુટીની અદર એક મુસલમાન બે-

ઠેલો હતો અને તેની સાથે વાતચીત કરતા કોઇ બે યોગીઓ બેઠેલા હતા ! આ દશ્ય જોઇને **ભી**મદેવ ચકિત થઈ ગયો. પેલા યોગીઓ વેશધારી હોવા જોઇએ અને તેઓ સુલ્તાન મહમૂદના છાના જાસૂસો હોવા જોઇએ એવું અનુમાન તેણે બાંધ્યુ, કારણકે જો તેમ ન હોય તો એ યોગી પુરૂષો એક યવનનો સત્કાર કરીને પોતાની પર્ણકુટીમા બેસવા દે અને તેની સાથે તેઓ સભાષણ કરે એ કદાપિ માની શકાય તેવુ નહોતું. હજીસુધી **ભી**મદેવ તેમની દૃષ્ટિએ પડચો નહોતો તેથી તેઓ વચ્ચે શુ વાતચીત ચાલી રહી છે તે જાણવાને તે જરા બાજુએ ખસી ગયો અને ગુપ્ત રીતે પર્ણકુટીની બાજુએ ઉભો રહી તેઓની ગુપ્ત વાતચીત સાભળવા લાગ્યો. યવનોપરના વૈરથી બળતો **ભી**મદેવ યવનને જોઈને વૈરના આવેશમા જકડાયો અને ક્ષણભર **બ**કુલાને વિસરી ગયો !

"અને શ્રી કૃષ્ણ ભગવાન્—તે તરણતારણ યોગી શુ **શં**કરના ઉપાસક હતા ? અસભવિત, કેવળ અસભવિત વાર્તા ! તમે જે શિવમાહાત્મ્યની વાત કહો છો, તે એક વાર તટસ્થ બુદ્ધિથી માન્ય રાખીએ, તોપણ શ્રી કૃષ્ણ અને તે ઉપરાત શ્રી **રા**મચદ્ર **શં**કરના ઉપાસક હતા એ વાત માન્ય રાખવાની તો હુ સાફ ના કહુ છુ"

"આપની બુદ્ધિમા જે આવતું હશે તે અસત્ય નહિ હોય આપ વયોવૃદ્ધ ત્યાગી છો અને આપની પાસે હુ તો એક બાળક છુ સસારી પણ છુ; એટલે કદાચ આપ જે કાઇ જોઈ શકતા હો, તે હુ ન પણ જોઇ શકતો હોઉ પરન્તુ હુ જો શાસ્ત્રના કાઇ પ્રમાણો આપુ, તો હુ ધારૂ છુ મારી વાત આપને રૂચશે ખરી."

"વારૂ, બોલો જોઇએ."

"શ્રવણ કરો **મ**હાભારતના યુદ્ધ સમયે **અ**ર્જુને પોતાના સારથી શ્રી કૃષ્ણને પૂછ્યુ કે હે શ્રી કૃષ્ણ ! મારી આગળ શ્યામવર્ણયુક્ત હાથમા ખડ્ગ લેઇને ચાલે છે તે કોણ છે ? તે સમયે શ્રી કૃષ્ણે તેને કહ્યુ કે તે પરમાત્મા **રૂ**દ્ર છે કે જેની ઉપાસના તેં પ્રથમ કરી પાશુપત વગેરે અસ્ત્રો મેળવેલા છે વળી એ જ યુદ્ધમાં **અ**શ્વત્થામાએ પોતાના અસ્ત્રપ્રયોગમા સ્તુતિ કરી તે વખતે **શં**કરે પ્રકટ થઇને તેમને કહ્યું હતું કે—

यथावदहमाराद्ध. कृष्णेनाक्लिष्टकर्मणा ।
तस्मादिष्टतमः कृष्णादन्यो मम न विद्यते ॥

અર્થાત્—પુણ્ય કર્મ કરનારા શ્રી કૃષ્ણે મારી ઘણા કષ્ટથી આરાધન

કરી છે તેથી મને કૃષ્ણ વિના બીજો અધિક ઇષ્ટ નથી. શ્રી કૃષ્ણે પોતે પણ મહાભારતમાં કહ્યું છે કેઃ—

ब्रह्मचर्यमहद् घोर तीर्त्वा द्वादशवार्षिकान् ।
हिमवत्पार्श्वमास्थाय यो मया तपसार्जितः ॥

અર્થાત્—મેં હિમાચલના શિખરપર વાસ કરીને બાર વર્ષ સુધી મહાઘોર બ્રહ્મચર્ય પાળીને તપથી શ્રી શંકરને વશ કર્યા હતા. મહાભારતની પેઠે વાલ્મિકિના રામાયણમા આપણે જો ઉડા ઉતરીશુ તો તેપરથી પણ જણાશે કે શ્રી રામચંદ્ર શ્રી શંકરના પરમભક્ત હતા. શ્રી રામચદ્રે સમુદ્ર તરી ગયા પછી પોતાના ઇષ્ટદેવ શંકરની આરાધના કરીને તેનુ સ્થાપન કર્યું હતું. તે સેતુબંધ રામેશ્વર તીર્થની જગ્યા પ્રસિદ્ધ છે. શ્રી રામચદ્ર સીતાને લઇને જ્યારે પાછા અયોધ્યા તરફ આવતા હતા ત્યારે તે સમુદ્રના તીર ઉપર આવતા સીતાને રામેશ્વરના દર્શન કરાવતા બોલ્યા હતા કેઃ— अत्र पूर्वं महादेव प्रसादमकरोत्प्रभुः અર્થાત્ અહીં આગળ પૂર્વે શ્રી મહાદેવે મારા ઉપર કૃપા કરી હતી અને વળી રામચદ્રજીના વિદ્યાગુરૂ વિશ્વામિત્ર પણ શંકરના ઉપાસક હતા અને તેમણે શંકર ઉપર તપશ્ચર્યા કરીને શસ્ત્રાસ્ત્રો મેળવ્યા હતા”

“ રામાયણ—મહાભારતના પ્રમાણો કરતા વેદના પ્રમાણો વિશેષ સબળ ગણાય ”

“ તો વેદોમાએ તેવા અનેક પ્રમાણો છે આ ગ્રથોમા તેમ જ વેદોમા તેત્રીસ દેવોનુ વર્ણન છે, જે દેવોમા આઠ વસુઓ, અગીઆર રૂદ્રો, બાર આદિત્યો, એક ઇંદ્ર તથા એક પ્રજાપતિ, એ પ્રમાણે ગણાય છે. આ સર્વ દેવોનુ વર્ણન વેદોમા પ્રસગે પ્રસગે કરવામા આવ્યુ છે વસ્તુત શંકર કે વિષ્ણુ કે બ્રહ્મા એ ત્રણે પુરૂષ અને તેમની પત્નીઓ તે પ્રકૃતિના સ્વરૂપો છે તટસ્થ અને ઉદાર દૃષ્ટિથી જોઇએ તો તેમાના એકે દેવ આ સૃષ્ટિનુ કે તેઓના ઉપાસકોનુ અહિત કરનારા નથી શંકરને કે વિષ્ણુને ઉચા—નીચા ગણવા એ તો એક માત્ર ભ્રમ છે અને શૈવોએ વિષ્ણુની કે વૈષ્ણવોએ શિવની નિંદા કરવી તે તો એક મહાપાતકનુ કાર્ય છે. ઉભય એક સ્વરૂપ છે અને તેઓમા અતર ગણવું એવી ભેદબુદ્ધિ ઇષ્ટ નથી. ”

“ ખરૂ છે; વ્યર્થ નિંદા કરવાથી કાંઇ દેવોનુ માહાત્મ્ય કમી થતું નથી ”

“ અને હા, આપ ઉદાર બુદ્ધિવાળા વિષ્ણુભક્ત છો, તેથી જ હું આટલી સ્પષ્ટતાપૂર્વક બોલી શક્યો છું, નહિતો આજકાલ કેટલાક વૈષ્ણવો એવા છે કે શૈવને દેખતાં જ તેનીપર ઘૃણા દર્શાવે. ”

"પણ મહારાજ!" પર્ણકુટીવાસી યોગીનો જુવાન શિષ્ય બોલ્યો: "તમારા શંકર ભગવાન્ જ્યારે વિશ્વામિત્રને શસ્ત્રાસ્ત્ર આપી શક્યા, રામચન્દ્રજીનુ દુખ ટાળી શક્યા અને કૃષ્ણ ઉપર મમતા દર્શાવી શક્યા, ત્યારે અત્યારે તેમનુ માહાત્મ્ય અને શક્તિ બન્ને ક્યા ઉડી ગયા? આ યવનેશ્વરે જ્યારે શિવલિંગના કકડા કર્યા ત્યારે તમારા શિવજી પાર્વતીની સોડમા સૂઇ ગયા'તા કે શુ? એનો ઉત્તર આપો.'

ગુરૂએ શિષ્ય તરફ જરા કરડી આંખ કરીને કહ્યુ· "આવી અસભ્ય ભાષાનો ઉપયોગ કર નહિ. આજસુધી હુ શંકરને પરદેવ માનતો હતો અને તેના માહાત્મ્યની હીનતા કરવામાં આનદ માનતો હતો, પરન્તુ હવેથી માનજે કે હુ કેવળ બદલાઇ ગએલો છુ. આ મહાશયના શબ્દોપરથી મને મારો આત્મા ઉદાર બુદ્ધિ ધારણ કરવાનો ઉપદેશ કરે છે અને શિવમાં કે વિષ્ણુમા ભેદ માનવાની ના કહે છે, માટે આજથી તારે પણ મારી પેઠે વિષ્ણુ સાથે શંકરને પણ ઇષ્ટદેવ માનવા"

"એક મ્યાનમા બે તલવાર શી રીતે સમાશે? ગુરૂજી!" શિષ્યે પ્રશ્ન કર્યો

'હવે હુ તેનો ઉત્તર આપુ છુ વિષ્ણુ અને શકર ઉભયને એકસ્વરૂપ માનીએ તો પછી એ બે તલવારો નથી, પણ એક જ તલવાર છે અને એવી એક તલવાર ઉદાર અત કરણરૂપી એક જ મ્યાનમા સમાય હવે આપનો પ્રથમ પ્રશ્ન કે જે જડવાદને મળતો જ છે તેનો હુ મારી બુદ્ધિઅનુસાર ઉત્તર આપુ છુ દેવની જડ અને સ્થૂળ મૂર્તિ છે તે કાંઇ દેવ પોતે નથી તેવી મૂર્તિમા દેવરૂપ ભાવનાને સ્થાપિત કરીને તેની શુદ્ધ અતઃકરણપૂર્વક ઉપાસના કરવામા આવે, તો તેથી શ્રદ્ધાળુ અત કરણોને નિર્મળ ચિત્તવૃત્તિનો લાભ થાય છે અને જ્ઞાનયોગથી હીન રહેલા પણ ભકિતયોગમા તત્પર એવા મુમુક્ષુઓ તે ચિત્તવૃત્તિની નિર્મળતાના યોગે કરીને સસારને તરી જઇ મોક્ષપદને પામે છે ખુદ સ્થૂળ મૂર્તિમા તો ચૈતન્ય નથી જ પરન્તુ શ્રદ્ધા અને ભક્તિવડે જે નવીન ચૈતન્ય ભાવિક પુરૂષોમાં પ્રાપ્ત થાય છે, તે ચૈતન્ય જ દેવસ્વરૂપ છે હવે જે સ્થૂળ મૂર્તિની ઉપાસના કરવામાં આવે છે તે સ્થૂળ મૂર્તિ ચૈતન્યરહિત હોવા છતા તે મૂર્તિમાં જે દેવસ્વરૂપનુ આરોપણ કરીને તેની ઉપાસના કરવામા આવે છે તે દેવ પોતે તો હમેશા જાગૃત જ છે—પોતાના સૂક્ષ્મ સ્વરૂપમા નિત્યમેવ અસ્તિત્વમાં જ છે. આ સૂક્ષ્મ સ્વરૂપ આપણી ચર્મચક્ષુઓની સ્થૂળ દૃષ્ટિથી હમેશાં અગોચર રહે છે પરન્તુ આંતર્ દૃષ્ટિનો વિકાસ કરી શકતા પરમયોગી પુરૂષો તો તેનુ

અવર્ણનીય સૂક્ષ્મ અને તેજસ્વી સ્વરૂપ નિહાળી શકે છે. આ દેવ જાગૃત છે–ઉંઘતો નથી, તે આપણી શ્રદ્ધા અને ભક્તિને આપણા કરતા ઉચ્ચતર ભૂમિકામા ઉભો રહીને જુએ છે અને આપણી ભક્તિના તંતુઓ એકત્ર થઇને જેટલી પ્રબળતાને પામ્યા હોય છે તેના પ્રમાણમા આપણને તેનુ ફળ તે આપ્યા જ કરે છે. તમે પૂછશો કે અમે અમારી બુદ્ધિવડે માનીએ છીએ કે અમે અત્યંત શ્રદ્ધાળુ અને ભક્તિમાન હતા, તે છતા અમારા ભક્તિતંતુઓનુ બળ અમારા દેવની મૂર્તિનુ રક્ષણ કરવાને કેમ સમર્થ નીવડયુ નહિ ? પરન્તુ આપણે અપૂર્ણ બુદ્ધિવાળા છીએ અને એ દેવ અનંત જ્ઞાનમય છે એટલે આપણી ભક્તિનુ જે ફળ આપણને તે આપતો હશે તે ઉચિત જ હોવું જોઇએ અને આપણે આપણી ભક્તિને કે શ્રદ્ધાને જેટલી પ્રબળ માનતા હોઇએ તેમા આપણે ભૂલ કરતા હોવા જોઇએ. જે મૂર્તિમા આપણે દેવના સ્વરૂપનુ આરોપણ કરીને તેની પૂજા–પ્રાર્થના કરતા હતા, તે મૂર્તિના કકડા થયા–તેનુ અપમાન થયુ, તે તે દેવનુ અપમાન થએલુ સમજવાનુ નથી, પરન્તુ આપણી શ્રદ્ધા અને ભક્તિના સ્વલ્પ સામર્થ્યનુ જ તેથી માપ મપાઇ ગયુ છે અને આપણુ પોતાનુ જ તે અપમાન થએલુ છે એમ સમજવાનુ છે, તે નિર્લેપી દેવને કાંઇ નથી પોતાના ઉપાસકોને આવો ફટકો વાગવા દેવાની અગત્ય તેણે આપણી દૃષ્ટિથી અગોચર એવા કોઇ કારણોથી જોઇ હશે અને તેથી જ તેણે આવુ થવા દીધુ હશે એકલા શંકરની જ નહિ પણ સર્વ દેવોની મૂર્તિઓનુ સ્વરૂપ આ પ્રકારનુ છે, બન્ધુ !"

આ વિવાદ સાભળીને **ભીમ**દેવ ચમકી ગયો. પર્ણકુટીમા બેઠલા યવનના મુખમાથી શિવમાહાત્મ્યસૂચક શબ્દો ઉચરાતા સાભળીને તે મોટા આશ્ચર્યમા પડયો તે ભ્રમણામા પડયો 'શુ યવનોમા પણ કોઇ શિવભક્ત હશે ખરા ? પણ નહિ, આ યવન તો હિંદુ ધર્મશાસ્ત્રના પ્રમાણો આપી શકે છે, ત્યારે શુ તે હિંદુ હશે અને કાંઇ કારણસર તેણે યવનનો વેશ ધારણ કર્યો હશે ?" આવા આવા અનેકવિધ વિચારો કરતો તે પર્ણકુટીના દ્વારની સામે ગયો કુટીમાના માણસોનુ ધ્યાન તે તરફ ખેચાયુ અને પેલો યવન એકદમ ઊભો થઇને **ભીમ**દેવની સામે સહર્ષ ધાઇ આવ્યો તથા પગમાં પડીને બોલ્યો: "અહો, ગુર્જરેશ્વર ! આપ અહીં–આ રણમા અત્યારે–મધ્યાહ્નને સમયે ક્યાથી ?"

"પણ એક વાર કહો કે તમે કોણ છો ?" **ભીમ**દેવે પ્રશ્ન કર્યો

"મને ન ઓળખ્યો બાપજી ? ગત શ્રાવણી પૌર્ણિમાએ આપ **સોમ**નાથમાં પધાર્યા હતા અને તે વખતે આપને પૂજન કરાવનારો હુ પોતે જ

પૂજારી **શં**કરપ્રસાદ. કાંઇ હેતુપુરઃસર આ વેશ ધારણ કર્યો છે—આત્મસરક્ષણને માટે નહિ પણ ધર્મસેવાને માટે અને યવનોચ્છેદને માટે."

"અને આ પર્ણકુટીમાં કોણ નિવાસ કરે છે?" **ભી**મદેવે એક વિશેષ પ્રશ્ન કર્યો.

"આ પર્ણકુટીમા આ યોગી મહાત્મા, તેમના ધર્મપત્ની અને આ એક તેમનો શિષ્ય નિવસે છે યોગી મહાત્મા વિષ્ણુભક્ત છે પણ શૈવોપ્રતિ સહૃયતા ધારણ કરનારા અને સુશીલ છે, તેમનુ નામ **હ**રિદેવજી છે. પણ આપ અહીં એકલા ક્યાથી, મહારાજ!"

"**શં**કરપ્રસાદ! હુ એક મોટી આપત્તિમા આવી પડયો છુ હુ અને રાણી **અ**કુલાદેવી આ રણ ઉલ્લઘીને **માં**ડળિકની છાવણી તરફ જતાં હતા, એવામા સાથે પાણી નહિ હોવાને લીધે રાણી તૃષાતુર થઈ ગયા અને અહીંથી થોડે દૂર તે અસાવધ થઇને પડયા છે" **ભી**મદેવે ટુકામાં કહી સભળાવ્યુ

"હ! શુ મહારાણી **અ**કુલાદેવી એ સ્થિતિમા પડયા છે? ચાલો, ચાલો, હુ પાણી લેઇને આવુ છુ." **શં**કરપ્રસાદ તુરત જ કુટીમાના એક કમડલ તરફ દોડયો

ભીમદેવનુ માત્ર નામ જ સાભળનાર **હ**રિદેવ ઋષિને પોતાની પર્ણકુટીમા ખુદ **ભી**મદેવને આવેલો જોઇને હર્ષ થયો, પણ તે સાથે આપત્તિપ્રસગનુ શ્રવણ કરીને ખેદ પણ થયો એક રાજવધૂની આ અવસ્થા આવેલી જોઇને તેમને આશ્ચર્ય પણ થયુ તે પોતાને વૃદ્ધ શરીરે પણ લાકડીનો ટેકો લેઇ ઊભા થયા અને બોલ્યા "રાજન્! ભયભીત થશો નહિ પરમકૃપાળુ પરમેશ્વરે આ રણમાના તૃષાતુર પ્રવાસીઓને માટે અત્ર જળ અને ખાદ્ય પદાર્થ ઊભયનો સચય ભરી રાખ્યો છે" પછી ઋષિજીએ પોતાની ધર્મપત્ની તરફ ફરીને કહ્યુ "દેવી! તમે આ **શં**કરપ્રસાદ સાથે જાઓ સ્ત્રીજાતિને કોઇ વાર સ્ત્રીસાહાય્યકની આવશ્યકતા પડે છે, અને સાથે તું પણ જા, **ય**જ્ઞેશ્વર! કદાચ વધુ માણસોની જરૂર પણ પડે"

માત્ર એક જ પળમા **શં**કરપ્રસાદ, **સા**વિત્રીદેવી અને **ય**જ્ઞેશ્વર ત્રણે જણ **ભી**મદેવની સાથે જવાને તૈયાર થઈ ગયા અને તુરત જ દોડતા નીકળ્યા. **સા**વિત્રીદેવી અવસ્થાને લીધે સૌની પાછળ રહ્યા પણ **શં**કરપ્રસાદ, **ય**જ્ઞેશ્વર અને **ભી**મદેવ તો એકસરખી ઝડપે દોડતા અને ચાલતા **અ**કુલાદેવી પડી હતી ત્યા આવી પહોચ્યા. ત્રણે જણ ત્યા બનેલો એક વિચિત્ર બનાવ જોઇને દિઙ્મૂઢ બની ગયા! **અ**કુલાદેવી તો એક સરખી અસાવધ સ્થિતિમા જ

પડી હતી, અશ્વો પણ જરાએ હાલ્યાચાલ્યા વિના છાયડો કરીને એક-સરખી રીતે ઊભા હતા, પરન્તુ વિચિત્ર બનાવ એ બન્યો હતો કે **બ**કુલા-દેવીએ એક બાળકને જન્મ આપ્યો હતો અને તે બાળક સૃષ્ટિની હવાનો સ્પર્શ થવાને લીધે તીવ્ર સ્વરે રડતું હતુ! રાણીની આ સ્થિતિ જોઇને શું કરવું તેની સમજણ વિનાના ત્રણે પુરૂષો ટગરટગર એક બીજાનુ મ્હોં જોતા ઊભા રહ્યા!!

પ્રકરણ ૨૬ મું.

"પુત્ર! રાજા નહિ; પણ યોગી થજે!"

પરન્તુ એ સ્થિતિમા વખત ગાળવો એ હિતકારક નહોતું **શં**કરપ્રસાદે પોતાના હાથમાના કમંડલના પાણીમા કપડાનો એક છેડો બોળી થોડા ટીપાં રાણીના મુખમા રેડયા અને કપાળપર તથા મસ્તક ઉપર જળનો છટકાવ કરીને તમ થએલા મગજને શાન્ત કરવાનો પ્રયત્ન આરમ્ભ્યો એટલામા **સા**વિત્રીદેવી ત્યા આવી પહોચ્યા, અને તેમણે રાણીની સ્થિતિ જોઇ સ્ત્રીની આપત્તિનો પ્રસગ સ્ત્રીની દૃષ્ટિમા તુરત જ આવી જાય છે અને તેવે પ્રસગે શુ કરવુ જોઇએ તે પણ તેની બુદ્ધિને તુરત સમજાય છે પુરૂષવર્ગ તરફની કાઇ પણ સૂચનાની રાહ નહિ જોતા **સા**વિત્રીદેવીએ બાળકને એક વસ્ત્રસા લપેટી પોતાની ગોદમા લેઇ લીધુ અને પછી **ય**જ્ઞેશ્વરને કહ્યુ "**ય**જ્ઞેશ્વર! આ બાળક આ રણના તાપમા વધુ વખત રહી શકશે નહિ, માટ હુ સત્વર આશ્રમમાં જઉ છુ તમે રાણીજીને જરા સાવધ કરીને જો ઉઠી શકે તો ઉઠાડીને અને નહિતો કપડાની ડોળીમા નાખીને આશ્રમમા જ લાવજો." પછી **ભીમ**-દેવ તરફ ફરીને તેમણે કહ્યુ "રાજાજી! આ બાળકની કે તેની માતાની કાઇ જ ચિન્તા કરશો નહિ હુ તેમની સેવા શુશ્રુષા મારી કુટીમા રહીને કરીશ, તેમને ઉની આચ પણ આવવા દઇશ નહિ." એમ બોલતા જ **સા**વિત્રીદેવી આશ્રમ તરફ ચાલવા લાગ્યાં

બકુલાદેવીની જીવન અને મરણ વચ્ચેની અનિશ્ચિત સ્થિતિનો શોક એટલો બધો છવાઇ ગયો હતો કે **ભીમ**દેવને બાળકના જન્મથી જરાપણ હર્ષ થયો નહિ. **ય**જ્ઞેશ્વર **બ**કુલાદેવીનુ મસ્તક શીતલ રાખવાનો ઉપચાર કરતો હતો અને **શં**કરપ્રસાદ તેને ટીપે ટીપે પાણી પાતો હતો, પરન્તુ **ભી**-મદેવ તો ભયથી વિહ્વળ થતો શૂન્યવત્ હૃદય સમેત બોલ્યા કે ચાલ્યા વિના **બ**કુલાદેવીના કરૂણાજનક વદન તરફ એકીટસે નિહાળી રહ્યો હતો

તથા ભૂત અને ભાવીની કલ્પનાઓને ચિત્તપ્રદેશમા જન્મ આપતો હતો. રાજવિલાસમાં ઉછરેલો પતિ પત્નીની સુશ્રૂષા કે સેવા કયે પ્રકારે કરવી તે જાણતો નહોતો અને તેથી તેને મુગા મુગા જોઇ રહેવા વિના બીજુ કશું કરી શકાય તેવું લાગતું નહોતું

યજ્ઞેશ્વર અને શંકરપ્રસાદના પ્રયત્નોને અને બકુલાદેવીનો આત્મા હજી દેહમા ટકી રહેલો છે એમ તો તુરત જ જણાઇ આવ્યુ અને તે સમયે ભીમદેવને જે હર્ષ થયો તેવો હર્ષ કદાચ તેને મહમૂદને મારવાથી થાત કે નહિ તેને માટે તે શકાશીલ હતો બકુલાદેવીએ સ્વચેતન્યવડે પોતાનો હસ્ત ઉપાડીને સહજ પોતાની જાનુપર મૂક્યો, તે જ ક્ષણે ભીમદેવ હર્ષથી ઉછળતે હૃદયે બોલી ઉઠયો “શંકરપ્રસાદ! જુઓ જુઓ, રાણીમા હવે ચેતન્ય આવતું જણાય છે ”

“હા, મહારાજ! હવે તેમના જીવનસબધી સર્વ આશાઓ રહે છે ” શંકરપ્રસાદે ભીમદેવને વધુ આશ્વાસનદાયક થઇ પડે તેવુ વચન ઉચ્ચાર્યુ અને આગળ જણાવ્યુ “હવે આ રણમા વધુ વાર પડયા રહેવાથી કશો લાભ નથી કાઇ નહિ તો અર્ધો શેર પાણી તો રાણીજીના પેટમા ગયુ હશે અને અતિતૃષાતુરને એકદમ વધારે પાણી પાવુ એ હિતકારક નથી, માટે એક વસ્ત્રની ડાળી કરી તેમા તેમને સુવાડી આશ્રમમા લેઇ જઇએ તો સારૂ ”

યજ્ઞેશ્વરે જણાવ્યુ “હા, મારી નજરમા પણ તેમ જ આવે છે, પરન્તુ ડાળી કરવા માટે આપણી પાસે વસ્ત્ર નથી, તેનુ કેમ ?”

શંકરપ્રસાદ કાઇક વિચારમા પડતો જણાયો, પણ ભીમદેવે તુરત જ તે મુસ્કેલી દૂર કરતા જણાવ્યુ “લ્યો, ડોળી આ મારી પાઘડીના કકડાની કરો ” એમ બોલતા જ તેણે પોતાને માથે બાધેલુ રેશમી અને જરીબુટ્ટીના નકસીદાર કામવાળુ ફાળીઉ ઉતારી આપ્યુ.

તે ફાળીયાની ડોળી બનાવવામા આવી અને તેમા અશ્વ ઉપરની ગાદી નાખીને ગાદીપર રાણીના અર્ધ ચૈતન્યમય દેહને સુવાડવામા આવ્યો. શંકરપ્રસાદ અને યજ્ઞેશ્વરે મળીને તે ડોળી ઉપાડી ભીમદેવે તે કાર્યમાં કિંચિદશે મદદ કરી કેટલીક વારે સૌ આશ્રમમા પહોચ્યા અને ઋષિજીએ ઘાસ ઉપર મૃગચર્મ પાથરીને કરી રાખેલા બિછાનામા રાણીને સુવાડવામાં આવ્યા સુતિકાના આભડછેટ કરતા એક રાજવધૂના જીવનનુ મૂલ્ય વધુ સમજવામા આવે તેમા કાઈ જ આશ્ચર્ય લેખાય નહિ

બિછાનામા બકુલાદેવીને કેટલોક સમય આરામ લેવા દીધો. થોડા થોડા સમયને અતરે તેને થોડુ થોડુ જળ પાવામા આવતું હતું. મસ્તકને શી-

તલ રાખવાના ઉપચારો પણ કરાતા હતા. એ જ સ્થિતિમાં દિવસનો છેલ્લો પ્રહર પણ પૂરો થવા આવ્યો પરન્તુ બકુલાદેવીની શારીર સ્થિતિમાં કાંઇ સુધારો જણાયો નહિ. તેની નાડીઓ જોસબધ ચાલતી હતી એટલુ જ તેના જીવનનુ ચિન્હ જણાતું હતું, નહિતો હજી પણ તે અસાવધ સ્થિતિમા પડેલી હતી, તેનાં નેત્રો મીંચાએલાં હતા, તેની શ્રોત્રેદ્રિય તથા સ્પર્શેદ્રિયનો લય થઈ ગએલો જોવામાં આવતો હતો અને થોડા વખત પહેલાં તેના જીવનની આશા બધાઈ હતી તે આશાનુ સ્વરૂપ બદલાતું જતું હતું. કેટલીક વારે સાવિત્રીદેવીએ પાસેની એક બીજી કુટીમાથી આવીને ખબર આપ્યા કે 'રાજકુવરના જન્મની વધાઇ છે' પરન્તુ તે વધાઇએ ભીમદેવને હર્ષિત કર્યો નહિ અને તેથી ઉલટુ તેના નેત્રોમાથી શોકના ઉના આસુ ખરવા લાગ્યા ! તે પોતાના શોકનો વહ્નિ બીજાને દર્શાવી શકતો નહોતો તેમજ અતર્મા શમાવી પણ શકતો નહોતો. પોતાને સાપડેલુ અમૂલ્ય રત્ન ખોવાઈ જશે કે શુ ? એ કલ્પનાથી તે ત્રાસી જતો હતો અને જ્યારે જ્યારે બકુલાના વદનસુધાકર તરફ નજર કરતો હતો ત્યારે ત્યારે નેત્રોમાથી તે અશ્રુધારા વર્ષાવતો હતો

સાજ પડવા આવી પણ બકુલા સાવધ ન થઇ તે ન જ થઇ. તેની નાડીઓની ગતિ હવે ધીમે ધીમે મન્દ થતી જતી હતી ઋષિજીએ તેની નાડીઓ તપાસી અને જણાવ્યુ: "રાજન્ ! મને તો હવે અગારો હોલવાનો હોય તેમ જણાય છે તૃષાને લીધે અને અચેતનાવસ્થામા પ્રસૂતિ તથા રક્તસ્રાવના વ્યાધિને લીધે રાણીના શરીરમા તાવ ભરાતો જાય છે. હુ હવે આશા રાખી શકતો નથી !"

"હે ! શુ મારૂ રત્ન હુ ખોઈ બેસીશ ? ઋષિરાજ ! આપ પણ આવી નિર્દય વાર્તા જ કરશો ?" ભીમદેવ નિરાશાથી ભ્રમિત સરખા બની જતો બોલ્યો

"મનુષ્યનુ જીવન કાંઇ મનુષ્યના હસ્તમા નથી. ઇશ્વરને જેમ રૂચે છે તેમ તે કરે છે અને આપણને તે માન્ય રાખવુ પડે છે. રાણીનો દેહ આ પર્ણકુટીમાં જ પડવાનુ લખ્યુ હશે તો તેમ થશે અને નહિતો તેમનામા નવજીવનનો સચાર પણ થશે. આપણા હાથમા કાઇ જ નથી, જે છે તે ઇશ્વરના હાથમા છે, પરન્તુ મારી માનવદષ્ટિને જે કાઇ જણાયુ તે હુ તમને કહુ છુ." હરિદેવ ઋષિએ ઉત્તર આપ્યો

"શુ ત્યારે તેના જીવનની હવે કાંઇ પણ આશા નથી ? આપની વૃદ્ધ અને અનુભવી દષ્ટિમાં પણ જ્યારે તેનુ મરણ જણાય છે, ત્યારે હવે

તેનો આત્મા ઇહલોકમા નહિ જ રહે ! હા. .ય ! શુ એ સુદરી હવે વધુ વખત મારી સહચારિણી બની રહેશે નહિ ? શુ એ મારૂ રત્ન આ રણની રેતીમા રોળાઈ જશે ? ઓ ઋષિજી ! ઓ કૃપાળુ ઋષિજી ! મારા પર તમે કાઇક કૃપા કરો અને એ આશાભરી અબળાને મારા આશાભર્યા હૃદયને અર્થે બચાવો ! અરેરે ! પાણી પાણી પોકારતું એ મ્હો શુ છેવટનુ બધ જ થઇ ગયુ ? શુ હવે તે કાંઈ જ શબ્દો ઉચ્ચારશે નહિ ? પુત્રનો જન્મ આપીને તેનુ મુખ જોઈ ઉલ્લાસવા જેટલુ પણ સદ્ભાગ્ય તેનુ નહિ ?"

"રાજા ! શોક કરવાથી કશુ વળે તેમ નથી. અતસમયે મનુષ્યના કાનમાં ધર્મના એ શબ્દો પડે તો તેથી તેની સદ્ગતિ થાય, પરન્તુ જો તમે આમ કલ્પાત જ કરશો તો એ આત્મા વાસનાથી બધાએલો રહીને દુ:ખી થશે !" ઋષિએ રાજાને ઉપદેશ આપવા માડયો

"હા .ય ! શુ ત્યારે તે જવાની જ ? શુ હવે તે એક શબ્દ પણ નહિ ઉચ્ચારે ? છેવટની ઘડીની–છેલ્લી વાતચીત કરવાને પણ હુ ભાગ્યશાળી નહિ થાઉ ? તેની આશાઓ અને અભિલાષાઓ તેના મરણ પછી પૂરી કરવાને ભાગ્યશાળી નીવડુ તેટલા માટે તે મને હરકોઈ આજ્ઞા પણ કરી શકશે નહિ ? અરેરે ! ઋષિરાજ ! હુ કલ્પાન્ત કેમ ન કરૂ ? એ સદ્ગુણનો સાગર મારી પાસેથી દૂર થઈ જાય અને હુ શુ શાન્ત રહી શકુ ? પણ શુ એ નહિ જ જીવે ? ઋષિરાજ ! તે શુ એક શબ્દ પણ હવે નહિ જ બોલી શકે ?" અધીરાઈથી ઘેલા બની જતા ભીમદેવે પ્રશ્નો કર્યા

ઋષિએ બકુલાદેવીના હાથ, પગ ઈત્યાદિની નાડીઓ તપાસી અને કહ્યુ "નિરાશા વધતી જાય છે, પણ જો તમારી ઇચ્છા રાણીની સાથે થોડી વાતચીત કરી લેવાની હોય તો તેનો એક ઉપાય છે. માત્ર થોડી પળો તે એકદમ ભાનમા આવશે અને જીવતા માણસની પેઠ સાવધાનતાથી વાતચીત કરશે, પરન્તુ ત્યારપછી તુરત જ તે મરણ પામશે "

"તો તે ઉપાય કરો, તેના મધુરા શબ્દો અને તેની છેવટની આજ્ઞા સાંભળીને મને મારા કર્ણને પવિત્ર કરવા દો ! હા ! તે સુદરીએ પુત્રનો જન્મ આપ્યો છે પણ તે તે જાણતી નથી મરતા મરતા એક ક્ષણભર તેના આત્માને તે વધાઇનો આનદ મેળવવા દો." ભીમદેવે પોતાની એકની એક આશા છેવટે જણાવી

તુરત જ ઋષિજી ઉઠયા અને કુટીની બહાર આવેલાં વૃક્ષો માંહેના એકપરથી પાંદડાં તોડી લાવીને તેને પાણી સાથે વાટયાં. તેના રસનાં ત્રણ ચાર ટીપાં બકુલાદેવીના મુખમાં નાંખ્યાં અને બીજી જ ક્ષણે જાણે વિદ્યુતના

સરખી કાંઈ આકસ્મિક અસર થઈ હોય તેમ તેણે નેત્રો ઉઘાડયાં. **ભીમ**-દેવ અને **બકુલા**ની આંખો મળી અને તે સાથે **બકુલા**ના મુખમાંથી વાચા પણ નીકળી: "નાથ! હવે હું જઉં છું; જ્યા આપણા સેંકડો લડવૈયા મરણ પામીને ગયા છે–ત્યાં જઉં છું. તમે રડો છો કેમ? હું એક રંક ભિખારડીને માટે તમે રડો છો કેમ? પ્રભુ તમને મારા કરતા વધારે લાયક પત્નીનુ સુખ આપશે"

ભીમદેવની આંખોમા પુનઃ આંસુ ઝમી આવ્યાં. તેનુ હૃદય રોદનથી અવરૂદ્ધ બની ગયુ અને મુખમાંથી કાંઇ શબ્દો નીકળી શક્યા નહિ, પરન્તુ **બકુલા**ની આ ચેતનાવસ્થા માત્ર થોડીએક પળોની જ હતી, તેથી વખત ગુમાવવો હિતકર નહોતો તે બોલ્યો–ગદ્‌ગદ્ કંઠે બોલ્યો: "દેવી! તારૂં અકાળ મરણ મને બહુ દુખ આપશે **સુલ્તાન મહમૂદ**નુ વૈર વાળવાની હજી તારી આશા પૂરી થઇ નથી તેમ જ હુ પણ દુર્ભાગ્યે હજી પરાસ્ત જ થતો રહ્યો છું અત્યારે **કુંડદત્ત**ના કિલ્લાનુ પણ શુ થયુ હશે તે પ્રભુને ખબર!"

"નાથ! **સુલ્તાન** એના પાપે પાયમાલ થશે, આપણે મનુષ્યો શુ કરવાના છીએ? પણ હા, તેનુ વૈર તો હજી હુ ભૂલી ગઈ નથી. તમે એ દુષ્ટને તેના દુષ્કૃત્યનો પૂરો બદલો આપજો–મારા વચનની ખાતર હિમત હાર્યા વિના તેને બૂરે હેજે પહોચાડજો"

"તારી તે ઇચ્છાને હુ મારા દેહને ભોગે પણ પાર પાડીશ" **ભીમ**-દેવે મરણ પામતી રાણીને વચન આપ્યુ

એટલામા **સાવિત્રી**દેવી તુરતના જન્મેલા રાજકુમારને લેઇને આવ્યા અને એ ભવ્ય કપાળના તેજસ્વી બાળકને પોતાની મરણ પામતી માતાના પાસામા સુવાડયો. "રાણીજી! હમણા તમે જે રાજકુમારનો જન્મ આપ્યો છે તે તમારા પાસામા રમે છે."

તે શબ્દો શ્રવણ કરીને **બકુલા**ના નેત્રોમા આસુ આવ્યા તેણે પોતાનો હાથ લબાવ્યો અને બાળકના મસ્તકપર મેલ્યો. **સાવિત્રી**દેવીએ બાળકને ઉચકીને તેની માતાને તેનુ મુખદર્શન કરાવ્યુ ચોધાર આસુએ રડતી માતા પુત્રને માથે હાથ મૂકી પુત્રને સબોધીને બોલી: "પુત્ર! તારી રંક માતાનો સ્વીકાર તારા પિતાએ–પટરાણીનો તિરસ્કાર કરીને–કર્યો હતો અને તેથી તું તારા પિતાની માનીતી રાણીનો પુત્ર હોવા છતા પટરાણીનો પુત્ર નથી. તારા પિતાના પ્રેમી હૃદયપર પટરાણીનો વિશેષ હક છે અને તારી માતાનો ઓછો હક છે, માટે તું ભવિષ્યમા તારી વડીલ માતાને દુ-ભવીશ નહિ અને તેના પુત્રોને માન આપીને–તેમને તારા શિરછત્રરૂપ મા-

નીને વર્તજે ! પુત્ર ! પટરાણીને નિરાશ કરનાર તારા પિતાના જેવો તું ક-ઠોર હૃદયનો થઇશ નહિ અને તેથી વયાનુક્રમે કરીને તને કોઇ નાના મોટા દેશના કે જાગીરના રાજા થવાનો યોગ આવે, તોપણ, પુત્ર ! તું રાજા નહિ પણ યોગી થજે, કારણકે મારા મરણસમયે એક યોગીની પર્ણકુટીમાં વસેલો એવો તું યોગી થવાને જ પાત્ર છે ! પાણી, મને પાણી.. ...”

તુરત જ રાણીના મુખમા જળનાં થોડા બિંદુ મૂકવામા આવ્યા અને તે સાથે જ તેનાં નેત્રો મીંચાયા ! શરીરે એક બે સખ્ત આચકા ખાધા અને તે સાથે જ તેનો અમર આત્મા પરલોકપ્રયાણ કરી ગયો ! મરનાર રા-ણીના બે આપ્તજનોમા એકના વદનમા રોદન હતુ ત્યારે એકના વદનમાં નિર્દોષતાનુ હાસ્ય હતું !

પ્રકરણ ૨૭ મું.

ભવિષ્યનો માર્ગ.

બકુલાદેવીના મરણને આજે બે દિવસ વીતી ગયા છે **ભી**મદેવ ચારે દિશાએ દુઃખથી ઘેરાઈ ગયો હતો એવામા **બ**કુલાદેવીના મરણે તેને બ-મિષ્ટ સરખો બનાવી મેલ્યો. સમસ્ત **ગુજરાત** દેશનો અધિપતિ અત્યારે એક યોગીની પર્ણકુટીમા હતાશ થએલો અને નિર્બળ બની ગએલો નિવાસ કરી રહ્યો છે આશાના અકુરો પણ સ્ફુરતા નથી તો હૃદયમા નવા જીવ-નનો સચાર તો ક્યાથી જ થાય ? કંડહસ્તના કિલ્લાનુ શુ થયુ હશે, પોતાના લશ્કરની શી અવસ્થા થઈ હશે, **સુલ્તાને** શુ અનર્થ કર્યો હશે ઈત્યાદિ સમાચાર તેને હજીસુધી મળ્યા નહોતા **બ**કુલાદેવીના મરણની સાથે જ **ભી**મદેવના મનની સઘળી અભિલાષાઓ વિરામ પામી ગઈ હતી અને તેથી તે સમાચાર મેળવીને દુશ્મનની સામે કોઇ પ્રવૃત્તિમા પડવાની તેને ઇચ્છા પણ થતી નહોતી. આખો દિવસ **ભી**મદેવ પર્ણકુટીમા પડી રહેતો, **બ**કુલા-દેવીને સભારીને રડતો, જ્યા તેના મૃતદેહને બાળવામા આવ્યો હતો ત્યા જઇને બેસતો અને તેની એક મુદ્રિકાને તથા કુમારને નિહાળતો તે કાળ-ક્ષેપ કરતો હતો **શં**કરપ્રસાદ તેને પ્રસગોપાત આશ્વાસન આપતો પરન્તુ એ હતાશ થઈ ગએલા રાજાના ચિત્તપર તેની કાઈ અસર થતી નહોતી. યુદ્ધમાં પડવાની વાત હવે **ભી**મદેવને રૂચતી નહોતી. તેનુ ક્ષાત્રતેજ વિનષ્ટ થઇ ગયુ હોય તેવી રીતે તે કોઇ વાર બોલતોઃ “ **શં**કરપ્રસાદ ! હવે

હું રાજ્યખટપટમાં પડવા ઇચ્છતો નથી રાજકુમાર **મૂળરાજ** હજી બાળક છે અને આ નવીન રાજકુમાર તો માતાવિનાનો છે તે ઇશ્વરની કૃપા **હશે** તો જીવશે તે એમાથી જે જીવશે તે રાજ્ય કરશે; પણ હુ તો હવે આવા જ કોઈ એકાત સ્થાનમા વસીને યોગપ્રક્રિયામાં મારૂ આયુષ્ય ગાળવા ઇચ્છુ છુ." **શં**કરપ્રસાદ સમજતો કે **ભી**મદેવના આ વિચારો સ્મશાન-વૈરાગ્યના સરખા છે, **બ**કુલાદેવીના મરણથી હતાશ બની ગએલા હૃદયના તે ઉદ્‌ગારો છે, પરન્તુ જ્યા દુશ્મનના સૈન્યને તે જોશે, કે તુરત જ તેનુ ક્ષાત્રતેજ પુન: ચમકયા વિના રહેશે નહિ

ત્રીજે દિવસે પ્રભાતમા એક હિંદુ સિપાહી તે આશ્રમમા આવી પહોચ્યો અને ત્યા **ભી**મદેવને જોઇને બોલ્યો: "મહારાજ! આપ શુ અહીં છો? લશ્કર તો આપની શોધખોળમા પડ્યુ છે! સઘળા સરદારો ચિન્તાતુર બની ગયા છે આપ અહીં કેમ છાના રહ્યા છો?"

પોતાના સિપાહીને જોઇને સ્વાભાવિક રીતે જ **ભી**મદેવને પોતાના લશ્કરની સ્મૃતિ થઈ આવી તેણે તે સિપાહીને પૂછ્યુ "આપણુ લશ્કર ક્યા છે? કુંડહત્તના કિલ્લાની શુ સ્થિતિ છે?"

'મહારાજ! કિલ્લાની દુર્દશાની હુ શુ વાત કરૂ! આપ **માં**ડળિકને મળવા માટે નીકળી ગયા તેના ખબર બહુ મોડા અમારા જાણવામા આવ્યા. તે પહેલાં સઘળા સરદારો તો એ વાત જાણતા જ હશે. તેમણે અમારા ધૈર્યને ખંડિત થવા ન દેવા માટે અમને તે વાત જણાવેલી નહિ. એથી અમે દુશ્મનની સામે ભારે જોરથી લડતા હતા તે વખતે મચેલો ઘનઘોર સગ્રામ મે મારી ઉમરમા કદાપિ જોયો નહોતો કુંડહત્તના કિલ્લાના સરક્ષણાર્થે આપણા દશ હજાર એકસરખા કેસરી પોશાક ધારણ કરેલા રણબહાદુરોએ પોતાના શૌર્યનુ ખરે-ખરૂ દર્શન કરાવ્યુ તીરોનો મારો એટલા તો જોરથી ચાલતો હતો કે દુશ્મનોના તીરોને આપણા તીરો અધવચમા જ કાપી નાખતા હતા આપણા ભીલ સૈનિકોની ગોફણો એટલા જોરથી કામ કરતી હતી કે આકાશમાં ઉડતા પક્ષીઓને પાડીને પણ દુશ્મનના લશ્કરમા પડી મુસલમાનોના માથાં ફાડતી હતી તથા રક્તપ્રવાહ ચલાવતી હતી મહારાજ! એ જગલી પણ બહાદૂર વીરોની હુ શુ વાત કહુ? ગોફણમા ઉરાડવા માટેના પત્થરો પણ તેમણે ખુટાડી દીધા અને તેથી રાજપૂત વીરબહાદૂરોના પગમાંના સોના ચાંદીના સાંકળાના અકોડા તેઓએ ગોફણમા મૂકી મૂકીને ઉરાડવા માડ્યા અને તેનો માર તો દુશ્મનોને ત્રાહિ ત્રાહિ પોકરાવી રહ્યો. એ સોના ચાં-દીના પત્થરથી હજારો યવનોની ખોપરીઓ રગાઈ ગઇ અને જીભો મ્હોંની

બહાર નીકળી પડી પરન્તુ સુલ્તાનનુ તકદીર જોરમા હશે અને તેથી તેણે છેવટે કુંડલનનો કિલ્લો સર કર્યો તથા આપણુ લશ્કર પાછુ હઠ્યુ આપ કિલ્લાની અંદર નથી એ વાત સૈનિકોમા જાણ થવાની સાથે જ લશ્કર તો કિલ્લો છોડીને નાઠુ અત્યારે આપણુ લશ્કર રા' માંડળિકના આશ્રયમા છે "

"હાય ! ત્યારે એ દુષ્ટ યવને કિલ્લાની તો દુર્દશા જ કરી હશે તો !" ભીમદેવે એક ઉંડો નિઃશ્વાસ મુકયો.

"કિલ્લાની દુર્દશાની તો હુ શુ વાત કરૂં ? એ કિલ્લો દુશ્મનને હાથ જવાથી મોટો અનર્થ થયો છે. કિલ્લામાં કેટલાક વખતથી પોતાના કુટુંબો સાથે આવી રહેલા સૈનિકો મરણ પામતા અને નાસી જતાં તેમના કુટુબો યવનોના હાથમાં પડયા ! સ્ત્રીઓ તો અપરિમિત દુઃખથી ઘેલી બની જઇને વિલાપ કરવા લાગી. કેટલીક ધીર અને વીર સ્ત્રીઓએ પોતાના બાળકો યવનોને હાથે મરણ પામે તે નહિ જોવા માટે પોતાના હાથે જ પોતાના બાળકોને ગળે નખ મારીને અને પોતે રત્નજડિત કકણો ચાવીને પ્રાણ-ત્યાગ કરવા માડયા એ કરતા પણ વધારે અઘોર પ્રસગ તો યવનો કિલ્લાની અદર પેઠા પછીનો હતો કિલ્લાના રખેવાળોને તો તેઓએ ચાચડની પેઠ મસળી નાખ્યા પછી કિલ્લામા પેસીને તેઓએ સ્ત્રીઓની તથા બાળકોની જે કત્લ ચલાવી તેની ખરી કલ્પના તો, મહારાજ ! આપને નજરે જોવા-થી જ આવી શકે ! મારી વાણીમા તે ઘોર પ્રસગનુ વર્ણન કરવાની શક્તિ નથી. સ્ત્રીઓએ પોતાના બાળકોને પોતાને કડે લગાડીને ગાયની પેઠે પોતાના મસ્તક તે ખાટકીઓની સમક્ષ ધર્યા અને જ્યારે તે ચાડાલો-એ પોતાની તલવારો ઉચી કરી ત્યારે સ્ત્રીઓએ અને બાળકોએ જે ત્રાસજ-નક બૂમરાણ મચાવી મેલ્યુ હતુ તેના પ્રતિધ્વનિથી આખો કિલ્લો ગાજી ઉઠયો ! અને આકાશમડળ એકદમ તૂટી પડશે કે શુ તેવો ભ્રમ થવા લાગ્યો !! અહા ! તે વખતે લોહીના જે ઝરણા વહેતા હતા તે જોઇને આ-વેશમા આવી ગએલા કેટલા જીવતા પુરૂષોએ યવનોપર તૂટી પડીને તે જ સ્થળે પોતાના પ્રાણ રણગગામાં વહેતા મકયા ! તેવા મઠીભર પુરૂષોનુ સુલ્તા-નની સાગર જેવડી સેના પાસે શુ ગજુ ? મહારાજ ! આ સગ્રામપ્રસગ જો આપે પ્રત્યક્ષ નિહાળ્યો હોત, તો અત્યારે આપના આશ્ચર્યચકિત ભાસતાં નેત્રોમાથી તે વખતે અગ્નિના કણ અને અશ્રુનાં બિંદુઓ જ ખરતાં હોત ! મહારાજ ! કલ્પનાશક્તિને વિસ્તૃત કરીને શરીરપરનાં રોમે રોમ થરથરી ઉઠે એવાં ઘોર કૃત્યોનુ સ્વરૂપ નેત્રોની સમક્ષ ખડુ કરીએ, કિંવા ચાંડાલોના નિર્દયપણાની સેકડો વાતોને ધ્યાનમાં ઉતારીએ, કિંવા રા-

ક્ષસો અને પિશાચોની ક્રૂરતાના આખ્યાનો વાચીએ, તોપણ આ વખતે યવનોએ ગુજારેલી ક્રુરતાનો સંપૂર્ણ ખ્યાલ આવી શકે નહિ ! ! સજીવાવસ્થામાં આખા શરીરની ત્વચા વૃક્ષની છાલની પેઠે ઉતરડી નાખવાથી જે અસહ્ય વેદના થાય, યજ્ઞના પશુની પેઠે બળાત્કારે ઘસડી લાવીને તેનાં એક પછી એક અવયવો આખા શરીરમાંથી છૂટાં કરવામા આવે તે વખતે તેને જે દુખ થાય, શળીપર જીવતા માણસને ચડાવતી વખતે તેના પ્રાણને જે વ્યથા ઉત્પન્ન થાય: એ પ્રકારની દુ:સહ યાતના આપણા શિવભક્ત બધુઓને કરનારા યવનોના ભારથી આ આર્યભૂમાતા કેમ ફાટી પડતી નહિ હોય ? હે માતા વસુધરા ! આ અનાથ બાળકોને તું આ પ્રમાણે શાને પીડા ઉપજાવે છે ? અને તારી પીઠપર વહેતો આ રક્તપ્રવાહ તું કેવી રીતે સહન કરી શકે છે ? ”

આ આવેશયુક્ત વર્ણન સાભળીને ભીમદેવ દુખભારથી બેભાન બની જતો હોય તેમ તે વિહ્વળ થતો જણાયો. બકુલાના મરણથી પોતાના ચિત્તની જે દુસ્થિતિ થઇ હતી તેને તે ક્ષણભર ભૂલી ગયો અને પોતાના દેશની તથા પ્રજાની દુસ્થિતિની કલ્પના તેને દુખ ઉપજાવવા લાગી. તે આક્રંદ કરતો બોલ્યો: ‘ ઓ સ્વર્ગસ્થ દેવતાઓ ! આ અમ–રાજપૂતોનો વિલાપ સ્વર્ગના દ્વારોને તોડીને તમારા કાનસુધી હજી પહોચવા પામ્યો નથી શુ ? હર ! હર ! હર ! આ અમારી કેવી શોચનીય સ્થિતિ ? જન્મ પામ્યાથી મરણ પામતાસુધી જેણે પોતાની વિમળ કીર્તિને અપયશનો ડાગ કદાપિ લાગવા દીધો નહોતો, જેણે પોતાના પરાક્રમોથી દિગ્દિગન્તોમા પોતાની કીર્તિ ગજાવી મેલી હતી, દેશસેવા એ જ જેની કર્તવ્યતા હતી, શરણાગતને જીવિતદાન આપવુ એ જ જેની સદ્પતા હતી, સમરાગણમા તલવારો ચમકાવીને શત્રુને હરાવવા એ જ જેનુ બીરદ હતુ, હાથમા ચમકતી તલવાર એ જ જેની અર્ધાગના હતી અને ખલ પુરૂષોને શિક્ષા કરીને ભરતભૂમિના પુત્રોને સુખ આપવું એ જ જેનુ વ્રત હતું, તે જ અમારા સ્વર્ગસ્થ પૂર્વજોએ આ વખતે, ખરેખર, સ્વર્ગમા કલ્પાત મચાવી મૂક્યુ હશે ! ! ! અહા ! ખુદ સોમનાથના શિવલિંગના આ દુષ્ટ યવને કકડા કર્યા, એટલુ જ નહિ પણ મારા હજારો નિર્દોષ પ્રજાજનોની તેણે કત્લ ચલાવી, છતાં શુ હુ આ પર્ણકુટીમાં રાણીના મરણને માટે અશ્રુ સારતો અને નિરાશ બનતો બેસી રહ્યો છુ ? ધિ:કાર છે, મને સેકડો ધિ:કાર છે ! રણવાદ્યની ગભીર ગર્જના, ઘોડાનો કર્કશ હણહણાટ અને તલવારોનો ખણખણ નાદ સાભળીને જેના અંત:કરણમાં વીરશ્રી ઉત્પન્ન ન થાય, જેના અગરખાની કસો તડાતડ

તૂટવા લાગે નહિ અને જેના બાહુદ્વય ચળવળે નહિ, તે પુરૂષ શેનો? હે સૂર્યનારાયણ! તારાં સહસ્રાવધિ કિરણો એકત્ર કરીને તારો પ્રખર તાપ આ શરીરપર પાડ અને તેને બાળીને ખાખ કરી નાંખ! ઓ શૂરા રાજપૂતો! મારા જેવા નિરૂત્સાહી રાજાની છાતીપર તમારે તમારા પદપ્રહારવડે મને જમીનમાં દાટી દેવો જોઇએ! હે આત્મભોગ આપનારી શૂરી અબળાઓ! મારા શિરપર લત્તાપ્રહાર કરો! અને ઓ યમરાજા! આ દેહને તારી યમપુરીના અમંગળ કૂપમાં ફેંકી દે, એટલે કંગાલ કીડાઓ આ દેહનુ ભક્ષણ કરી આનંદ પામે! ભીમદેવ! તે વ્યર્થ જન્મ ધારણ કર્યો છે, નહિતો તુ જીવતો હોય ત્યાંસુધી તારી પ્રજાની આ દુર્દશા સંભવે પણ ખરી? વીર યોદ્ધાઓએ સમરાંગણમા પ્રાણાહુતિ આપી અને તું અહીં અશ્રુજળથી તર્પણ કરતો બેઠો છે શુ? ધિક્કાર છે તને-તારી નિર્બળતાને-તારા 'બાણાવળી ઉપનામને' ચાલ, હવે બેઠા થા અશ્રુને લૂછી નાખ, બકુલાદેવીને ભૂલી જા અને સુલ્તાનને તેના ઘાતકીપણાનો પૂરો બદલો આપવાની તે સુંદરીએ મરતા મરતા કરેલી આજ્ઞાને જ માત્ર સંભારી રણાંને યુદ્ધમા ઉદ્યુક્ત થા!' એમ બોલતા જ આવેશમા ને આવેશમા ભીમદેવથી ઉભા થઇ જવાયુ

સ્વલ્પ સમયની નિરાશવૃત્તિ માટેના ભીમદેવના પશ્ચાત્તાપસૂચક ઉદ્ગારો શ્રવણ કરીને શંકરપ્રસાદનુ દિલ ઉભરાઇ આવ્યુ તે આનદ પામતો બોલ્યો "ધન્ય ધન્ય મહારાજ! આપના ક્ષાત્ર તેજને ધન્ય છે! શાસ્ત્રમા કહેલા ઉત્તમ નરો તો આપના જેવા જ હોય કે જેઓ विघ्नै पुन पुनरपि प्रतिहन्यमाना प्रारभ्य चोत्तमजना न परित्यजन्ति ॥ મહારાજ! યુદ્ધકૌશલ્યને અભાવે હુ દરિદ્ર બ્રાહ્મણ સમરાંગણમા લડીને આત્મભોગ આપી શક્યો નથી, પરતુ ધર્મસેવાને અર્થે દેહ અર્પવાની મને અતુલ જિજ્ઞાસા છે અને તેથી આ છલવેશ મે ધારણ કર્યો છે પરન્તુ આપ જ્યારે પુન· યુદ્ધમાં જોડાવાને તત્પર થયા છો, ત્યારે હુ આપને વિનતિ કરૂ છુ કે મને મારા યોગ્ય કાંઇ કાર્યસેવા ફરમાવો.

ભીમદેવે જાણે કે નવા યુદ્ધની ગોઠવણ લાંબા વખત અગાઉ મનમાં ગોઠવી રાખી હોયની, તેવી રીતે તુરત તે બોલ્યો "જુઓ, શંકરપ્રસાદ! હુ રા' માંડળિકની સાથે મળી જઉ છુ અને સુલ્તાનના લશ્કરને હેરાન કરવાનો ઉદ્યોગ પ્રારભુ છુ સુલ્તાન હવે કઇ દિશાએ જવા ધારે છે તે હુ જાણતો નથી, પરતુ હુ એવું અનમાન કરૂ છુ કે તે અણહીલપુર તરફ પાછો ફરશે, અને ત્યા વળી કાંઇ નવું તોફાન મચાવશે. હુ અને માંડળિક એના લશ્કરની પુંઠે જ રહીશુ અને તેને ગુજરાતના ફાવવા દઇશુ નહિ રાજપૂ-

નાનામા થઇને તે પાછો પોતાના દેશ તરફ જાય તેવું હુ ધારતો નથી કારણકે **ધર્મગજદેવને** મારનાર **મહમૂદનુ** વૈર લેવાને **અજમેરનો** રાજા **વિસલદેવ** મોટી સેના સાથે તૈયાર થયો છે એમ સાભળ્યુ છે. આમ હોવાથી તે આપણા દાવમા આવ્યા વિના રહેનાર નથી. પરન્તુ એક ભય મારા ચિત્તમા પેદા થયો છે. **મહમૂદ અણહીલપુરમા** જશે અને ત્યાં કાંઈ તોફાન મચાવશે તો રાજકુટુબના સરક્ષણનો સવાલ ચિતા ઉપજાવનારો થઈ પડશે. માટે મારૂ એક કાર્ય તમે કરો ''

'ફરમાવો, તૈયાર છુ, મહારાજ!'

'તમે આ જ વેશ રાખીને **અણહીલપુર** તરફ પ્રસ્થાન કરો. ત્યા પહોચ્યા પછી તમે પટરાણી ઉદયમતિને મળજો અને **બકુલાદેવીના** મરણના તથા રાજકુમારના જન્મના સમાચાર તેને આપો ને પહેલા કહેજો કે ભીમદેવે તમારા ગોપની ક્ષમા કરી છે '' પૂર્વપ્રસગનુ સ્મરણ ચિત્તમા ઉભરાઈ આવતા **ભીમદેવ** આગળ બોલતા અચકાઇ ગયો. તેની આખોમાથી આસુ ખર્યા. પુન હૃદયને જરા કઠિન બનાવીને તે બોલ્યો. ''અને કહેજો કે તમારી જાતના તથા બાલકુમાર **મૂળરાજના** તેમ જ અન્ય રાજકુટુબના સરક્ષણને **અર્થે** તમે સૌ **અણહીલપુરમાથી** નીકળી જઇને યોગ્ય લશ્કરી મદદ સાથે **વિધ્યાચળ** પર્વતમા ચાલ્યા જજો. બસ, આટલા સમાચાર તમારે બનતી ઉતાવળે પહોચાડવા '

'જી આજ્ઞા બીજુ કાંઈ?'

'બીજુ એ કે વૃદ્ધ મત્રીશ્વરને તથા **સામતસિહ** વગેરે સરદારોને કહેવુ કે કદાચ **સુલ્તાન** એ દિશાએ ચડી આવ તો કિલ્લાનુ બહાદૂરીથી સરક્ષણ કરે અને કિલ્લાની અદર ખોરાકનો પૂરતો સગ્રહ કરી રાખે. બસ, એટલા જ સમાચાર છે

'' તો હવે હુ વિદાય થઉ ?

' હા, તમે જરા પણ વિલબ વિના હવે પ્રસ્થાન કરો અને હુ સત્વર **માંડળિક** પાસે જઇ પહોચ્યુ છુ તથા મારા લશ્કરનુ આધિપત્ય સભાળી લઉ છુ. જુઓ, દેશમા સર્વત્ર યવનો ફેલાઇ ગયા છે અને તમે યવનવેશ ધારણ કર્યો છે ને ઉચિત છે, પરન્તુ બહુ દક્ષતાથી વર્તજો. માર્ગમા કદાચ કોઇ હિંદુઓ તમને ખરા યવન માનીને દુખ કરે અથવા તો પટરાણી તમારા સદેશાને ખરો ન માને, તો લ્યો, આ મારી **મુદ્રિકાનો** ઉપયોગ કરજો તે જોઇને મારી રાજનિષ્ઠ પ્રજા તમારા તરફ વિશ્વાસ રાખશે અને પટરાણી તમારા સદેશાને ખરો માનશે '' એમ કહી **ભીમદેવે શંકરપ્રસાદને** પોતાની અગુલી-

પરની બે મુદ્રિકામાંની એક મુદ્રિકા કાઢી આપી. શંકરપ્રસાદ વિનાવિલમ્બે ત્યાંથી ચાલી નીકળ્યો

હવે ભીમદેવ ઋષિ તરફ ફરીને તેમને પગે પડીને બોલ્યો: "મહારાજ! આપના કૃપાપ્રસાદથી આ નિરાશ હૃદયમાં પુનઃ આશાનું ઉત્તેજન દાખલ થયું છે! આ બે દિવસ આપની અકિંચન પર્ણકુટીમાં નિવાસ કરીને હું આપને ખરેખર ભારભૂત જ થઈ પડ્યો છું અને તેથી વિશેષ ભારભૂત થવાની તો હજી મારે આપની પાસે માગણી કરવાની છે. રાજા તો સર્વને આશ્રય આપે છે, પરન્તુ રાજાને આશ્રય આપનારા આપ જ છો. હું હવે યુદ્ધમાં પ્રવૃત્ત થવાને અહીંથી જઉં છું. ભવિષ્યમાં કયો માર્ગ પકડવો તે સંબંધે મેં અગાઉથી નિશ્ચય કર્યો છે અને તે આપે હમણાં જ સાંભળ્યો. આ માર્ગે હું જીવીશ કે મરીશ, સુખી રહીશ કે દુઃખી થઈશ તેનું કાંઈ જ નિશ્ચિત સ્વરૂપ અત્યારથી કલ્પી શકાય તેમ નથી. જે એક પ્રસૂન સરખું બાળક મૂકીને રાણીએ દેહત્યાગ કર્યો છે તેને ઉછેરવાનું અને તેનું સંરક્ષણ કરવાનું આપને અને આપનાં સુશીલ ધર્મપત્ની સાધ્વી સાવિત્રીદેવીને શિરે રાખ્યા સિવાય મારો છૂટકો નથી. મારૂં તો જે થવાનું હશે તે થશે, પરન્તુ એ આશાભરી સુન્દરીના સંભારણારૂપ એક આશાભર્યા બાળકને તો સુરક્ષિત રાખવું તે મારો ધર્મ છે, પરન્તુ જ્યાં ક્ષણે ક્ષણે આપત્તિના પ્રસંગો ઉભા થાય, ત્યાં તેને સાચવવાનું મારાથી નહિ બને અને તેથી જ લાચારી સાથે એ ભાર આપને શિરે મૂકું છું." એટલું બોલતાંમાં ભીમદેવ ગળગળો થઇ ગયો.

ઋષિરાજ બોલ્યા: "કાંઈ ચિન્તા નહિ, રાજન્! એ રાજકુમારનું હું મારા જીવની પેઠે જતન કરીશ, પરન્તુ યુદ્ધનો આપત્તિપ્રસંગ પૂરો થાય, થાય, ત્યારે તેને પાછો તેડાવી લેજો, કારણકે આ નિરીહ સ્થાને અમો ત્યાગી જનોને એ મોહના કારણરૂપ વસ્તુ વધારે વખત જોઇએ નહિ."

"અસ્તુ. હું એમ જ કરીશ. હવે હું જવા માટે આપનો આશીર્વાદ યાચું છું."

"કલ્યાણમસ્તુ!" ઋષિરાજે આશીર્વાદ આપ્યો અને ભીમદેવ અશ્વારોહણ કરી, બકુલાદેવીના અવશેષરૂપ તેની એકની એક મુદ્રિકાને પોતાની અંગુલીપર વિરાજેલી જોતાં નેત્રો અશ્રુ લાવી, અને એ સુન્દરીના દેહની ભસ્મ તરફ માત્ર એક દૃષ્ટિપાત કરી પોતાના સિપાહીની સાથે ત્યાંથી ચાલતો થયો.

પ્રકરણ ૨૮ મું.

રોષને અન્તે પશ્ચાત્તાપ.

સ્ત્રીસ્વભાવની વિલક્ષણતાના દૃષ્ટાન્તો આ જગતમા બહુ જોવામાં આવે છે. એ વર્ગમાં દીર્ઘદર્શિતાનો ગુણ વિધાતાએ મૂળથી જ ઓછો મૂક્યો હોય તેવું ભાસે છે. જગતમા કેટલીક રાજ્યકાર્યકુશળ દીર્ઘદર્શી સ્ત્રીઓ નામના કાઢી ગઇ છે ખરી, પરન્તુ બહુધા સ્ત્રીઓ ત્વરિત બુદ્ધિની, સાહસી અને અવિચારી માલૂમ પડે છે. अनृत साहस माया मूर्खत्वम् अतिलोभता એ પાંચ દોષોને સ્ત્રીવર્ગના સામાન્ય–સ્વભાવજ દોષો લેખવામા આવે છે **ભીમ**દેવની પટરાણી ઉદયમતિ સુશીલ અને પતિભક્તિપરાયણ હોવા છતા તેના એક સ્વભાવજ દોષે તેને ખરેખર દગો દીધો હતો. **બ**કુલાદેવીને આશ્રય આપનાર **ભીમ**દેવ ઉપર તે ક્રોધાકુલ થઇ હતી અને તેને પરિણામે પતિ ઉપર રોષ ધારણ કરીને તેણે પતિનો અનાદર કર્યો હતો. **ભીમ**દેવની અનેક વિનતિઓ છતા હઠપૂર્વક રોષ ધારણ કરી રહેનારી ઉદયમતિ ઉપર **ભીમ**દેવ ક્રોધાતુર થયો અને તેણે ઉદયમતિનો ત્યાગ કરીને **બ**કુલાદેવીને પોતાના હૃદયની વિભાગિની બનાવી એ વૃત્તાન્તથી વાચક અજ્ઞાત નથી ક્રોધી અને દુરાગ્રહી મનુષ્યોના સ્વભાવનુ એ એક લક્ષણ છે કે તેઓનો ક્રોધાવેશ જ્યારે શમી જાય છે ત્યારે ક્રોધની ઘેલછામા કરેલા સાહસોને માટે તેમને વિચાર થાય છે. આ વિચારને અન્તે બહુધા પશ્ચાત્તાપ જ આવે છે. તેજ પ્રમાણે ઉદયમતિએ જ્યારે જોયુ કે અત્યારસુધી રાજ્યના આશ્રયમા જ રહેલી **બ**કુલાદેવી હવે તો પોતાની ‘ શોક્ય ’ થઇ બેઠી છે, અને રાજાએ પોતાનો ત્યાગ કર્યો છે, ત્યારે તેને સ્વાભાવિક રીતે જ પશ્ચાત્તાપ થવા લાગ્યો પોતાનો સ્વામી જેનામા કેવળ આસક્ત બની રહ્યો હતો, તે **બ**કુલાદેવીને જોઇને ઉદયમતિની આંખોમાથી ક્રોધના કણ વર્ષી રહેતા, પરન્તુ એકાન્તસમયે તો પોતે પોતાના સાહસને માટે પશ્ચાત્તાપ કરતી અને રડતી જે થવાનુ હતુ તે તો થઇ ગયુ હતુ, એટલે કદાચ નમ્રતાપૂર્વક તે પોતાના પતિની ક્ષમા માગે, તોપણ તેથી હવે શોક્યનુ સાલ દૂર થાય તેવુ રહ્યું નહોતું. આથી ઉદયમતિ અતરથી પસ્તાવો કરતી હતી અને પોતાની મૂર્ખતાને રડતી હતી, તોપણ હજી તેણે પોતાનો આકડો તો નમાવ્યો નહોતો !

થોડો વખત ચાલ્યો ગયો અને **ભીમ**દેવ **સો**મનાથના સરક્ષણને અર્થે પોતાના લશ્કર સાથે તે તરફ પ્રયાણ કરી ગયો, તે સમયે **બ**કુલાદેવી પો-

તાના પતિની સાથે રહી, એ જોઇને તો ઉદયમતિના અંગે અંગે જ્વાળા સળગી ઉઠી ! પણ હવે હાથમા કોઇ જ ઇલાજ રહ્યો નહોતો. **ભીમ**દેવ પોતાના લશ્કર સાથે ચાલ્યો ગયો અને ઉદયમતિ રાજમહેલમા એકલી રડતી બેસી રહી તે પોતાના દુર્ભાગ્યને રડતી, પશ્ચાત્તાપ કરતી અને કોઇ કોઇ વાર પોતાને ત્યાગી ગએલા પતિના દર્શનને અર્થે પિપાસિત થતી સમય ગાળતી હતી તે સમજતી હતી કે પોતે પોતાના અવિચારનુ જ ફળ ભોગવતી હતી !

અત્યારે મધ્યાહ્નનો સમય હતો ભોજનકાર્યથી નિવૃત્ત થઇને ઉદયમતિ પોતાના નિવાસસ્થાનવાળા રાજમહાલયમાના એક ઓરડામા એક સંગેમરમરના આસનપર બેઠી હતી આકાશમા તપી રહેલા સૂર્યથી તેનુ તન અને સ્વામીના વિરહ તથા રોષને અંતે થતા પશ્ચાત્તાપથી તેનુ મન દગ્ધ-પ્રદગ્ધ થઇ રહ્યુ હતુ પાસે કોઇ દાસદાસી નહિ હોવાથી એકાંત હતી અને એ એકાંતમા અંતરનો શોક પણ ઉભરાતો હતો તથા ચિત્ત આકુળ–વ્યાકુળ બની જતુ હતુ. કેટલાક વખત પહેલા એવા સમાચાર આવ્યા હતા કે **ભીમ**દેવ **કું**ડહત્તના કિલ્લામા રહીને લશ્કર એકઠુ કરે છે પરન્તુ આજે વૃદ્ધ મંત્રીશ્વરને એવા ખબર મળ્યા હતા કે **સુ**લતાન **મહમદ** **કું**ડહત્તનો કિલ્લો કબજે કરવાને પોતાના આખા સૈન્ય સાથે ઉપડ્યો છે અને એ ખબર મંત્રીશ્વરે રાણી ઉદયમતિને પણ સહજ કહેવરાવ્યા હતા પોતાના સૌભાગ્યવિભૂષણ પતિ ઉપર આ પ્રમાણે અનેકાનેક આપત્તિપ્રસંગો ઉભા થતા જવાના સમાચાર સાંભળીને ઉદયમતિ અંતરથી અતિવ્યથિત થતી હતી **સુ**લતાન સામેના યુદ્ધમા પોતાના પતિને વિજય મળે તેટલા માટે તે હમેશા પ્રભાતમાં દેવપૂજન સમયે પ્રાર્થના કરતી હતી. પરન્તુ તે પ્રાર્થનાની કાંઇ સારી અસર થયાના સમાચાર તેને નહિ મળતા હોવાથી તેને અત્યંત દુઃખ થતુ હતું. **કું**ડહત્તના કિલ્લાપર **સુ**લતાનનુ સૈન્ય ચડી જતુ હોવાના સમાચાર સાંભળીને અત્યારે તે તત્સંબંધી દુઃખપૂર્ણ વિચારમા જ પડી હતી

"ઓ ઈશ્વર ! આ ગુર્જરરાષ્ટ્રનુ શુ થવા બેઠુ છે ? **સૌ**રાષ્ટ્રના મોટામા મોટા શિવાલયનો યવનોએ વિધ્વંસ કર્યો, ગુર્જરેશ્વર અને **સૌ**રાષ્ટ્રેશ્વરને એ દુષ્ટે રણક્ષેત્રમાથી નસાડ્યા અને હવે પુનઃ ગુર્જરેશ્વરની જાત ઉપર એ દુષ્ટ ચડ્યો છે ! ઓ ભોળા **શંભૂ** ! આ આપત્તિમાથી તુ મારા પ્રાણેશ્વરને બચાવી લેજે ! અરે, પણ એમા મારે મહાદેવજીને ભલામણ કરવાની શુ અગત્ય છે ? શૌર્યમા કાર્તિકસ્વામી જેવા અદ્વિતીય અને વીર્યમાં તો સાક્ષાત્ **ભીમ** જેવા જ એ મારા પતિ પોતાના બાહુબળવડે જ

પોતાનો બચાવ કરશે ! પણ હા ! હુ કેવી એક દુર્ભાગી સ્ત્રી છુ અને એ બકુલા કેવી સદ્‌ભાગ્યવતી છે ? તે એક રખડતી ભિખારડીને પદેથી ચડીને રાજાની રાણી બની અને વળી યુદ્ધમા સ્વામીની સાથે ને સાથે જ રહેવા ભાગ્યવતી બની હુ અભાગિણી અહીં રહી રહી સ્વામીના દર્શનને માટે તલસુ છુ. મારા અવિચારને રડુ છુ અને .મારી સાહસિક બુદ્ધિને ધિક્કારૂ છુ ! અરેરે ! અતરૂથી તો હુ ઘણોએ પસ્તાવો કરૂ છુ, પણ તે પસ્તાવો હવ શા કામનો ? જ્યારે એ અહીથી લશ્કર સાથે પ્રયાણ કરી ગયા ત્યારે પણ જો મે મારો પશ્ચાત્તાપ જાહેર કરીને તેમની ક્ષમા માગી હોત તો કેટલુ સારૂ હતું ! કદાચ તે મારા ઉપર કૃપા કરત અને મને સાથે રાખત, ભલે તે મને પહેલાના જેટલા પ્રેમથી ન ચાહત, પણ હુ તેમના દર્શન કરીને તો આનંદ પામત ! પરતુ એટલો આનદ સરખોએ મે મારી મૂર્ખતાને લીધે ગુમાવ્યો છે ! ઉદયમતિ ! તારી દુર્મતિએ જ તને દુ:ખી કરી છે, તો હવે રહી રહીને પસ્તાવો શાને કરે છે ! ” શોકના આવેશમા ઉદયમતિનુ મસ્તક આસનની પીઠ સાથે અફળાયુ

સ્વલ્પ સમય રહીને પુન: વિચારમાળા ચાલુ થઈ એકાન્તે તેની ગતિને વધારે વેગ આપ્યો

“ હા ! હવે હુ શુ કરૂ ? તે કુડહત્તના કિલ્લામા રહ્યા અને હુ અહીં રહી અરેર ! મે મૂર્ખીએ સ્વામીનો છેવટસુધી અનાદર જ કર્યા કર્યો અને છેવટ શોક્યરૂપ સાલ ઊભુ થયુ ! વખત વિચારી જઇને શોક્યની સાથે મળતી રહી હોત, તોએ સારૂ હતું ! જેમ તેને પોતે સાથે લેઈ ગયા છે, તેમ મને શુ સાથે ન લેઈ જાત ? તેથી મને શુ તેમના દર્શનનો અને સેવાનો લાભ ન પ્રાપ્ત થાત ? પણ છેવટસુધી મે મારો આકડો ન જ નમાવ્યો અને તેનુ આ અનિષ્ટ પરિણામ આવ્યુ ! હાય ! એ વીરમૂર્તિના—એ પ્રેમી પતિના દર્શન કર્યાને કેટલાએ માસ વીતી ગયા અને હવે તો એક એક દિવસ એક એક વર્ષ જેટલો લાબો થઇ પડ્યો છે ! તેમના પ્રેમભર્યા મધુર શબ્દો શ્રવણ કર્યાને યુગોના યુગો વીતી ગયા હોયની તેવુ હવે થઇ પડ્યુ છે અને જેમ જેમ દિવસ જાય છે, તેમ તેમ આતુરતા વધતી જાય છે ! હે પ્રેમપિપાસુ મનપખી ! તારી પાખો તૂટી ગઇ છે—અરે નહિ—તે જ તે તોડી નાખી છે, તો હવે ઉડવાને અસમર્થ બનવા માટે શાને પસ્તાય છે ?”

“ મહારાણી ! દૂત આવ્યો છે ” દાસીએ અકસ્માત્ આવીને સમાચાર આપ્યા

"મન્ત્રીશ્વર પાસે તેડી જા; અહીં તેનુ શુ કામ છે?" રાણીએ નિરાશ વદને ઉત્તર આપ્યો છે

"પણ તે અહીં આવવા જ માગે છે, મે બહુએ કહ્યું કે મન્ત્રીશ્વર પાસે જા, પણ તે માનતો નથી"

"ત્યારે શુ તે મને મળવા માગે છે?"

"હા, અને કહે છે કે રાણીજીના જ ગુપ્ત સન્દેશો લાવ્યો છુ, અને તે મહારાજા ભીમદેવે મોકલાવ્યો છે"

"શુ? મારા સ્વામીએ મને સન્દેશો મોકલાવ્યો છે? નહિ, દાસી! તું ભૂલ કરતી હોઇશ, જા, તેને ફરીથી પૂછી આવ કે તે કોના તરફથી આવે છે.

"અરે બાઇ! સાહિબ! મને તેણે મહારાજની મુદ્રિકા પણ બતાવી ને પછી શુ?"

"હે! શુ તે ખરૂ! ત્યારે તેને સત્વર પ્રવેશ કરાવ" એમ બોલતી જ રાણી આસનપરથી ઉઠી અને હિંચોળાપર આનન્દ સાથે ઝુલતી બેઠી. એટલામા શંકરપ્રસાદ મુસલમાનના વેશમા પ્રવેશ કર્યો, તેને જોતા જ રાણી ચમકી ઉઠી.

શંકરપ્રસાદ ખુલાસો કરતા કહ્યું "રાણીજી! ચમકશો નહિ. હુ યવન નથી પણ હિંદુ છુ અહીંસુધી સહીસલામત પહોંચવાને માટે જ આ કૃત્રિમ વેશ ધારણ કર્યો છે. લ્યો, નિશાનરૂપે મહારાજા ભીમદેવની આ મુદ્રિકા"

ઉદયમતિએ હર્ષિત હૃદયે અને સસ્મિત વદને તે મુદ્રિકાને હાથમા લીધી અને તેને સપ્રેમ ચુમ્બન કર્યુ, પછી પૃચ્છા કરી "બાપ! તમે ક્યાંથી આવો છો અને મહારાજના શુ સન્દેશો છે?"

'રાણીજી! મહારાજને માથે અનેક આપત્તિઓ ગુજરી ગઈ છે. કુંડદત્તનો કિલ્લો દુશ્મનને હાથ ગયો છે, લશ્કર નાસી છૂટ્યુ છે, બકુલાદેવી રાજકુમારને જન્મ આપી મરણ પામ્યાં છે અને મહારાજા ભીમદેવ પુનઃ સૈન્ય એકત્ર કરી સુલ્તાનની પૂઠે થવાના ઉદ્યોગમા મચ્યા છે'

"ઓહો! શુ આ ખરી વાત છે? બકુલાદેવીનુ મરણ, એ ઉત્પાત શાથી થયો?"

શંકરપ્રસાદે બકુલાદેવીનો સર્વ વૃત્તાંત વિસ્તાર સાથે ઉદયમતિને કહી સભળાવ્યો ભીમદેવની શોકાતુરતા, પાણી વિના રણમા ભ્રમણ, બકુલાદેવીને રણમા પ્રસવેલો પુત્ર અને મરતા મરતા બકુલાદેવીએ ઉચ્ચારેલા શબ્દો તથા "પુત્ર! રાજા નહિ, પણ યોગી થજે" એવો બાળપુત્રને આપેલો

આશીર્વાદ એ સર્વ તેણે રાણીને કહ્યું. એ આપત્તિપ્રસંગનું શ્રવણ કરીને અને અકુલાદેવીની ઉદાર મનોવૃત્તિનો ઇતિહાસ સાંભળીને ઉદયમતિની આંખોમાં આંસુ ઝમી આવ્યાં. અકુલાદેવીને પોતાની શૉક્ય અને વૈરિણી માની અને તેના તરફ આજસુધી ઘૃણાયુક્ત દૃષ્ટિ રાખી તેમાં પોતે ક્વડી મોટી ભૂલ કરી હતી તેનું હવે તેને ભાન થયું "એ ઉદાર સ્ત્રીએ મરતાં મરતાં પણ મને તો પટરાણી જ કહીને તેના પોતાના પુત્ર કરતાં મને ભવિષ્યમાં પુત્ર થાય તો તેને જ ગુર્જરરાષ્ટ્રનો રાજા કરવાની ઇચ્છા બતાવી એટલું જ નહિ પણ પોતાના પુત્રને તેણે યોગી થવાનો આશીર્વાદ આપ્યો અહો! એ દેવીસ્વરૂપ ભગિનીની સાથે મેં મૂર્ખીએ શું મીઠી-મધુરી વાતચીત પણ કોઇ વાર ન જ કરી? હાય! આ સર્વ પશ્ચાત્તાપથી મારૂં દિલ બળું બળું થઈ રહ્યું છે' એમ વિચારીને દુઃખભારથી પડી ગએલે વદને તેણે શંકરપ્રસાદને પ્રશ્ન કર્યો "અને મહારાજાએ શું સમાચાર આપ્યા છે?"

આપના રોષને માટે આપને ક્ષમા કરી છે'

'હેં! તેમણે મારા રોષની મને ક્ષમા આપી છે? આહ! તે ઉદાર મનવાળા સ્વામીએ ખરેખર શું મને ક્ષમા આપી છે? ઓ પ્રભુ! છેવટે તેં મારા પર કૃપા દર્શાવી ખરી! જે અવિચારી અને મૂર્ખ સ્ત્રી ક્ષમાને પાત્ર જ નથી એ સ્ત્રીને તેં ક્ષમા અપાવીને તેના જીવનનો રંગ ચળકતો કર્યો! ઓ મારા પ્રભુ! તમે અત્યારે ક્યાંયે કેવી આપત્તિ વહતા હશો અને હું શું અહીં રાજમહાલયમાં સુખી દિવસો ગુજારૂં છું?' રાણીના ઉંડા અંતર્માંથી ઉદ્‌ગારો નીકળ્યા

"પણ મહારાજાએ કહ્યું છે કે આપે હવે આ રાજમહાલયમાં વધુ વખત રહેવું નહિ. સુલ્તાન મહમૂદ પોતાના લશ્કર સાથે આ તરફ ધસ્યો આવે છે અને તે કદાચ રાજધાનીપર હલ્લો કરીને કાંઇ અનર્થ ગુજારે, તેટલા માટે મહારાજાએ ફરમાવ્યું છે કે આપે રાજકુમાર મૂળરાજ તથા બાકીના સઘળા રાજકુટુંબ સાથે વિંધ્યાચળમાં કોઈ યોગ્ય સ્થાને ગુપ્તનિવાસ કરવો, કારણકે રાજકુટુમ્બનું સંરક્ષણ કરવાનો એ માર્ગ સૌથી વધારે ઉચિત છે" શંકરપ્રસાદે ભીમદેવના સંદેશાનો સર્વ વૃત્તાન્ત કહી સંભળાવ્યો.

"શું? શું હું વિંધ્યાચળની ગુફાઓમાં જઇને ભરાઇ બેસું? જે સમયે મારા સ્વામી યુદ્ધમાં પોતાના પ્રાણની પરવા કર્યા વિના ઝુઝ્યા કરે, તે સમયે હું મારા આ નાશવંત દેહનો મોહ ધારણ કરીને શું ગુપ્તનિવાસની સેવના કરૂં? હા, ધિક્ છે આ અબળાને અને ધન્ય છે તે અકુલાને! જોકે રણમાં પાણી વિના તેણે પોતાના દેહનો ત્યાગ કર્યો છે, તોપણ તે પ્ર-

તિક્ષણે સ્વામીની સાથે રહીને અને પ્રસંગોપાત પોતાની વીરતા બતાવીને જે નામ મેળવી ગઈ છે તે માટે તેને ધન્યવાદ જ ઘટે ! હું અભાગિની સ્વામીના દર્શનની પિપાસા તો તૃપ્ત ન કરી શકુ એટલુ જ નહિ પણ અહીંથી બીકની પેઠે નાસીને વિંધ્યાચળમા જઈ ભરાઈ બેસુ ! હા, એથી વધારે મોટુ દુર્ભાગ્ય બીજુ કયુ ?" ઉદયમતિએ ઉંડો નિશ્વાસ નાખ્યો

"ત્યારે હવે મને વિદાય થવાની રજા છે ?"

"રહો, આ સંદેશાના ઉત્તરમાં મહારાજને એટલુ કહેજો કે આપની આ દાસી આપની ઉદાર ક્ષમાને પાત્ર નથી, તોપણ તે ક્ષમા તેણે સ્વીકારી છે, પરન્તુ બીકની પેઠે વિંધ્યાચળમાં ભરાઈ બેસવાની આપની આજ્ઞા માન્ય નહિ કરવા માટે પુન તે ક્ષમાયાચના કરે છે સામે મેઘગર્જના થતી હોય તેથી કાઇ સિહની પુત્રી ગુફામા ભરાઇ બેસતી નથી, પરન્તુ મેઘના જેવો જ ઘોર ધ્વનિ કરીને મેઘની સાથે યુદ્ધ કરવાને તૈયાર થાય છે રાજકુટુબનુ સરક્ષણ ઇશ્વર કરશે અને મારૂ સરક્ષણ મારી તલવાર કરશે એ તલવાર જો નિર્બળ નીવડશે તો પછી મારે જીવવુ યોગ્ય જ નથી બસ, મહારાજાને કહેજો કે એક માત્ર કુમાર મૂળરાજને યોગ્ય બન્દોબસ્ત સાથે વિંધ્યાચળમા મોકલી આપુ છુ અને હુ તો— '

"પણ રાણીજી ! હુ કાઇ હવે મહારાજા ભીમદેવને મળી શકવાનો નથી, કારણકે અત્યારે તે કયા હશે એ હુ જાણતો નથી અને તે તરફ હવે હુ જવા ઇચ્છતો પણ નથી, એટલે આપે આપેલો ઉત્તર હુ તેમને નિવેદન કરી શકુ તેમ નથી

"કાઇ ફીકર નહિ. મહારાજાને પાછો ઉત્તર મોકલવાની અગત્ય જ શી છે ? મારે જે કાઇ કરવાનુ છે તે હુ કરીશ જ, વારૂ, હવે તમને જવાની રજા છે. પણ રહો, તમે મારે માટે આ શુભ સદેશો લાવ્યા, તેને માટે મારે તમને કાઇક બક્ષીસ આપવી જોઇએ. લ્યો આ–' રાણીએ પોતાની રત્નજડિત મુદ્રિકા કાઢી આપવા માડી

"ક્ષમા કરો, રાણીજી ! આ સેવકને હવે બક્ષીસની જરૂર નથી મે ધર્મસેવાને અર્થે આત્મભોગ આપવાની પ્રતિજ્ઞા લીધી છે, એટલે હવે મારે બક્ષીસને શુ કરવી છે ? મારી સ્ત્રી તથા બાળક પુત્રો છે તેમને મહાદેવજીને સોપીને મે ગૃહત્યાગ કર્યો છે અને હવે માત્ર દેહત્યાગ કરવાની અભિલાષા છે."

"ધન્ય છે તમારી નિરીહ વૃત્તિને !" ઉદયમતિએ પ્રશંસાનો ઉદ્‌ગાર કાઢયો અને સજળ લોચને સ્વામી તરફના દૂતને વિદાય થવાની રજા આપી.

પ્રકરણ ૨૯ મું.

અણુહીલપુર તરફ.

ભીમદેવ હરિદેવ ઋષિની પર્ણકુટીમાંથી નીકળીને પોતાના સૈનિકની સાથે **માંડળિક**ને જઇને મળ્યો. **કુંડહત્ત**માંથી નાસેલુ **ભીમદેવ**નુ લશ્કર **માંડળિક**ના આશ્રયે જ રહ્યું હતું અને **માંડળિકે** પણ ઉદાર બુદ્ધિથી તેનો સત્કાર કર્યો હતો તથા **ભીમદેવ**ની શોધને માટે આસપાસ તપાસ કરાવવા માંડી હતી **માંડળિકે** જે ગેરવાજબી હઠ લેઇને **ભીમદેવ**ને **કુંડહત્ત**નો બચાવ કરવામાં મદદ કરી નહોતી, તે વિષે કાંઈ પણ વાતચીત કાઢીને **માંડળિક**ને માઠુ ન લગાડવું એવો **ભીમદેવે** નિશ્ચય કર્યો હતો **ભીમદેવ**ને જોઇને **માંડળિક** હર્ષિત થયો પણ તેણે જ્યારે **ભીમદેવ**ને મુખે તેનાપર ગુજરેલી આપત્તિનો વૃત્તાંત સાભળ્યો, ત્યારે તેને અત્યત સતાપ થયો **ભીમદેવે** સહજ જણાવ્યુ· "**માંડળિકજી**! સર્વ પ્રસગે આપણાં લશ્કરો એકત્ર રહીને જ લડ્યાં હોત, તો **સુલ્તાન** આટલો બધો ફાવી જાત નહિ અને આપણે માટે આ વખત આવત નહિ"

"પણ તમારા લશ્કરની અને અમારા લશ્કરની લડવાની રીતમા મોટો તફાવત રહેલો છે, એટલે બન્ને સૈન્યો એકત્ર તો શી રીતે રહી શકે?"

"એમ હુ નથી કહેતો કે બન્ને લશ્કરોને ભેળસેળ કરી નાખવા; પણ તમારા સૈનિકો તમારા સરદારોની આગેવાની હેઠળ અને મારા સૈનિકો મારા સરદારોની આગેવાની હેઠળ રહીને એકીસાથે યુદ્ધ કરે, તો આપણે અવશ્ય વિજયવાન થઇએ જે થયુ તે થઈ ગયુ; પણ કહો હવે તમારો શુ વિચાર છે? **સુલ્તાન સૌરાષ્ટ્ર**માથી પાછો ફરીને ગુજરાત તરફ જાય છે. **સૌરાષ્ટ્ર**માં તેણે કાઇ થોડો કેર ગુજાર્યો નથી તોપણ પાછો ફરતાએ તે નુકસાન કર્યા વિના રહેવાનો નથી. હજીસુધી આપણે તેને આપણો હાથ બરાબર રીતે બતાવી શકયા નથી, માટે મારો વિચાર એવો છે કે આપણે એકત્ર રહીને **સુલ્તાન**ના લશ્કરની પૂઠે પડીએ અને તેને ગુજરાતના તથા **સૌરાષ્ટ્ર**ના ક્ષત્રિયોનુ ખરૂં ખમીર બતાવી આપીએ. બોલો, તમારો શો વિચાર છે?"

"હુ તમારા વિચારને મળતો જ છુ ખુશીથી હુ તમારી સાથે જ રહીશ અને જોકે તે આપણને બરાબર થપ્પડ મારી ગયો છે, તોપણ આપણે તેને સામી થપ્પડ મારીશું." **માંડળિકે** પોતાનો અનુકૂળ અભિપ્રાય દર્શાવ્યો.

16

કુંડહત્તનો કિલ્લો કબજે કરીને અને ત્યાં સખ્ત કત્લ ચલાવીને **સુલ્તાન** એ પ્રદેશમાં વધુ વાર ટક્યો નહિ. જે માર્ગે થઈને તે **સોમનાથ** તરફ આવ્યો હતો, તે માર્ગે થઈને હવે પોતાને દેશ જવા માટે તે પાછો ફર્યો. **સોમનાથ** તરફ આવતી વખતે તે **અણહીલપુરનો** કબજો મેળવી શક્યો નહોતો, તેથી આ વખતે ગુજરાતના એ રાજધાનીના નગરને પોતાના તાબામા લેવાની તેની ઈચ્છા હતી અને તેણે એ માર્ગ જ પસંદ કર્યો. મજલ દરમજલ છાવણીઓ નાખતો અને પ્રજાજનોને ત્રાસ આપતો તે **સૌરાષ્ટ્રમાથી** ગુજરાત જવા લાગ્યો, પરન્તુ **કુંડહત્તથી** થોડા કોસ દૂર ગયા પછી તુરત જ **ભીમદેવ** અને **માંડળિક** એકત્ર લશ્કરો સાથે તેના લશ્કરની પુંઠ પડ્યા. યુદ્ધમા તેમ જ કેટલેક અંશે પ્રતિકૂળ હવાપાણીને પરિણામે **સુલ્તાનનુ** સૈન્ય લગભગ અર્ધું થઈ જવા પામ્યુ હતુ, તેથી **ભીમદેવ** અને **માંડળિકના** લશ્કરની સામે ઊભા રહીને નવુ યુદ્ધ મચાવવાની હવે તેનામા આય રહી નહોતી. **સુલ્તાનનુ** લશ્કર આગળ નાસતુ જતુ હતુ અને **ભીમદેવ** તથા **માંડળિક** તેની પુંઠ ધાતા હતા. આ પ્રમાણે નાસભાગ ઘણે દૂરસુધી ચાલુ રહી અને તેને પરિણામે **સુલ્તાનના** સૈન્યના ત્રાસમાથી લોકો કેટલેક અંશે મુક્ત થયા, કારણકે પાછળ પડેલા હિંદુ લશ્કરના ભયથી મુસલમાનો કોઈ સ્થળે બહુ વખત થોભી પણ શકતા નહોતા. ખોરાકીના ઊંટ અને ગાડા તથા બીજો કેટલોક સરસામાન હિંદુઓ વખતોવખત લુંટી લેતા હતા, છતા પણ મુસલમાનો હિંદુઓની સામે થવાની હિંમત ભીડી શકતા નહોતા. એક વાર તો હિંદુઓએ ભારે ઝનૂન સાથે નાસતા મુસલમાન સૈનિકોપર હલ્લો કર્યો અને બન્ને પક્ષો વચ્ચે થોડી વાર યુદ્ધ ચાલ્યુ, પરન્તુ નાસભાગના યુદ્ધમા તો **સુલ્તાનને** બહુ સહન કરવુ પડ્યુ. બે હજાર સૈનિકો તેમા કપાઈ ગયા અને તેટલા જ બીજા જીવતા કેદ પકડાયા. કેદ પકડાએલા મુસલમાનોને **માંડળિકે** પોતાના કબજામા લીધા અને તેઓને એક કિલ્લામા કેદ કરી પોતે પાછો **સુલ્તાનની** પાછળ મચ્યો.

આગળ **સુલ્તાન** અને પાછળ **ભીમદેવ** તથા **માંડળિક** એ પ્રમાણે બન્ને પક્ષના લશ્કરો ઈશાન કોણ તરફ દોડ્યા જતા હતાં અને જ્યા જ્યાં લાગ પડતો ત્યા ત્યાં **ભીમદેવ** તથા **માંડળિક** **સુલ્તાનના** લશ્કર ઉપર હલ્લો કરવાનુ ચૂકતા નહિ. કોઈ કોઈ સ્થળે યુદ્ધ પણ થતાં અને બન્ને પક્ષોને જાનમાલનુ નુકસાન સહન કરવુ પડતું, પરન્તુ એકંદરે **સુલ્તાનને** જ વધારે હાનિ થતી. **અણહીલપુરનો** કિલ્લો પોતાના કબ્જામાં લેવાનો **સુલ્તાને** ઘણો વહેલો નિશ્ચય કર્યો હતો, પરન્તુ **ભીમદેવ** અને **માંડળિક** તરફથી તેને જે

હેરાનગતી વેઠવી પડતી હતી તેનો અનુભવ મેળવ્યા પછી સુલ્તાનનો નિશ્ચય ડગમગવા લાગ્યો હતો જે માર્ગ તેણે પકડ્યો હતો તે માર્ગ પોતાનો જોએલો–જાણેલો હતો અને તે જ માર્ગમા વચ્ચે અણહીલપુર આવતું હતું. માર્ગમાં જ ગુજરાતનુ રાજધાનીનુ નગર આવે અને તેને સ્પર્શ પણ કર્યા વિના ચાલ્યા જવું એ સુલ્તાનને રૂચ્યુ નહિ. ગઝની તરફ જવાનો બીજો કોઇ માર્ગ લેવામા આવે તો અણહીલપુર બાજુએ રહે. પરન્તુ તેવો અજાણ્યો માર્ગ પકડવાથી મુસાફરીમા કેટલીક અડચણ વેઠવી પડે તેમ વિચારીને સુલ્તાને પોતાનો જૂનો નિશ્ચય જ કાયમ રાખ્યો અને અણહીલપુરની દિશાએ પ્રયાણ ચાલુ રાખ્યુ

પ્રકરણ ૩૦ મું.

નરમુંડધારિણી.

સૌરાષ્ટ્ર અને ગુજરાતની સીમાના સંયોગીકરણ આગળ કેટલાક દિવસથી એક ચંડિકા સરખી કરાળ જોગણી અતિ ત્રાસ મચાવી રહી હતી તે એમ જણાવતી હતી તે પોતે નેપાળ તરફથી ભારતવર્ષના જૂદા જૂદા વિભાગોમા પરિભ્રમણ કરતી આવી પહોંચી હતી અને પ્રત્યેક ભાગમા નરમેધ યજ્ઞ કરવાનુ વ્રત તેણે ધારણ કર્યુ હતું. આજસુધીમા તેણે તેવા અગીઆર યજ્ઞો કર્યા હતા અને અગીઆર પુરૂષોને યજ્ઞમા આહુતિરૂપે અર્પણ કરી તેમના મસ્તકની ખોપરીઓની માળા તેણે ધારણ કરી હતી એકંદર બાર યજ્ઞો કરવાનુ તેનુ વ્રત હતું અને હવે માત્ર એક નરમેધ યજ્ઞ જ બાકી રહ્યો હતો અને તે યજ્ઞ તેણે સૌરાષ્ટ્રમા જ કરવાની ધારણા રાખી હતી આથી એ નરમુંડધારિણી જોગણીના અનુચરો આસપાસના નાનાં મોટાં ગામોમા પરિભ્રમણ કરતા હતા અને દરેક સ્થળે એક પુરૂષની માંગણી કરતા હતા તથા જણાવતા હતા કે “ચાર માસની અંદર આખા સૌરાષ્ટ્રમાંથી કોઈ પણ અમને એક પુરૂષ યજ્ઞને માટે આપશે નહિ તો અમે બળાત્કારે સાત પુરૂષોને પકડીને હોમી દઇશુ.” જેવી રીતે આ નરમુંડધારિણી જોગણીની માંગણી અતિભયંકર હતી, તેવી જ રીતે તેણે તે માંગણી પૂરી ન થાય તો બતાવેલી ભીતિ પણ અતિભયંકર હતી અને તેથી આસપાસમાં સર્વત્ર લોકો મહાભયમાં આવી પડ્યા હતા. કોઇ પણ યજ્ઞમાં હોમાવાને તૈયાર થવાની હિંમત બીડી શકતું નહોતું અને સૌના ચિત્તમાં

એવો ભય નિવાસ કરી રહેલો હતો કે " જો એ જોગણી માતાને પોતે ઠરાવેલી મુદત દર્મિઆન એક પુરૂષ નહિ મળે તો તે સાત પુરૂષોને બળાત્કારે પકડીને હોમશે, તેમાં હું પણ કદાચ પકડાઇશ તો ? " આથી સૌ મોટી ચિન્તામા પડ્યા હતા અને કેટલાક અતિભીરૂ પુરૂષો તો ચાર માસને માટે સૌરાષ્ટ્રને છોડીને ચાલ્યા જવાના વિચારમા પણ પડ્યા હતા આ નરમુડધારિણીએ નિર્જન અરણ્યમા આવેલા એક ભયકર ખડેરમા પોતાનો નિવાસ રાખ્યો હતો અને પોતાની સાથે તેના જેવા જ ભયકર ચહેરાવાળા અને કાળ સરખા કરાળ પચ્ચીસેક માણસો રાખ્યા હતા તેમાના કેટલાક આસપાસના ગામડાઓમા નરમેધ યજ્ઞને માટે પુરૂષની માગણી કરતા ફરતા હતા અને કેટલાક જોગણીની પાસે રહેતા હતા આ સઘળા માણસો એ નરમુડધારિણીના શિષ્યો છે એમ તેઓ કહેતા અને જૂદા જૂદા દેશોમાં પોતાની માનારૂપ દેવીએ કેવા કેવા પરાક્રમો કર્યા હતા તેની વાર્તા સભળાવીને તેઓ લોકોને ચકિત કરતા હતા આથી ઘણા શ્રદ્ધાળુ અને ભોળા લોકો એ નરમુડધારિણીને સાક્ષાત્ કાલિકાદેવી માનતા અને કેટલાકો તો એમ પણ કહેતા કે " સુલ્તાન મહમદે સોમનાથ પાટણમા જે અનર્થ ગુજાર્યો છે તેથી ચીડાઇને તેનો નાશ કરવા માટે જ સાક્ષાત્ ઉમયાજી આ અવતાર ધારણ કરીને પધાર્યા છે "

નરમુડધારિણીના નિવાસસ્થાનની નિકટના પ્રદેશમાથી સુલ્તાન મહમૂદનુ લશ્કર ઉતાવળે પસાર થઇ ગયુ અને તેની પાછળ જ ભીમદેવ અને માંડળિક પોતાના લશ્કરો સાથે પ્રયાણ કરતા જોવામા આવ્યા એટલે એ દેવીના અનુચરો ભીમદેવની પાસે આવ્યા અને બોલ્યા " હે ગુર્જરેશ્વર ! અમારા દેવી નરમુડધારિણી આ સૌરાષ્ટ્રમા નરમેધ યજ્ઞ કરવા ઇચ્છે છે. ભારતવર્ષના જૂદા જૂદા વિભાગોમા તેમણે અગીઆર નરમેધ યજ્ઞો તો કર્યા છે અને હવે એક યજ્ઞ માત્ર બાકી છે. તમે યવનોની સાથે લડીને સેંકડો માણસોના જાન ગુમાવો છો, તો આ ધર્મકાર્યમા એક પુરૂષ અમને આપો '

" એવાં તમારા નરમુડધારિણી દેવી કોણ છે ? જીવતા પુરૂષનુ યજ્ઞમા બલિદાન આપવાનુ વ્રત આ મારા ન્યાયી રાજ્યમા પૂર્ણ કરી શકાશે નહિ માટે તમારા દેવીને કહેજો કે તે અહીંથી કોઈ બીજા પ્રદેશમાં જાય અને ત્યાં પોતાના વ્રતની પૂર્ણાહુતિ કરે. " ભીમદેવે સ્પષ્ટ ઉત્તર આપ્યો.

એટલામાં એક સિપાહી બોલ્યો: " મહારાજ ! વળી એ દેવી એમ કહે છે કે જો તેને એક પુરૂષ નહિ આપવામાં આવે તો તે સાત પુરૂષોને બળાત્કારે પકડીને યજ્ઞમા હોમી દેશે ! "

"હેં ! શું લોકોને તે એટલો બધો ત્રાસ આપવા માંગે છે ? ત્યારે તો હું એ દેવીને આ પ્રદેશમાંથી બળાત્કારે કાઢી મૂકીશ. ચાલો હું જાતે એ દેવીની પાસે આવું છું." એમ કહીને **ભી**મદેવ **ન**રમુડધારિણીના નિવાસસ્થાન પ્રતિ જવાને તૈયાર થયો. પચાસેક માણસો તેની સાથે સાથે ચાલ્યા અને દેવીના ચાર શિષ્યો તે સર્વને નિવાસના ખડેર પાસે તેડી ગયા.

ભીમદેવે ત્યા જઈને જોયુ તો જણાયુ કે જે ખડેરમા એ દેવીએ નિવાસ કર્યો હતો તે એક અત્યત પ્રાચીન, ભયકર અને વિશાળ ખડેર હતું લોકો તે ખડેરને પ્રાચીન સમયના કોઈ ભીલ રાજાનો મહેલ માનતા, પરન્તુ અત્યારે તો તે મહેલ ઉપર છાપરાનુ નામ કે નિશાન કાંઈ જણાતું નહોતું અને ઇંટ, માટી તથા પત્થરની દીવાલો જ માત્ર ઊભી હતી તેને ભોયતળીએ સેકડો પ્રકારના ઝાડવા, ઘાસ અને છોડવા ઉગી નીકળ્યા હતા અને તેમા ઝેરી જાનવરો મોટા પ્રમાણમા નિવાસ કરતા હશે એવુ અનુમાન કરી શકાતુ હતુ. પરન્તુ થોડા દિવસથી **ન**રમુડધારિણી તથા તેના શિષ્યો તેમાં નિવાસ કરતા હોવાથી એ ખડેરની અવસ્થા કાઇક સુધરી હોય તેમ જણાતું હતુ. સ્થળે સ્થળે લાકડાની ધૂણીઓ ધગધગતી હતી અને આસપાસમા છૂટા છવાયા હાડકાના કકડા સેકડોની સખ્યામા પડેલા જોવામા આવતા હતા **ભી**મદેવે દેવીની પાસે જવા માટે આ ખડેરમા પેસવા માડયુ એટલે તુરત જ તેને એક અનુચરે અટકાવ્યો અને જણાવ્યુ: "દેવીની એવી આજ્ઞા છે કે માત્ર એક જ માણસે અદર જવુ.' આ સાભળીને **ભી**મદેવ એકલો અદર જવાને તૈયાર થયો, પરન્તુ તેની સાથેના માણસોએ તેને એકલા અદર જવાની સલાહ આપી નહિ ફરીથી દેવીને પુછાવવામા આવ્યુ તો ઉત્તર મળ્યો કે "માત્ર પાચ જ માણસોએ આવવુ" **ભી**મદેવ પાચ માણસોની સાથે અદર ચાલ્યો. પહેલા જ ખડમા પ્રવેશ કરતા એક અતિત્રાસજનક દેખાવ તેની નજરે પડયો ભોયમા ખોદેલો એક મોટો ખાડો લાલ રૂધિરથી ભરેલો હતો, તેની બાજુએ રૂધિરથી ખરડાએલી બે ખુલ્લી તલવારો પડી હતી અને ખાડામાથી અત્યત દુર્ગંધિનો પ્રચાર થતો હતો ત્યાથી જરા આગળ ચાલતાં એક ખુણામા કટાઈ ગએલી અને સજેલી તલવારો, છરા, બરછી તથા તીરોના સખ્યાબધ ભાથા વગેરેનો એક મોટો ઢગલો અવ્યવસ્થિત દશામાં પડેલો હતો. એ સઘળુ જોઈને **ભી**મદેવ ત્રીજા ખડમા આવ્યો તો ત્યા સાક્ષાત્ **ન**રમુડધારિણીનાં તેને દર્શન થયાં એક ઉચી પણ પાતળી અને રગે કાળી સ્ત્રી તે પોતે જ **ન**રમુડધારિણી હતી. તેનો કૃષ્ણવર્ણીય કેશકલાપ તેના મસ્તકપરથી ચારે બાજુએ વિખરાએલો હતો. કપાળ સિંદુરથી ચર્ચેલુ, સામે

બળતી મોટી ધૂણીના ધુમાડાના ગોટથી રક્તવર્ણીય બનેલી આંખોમાં કાજળ આંજેલું, કાળાં વસ્ત્રો ધારણ કરીને તે ઉપર અગીઆર શ્વેત નરમુંડોની માળા ધારણ કરેલી, અને આવનારની સામે તીવ્ર દૃષ્ટિ અવધારેલી: એવું વિકરાળ સ્વરૂપ જોઇને ભીમદેવ જરા ચમકી ઉઠયો, છતા તે બીધો નહિ. એ દેવીના કોઇ અલૌકિક તેજને લીધે અનિચ્છાએ પણ ભીમદેવનુ મસ્તક જરા નમી ગયુ અને તેની સાથેના માણસોએ બન્એ હાથ જોડીને દેવીને નમસ્કાર કર્યા. સર્વે જણ દેવીની સમીપમાં બેઠા વચ્ચે બળતી ધૂણીમાંથી નીકળતા ધુમાડાના ગોટને લીધે અને સધ્યાસમયનો સ્વલ્પ અધકાર હોવાને લીધે દેવીનો ચહેરો સપૂર્ણ રીતે ઓળખી શકાતો નહોતો આસપાસમા ફેલાએલા અધકારમા કાળા વર્ણવાળી અને કાળા વસ્ત્રો ધારણ કરેલી દેવીનુ સ્વરૂપ ભળી જતુ હોય અને માત્ર શ્વેતવર્ણીય નરમુડમાળા તથા રત્નની પેઠે ચળકતા નેત્રો જ ત્યા વિરાજી રહેલા હોય એવો દેખાવ નજરે પડતો હતો. દેવી સાથેની વાતચીતનો પ્રારભ ભીમદેવે જ કર્યો તેણે જણાવ્યુ' હે દેવી ! તમે આ સૌરાષ્ટ્રમા કેમ ત્રાસ મચાવી રહ્યા છો ? અમે ગુજરાતીઓ તથા સૌરાષ્ટ્રીઓ તત્રવિધાને માનતા નથી અને તેથી નરમેધ યજ્ઞને પુણ્યકાર્ય માનતા નથી, માટે આ પ્રદેશમા નરમેધ કરવાની આશા આપ છોડી દેવી. '

'શુ ?' દેવીના મુખમાથી ઘોર ધ્વનિ નીકળ્યો "શ્રી મહાકાલ તો આ પ્રદેશમા હજારો માણસોનો નરમેધ કરે છે. ઓ રાજા ! તો શુ હુ એક પુરૂષનો નરમેધ કરવાની આશા ન રાખુ ? તુ મને એ આશા છોડી દેવાનુ કહેનાર કોણ ? "

"પણ એવો હિંસક યજ્ઞ કરવાથી લાભ શુ ? ભીમદેવે નમ્ર ભાવે પ્રશ્ન કર્યો

"લાભ ? લાભ જ્યારે એ યજ્ઞ પૂરો થશે ત્યારે તું જોઇ શકીશ મૂર્ખ ! જાણતો નથી કે અધર્મનો અબાર વધી પડવાથી યવનો આ આર્યભૂમિમા વિજય મેળવતા જાય છે ? એ યવનોનો ઉચ્છેદ કરવો એ જ નરમેધનો લાભ છે "

'શુ આપના યજ્ઞની પૂર્ણાહુતિથી યવનો હાર પામશે ? '

' હા, રાજન્ ! એ યજ્ઞમા રહેલી અતુલ શક્તિનુ તને ભાન જ કયા છે ? "

' પણ, હુ જાણી કરીને યજ્ઞમા બાળવા માટે કોઇ માણસ તો આપને આપી શકુ નહિ બીજો કાઇ ઉપાય હોય તો બતાવો."

" તું રાજા છે તેથી તારા અગે અગે શ્રી મહાકાલ વિરાજમાન છે. જો તારા હાથની કનિષ્ઠિકા અગુલિ તું યજ્ઞને માટે કાપી આપે તો પછી

જીવતા પુરૂષનુ બલિદાન આપવાની જરૂર રહે નહિ." નરમુડધારિણીએ એક સહેલો માર્ગ સૂચવ્યો.

"હા, જો તેથી આપના યજ્ઞની પૂર્ણાહુતિ થતી હોય તો હુ મારી આંગળી કાપી આપવા તૈયાર છુ" એમ બોલતાં જ ભીમદેવે પોતાની ભેટમાંથી છરો ખેંચી કાઢ્યો અને આગળી કાપી આપવાની તત્પરતા બતાવી.

"શાન્તિઃ શાન્તિઃ ! રાજન્ ! તારી ધર્મપ્રીતિને ધન્ય છે, તારી અંગુલિની કાઇ જરૂર નથી; તે જ અગુલિપર ધારણ કરેલી તારી રત્નમુદ્રિકા આપ, તેના હોમથી પણ શ્રી મહાકાલી પ્રસન્ન થશે, માટે તે મુદ્રિકા જ મને આપી દે"

આગળી કાપી આપવા માટે તૈયાર થએલો ભીમદેવ આ નવી માગણી સાભળીને ગભરાયો ! બકુલાદેવીએ મરણસમયે ધારણ કરેલી એ જ મુદ્રિકા હતી અને તે મુદ્રિકા એ સુદરીના સ્મરણાવશેપરૂપ અલકાર હતો તેથી તે આપી દેવાની—પોતાની પ્રિયતમાના સ્મરણાવશેપરૂપ મુદ્રિકાથી વિખુટા પડવાની તેની ઇચ્છા નહોતી મુદ્રિકા કાઢી આપતા પહેલા તે વિચારમાં પડી ગયો દેવી તેનો મનોભાવ સમજી ગઇ તે બોલી "કેમ રાજા ! એ રત્નજડિત મુદ્રિકા આપતા અચકાય છે, તો પછી તુ તારી આગળી તો કેવી રીતે કાપી આપવાનો હતો ?"

ભીમદેવે મનને જરા કઠિન બનાવીને મુદ્રિકા કાઢી આપી તેનુ અતર્ બોલ્યુ· 'પ્રિયા બકુલાના છેલ્લા અવશેપ ! તુ પણ તારી ધારણ કરનારીના સ્થૂળ દેહની પેઠ અગ્નિમા બળીને ભસ્મસાત્ થઇ જજે !"

દેવીએ મુદ્રિકા લેઇને તેને એક બાજુએ મકી અને પછી જણાવ્યુઃ "ભીમદેવ ! આ દેશમા યવનોનો પાદસચાર થયો અને શ્રી મહાકાલના લિગના યવનોને હસ્તે ખડ થયા તેનુ શુ કારણ હશે, તે તુ જાણે છે ?"

"મનુષ્યપ્રાણીઓના અજ્ઞાત કર્મસચયને મનુષ્યો સમજી શકતાં નથી, પરન્તુ જે કાઈ બનાવ બન્યો છે, તે ઉપરથી એટલુ તો અનુમાન કરી શકાય ખરૂ કે હિદુઓનુ ભાગ્ય કાઇક નબળુ હોવું જોઇએ અને મુસલમાનોનુ ભાગ્ય પ્રબળ હોવુ જોઇએ.' ભીમદેવે ઉત્તર આપ્યો.

આ ઉત્તર સાભળીને દેવીના નેત્રો વિશેપ રક્ત બનીને ક્રોધાતુરતાનુ સૂચન કરવા લાગ્યા. ભીમદેવ તે વિકરાળ નેત્રો તરફ નજર ઠેરવી શક્યો નહિ. થોડી વાર પછી દેવીએ જણાવ્યુઃ "રાજા ! મનુષ્યપ્રયત્ન જ પોતાના ભાગ્યનુ બધારણ કરે છે એ તો સમજે છે ને ? યવનો સાથેના યુદ્ધમાં તું વિજય મેળવી શકે જ કેવી રીતે ? હુ જોઉ છુ કે તારી બુદ્ધિમા ભ્રમ પેઠો

છે અને તેને પરિણામે તું વિજય મેળવી શકયો નથી. જો તારી બુદ્ધિ ભ્રમિત ન થઈ હોત તો તુ પોતે યવનસેનાને તારી રાજધાની તરફ આ પ્રમાણે હાંકી જાત નહિ. રાજા ! યવનો તારા રાજધાનીના નગર તરફ જાય છે અને તું તેઓની પાછળ પડીને તેઓને તે તરફ જ હાકે છે, તે તારી બુદ્ધિનો ભ્રમ નથી શુ ? એથી તારા રાજધાનીના નગરનો યવનોને હાથે ઉચ્છેદ થવો સભવતો નથી શુ ? આ ક્ષણે જ હુ મારી સૂક્ષ્મ દૃષ્ટિવડે તારૂ પાટનગર ભાગતુ જોઉ છુ અને તારા રાજકુટુબને આપત્તિમાં આવી પડેલુ નિહાળુ છુ ”

“ ત્યારે હુ કેમ કરૂ ? ” ગભરાઈ ગએલા **ભીમ**દેવે પ્રશ્ન કર્યો

“ તારા જેવા યુદ્ધકુશળ પુરૂષે મને એ પ્રશ્ન કરવો ઘટતો નથી. છતા તે એ પ્રશ્ન કર્યો છે તો હુ તેનો ઉત્તર આપુ છુ જો, **ભીમ**દેવ ! તારે આ પ્રમાણે યવનોની પાછળ પડવુ ન જોઇએ પરન્તુ તેઓની સામે જઇને તેઓને કોઇ બીજે માર્ગે જવાની ફરજ પાડવી જોઇએ જો તુ તેમ કરે, તો જ તારા પાટનગરનુ સરક્ષણ થાય અને નહિતો તેનો ઉચ્છેદ થાય. એ જ પ્રમાણે જ્યારે **સુલ્તાન મહમૂદ** આ દેશ તરફ પ્રવાસ કરતો આવતો હતો ત્યારે પણ તારે તેને માર્ગમા જ યુદ્ધ કરીને હરાવવો જોઇતો હતો. **સોમ**નાથના કિલ્લાને તે ઘેરો ઘાલીને પડે અને પછીથી તુ તથા તારો સહચારી **માં**ડળિક પોતાના અશીણીયા સૈનિકો સાથે યુદ્ધમા પ્રવૃત્ત થાય, એ રીતિ યુદ્ધકુશળ રાજાની બુદ્ધિને હીણપત લગાડનારી કહેવાય શુ હિંદુઓની પાસે **સુલ્તાન**ના સૈન્ય કરતા વધારે મોટુ સૈન્ય નથી ?

“ દેવી ! હુ યવન સેનાની સામે જઇને તેને આગળ વધતી અટકાવત અને આ પ્રસગે પણ હુ તેની પૂઠે નહિ પડતા તેની સામે જઇને તેને કોઈ બીજે માર્ગે હાકી કાઢત, પણ શુ કરૂ ? મારી પાસે હવે તેની સામે થઈ શકાય એટલુ સૈન્ય રહ્યુ નથી. ” **ભીમ**દેવે જણાવ્યુ

“ તારી પાસે નથી, તો શ્રી મહાકાલના અનન્ય ભક્ત એવા બીજા રાજાઓની પાસે કયા સૈન્ય નથી ? **ચૌહાણ** વશનો રાજા **ધર્મગજ**દેવ **અજમેરાધિપતિ** તો ગુજરી ગયો છે, પણ તેની પછી **અજમેરાધિ-પતિ** **વીસ**લદેવ **સુલ્તાન**ની સામે થવાને મોટા લશ્કર સાથે તૈયાર થઈ રહ્યો છે. હુ એ પ્રદેશમાથી જ આ તરફ આવુ છુ અને ત્યાના રાજપૂતો **ધર્મગજ**દેવનો પ્રાણ લેનાર **સુલ્તાન**નો પ્રાણ લેવા માટે તળે ઉપર થઇ રહ્યા છે એ હુ જાણું છુ. શામાટે તું તેની સાથે મળી જઇને **સુલ્તાન**ને હરાવતો નથી ? ”

દેવીના એ પ્રશ્નનો ઉત્તર ભીમદેવ તુરત આપી શક્યો નહિ. સ્વલ્પ સમય મૌન રહીને તે બોલ્યો: "વીસલદેવ સાથે તો હું મળી જઉં નહિ! તેને હું મળી જઉં તેમાં મારા માનની હાનિ થાય. ચૌહાણ વંશ અમારો પરંપરાનો વૈરી છે."

"બસ, તારી આ બુદ્ધિને પરિણામે જ તારો વિનાશ થવો સંભવિત છે રાજન્! ચૌહાણ વંશના રાજા સાથે મળીને યવનેશ્વરની સામે યુદ્ધ કરવા જતા તારા માનની હાનિ થાય છે અને આર્યધર્મનું અપમાન—ભયંકર અપમાન થતું જોઇને તારા માનની હાનિ થતી નથી? એક પરદેશી વૈરીની સામે થતી વખતે માહોમાહેનું સ્વલ્પ વૈર ભૂલી જઇને દેશનો તથા ધર્મનો બચાવ કરવો જોઇએ, એ નીતિ તને તારા ગુરૂએ શીખવી જ નથી કે શું? રાજા! હજી પણ જો તું તારા પાટનગરનું, તારી પ્રજાનું અને રાજકુટુંબનું સંરક્ષણ કરવા ઇચ્છિતો હોય તો, માનહાનિનો વ્યર્થ વિચાર છોડી દઇને વીસલદેવને મળી જા તથા યવનેશ્વરને તારા પાટનગર સુધી પહોંચ્યા પહેલા હાર ખવરાવી નસાડી મેલ, અને નહિતો તારા અહિત સિવાય બીજું કશું હું જોતી નથી."

નરમુંડધારિણીની આ પ્રસંગને અનુસરતી સલાહ ભીમદેવને રૂચી ગઈ. ચૌહાણ વંશ સાથેનું જૂનું વૈર ભૂલી જઇને આ વખતે તેની સાથે મળી જવું અને પરદેશી વૈરીની સામે થઈ તેને હરાવવા એવો વિચાર ભીમદેવને ગમ્યો ખરો. વીસલદેવની સાથેના વૈર કરતા સુલ્તાન સાથેનું વૈર વધારે મોટું હતું અને મોટા વૈરીની સામે થતી વખતે નાના વૈરીની સાથે મળી જવું એ નીતિ ભીમદેવના ધ્યાનમાં તુરત આવી ગઈ તે તુરત જ નરમુંડધારિણીની પાસેથી પોતાના લશ્કરમાં ચાલ્યો ગયો અને એક કાસદને તૈયાર કરી તેને વીસલદેવ તરફ મોકલ્યો. તે કાસદને ભીમદેવે એક પત્ર લખી આપ્યો હતો અને તેમાં સુલ્તાનની સામે એકત્ર બળથી યુદ્ધ કરવાનો પોતાનો વિચાર ભીમદેવે જાહેર કર્યો હતો, અને જણાવ્યું હતું કે "તેમાં જો તમારા તરફની સંમતિ આવશે તો હું તુરત જ મારા લશ્કરની સાથે કૂચ કરીને તમારી સાથે મળી જઇશ, અને પછી આપણે સુલ્તાનની સામે થઇ તેને ખુહાર કરીશું."

પ્રકરણ ૩૧ મું.

"હવે કઈ બાજુએ નાસીશું?"

સુલ્તાન મહમૂદ પોતાના લશ્કર સાથે કૂચ કરતો ગુજરાતની રાજધાની **અણહીલપુરની** નજીક આવી પહોંચ્યો છે, પણ પાછળ પડેલા હિંદ લશ્કરથી ત્રાહિ ત્રાહિ પોકારી રહ્યો છે. મુસાફરીના છેવટના ભાગમા માત્ર એકલો **માંડળિક** જ પોતાના લશ્કરની સાથે **સુલ્તાનની** પૂઠ પકડી રહ્યો છે અને **ભીમદેવ અજમેરાધિપતિ વીસલદેવને** મળવા માટે **માંડળિકથી** જૂદો પડીને પ્રયાણ કરી ચૂક્યો છે **વીસલદેવ** તરફ મોકલેલો કાસદ તુરતમા જ **વીસલદેવ** તરફના સમાચાર લેઇને પાછો ફર્યો હતો અને **વીસલદેવે ભીમદેવની** માગણીનો સ્વીકાર કર્યો હતો, તે ઉપરથી **ભીમદેવ માંડળિકને સુલ્તાનની** પૂઠ બરાબર રીતે પકડી રહેવાનુ સૂચન કરી પોતે **વીસલદેવને** મળી **સુલ્તાનને** આગળ વધતો અટકાવવા માટે પોતાના લશ્કર સાથે ચાલી નીકળ્યો હતો **સુલ્તાન અણહીલપુરની** લગભગમા પહોંચ્યો. એટલેસુધીમા તો **માંડળિકે સુલ્તાનના** બીજા એકડો સૈનિકોને પરહેજ કર્યા હતા અને તેઓને હાથપગમા લોહશૃખલાઓ પહેરાવીને એક કિલ્લામા પૂરી રાખ્યા હતા તે ઉપરાત હથિયારો, કપડા તથા ખોરાકના ગાડા અને ઉટા ઉપર પણ પોતાના ભીલ સરદારોની મદદવડે **માંડળિકે** ઓચિંતી ધાડો પાડી હતી અને તેમાનો કેટલોક જથ્થો લૂટી લીધો હતો આ પ્રમાણે હિંદ સૈનિકોથી ત્રાહિ ત્રાહિ પોકારતો **સુલ્તાન** અત્યારે **ભોગવતી** નદીના મુખ આગળ પોતાની છાવણી નાખીને પડ્યો હતો **ભોગવતી** નદી પોતાનુ જળ એક વિશાળ સરોવરમા રેડે છે અને એ સરોવર જેવુ પાણીનુ સ્થાન નિકટ હોઇને **સુલ્તાન** રાત્રિવાસ કરવા માટે થોભ્યો હતો ત્યાથી માત્ર ત્રણ–ચાર દિવસની મુસાફરી જેટલે દૂર ગુજરાતની રાજધાનીનુ નગર આવી રહ્યું હતુ

એક પ્રહરરાત્રિ વ્યતીત થઇ ગઇ હતી માત્ર રાત્રિવાસ કરવાને **સુલ્તાન** અહીં થોભ્યો હોવાથી તથા ઉષ્ણ ઋતુના દિવસો ચાલતા હોવાથી માત્ર ત્રણચાર તબૂઓ જ સરોવરના કિનારાપર ઠોકવામા આવ્યા હતા અને સઘળા સૈનિકોએ ખુલ્લા મેદાનમા અથવાતો સરોવરના કિનારાપર સૂઇ રહેવું એવું જાહેર કરવામા આવ્યુ હતું. એક વિશાળ તબૂમાં **સુલ્તાન** પોતાના નાના મોટા સરદારોની સાથે વાતચીત કરતો બેઠો હતો અને અંધકારનો નાશ કરવાને સૌની મધ્યમાં એક સગડીની અદર તાપણું કર-

વામાં આવ્યુ હતું. તાપણાનો રાતો પ્રકાશ સૌનાં તેજસ્વી વદન ઉપર પડી રહ્યો હતો. સુલ્તાનના મુખમાં હુક્કાની નળી હતી અને આસ્તે આસ્તે તેના મુખમાંથી ધુમાડાના ગોટ બહાર નીકળતા જોવામાં આવતા હતા.

વઝીર અહમદ હુસેન લડાઇમા ઘવાયા પછી હવે જરા સ્વસ્થ બન્યો હતો. સારી સારવારને યોગે તેના ઘા રૂઝાઇ ગયા હતા અને હવે તો તેનામાં ધીમે ધીમે બળનો પણ સચાર થતો જતો હતો. હવે તે સારી રીતે હરીફરી શકતો થયો હતો, પરન્તુ યુદ્ધમા લશ્કરની આગેવાની લેવા જેટલુ સામાર્થ્ય હજી તેનામા આવ્યુ નહોતું. સુલ્તાને એક તકીયાને અઢેલીને બેઠેલા પોતાના વઝીરને કહ્યું "વઝીર ! આ દેશની હવા બહુ ખુશનુમા જણાય છે હો ! જુઓ તો, પવનની કેવી ઠડી લહેરીઓ ચાલી આવે છે ? અને અહીંનુ પાણી તો કોઇ એવુ ચમત્કારિક છે આપણા સિપાઇઓ છેલ્લા થોડા દિવસ થયાં રોજ કરતા બમણો ખોરાક ખાવા લાગ્યા છે !"

વઝીરે જણાવ્યુ "આપનુ કહેવુ ખરૂ છે. મને પણ છેલ્લા થોડા દિવસમા મારી તબીયતમા મોટો સુધારો થઈ ગએલો જણાય છે છેલ્લા થોડા મહિનામા મારા શરીરને જેટલુ સુખ મળ્યુ નથી, તેટલુ સુખ છેલ્લા અઠવાડિયામાં મને મળ્યુ છે. ખરેખર, આ દેશમા કોઇ બિમાર માણસ આવીને રહે, તો દવા ખાધા વિના માત્ર હવાથી જ તદુરસ્ત બની જાય !'

'અને કુદરતનો બહાર પણ કાંઈ ઓછો ખુશકારક જણાતો નથી. કેવા કેવા સુદર વનો અને ખેતરોને ઓળગતા ઓળગતા આપણે અહીં આવ્યા છીએ ? જો હિદુ લશ્કર આપણી પાછળ ન પડયુ હોત તો મારો વિચાર એ સઘળા આનદી મુકામોએ થોડા થોડા દિવસ રોકાવાનો હતો." સુલ્તાને પોતાનો વિચાર જણાવ્યો.

"આપણે બહુ ઉતાવળે કૂચ કરતા આવ્યા છીએ તેથી એ સુદર સ્થળોનો પૂરો લાભ આપણે લેઈ શકયા નથી, એ ખરૂ છે." સિપહસાલાર અબ્દુલ હુમને જણાવ્યુ.

કાઇક સાભરી આવ્યુ હોય તેમ એકદમ સુલ્તાન બોલી ઉઠયો "અને વઝીર ! આપણી સાથે જે પેલા ત્રણ હિદુ ભોમીઆઓ છે તેઓ એમ કહે છે કે આ દેશમા સોનાની ખાણો આવલી છે, શુ એ વાત ખરી હશે ?" સુલ્તાન એ પ્રશ્નનો ઉત્તર સાંભળવાને વધારે આતુર બન્યો

વઝીરે પોતાનો અભિપ્રાય જણાવતા કહ્યું "આવા કુદરતની મહેર ધરાવતા મુલકમાં સોનાની બલકે હીરાની ખાણો હોય તો તે પણ સભવિત છે; પણ તે ભોમીઆઓ એમ પણ કહેતા હશે ખરા કે અમુક અમુક ઠેકાણે એ ખાણો આવેલી છે."

"હા, તેઓ ઠેકાણાંનાં નામ આપે છે, પણ તે ખાણો આપણે પોતે અહીં રોકાઇને ખોદાવવી જોઇએ, કારણકે જે કાંઈ સોનુ છે તે ભૂમિની અદર દટાએલુ છે વારૂ, વઝીર ! આપણે આ ખુશનુમા હવાવાળા દેશ ઉપર રાજ્ય કરવા માટે અહીં થોડાં વર્ષો રહીએ તો તેથી આપણને એકી સાથે ઘણા લાભો થયા વિના રહે નહિ. એક તો તંદુરસ્તીનો લાભ થાય, બીજો આ સોનાની ખાણોમાંથી સોનુ મેળવવાનો લાભ થાય અને ત્રીજો લાભ એ થાય કે આપણે આ મુલકના સઘળા હિંદુ રાજાઓને આપણા હાથ નીચે દબાવી રાખી શકીએ કેમ તમારો શુ વિચાર છે ?"

"નામવર !" વઝીરે જણાવ્યુ: "આપણે આ દેશમા રાજ્ય કરીશું તો આપણી જન્મભૂમિ ગઝનીનુ રાજ્ય કોણ સભાળશે ?"

"તો, આપણે અહીં શાહજાદા મસાઉદને રાજ્ય કરવા માટે મૂકી જઇશુ." સુલ્તાને બીજો માર્ગ કાઢયો.

અબ્દુલ હુસને કહ્યુ· "પણ નામવર ! આ પરાયા મુલકમા જો આપણે રાજ્ય કરવા માટે મુકામ કરીશુ, તો પછી અહીં આપણને એક મોટુ લશ્કર રાખવું પડશે અને જો તેમ કરીશુ તો પછી અફઘાનીસ્તાન, તુર્કસ્તાન અને અરબસ્તાનમા આપણી સત્તા હેઠળના મુલકની સાચવણી માટે જે મોટુ લશ્કર જોઇશે તે ક્યાથી કાઢીશુ ?"

આ દલીલ સાભળીને સુલ્તાન કાઇક વિચારમા પડી ગયો અને પોતાનો તરગ એને નાસીપાસી ઉપજાવનારો જણાયો, છતા તેનાથી આગળ દલીલ કર્યા વિના તો રહેવાયુ નહિ. તે બોલ્યો· "ત્યારે ગુજરાતનો રાજા ભીમદેવ તો નાસી ગયો છે અને તેનુ પાટનગર અણહીલપુર હવે અહીંથી થોડા કોસ દૂર રહ્યુ છે તે જરા પણ મહેનત વિના આપણા હાથમા આવી જવાનો સભવ છે. ગુજરાતનુ પાટનગર આપણે જીતીએ અને તેના રાજ મહેલ ઉપર આપણું નિશાન ફરકે નહિ, તોપછી આપણે આ મુલકમા આવીને ફત્તેહ મેળવી ગયા તે પણ શા અર્થનુ ?"

"નામવર !" અબ્દુલ હુસને જણાવ્યુ: "અપણે અહીં કાફરોના ધર્મની પરીક્ષા કરવા આવ્યા હતા અને તે તો આપણે કરી ચૂક્યા છીએ કે કાફરોનો ધર્મ કેવળ જૂઠો છે અને તેઓના પત્થરનાં દેવ–દેવલાં નકામાં અને બીનતાકાત છે. આપણે અહીં રાજ્ય કરવા માટે થોભીશુ, તો પછી બબ્બે વર્ષથી પોતાનાં કુટુંબોથી છૂટા પડેલા આપણા સિપાહીઓ કદાચ અસતુષ્ટ થશે. માટે અહીં રાજ્ય કરવા માટે થોભવાનો વિચાર તો છોડી દેવો જ જોઇએ"

અબુલ હસનની દલીલો આગળ સુલ્તાન હારી ગયો. તેની અભિલાષાનો હવે અંત આવ્યો. વાતનો વિષય ફેરવતા સુલ્તાને પ્રશ્ન કર્યો: "સારે વઝીર ! આપણને ગઝની પહોચતા હવે કેટલો વખત જોઇશે ? "

" અહીંથી રાજપૂતાનામાં થઇને સીધા મુલ્તાન અને મુલ્તાનથી ગઝની જવાશે માર્ગમાં કાંઇ અડચણ ન નડે તો મહીનો–સવા મહીનો બસ છે. " વઝીર અહમદ હુસેને જણાવ્યુ

" પણ મારો વિચાર કાસ્મીરની સરહદ ઉપર થઇને ગઝની જવાનો છે

" કાસ્મીરમાં વળી આપને શુ કામ છે ? આ મુલકમાં લગભગ બે વર્ષ વીતી ગયા હોવાથી અને સિપાહીઓ લડી લડીને કંટાળી ગયા હોવાથી જો એ પ્રદેશમાં જવાનુ કે કાઇ નવું યુદ્ધ આદરવાનુ હાલ તુરત મુલ્તવી રાખવામાં આવે તો સારૂ " વઝીરે જણાવ્યુ

" કાસ્મીરમા કાઇ યુદ્ધ કરવાનુ નથી; પરન્તુ કલિંજરના કિલ્લામા માજી વઝીર ખ્વાજા અહમદને કેદ કરવામાં આવ્યો છે, તેને આઝાદ કરીને દેશમા લેઇ જવાનો મારો ઇરાદો છે સુલ્તાને જણાવ્યુ અને તે સાથે જ વઝીર તથા બીજા કેટલાક સરદારોના મ્હો ઉપર ફીકાશ છવાઇ ગઇ કોઇના મુખમાથી એક શબ્દ પણ નીકળી શક્યો નહિ. સુલ્તાનનો આ ઇરાદો જાણીને સૌ ચમકી ગયા હોય તેમ જણાયુ ખ્વાજા અહમદનુ નામ સાભળીને કેટલાક સરદારોની આખમાથી ઘૃણા વરસતી હોય એમ જોવામા આવ્યુ

સુલ્તાન પોતાના સરદારોમાના કેટલાક તથા મુખ્ય વઝીરના વદનપર છવાએલી ગમગીનીને તુરત જ કળી ગયો અને પોતાના ઇરાદા સબધે વધુ ખુલાસો કરતા બોલ્યો· " મારો ઇરાદો ખ્વાજા અહમદને હવે કાઇ પણ સત્તા સોંપવાનો નથી; પરન્તુ હુ ધારૂ છુ કે આટલા વર્ષ તેણે કેદ ભોગવી છે તેટલી સજા તેને માટે બસ છે અને તેથી તેના કુટુબ ઉપર દયા લાવીને હવે તેને છૂટો કરવો જોઇએ

સુલ્તાનનો આ ઇરાદો જાણીને કેટલાકના ચિત્ત શાત થયા, અને તેઓના મ્હોંપરનો ભાવ પણ તુરત બદલાઇ ગયો વઝીરમા પણ હવે બોલવાના હોશ આવ્યા અને તેણે જણાવ્યુ: "ભલે, આપ નામવરની એવી મરજી છે, તો આપણે કાસ્મીરપર થઇને પછી ગઝની જઇશુ "

એટલામા કેટલાક સિપાહીઓ એક વેશધારી મુસલમાનને પકડીને સુલ્તાનની પાસે લાવ્યા સિપાહીઓમાંના એકે કહ્યુ: "નામવર ! આ કાફર મુસલમાનનો વેશ પહેરીને આપણા લશ્કરમાં ઘુસી ગયો હતો, તેને પકડીને આપની પાસે આણ્યો છે

સુલ્તાને તે વેશધારી મુસલમાનની તરફ નજર કરી અને પૂછ્યું: "કેમ રે અલ્યા કાફર! હંસના જૂથમાં તું કાગડા ભળી જવા માગે છે?"

તે વેશધારી મુસલમાન બોલ્યો: "નામવર સુલ્તાન! હું કાગડો નથી પણ હંસનું બચ્ચું છું. હું થોડા વખત પહેલા એક હિંદુ હતો એ વાત હું કબૂલ કરૂં છું, પણ અત્યારે હું હિંદુ નથી, પણ વટલાઇને ઈસલામના ઝુંડાના આશ્રયે આવ્યો છું. થોડા વખત પહેલાં જેવો હું શ્રદ્ધાળુ હિંદુ હતો, તેવો જ અત્યારે શ્રદ્ધાળુ મુસલમાન બન્યો છું, અને તેથી જ હવે હું એક મુસલમાન તરીકે મુસલમાનના વશમાં જ ફરૂં છું."

"પણ તું કપટી મુસલમાન નથી તેની ખાત્રી શી?" સુલ્તાને પ્રશ્ન કર્યો.

"નામવર! એક હિંદુ વટલાઇને મુસલમાન બન્યા પછી તે ફરીથી હિંદુ બની શકતો નથી અને તેથી તેને મુસલમાન જ રહેવાની જરૂર પ-વાથી તેને ઇસલામ તરફ વફાદારી રાખવાની જ જરૂર પડે છે! હું કપટી મુસલમાન નથી તેની ખાત્રી બદલ હું આપનું પાણી પીવા કે આપનું પકા-વેલું ખાવા તૈયાર છું. જે ખરો હિંદુ હોય છે તે તો મુસલમાનનું પાણી પીતો નથી કે તેનું પકાવેલું ખાતો નથી."

"ત્યારે તું અમારૂં અન્ન ખાવા તૈયાર છે ખરો, એમ કે? વારૂ, તું મુસલમાન ધર્મ તરફ વફાદાર છે એની ખાત્રી શી?"

"નામવર! ઈશ્વર અમને જે ધર્મ આપે છે તે ધર્મને અમે કર્મની ગતિ માનીને સ્વીકારીએ છીએ. કર્મસંયોગે હું આપના એક સિપાહીને હાથે સોમનાથમાં વટલાયો. અને હવે કાંઇ હિંદુ બની શકું તેમ નથી, તેથી જે નવો ધર્મ મને મારા કર્મે આપ્યો છે, તેને સ્વીકારીને મારે તે તરફ વફાદાર રહેવું જ જોઇએ."

"એ તો ઠીક, પણ તું એક વાર અમારૂં પાણી પીએ અને તું મુસલ-માન બન્યો છે એવી મારી ખાત્રી થાય, તો પછી જ હું તને જીવતો રહેવા દઈ શકું." એમ કહી સુલ્તાને પોતાના માણસ પાસે પાણી મગાવ્યું.

તુરત જ એક અનુચરે પાણીનો પ્યાલો લાવીને સુલ્તાનના હાથમાં આપ્યો. સુલ્તાન તે પ્યાલાના પાણીમાં થૂંક્યો અને પછી તે પ્યાલો પેલા વેશધારી મુસલમાનની સામે ધરીને કહ્યું: "જો તું તારા ખરા દિલથી જ મુસલમાન હોય તો આ પાણી પી જા, અને નહિતો હું માનીશ કે તું એક કપટી હિંદુ છે."

તે વેશધારી મુસલમાન બીજો કોઈ નહિ પણ આપણો પૂર્વપરિચિત **શંકરપ્રસાદ** હતો પોતાનુ વ્રત પૂર્ણ કરવાને તે પોતાના યવનવેશમા **મહમ્મદની** સેનામા દાખલ થયો હતો ધર્મનિમિત્તે આત્મભોગ આપવો એ જ તેનુ વ્રત હતું અને તે વ્રતની પૂર્ણતાને માટે તે અત્યારે વટલાવા—પોતાની મેળે પોતાના આર્યત્વનો નાશ કરવા તૈયાર થયો હતો એક યવનના યૂકથી અપવિત્ર થએલા જળથી ભરેલો પ્યાલો પોતાની સામે ધરવામા આવ્યો અને તે પી જવાનો પોતાને માટે અતિહૃદયવિદારક પ્રસગ આવ્યો, તે જોઇને તેનુ હૃદય ભડભડ બળવા લાગ્યુ તેના ચિત્તમાં કાંઈ કાંઈ વિચારો જાગૃત થવા લાગ્યા: ' હા ! **શંકરપ્રસાદ** ! ધર્મનિમિત્તે આત્મભોગ આપવા પહેલા શુ તને તારો ધર્મ વેચવાની જરૂર જ પડશે ? તારા મરણસમયે તું એક હિંદુ નહિ પણ મુસલમાન જ બનેલો હોઇશ, અને તે અવસ્થામાં શુ તુ બળીશ નહિ પણ દટાઇશ ? શુ આ અપવિત્ર પાણી મારે પી જવું અને મારી મેળે મારે મારા ધર્મનો નાશ કરવો ? " અતર્મા ઉઠેલા એ પ્રશ્નોનો ઉત્તર પણ તેનુ અતર્ જ આપવા લાગ્યુ " કાંઈ ફીકર નહિ ! હુ મુસલમાન બન્યો છુ-અને ખરા અતર્થી મુસલમાન જ રહ્યો છુ, એવી આ યવનેશ્વરની ખાત્રી થયા વિના તે મારામા વિશ્વાસ ધારણ કરવાનો નથી અને **સોમ**નાથના શિવાલયનો ધ્વસ કરીને એ દુષ્ટાએ જે અનર્થ કર્યો છે તેનુ વૈર વાળવા માટે મારે તેનો વિશ્વાસ મેળવવાની પણ જરૂર છે ભલે આ દેહ વટલાય પણ મન અને આત્મા તો વટલાશે નહિ જ અને ધર્મસેવાને અર્થે દેહ વટલાવવો પડે તોપણ શુ ? " આમ વિચારી પ્રકટપણે તેણે પોતાનો હાથ પાણીનો પ્યાલો લેવાને માટે લબાવ્યો અને કહ્યુ· " ઓહ ! એવા મારા સુભાગ્ય ક્યાથી કે **સુલ્તાન** સાહેબના મુખામૃતથી પવિત્ર થએલુ પાણી મને પીવા મળે ? લાવો નામવર ! એ પાણી હુ પીશ અને ઇસ્લામ તરફની મારી વફાદારીની હુ આપને ખાત્રી કરી આપીશ " એમ બોલીને તેણે **સુલ્તાનના** હાથમાથી પ્યાલો લીધો. પ્યાલો લેતા તેના રોમ થરથર્યા અને તેને હોઠે અરકાડતા નેત્રોમાથી બે અશ્રુબિંદુઓ ટપક્યા તથા પ્યાલામાના પાણીમાં ભેળાયા એ અશ્રુબિંદુઓ રાત્રિનો સમય હોવાથી કોઇના જોવામા આવ્યા નહિ, પરન્તુ **શંકરપ્રસાદ** પાણી પી ગયો તે તો સૌએ જોયુ અને તબૂ " અલાહો અકબર " ની ગર્જનાથી ગાજી રહ્યો. છેવટ **શંકરપ્રસાદે** પણ એ ગર્જનામાં પોતાનો સ્વર પૂર્યો

શંકરપ્રસાદે કહ્યું: " નામવર ! હવે મને આપે કેદી નહિ લેખવો જોઇએ

અને આપના મુબારક હાથ હેઠળ મને આશ્રય આપવો જોઇએ, કારણકે હું મુસલમાન હોઇને કોઇ હિંદુ મારો સ્વીકાર કરતો નથી અને પોતાને આગળ મને ઊભો પણ રહેવા દેતો નથી "

"કોઇ ફીકર નહિ. ઇસલામ તને આશ્રય આપવા તૈયાર છે. પણ તું હિંદુ તરીકે શું ધંધો કરતો હતો ? સુલ્તાને પૂછ્યું

" નામવર ! આ ગુજરાત, સૌરાષ્ટ્ર, સિંધ રાજપુતાના એ બધા મુલકોનો હું ભોમીઓ છું. જ્યારે જ્યારે કોઇ નાનો મોટો રાજા બીજા મુલક ઉપર ચડાઇ કરે છે, ત્યારે ત્યારે તે મને ભોમીઆ તરીકે સાથે રાખે છે થોડા વખત પહેલા ભીમદેવે સિંધદેશ ઉપર સ્વારી કરી હતી, ત્યારે તેમની સાથે મુખ્ય ભોમીઆ તરીકે હું જ ગયો હતો

" ત્યારે તો તું અમને ભોમીઆ તરીકે મદદગાર થઇ પડશે ખરો. કાંઇ ફીકર નહિ. અમારી સાથે બીજા ભોમીઆઓ છે તેની સાથે તારે રહેવું અને તેમના જેટલો પગાર તને પણ આપવામાં આવશે " સુલ્તાને ફરમાવ્યું.

શંકરપ્રસાદ હર્ષ પ્રકટ કરતો અને સુલ્તાનનો આભાર માનતો ત્યાંથી ચાલ્યો ગયો. તે ગયો અને તુરત જ બે ત્રણ સરદારો ખબર લાવ્યા. " નામવર ! માંડળિકે આપણી એક ટુકડીપર હલ્લો કરી, તેને હરાવી કેદ પકડી છે અને તુરત જ તે દૂર નાસી ગયો છે ! "

"હે ! શું એક આખી ટુકડી તેના હાથમાં ગઇ ? અબુલ હસન ! આપણા સિપાહીઓ અને રખવાળો આજકાલ બહુ ગફલતમાં રહેવા લાગ્યા છે. રાત્રે દુશ્મનનો હલ્લો થાય અને આપણા સિપાહીઓ કેદ પકડાય, ત્યાંસુધી આપણે તેમાંનું કશું ન જાણીએ એ તો નવાઇની વાત " સુલ્તાને ખેદ દર્શાવ્યો

" નામવર ! માંડળિક પાસે ઘણું મોટું લશ્કર એકઠું થયું છે. વળી તે આપણી પાછળ પાછળ આવે છે એટલે તેને આપણી ઉપર હલ્લો કરવાનું વધારે સારી રીતે ફાવે છે અને આપણે તો મુકામ નાખીને તેની સાથે લડીએ તો લડાય, પણ તેમ કરીએ તો એ લડવા ઊભો રહેતો નથી અને નાસી જાય છે " અબુલ હસને જવાબ આપ્યો

તુરત જ એક જાસૂસે આવીને ખબર આપ્યા: " નામવર ! રાજા ભીમદેવ નાસી ગયો નહોતો પણ અજમેરાધિપતિ વીસલદેવની સાથે મળી જવા માટે કૂચ કરી ગયો હતો અને હાલમાં તે બન્નેનું લશ્કર એકઠું થઇને આપણી સામે લડવા માટે આ તરફ આવી રહ્યું છે. "

"યા ખુદા ! શું **વીસલદેવ** પણ સામે થવા માટે તૈયાર થયો છે ? વઝીર ! હવે આપણી કમબખ્તીનો વખત શરૂ થાય છે ! આપણું લશ્કર બહુ ઓછું થઈ ગયું છે. **કુંડહસ્ત**ની બાજુએ હવાપાણી અનુકૂળ નહિ પડવાથી માણસો અને ઘોડાઓનો ઘાણ નીકળી ગયો અને અહીં જરા હવાપાણી સારાં જણાયાં, પણ દુશ્મનના હલ્લાથી ઘણાં માણસો હિંદુઓને હાથે કેદ પકડાયાં. આટલા નાના લશ્કરવડે આપણે **વીસલદેવ**, **ભીમ**દેવ અને **માંડ**-લિક એ ત્રણેના એકઠા લશ્કરની સામે આ અજાણી ભૂમિમાં લડી શકીશું નહિ."

લડાઈઓ લડીને કટાળેલો સિપેહસાલાર **અબ્દુલ હુસન** તો ચૂપ જ રહ્યો, પણ વઝીર બોલ્યો: "જ્યારે આપણે અત્યારસુધી ફત્તેહમંદ જ થતા આવ્યા છીએ, ત્યારે નવી લડાઈથી ડરી જઈએ તે સારૂં નહિ. મારો વિચાર તો એવો છે કે આપણે ખુદા ઉપર ઇતબાર રાખીને લડવું અને જો ન જ લડવું હોય તો હિંદુઓ સાથે સુલેહનો પત્રવ્યવહાર શરૂ કરવો."

"શું હિંદુઓ સાથે સુલેહ કરવી ?" **અબ્દુલ હુસન** ગાજી ઉઠયો: "એમ કદાપિ બને નહિ; પણ અસ્યા જાસૂસ ! **વીસલદેવ** અને **ભીમ**દેવ કઈ બાજુએ આવે છે ?"

જાસૂસ બોલ્યો: "તેઓ **અણહીલપુર** તરફ ચાલ્યા આવે છે. તેઓનો ઇરાદો એ રાજધાનીના નગરનો બચાવ કરવો અને તે સાથે આપણી સાથે લડવું એવો જણાય છે. વળી એક બીજા જાસૂસે મને માર્ગમાં એવા પણ ખબર આપ્યા કે **અણહીલપુર**નો કિલ્લો ત્યાંના વઝીરે મોટા લશ્કરથી સુરક્ષિત રાખ્યો છે."

"યા ખુદા ! ત્યારે તો આપણે જવાના સઘળા રસ્તાઓ હવે બંધ થઈ ગયા છે ! **અણહીલપુર** જીતવું મુશ્કેલ થઈ પડયું અને ત્યાંથી આગળ વધીને **રાજપુતાના**ને માર્ગે **કાશ્મીર** તરફ જવાનું પણ શી રીતે બનશે ? વઝીર ! તમારી નજર હવે શું પહોંચે છે ?" **સુલ્તાન** ગભરાતે હૃદયે બોલ્યો.

"જ્યારે ચોમેરથી ઘેરાઈએ, ત્યારે કોઈ રસ્તો શોધી કાઢીને નાસવું એ જ સલામતીભર્યું લેખાય." વઝીરે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"પણ, હવે કઈ બાજુએ નાસીશું ? આપણો મુખ્ય રસ્તો **રાજપુતા**-નાને માર્ગે **કાશ્મીર** જવાનો છે અને પછી ત્યાંથી ગઝની તરફ જવાનો છે એ રસ્તો તો **વીસલદેવ** અને **ભીમ**દેવ કબજે કરી બેઠા છે. આપણે **સૌરાષ્ટ્ર** તરફ આવતા હતા તે વખતે **અજમેરાધિપતિ ધર્મગજદેવ**ને આપણે માર્યો હો-વાથી તે પ્રદેશના રાજપૂતો આ વખતે પરના ઝનૂન સાથે આપણને ખુવાર

કર્યા વિના રહેશે નહિ. નાસવાનો પણ કોઇ બીજો માર્ગ શોધવો જોઇએ. કેમ અબુલ હુસન ! તમે શું કહો છો ?"

"આ મુલકના રસ્તાઓથી હું બહુ માહિતગાર નથી. કહો, તો આપણા બધા ભોમીઆઓને બોલાવીએ." અબુલ હુસને ઉત્તર આપ્યો.

મધ્યરાત્રિનો સમય થઇ જવા આવ્યો હતો, તોપણ માથે ઝઝૂમી રહેલા ભયથી સુલ્તાન એટલો ડરી ગયો હતો અને નાસવાનો રસ્તો મુકરર કરવાને એવો અધીરો બની ગયો હતો કે તુરત જ તેણે ભોમીઆઓને બોલાવી મગાવ્યા. તેઓમાં નવો ભોમીઓ શંકરપ્રસાદ પણ હતો આ ભોમીઆઓ સઘળા ભીલ અને વાઘરી હતા, અને શંકરપ્રસાદ એકલો જ મુસલમાન બનેલો હિંદુ હતો સુલ્તાને તેઓને ગઝની તરફ જવાનો માર્ગ બતાવવા માટે પૂછ્યું.

એકે જણાવ્યું "મહારાજ ! મેવાડ, અજમેર અને મુલ્તાન થઇને પછી ગઝની જવાય, પણ તે વિના બીજો માર્ગ તો હું જાણતો નથી"

બીજો બોલ્યો "અલ્યા એમ કેમ બોલે છે ? અહીંથી દ્વારકા અને દ્વારકાથી વહાણમા બેસીને ગઝની તરફ જવાય જ તો !'

સુલ્તાને કહ્યું "એ માર્ગ પણ કામનો નહિ, કારણકે અમારી પાસે આખું લશ્કર લઇ જઈ શકાય એટલા વહાણો કે ખારવાઓ નથી '

બાકીના બે જણ બોલી ઉઠ્યા "ત્યારે બાપજી ! બીજો કોઇ માર્ગ તો અમે જાણતા નથી '

"બસ કે ? જુઓ ભોમીઆ થયા છે ! નામવર ! હુ બીજો માર્ગ બતાવી આપીશ ભીમદેવ જ્યારે સિંધદેશપર ચડયો હતો, ત્યારે તેને હુ જે માર્ગે લેઇ ગયો હતો, તે માર્ગ મે બરાબર જોયો છે અને એ માર્ગથી જો સુલ્તાન જવુ હોય તો સહેલાઇથી જઈ શકાય છે, એટલુ જ નહિ પણ વચમા રાજપૂતાનાનુ એકકે રાજ્ય આવે નહિ શંકરપ્રસાદે જણાવ્યુ

"તો તે રસ્તો બહુ જ મજાનો, પણ ભીમદેવ અને વીસલદેવ આપણો રસ્તો રોકી શકશે નહિને ?" સુલ્તાને દુશ્મનની સામે થવાની નાહિમતને લીધે વધુ ચોકસાઇ કરવા માંડી

"નહિ રે સાહેબ ! તેઓ તો આપણી પાછળ કેટલેએ દૂર રહી જવાના, પછી આપણી આડે આપણો માર્ગ રોકીને તો એઓ શકે જ ક્યાથી ?" શંકરપ્રસાદે ખાત્રીપૂર્વક જણાવ્યુ.

શંકરપ્રસાદનો માર્ગ સુલ્તાનને નિર્ભય જણાયો અને તેથી તે તેને રૂચી પણ ગયો. એ માર્ગે જવા સબધી બીજી કેટલીક વિગત પણ તેણે

શંકરપ્રસાદને પૂછી લીધી, અને મોડી રાત્રે તેને સૂવા માટે જવા દીધો. સુલ્તાને માન્યુ કે “ મને નાસવાનો ખરો માર્ગ બતાવવા માટે જ બરાબર વખતસર ખુદાએ આ નવા ભોમીઆને મારી પાસે મોકલી આપ્યો હોવો જોઇએ ” તુરત જ આખા લશ્કરમાં ખબર ફેલાવી દેવામાં આવ્યા કે ‘ અણહીલપુર તરફ પ્રયાણ કરવાનુ હવે બધ રાખવામા આવ્યુ છે અને આવતી કાલે સ્હવારથી સીધા ગઝની તરફ જ કૂચ કરવાનુ ઠરાવવામાં આવ્યુ છે ” સુલ્તાનને તે રાત્રિએ સોનાની ખાણોના અણહીલપુરની રાજ્યગાદીપર બેસવાના અને હિંદુ રાજાઓને પોતાના આશ્રય હેઠળ રાખ્યાના સ્વપ્નો આવ્યા, પરન્તુ ઉઘ પૂરી થતા તેને તે વ્યર્થ સ્વપ્નસુખનુ ભાન થયુ અને અત્યત ખેદ થયો

પ્રકરણ ૩૨ મું.

સિંધના રણમાં.

નરમુંડધારિણીની પ્રેરણાથી ભીમદેવે અજમેરાધિપતિ વીસલદેવ ઉપર પત્ર લખી આપી એક કાસદને રવાના કર્યો હતો, તે પત્રનો ઉત્તર ત્યારપછી થોડા જ દિવસમા આવી ગયો ભીમદેવની પેઠ વીસલદેવ પણ પોતાનુ વશપરપરાનુ વૈર વિસરી ગયો નહોતો, તથાપિ સુલ્તાનની સેનાની મોટી સખ્યા તથા તેના બાહુબળની વાતો તેણે જે સાભળી હતી તે ઉપરથી ડેરાઇને બે મોટા રાજાઓના લશ્કરો એકત્ર કરવાથી દુસ્મનને વધુ પ્રમાણમા જેર કરી શકાશે એમ ધારી તેણે ભીમદેવને પોતા તરફ લશ્કર સાથે કૂચ કરી આપવાને આમત્રણ કર્યુ હતુ આ આમત્રણ મળતાની સાથે જ માંડળિકને સુલ્તાનની પૂઠ પાછળથી તોબાહ પોકરાવવા માટે રહેવા દઈ ભીમદેવ પોતે તેની સામે થવા માટે વીસલદેવને મળવા ચાલ્યો વીસલદેવ પણ સુલ્તાનને માર્ગમાં જ અટકાવવા માટે અજમેરથી કૂચ કરી ચૂક્યો હતો તેથી ગુજરાતની સરહદ ઓળગીને થોડે દૂર જતા જ ભીમદેવને વીસલદેવના મેળાપનો લાભ મળ્યો. એક વખતના બન્ને વૈરીઓ આ વખતે મિત્રરૂપે મળ્યા અને સુલ્તાનને જેર કરવાને શુ ઉપાય લેવો તેનો તેઓએ વિચાર ચલાવ્યો. છેવટે એવુ ઠર્યુ કે બન્નેનાં એકત્ર લશ્કરે ગુજરાતની રાજધાનીના નગર સુધી આગળ ધસ્યા જવું અને સુલ્તાન પણ તે નગરનો કબ્જો લેવા માટે જ આગળ વધતો હોવાથી ઘણું

કરીને **અણહીલપુર**ના પાધરમાં જ યુદ્ધનો પ્રસંગ આવે એવો સભવ હતો. પરન્તુ આ ગોઠવણ ધાર્યા પ્રમાણે અમલમા આવી નહિ **સુલ્તાન**નું લશ્કર કે **ભીમ**દેવ અને **વીસ**લદેવનુ લશ્કર **અણહીલપુર** સુધી પહોચે, તે પહેલા તો **સુલ્તાને** ડરી જઇને સ્વદેશ તરફ જવાનો બીજો માર્ગ પકડયો અને તેણે તેમ કર્યાના સમાચાર પણ **ભીમ**દેવને તથા **વીસ**લદેવને મળ્યા. ડરીને નાસેલા **સુલ્તાન**ની શુધબુધને ઠેકાણે લાવવાને **ભીમ**દેવ અને **વીસ**લદેવે પણ હવે પોતાના પ્રયાણનો માર્ગ બદલાવ્યો તેઓએ **અણહીલપુર** તરફ આગળ વધ્યે જવાને બદલે **સુલ્તાન**ની પુઠ પકડી. માર્ગમા તેમની સાથે **માં**ડળિક પણ જોડાયો **માં**ડળિક પાસે અત્યારે મોટુ સૈન્ય હતુ પણ તેણે **ભીમ**દેવને કહીને પોતાના લશ્કરનો મોટો ભાગ પોતાના તાબામા લીધેલા મુસલમાન કીલ્લાઓ ઉપર દેખરેખ રાખવાને મોકલી દીધો એટલે હવે **માં**ડળિકનુ સૈન્ય ઘણુ નાનુ બની ગયુ. પરન્તુ **ભીમ**દેવ અને **વીસ**લદેવનુ એકત્ર સૈન્ય એવડુ મોટુ હતું કે **માં**ડળિકના નાના સૈન્યને માટે કશી ચિંતા રાખવા જેવુ રહ્યું નહોતુ

સુલ્તાનના સૈન્ય કરતા વધારે ઝડપથી તેની પુઠ પકડેલુ હિંદુ સૈન્ય પ્રયાણ કરતું હતુ. **સૌરાષ્ટ્ર**ની સીમાએ સીમાએ **સુલ્તાન** પોતાના ભોમીઆના માર્ગસૂચન પ્રમાણે કૂચ કર્યે જતો હતો. હિંદુ સૈન્ય જેમ જેમ વધારે નિકટ આવવા લાગ્યુ તેમ તેમ તેના અંતરની ભીતિમા વધારો થવા લાગ્યો. **સિંધ**ની સરહદની લગભગ નજીક પહોચતા હિંદુ સેના **સુલ્તાન**ના સૈન્યની નજીકમા આવી ગઈ **ભીમ**દેવ અને **વીસ**લદેવ પોતાના સૈન્યને મોખરે અશ્વપર બેસીને પ્રયાણ કરતા હતા **સુલ્તાન** પોતાની સેનાની મધ્યમા એક સુખપાલમા બેસીને ચાલતો હતો **ભીમ**દેવ અને **વીસ**લદેવે **સુલ્તાન**ના સુખપાલને દૂરથી જોયો એટલે એક હજાર ઘોડેસ્વારો સાથે તેઓ પોતાના અશ્વોને દોડાવતા **સુલ્તાન**ના સૈન્યમા પેસી ગયા અને **સુલ્તાન**ના સુખપાલની નજીકમા જઇ પહોચ્યા. સુખપાલની નિકટમા પહોચતા હર્ષમા આવી જઇને **ભીમ**દેવ ત્રાડ મારી ઉઠયોઃ "ઓ નામર્દ **સુલ્તાન** ! સ્ત્રીની પેઠે સુખપાલમા બેસીને કયા નાસી જાય છે ? ઉભો રહે અને એક વાર શિવભક્ત રાજપુતોના શૌર્યનો સ્વાદ ચાખતો જા **રાજપુતાના**, **ગુજરાત** અને **સૌરાષ્ટ્ર**ની પ્રજાને લુંટીને અને ત્રાસ આપીને હવે તું નાસી જાય છે, પણ જો તુ ખરો મર્દ હોય, તો ઉભો રહે અને અમારી સાથે યુદ્ધ કર."

ભીમદેવની આ વીરહાકનો યોગ્ય પ્રત્યુત્તર આપવા જેટલુ સામર્થ્ય હવે **સુલ્તાન**મા રહ્યું નહોતું. હિંદુ સેનાને નિકટમાં આવી પહોચેલી જોઇને

સુખપાલને ઘેરીને ચાલતા મુસલમાન સૈનિકો તથા રખેવાળો સાવધ બન્યા અને પોતાના **સુ**લ્તાનના જાનને હિંદુઓ કાંઇ ઇજા કરી શકે નહિ તેટલા માટે હિંદુઓને આગળ વધતા અટકાવવા તૈયાર થઇ ગયા આગળ ચાલ્યા જતા મુસલમાન સરદારો પણ **સુ**લ્તાનના સુખપાલને આફતમાં આવી પડેલો જોઇને પોતપોતાના હાથ હેઠળના સૈનિકો સાથે પાછા ફર્યા **ભી**મદેવ અને **વી**મલદેવ પોતાની સાથેના માત્ર એક હજાર ઘોડેસ્વારોવડે **સુ**લ્તાનની આખી સેનાની સામે થઇ શકે તેમ નહોતું, પણ એટલામા પાછળ રહેલુ હિંદુ લશ્કર આવી પહોંચ્યુ અને બન્ને લશ્કરોની વચ્ચે યુદ્ધનો આરભ થયો. શરૂઆત તીરોના યુદ્ધથી થઇ, પરન્તુ પાછળથી બન્ને પક્ષના સૈનિકો એકમેકમા ભેળાઇ ગયા અને તલવાર, ભાલા તથા બરછીઓનો ઉપયોગ ચાલુ થયો **સુ**લ્તાનના લશ્કરના જેવડુ જ હિંદુઓનુ એકત્ર લશ્કર પણ હતું **સુ**લ્તાનના સિપાહીઓ યુદ્ધથી થાકેલા હતા અને **ભી**મદેવ તથા **વી**સલદેવના સિપાહીઓ કેટલાક વખતથી વિરામ પામીને તાજા બનેલા હતા તેથી રાજપુતો મુસલમાનોની વચ્ચે ભૂખ્યા સિંહની પેઠ મરણીયા બનીને તુટી પડ્યા, તે સાથે જ મુસલમાનો પલાયન કરવા લાગ્યા. **સુ**લ્તાન તો પોતાનો જાન બચાવવાને યુદ્ધના સ્થળથી કેટલેએ દૂર પોતાના સુખપાલને ઉપડાવી ગયો હતો **સુ**લ્તાનને પોતાની વચ્ચે નહિ જોવાથી માત્ર સરદારો અને મુખ્ય સિપહસાલારની હિંમતપર યુદ્ધ ચલાવવા જેટલુ વૈર્ય મુસલમાન સૈનિકો ધારણ કરી શક્યા નહિ અને તેવી જ્યારે રાજપુતો યુદ્ધના ખરેખરા રંગપર આવ્યા, ત્યારે તેઓએ નાસભાગનો આશ્રય લીધો ! **ભી**મદેવ અને **વી**સલદેવે એ યુદ્ધમા સેંકડો મુસલમાનોને કાપી નાખ્યા અને સેંકડોને કેદી બનાવ્યા. તે ઉપરાત જૂદે જૂદે સ્થળે લુટ ચલાવીને માલદાર બની જતા સિપાહીઓના માલ અસબાબનો કેટલોક ભાગ પણ હિંદુ સૈનિકોના હાથમા આવી ગયો

હિંદુઓના હાથમાથી લડતા છટકી જઇને મુસલમાન સૈનિકોએ ઘણે દૂર સુધી પાછુ વાળીને પણ જોયુ નહિ. **સિંધની સરહદ** હજી ત્રણ દિવસની મુસાફરી જેટલે દૂર હતી, પરન્તુ ભય પામેલુ હરણનુ ટોળુ જેમ છલંગો મારતું નાસી જઇને જોતજોતામા કેટલુએ દૂર જઇ પહોંચે છે, તેવી રીતે **સુલ્તાન**નુ સૈન્ય માત્ર એક જ દિવસમાં **સિંધની સરહદ**પર આવેલા **થર** પારકરના રણને કાંઠે આવી પહોંચ્યુ અને ત્યા આગળ રાત્રિવાસ કરવાને માટે થોભ્યુ.

સુલ્તાન મહમૂદ સલામત રીતે બચી જવા પામ્યો અને આબાદ રીતે

છટકી ગયો તેથી **ભી**મદેવને બહુ લાગી આવ્યું તેનો વિચાર તો હજી પણ તેની પાછળ પડવાનો હતો, પરન્તુ **વી**સલદેવની સલાહ અનુકૂળ પડી નહિ તેણે કહ્યું "આપણે **સુ**લ્તાન **મ**હમદ અને તેના લશ્કરને આપણી જાતે સમ્પૂર્ણ રીતે જેર કરી શકયા નથી, તોપણ આપણે તેને એક એવી દિશાએ નસાડી મેલ્યો છે કે જે દિશાએ જવાથી તે એક ભયાનક રણમાં આવી પડશે અને કુદરત પોતે જ આપણો પક્ષ લેઈને તેના લશ્કરની ખુ-વારી કરશે આ પ્રમાણે આપણે **સુ**લ્તાનને તેના નાશની દિશાએ જ હાંકી કાઢ્યો છે એ પણ આપણા લશ્કરનો એક પ્રકારનો વિજય જ છે'

વીસલદેવના આ કથનથી **ભી**મદેવે પણ **સુ**લ્તાનની પાછળ પડવાનું હવે માંડી વાળ્યું અને ત્યાં આગળથી જ તે પોતાની સાથે લૂટનો માલ તથા કેદીઓનું જૂથ લેઈને પાછો ફર્યો લૂટનો માલ બન્ને લશ્કરોના સિ-પાહીઓ અને સરદારોની વચ્ચે વહેંચી આપ્યો અને કેદીઓને માલ અ-સબાબથી ભરેલા ગાડાઓના બળદોને આરામ આપવાને ગાડાઓની ધુંસ-રીઓ સાથે જોડવામાં આવ્યા

રણને કાંઠે રાત્રિવાસ કરીને **સુ**લ્તાને બીજે દિવસે પરોઢમાં આ-ગળ વધવા માટે લશ્કરને ફરમાન કર્યું **સિં**ધનો બ્રાહ્મણ **શં**કરપ્રસાદ પણ પોતાનું મુસલમાન નામ **દિ**લ્દાર ધારણ કરીને લશ્કરની સાથે જ રહ્યો હતો અત્યારસુધી પ્રયાણ કરવાનો અને પલાયન કરવાનો માર્ગ પણ **દિ**લ્દારની સૂચના પ્રમાણે જ ગ્રહણ કરવામાં આવ્યો હતો રણને કાંઠે રા-ત્રિવાસ કરીને આગળ વધવાનો માર્ગ પણ તેણે રણને ઓળગીને ચાલવાનો જ બતાવ્યો અને પોતે એક ખચ્ચરપર સ્વારી કરીને સૌને મોખરે ચા-લવા લાગ્યો તેણે **સુ**લ્તાનને જણાવ્યું "નામવર' આ રણ ઘણું નાનું છે વળી પાછળ હિંદુઓ કદાચ ચાલ્યા આવતા હશે એવો દરેક દરેક સિ-પાહીને ભય છે એટલે સૌ ઉતાવળે ચાલવા લાગશે અને તેથી આપણે મધ્યાહ્ન થતા પહેલાં તો **સિં**ધુ નદીને કિનારે પહોચી જઈશું આપણી પાસે થોડુંએક મીઠું પાણી હજી છે અને તે ખૂટશે તે પહેલાં તો આપણે રણ ઓળગી જઈશું, એટલે પછી આ રણના ખારા પાણીનો નકામો બોજો સાથે ઘસડી જવાની કશી જરૂર નથી "

સારી પેઠે વિશ્વાસ બેસાડી ચૂકેલા **દિ**લ્દારના આ શબ્દો પ્રમાણે **સુ**-લ્તાને પાણી ભરી લીધા પહેલાં રણ ઓળગી જવાનું લશ્કરને ફરમાન કર્યું અને તે પ્રમાણે સૌ આગળ વધ્યા જેમ જેમ સૈન્ય આગળ ચાલવા લાગ્યું

તેમ તેમ રેતીના નાના મોટા ટેકરાઓ આવવા લાગ્યા અને રેતીના થર વધુ ને વધુ ઉંડા જણાવા લાગ્યા. સૂર્યોદય થઇને જેમ જેમ દિવસ આગળ વધવા લાગ્યો તેમ તેમ પવનની ગતિ વધવા લાગી અને રેતીના રજકણ મોટા જથામા ઉડવા લાગ્યા ચારે દિશાએ નજર કરતા રેતીનો સાગર જોવામાં આવતો અને વટોળિયો ચડતો તે વખતે રેતી એવા તો જોરથી ઉડવા લાગતી કે સૈનિકોની અને ઘોડાઓની આખો પણ પરાઈ જતી. જ્યારે પવનનો વંટોળીઓ દૂરથી આવતો દૃષ્ટિએ પડતો, ત્યારે સૌ આખો બધ કરીને થોભી જતા અને વટોળીઓ પસાર થઈ જાય ત્યારે જ પાછા આગળ ચાલતા

આ પ્રમાણે આગળ વધતા એક પ્રહર દિવસ વ્યતીત થઈ ગયો એટલે લશ્કરની સાથે લીધેલુ મીઠુ પાણી ખૂટી ગયુ "હવે પાણી બહુ દૂર નથી" એમ દિલ્દાર જણાવવા લાગ્યો અને પાણીની આશામાં ને આશામા લશ્કર આગળ વધવા લાગ્યુ મધ્યાહ્ન થવા આવ્યો પણ પાણીનુ કોઈ સ્થળ આવ્યુ નહિ કે રણ પૂરૂ પણ થયુ નહિ. સુલ્તાનનો હુકમ નહિ હોવા છતા કેટલાક સૈનિકોએ પોતાની સામેના નાના મોટા વાસણોમા પ્રયાણ કરતી વખતે રણનુ ખારૂ પાણી ભરી લીધુ હતુ તે પીને હવે સૈનિકો રણ ઓળગવા લાગ્યા "હવે કાઇ બહુ અતર કાપવાનુ રહ્યુ નથી, રણ પૂરૂ થવા આવ્યુ છે' એવી આશા આપતો આપતો દિલ્દાર સૈન્યને આગળ ને આગળ દોરવા લાગ્યો બીજા ભોમીઆઓ આ માર્ગથી જાણીતા નહોતા, તેથી તેઓ કાઈ જ બોલી શકતા નહોતા અને સઘળો આધાર એકલા દિલ્દારના શબ્દોપર જ રહેતો હતો

દિવસનો ત્રીજો પ્રહર પૂરો થયો પણ રણ પૂરૂ થયુ નહિ! સુલ્તાનને પણ તૃષા લાગી અને પોતા સાથેનુ મીઠુ પાણી ખલાસ થઈ જવાથી તેણે પોતાના હજુરીયા મીશકાનીને કોઇની પાસેથી પાણી લાવી આપવા હુકમ કર્યો મીશકાનીએ બહુ તપાસ કરી પણ કોઇની પાસેથી મીઠુ પાણી મળી શક્યુ નહિ. છેવટે એક સૈનિકના ચબુમાથી ખારા પાણીનો એક પ્યાલો ભરી લાવીને તેણે તે પાણી સુલ્તાનને આપ્યુ, અને તે સાથે સુલ્તાનને જણાવ્યુ: "નામવર! હવે તો કોઈની પાસે ખારૂ પાણી પણ રહ્યુ નથી અને તરસને લીધે સિપાહીઓ બેશુદ્ધ બનતા જાય છે પાચ–સાત સિપાહીઓ તો માર્ગમા 'પાણી, પાણી' કરતા અસાવધ થઇને પડયા અને તે સાથે મરણ પણ પામ્યા."

આ ખબર સાંભળીને સુલ્તાન ચમક્યો. તેણે સુખપાલની બહાર ડોકુ કા-

ઠીને જોયુ તો આકાશમાંથી અગ્નિ પૃથ્વીપર વરસી રહ્યો હતો અને પૃથ્વી-પરની ધગધગતી રેણુ સખ્ત પવનથી ઉડીને આકાશ ભણી સૂર્યને ભેટવા જતી જોવામાં આવતી હતી. સૂર્ય તો એટલો પ્રચંડ જણાતો હતો કે તેની તરફ કોઈ દૃષ્ટિ પણ કરી શકતું નહિ. એવામાં એક સખ્ત વંટોળીઓ દૂરથી ભ્રમણ કરતો આવ્યો અને બસો માણસની પગે ચાલતી એક ટુકડીને પોતામાં ગોટવી તેમનાપર રેતીનો મારો ચલાવી તેમની આંખો રેતીથી પૂરી દઇ ચાલ્યો ગયો અને તે ટુકડીના સઘળા માણસોને બેશુદ્ધ બનાવી રેતીના સાગરમાં પછાડતો ગયો. પછડાએલાઓમાંના કેટલાક તો તુરત સાવધ થઇને ઉઠ્યા પણ બીજાઓ જેઓ તૃષાથી વ્યાકુળ અને અચેતન બની ગયા હતા તેઓ બેઠા થઈ શક્યા નહિ અને પાણી પાણી ઝંખતા તરફડિયા ખાઇને મરણ પામ્યા. આ ત્રાસજનક દૃશ્ય જોઇને **સુલ્તાનને** બહુ દુઃખ થઈ આવ્યુ. તેને તરસ લાગી હતી તેથી ખારા પાણીનો પ્યાલો પણ તે ગટગટાવી ગયો અને દિલ્દારને પોતાના પાસે બોલાવી મગાવ્યો. દિલ્દાર **સુલ્તાનના** સુખપાલ પાસે આવીને બોલ્યો "નામવર ! આ સેવકને શુ આજ્ઞા છે ?"

"અરે દિલ્દાર !" **સુલ્તાન** બોલી ઉઠ્યો "મધ્યાહ્‌ન તો ક્યારનોએ વીતી ગયો અને હવે સાંજ પડશે. હજી રણ પૂરૂ થયુ નહિ કે ક્યાયથી પાણી મળી શક્યુ નહિ."

"નામવર ! હુ ખરૂ જ કહુ છુ કે જ્યારે **ભીમ**દેવના લશ્કરને હુ આ માર્ગે લાવ્યો હતો, ત્યારે તેનુ લશ્કર આ રણને મધ્યાહ્‌ન પહેલા ઓળગી ગયુ હતું, પરન્તુ આપણુ લશ્કર બહુ મોટુ છે, ગઈ કાલનુ થાકી ગએલુ છે અને વળી દુર્ભાગ્યે સખ્ત પવન છે એટલે બહુ ધીમુ ચાલે છે અને તેથી જ હજી રણ પૂરૂ થયુ જણાતુ નથી. પણ સાહેબ ! હવે માત્ર થોડા વખત જ ધીરજ રાખવાની છે. સાંજ પહેલા તો આપણે **સિંધુના** કિનારાપર પહોચી ગયા સમજો." દિલ્દારે **સુલ્તાનના** આશાના તતુને વધારે લબાવ્યો.

દિલ્દારના ખુલાસાથી **સુલ્તાનને** સતોષ થયો. તેણે લશ્કરને જરા ઉતાવળે ચાલવાનુ ફરમાન કર્યુ, પરન્તુ તે ફરમાનનો અમલ થાય એવી લશ્કરની સ્થિતિ રહી નહોતી. કોઇની પાસે એક ટીપુ પાણી રહ્યું નહોતું અને તૃષા સૌને એકસરખી પીડા ઉપજાવી રહી હતી. સૈનિકો એક ડગલુ આગળ ચાલતા અને ટપોટપ 'પાણી પાણી' નો પોકાર કરતા બેશુદ્ધ થઇને રણની રેતીને ભેટી પડતા હતા. એ પ્રમાણે બેશુદ્ધ થઇ જતા સૈનિકોને ઉપાડીને વાહનમા બેસારવા જેટલુ સામર્થ્ય પણ બીજા સૈનિકોમાં રહ્યું નહોતું અને તેથી તેઓને રણમાં તેમના તેમ પડ્યા રહેવા દેવામાં આવતા અને

રણમાં તરફડીને જ પોતાનું જીવન પૂરૂં કરવાની તેમને જરૂર પડતી ! કેટલાક દયાળુ સરદારોને પોતાના સૈનિકોની આવી દુર્દશા થતી જોઇને દયા આવતી, પરન્તુ તે સરદારો પોતે પણ થોડુ આગળ ચાલતા તેવી જ દયાજનક સ્થિતિમા આવી પડતા અને કોઈ દયા લાવીને તેમના મુખમા ટીપુ પાણી પણ મેલતું નહિ ! એક પછી એક એ પ્રમાણે સેકડો સૈનિકોને તૃષાનો ભોગ થઇને મરણ પામતા જોઇને સુલ્તાનને બહુ દયા આવતી તેમ જ તેના અતરને દુ:ખ પણ અત્યત થતુ, પરન્તુ અત્યારે એ દયા કે દુ:ખ નિષ્ફળ હતા. "ચાલો, ભાઇઓ ! ચાલો ! હવે બહુ દૂર રહ્યુ નથી " એ પ્રમાણે સૈનિકોને હિમત આપતો દિલ્દાર પોતાના ખચ્ચરને સોને મોખરે ચલાવ્યે જતો હતો લગભગ સાજ પડવા આવી અને તેટલા વખતસુધીમા હજાર–દોઢ હજાર સૈનિકો રેતીમાં પડીને તરફડીયા મારતા મરણ પામ્યા, પણ હજી રણ પૂરુ થયુ નહિ. ક્ષણે ક્ષણે સુલ્તાનની અધીરાઈ વધવા લાગી અને તૃષાતુર સૈનિકોની 'પાણી પાણી ' ની ચીસો કાન ફાડીને હૃદયમા દુ:ખ ઉપજાવવા લાગી. સૂર્યના આતાપથી ઉત્પન્ન થતા પ્રસ્વેદબિંદુઓ ચસીને તૃષાને તૃપ્ત કરવા મથતા સૈનિકોનો એ પ્રયત્ન પણ નિષ્ફળ જતો હતો, કારણકે સૂર્ય એટલો નિર્દય બન્યો હતો કે પ્રસ્વેદને પણ સત્વર સૂકાવી નાખતો હતો. છેવટે જ્યારે સુલ્તાનને લાગ્યુ કે આખુ સૈન્ય પાણી વિના મરણ જ પામશે, ત્યારે તેણે હુકમ કર્યો કે ઉંટ અને ખચ્ચરોને કાપી કાપીને તેમના લોહીવડે સૈનિકોએ પોતાની તરસ છીપાવવી. આ હુકમ થતા જ બિચારા મૂગા પશુઓપર તલવારોની ઝડાઝડ ચાલી અને થોડી વારમા વીસ પચીસ ઉંટોને તથા ખચ્ચરોને કાપી નાખીને તેમના લોહીના પાત્ર ભરી સુલ્તાનના સૈનિકો પોતાની તૃષાને છીપાવવા લાગ્યા. રણ ઓળગવાથી થાકીને લોથપોથ થઈ ગએલા એ બિચારા પશુઓના માથા જ્યારે ધડથી જૂદા કરવામા આવ્યાં ત્યારે તેમના દયાજનક શોર બકોરથી રણની રેતીના ટકરાઓ પણ કમ્પવા લાગ્યા, પરન્તુ પાણીની તૃષા છીપાવવાને રૂધિર પીવા ઉપડેલા સૈનિકોનાં કઠોર બની ગએલાં હૃદયોપર એ કરૂણાજનક ચીસોની કાંઇ જ અસર થઇ નહિ. રૂધિરનુ પાન કરીને લોહીભર્યે મ્હોએ તેઓ આગળ વધવા લાગ્યા. જેમ જેમ સૈન્ય રણમાં આગળ વધવા લાગ્યુ તેમ તેમ જોઇતા જાનવરો કાપી નાખીને તેમના રૂધિરવડે તૃષા છીપાવવાનો કાર્યક્રમ ચાલુ જ રહ્યો અને એ સ્થિતિમાં છેવટે સાજ પડી.

અત્યારસુધીમા વેઠલા ત્રાસથી સુલ્તાન મહમદ બહુ જ ગભરાઇ ગયો હતો. સાજ પડી પરન્તુ રેતીમાથી એવી સખ્ત જ્વાળાઓ નીકળતી

હતી કે તૃષાતુર સૈનિકોને શાંતિ વળતી નહોતી. હવે શુ કરવું તેનો **સુ**-લ્તાનને મોટો વિચાર થઈ પડયો. તેણે તપાસ કરી તો જણાયુ કે રણમાં પેઠા પછી ત્રણ હજાર સૈનિકોનો અને પાચસો પશુઓનો ઘાણ નીકળી ગયો હતો જેમ જેમ ઉંટ અને ખચ્ચરોની સખ્યા ઘટવા લાગી તેમ તેમ એક નવી ચિન્તાનો જન્મ થવા લાગ્યો. જો સૈનિકો પોતાની તૃષાને છી-પાવવાને સઘળા ઉંટ અને ખચ્ચરોનો ખુરદો કરી નાખશે, તો પછી સઘળો માલ અસબાબ કેવી રીતે લઇ જઇ શકાશે એ તે નવી ચિંતાનો વિષય હતો. અત્યારસુધીમા તો કેટલોક અગત્યનો સામાન બીજા જાનવરોની પીઠ-પર લાદીને અને કેટલોક ઓછા મલ્યનો સામાન રણમા જ પડયો રહેવા દઇને તથા મરણ પામેલા સૈનિકોના જીવતા રહેલા જાનવરોને વધારાનાં જાનવરો માનીને તેમને કાપી નાખવામા આવ્યા હતા પણ હવે તેમ કરી શકાય તેવુ રહ્યુ નહોતુ અને તેથી **સુલ્તાને** વધુ જાનવરો કાપી નાખ-વાની મનાઇનો હુકમ આખા લશ્કરમા ફેલાવી દીધો. સાજ પડી છતા રણ પરૂ થયુ નહિ કે પાણીનુ સ્થળ આવ્યુ નહિ, એ જોઇને **સુલ્તાન** દિલ્દાર ઉપર વહેમે ભરાયો. તેને માટે કેટલેક અંશે **સુલ્તાનના** ચિત્તમા ક્રોધ પણ ઉભ-રાયો હતો આથી તેણે સત્વર દિલ્દારને પોતાની પાસે બોલાવી મગાવ્યો અને તેને પછયુ "અરે દિલ્દાર ! સાજ પડી છતા રણ પૂરૂ થયુ નહિ કે પાણીનુ ઠેકાણુ આવ્યુ નહિ મારા હજારો સિપાહીઓ મરણ પામ્યા અને બીજા કટલાક મરણના ડાચામા પડયા છે ! લશ્કરમા જ્યા જ્યાં હુ નજર કરૂ છુ, ત્યા ત્યા ત્રાસ ને ત્રાસ જ વર્તાઇ રહેલો નજર આવે છે ચોમેર નજર કરતા હજી રણનો છેડો દેખાતો નથી અને થોડા વખત પછી તો હવે અધકાર ફેલાઇ જશે, માટે ખરૂ બોલ, તુ અમને આ કયે રસ્તે ઘસડી લાવ્યો છે ?"

પ્રકરણ ૩૩ મું.

સ્વાત્માર્પણના વ્રતની પૂર્તિ.

બહારથી 'દિલ્દાર' બનેલો પરન્તુ અતરૂથી '**શંકરપ્રસાદ**' રહેલો **સુ**-લ્તાન **મહમૂદનો** ભોમીઓ મુસલમાનનુ પાણી પીને વટલાયો–તેણે પોતાના દેહને ભ્રષ્ટ કર્યો તેનુ સાર્થક્ય થએલુ હવે તેની નજરે આવ્યુ ! **સુલ્તાનના** શબ્દો સાભળીને તે જાણી ચૂક્યો કે **સોમનાથના શિવલિંગને** તોડનારના સૈન્યને ખુહાર કરવામા પોતે પોતાથી બનતું સઘળું કરી ચૂક્યો છે અને

સેનાનો નાશ કરવામાં મોટું હિંદુ સૈન્ય જે કાંઈ ન કરી શકે તે પોતે માત્ર પોતાનો દેહ વટલાવવાથી જ કર્યું છે; એમ જોઇને–પોતાની વૈરી વૃત્તિને શાન્ત થએલી જોઇને હવે તેને આનદ થયો. પોતાની જીંદગીનો પ્યાલો હવે ભરાઇ ચૂક્યો છે અને સુલ્તાનના ચિત્તમાં વ્હેમ પેઠો છે એમ તે કળી ગયો. હવે વધુ વખત પોતાનો ભેદ ચાલી શકશે નહિ અને પોતાને મુસલમાનોને હાથે મરવું પડશે એમ તેણે વિચાર્યું. મરવાને તો તે પહેલેથી તૈયાર જ થઈ રહ્યો હતો, પરન્તુ પોતાના ધર્મની ખુહારી મેળવનારને પોતે ખુહાર કરવો–કોઈ પણ યુક્તિએ તેને હૈરાન કરવો, એવી એક દૃઢ ધારણાથી તેણે આ માર્ગ પકડયો હતો ને માર્ગ સફળ થયો એટલે હવે તે મરવાને તૈયાર થયો. સુલ્તાનના પ્રશ્નનો ઉત્તર આપતા તે ખડખડ હસી પડયો અને પછી બોલ્યો· " ઓ મૂર્તિભજક યવન ! અમારા સોમનાથના શિવાલયને તે તોડયુ અને તેમાના અમારા દેવને તે ખડિત કર્યા, તે જ દેવે મને–મારા આત્માને તારૂ વેર વાળવા માટે મોકલ્યો છે અને તે વૈર મેં આ રીતે વાળ્યુ છે ! જો, તારા હજારો સૈનિકો અને જાનવરો આ રણમાં ભુજાઇ ગયાં છે. પાણીનુ એક ટીપુ પણ તારી પાસે રહ્યુ નથી અને આ રણ તો હજી એટલુ મોટુ છે કે તારૂ આખુ સૈન્ય તથા તું પોતે પણ નાશ પામશે ! અને સોમનાથનુ જવાહીર આ રણમા જ જેમનુ તેમ પડયુ રહેશે ! તું મને વટલાવીને સતુષ્ટ થયો છે, પણ હુ તો ક્યારનોએ મરણીયો જ થયો હ્તુ. દેહને ભ્રષ્ટ કર્યા વિના પણ મારે તો મારા ધર્મને અર્થે પ્રાણ આપવો જ હતો અને તે હવે હુ આપીશ જ, પણ તને તો તારા દુષ્કૃત્યનો બદલો મે પૂરેપૂરો આપ્યો છે જોઇ લે હિંદુઓના દેવની અને હિંદુઓની ધર્મસેવાની આ તાકાત ! "

" યા ખુદા ! આ દુષ્ટ કાફરે મને ખુહાર કર્યો ! હાય ! તું વટલાયો એટલે મે તારામા વિશ્વાસ રાખ્યો અને તને મે મારો ભોમીઓ બનાવ્યો. પણ એ વિશ્વાસે મને મોટી થાપ આપી ! અરે, હુ આટલોબધો કાબેલ હોવા છતા છેવટે શુ ભોળો જ બન્યો ? ઓ નીચ ! પણ આટલાબધા માણસોના વિનાવાંકે જાન લેવાથી તને શુ ફાયદો થયો ? એમ કરવાથી કાંઇ તારો દેવ પાછો આખો બની જઈ શકે તેમ તો નથી જ. " સુલ્તાને હાય પોકારતાં કહ્યું.

શંકરપ્રસાદ ફરીથી ખડખડ હસી પડયો અને બોલ્યો· " ઓ ગભરાએલા સુલ્તાન ! ધર્મને હાનિ કરનારાઓને દુશ્મન માનીને તેઓનુ વૈર વાળવું એ એક નીતિ છે અને જે માણસો મૂઆં છે તે સઘળાં તારા અ-

નથી પોષાએલાં હોઇને તેઓ પણ અમારા દુશ્મન છે દુશ્મનને ખુહાર કરવા અને મારવા તેમા કાંઇ જ પાપ નથી. હુ **સોમનાથના** શિવાલયમા જ મુખ્ય પૂજારી હતો અને જે **શિવલિંગ** હમેશા મારે હાથે પૂજાતું હતું તેનો નાશ થયા પછી મારા દેહનો નાશ પણ થવો જ જોઇતો હતો; પરન્તુ આ દેહના નાશ સાથે દુશ્મનનો નાશ પણ થઇ જાય એવું વ્રત મે ધારણ કર્યું હતું અને આજે તે વ્રતની પૂર્તિ થઈ છે !"

સુલ્તાન આ શબ્દો સાંભળીને દાંત કચકચાવી રહ્યો. તે ક્રોધાગ્નિથી બળવા લાગ્યો અને બોલ્યો: "અરે કોઈ જલ્લાદને બોલાવો અને મારા દેખતાં આ કાફરનુ માથુ ધડથી જૂદુ કરાવો !"

તુરત જ બે સિપાહીઓ દોડયા અને તેઓ લશ્કરની સાથે રહેલા જલ્લાદને તેના કોહાડા સાથે પકડી લાવ્યા **શંકરપ્રસાદ** આંખો મીંચીને **સુલ્તાનની** સામે જ "नमः शिवाय" નો શાંત ચિત્તે જાપ કરતો ઉભો હતો. **સુલ્તાને** જલ્લાદને હુકમ કર્યો "અરે જલ્લાદ ! તારો આબદાર કોહાડો ચલાવીને આ કાફરનુ ડોકુ ધડથી જૂદુ કર "

પણ બિચારો જલ્લાદ પાણીની તરસથી વિહ્વળ બની ગયો હતો અને તેથી તેનામા કોહાડો ચલાવવા જેટલુ જોર રહ્યુ નહોતુ તે વધુ વખત ઉભો પણ રહી શક્યો નહિ તેથી એકદમ નીચે બેસી ગયો અને બોલ્યો "નામવર ! પાણી પીધા વિના મારો જીવ જાય છે મારામા ઉભા રહેવાની પણ આય રહી નથી તો હુ કોહાડો કેવી રીતે ચલાવી શકીશ ?"

સુલ્તાન બોલ્યો "અરે, પણ તુ પાણી વિના શાને નિરાશ થાય છે ? જો એ કાફરના શરીરમા કેટલુ લોહી ભર્યું છે ? તેને કોહાડાથી કાપી નાંખ અને પછી તેનુ મીઠુ લોહી પીને તુ તારી તરસ છીપાવી શકીશ: માટે જલ્દી ઉભો થા અને બહુ મોડુ થયા પહેલા તારો કોહાડો ચલાવ "

લોહી પીને તરસ છીપાવવાની આશાએ જલ્લાદના શરીરમા નવું જોમ દાખલ કર્યુ તે સત્વર ઉભો થયો અને હાથમા કોહાડો ઉપાડતા જ તેનો ઘા **શંકરપ્રસાદના** ડોકાપર કર્યો તેમાંથી ધડધડ કરતુ લોહી વહી રહ્યું અને બીજો ઘા થતાની સાથે તો ડોકું ધડથી જૂદુ પડીને રેતીમાં ગબડાવા લાગ્યુ. **શંકરપ્રસાદનો** આત્મા દુનિયાને છોડીને ચાલ્યો ગયો ! એક વીરને છાજે તેવી રીતે તેણે આત્મભોગ આપ્યો ! ધર્મસેવા નિમિત્તે તેણે પ્રાણાહુતિ આપી ! તે યુદ્ધકુશળ નહોતો, તેને શસ્ત્રાસ્ત્ર ચલાવતાં આવડતા નહોતાં, બળપૂર્વક દુશ્મનનાં શિબિરોમાં પેસીને ધમસાણ મચાવવાની યુક્તિએ તેને આવડતી નહોતી, તોપણ પોતાની દક્ષતાથી, પોતાના અડગ વ્રતથી અને

ધર્મપ્રતિની પોતાની લાગણીથી તેણે દુશ્મનનો નાશ કરવામાં જે કાંઇ કરી બતાવ્યુ હતું તેટલુ બીજા કોઇએ કરી બતાવ્યુ નહોતું ! તેના મરણસમયે આકાશમા દેવના દુદુભિ વાગ્યા કે નહિ, અપ્સરાઓએ પુષ્પોનો વરસાદ કર્યો કે નહિ અને સ્વર્ગલોકમાં આનદનાં ગીતો ગવાયા કે નહિ, તે કાઇ અમે જાણતા નથી, એટલુ જ નહિ પણ ખુદ ભીમદેવ પણ શંકરપ્રસાદે જ આ કાર્ય કર્યુ એમ જાણતો નહોતો; છતા તેની વીરતા તો સર્વદા અને સર્વથા પ્રશસનીય જ લેખાઇ હતી !

શંકરપ્રસાદના સ્વાત્માર્પણવ્રતની પૂર્તિ થઈ તેના મૃતદેહમાંથી લોહીનો અતુલ સ્રાવ થવા લાગ્યો. જલ્લાદ તે લોહીનુ પાન કરીને પોતાની તૃષાને તૃપ્ત કરવા ઇચ્છતો હતો, પરન્તુ તે લોહી તે પી શકે તે પહેલાં તો તૃષાની અતિ પ્રબળતાને લીધે તે "પાણી પાણી" ઝખતો બેશુદ્ધ થઇને પડી ગયો ! પાસે ઊભેલા એક સિપાહીએ તેના મ્હોમા લોહીના થોડાં ટીપાં મૂક્યા, પણ તેથી તે સાવધ થયો નહિ અને તરફડીયાં મારતો મરણ પામ્યો ! તેની એ દશા જોઇને સુલ્તાનની આંખોમા આસુ ભરાઈ આવ્યાં. તે પોતાના દુર્ભાગ્યની પ્રબળતાને રડવા લાગ્યો હિંદુઓના દેવે જ પોતાના શિરે આ સકટ નાખ્યુ હશે એવી કલ્પના તેના ચિત્તમા જાગૃત થવા લાગી

રાત્રિ પડી ગઈ. કાઇક શીતળતાનો સચાર થયો આકાશમાં તારાઓની વચ્ચે વિરાજેલો ચદ્ર ઉદય પામ્યો ચદ્રમાથી વર્ષતી શીતળતાએ તૃષાતુર સૈનિકોને કિંચિદંશે શાન્ત કર્યા રાત્રિના શીતળ સમયમાં પ્રવાસ કરીને કોઇ પાણીવાળી જગ્યાએ પહોચી જવાનુ સુલ્તાને ઉચિત માન્યુ જેઓ પાણી વિના મરવાની અણીપર હતા, તેઓને માટે વળી થોડા જાનવરોને કાપવાની સુલ્તાને પરવાનગી આપી અને એ રીતે સૈન્ય ચદ્રના પ્રકાશમાં આગળ વધવા લાગ્યુ માર્ગમાં બીજા કેટલાએ સૈનિકો મરણ પામ્યા અને બીજા કેટલાએ જાનવરોનો ભોગ આપવો પડ્યો. મધરાત સુધી એ પ્રમાણે પ્રવાસ ચાલુ રાખ્યો એટલે આખુ લશ્કર એક વહેળા પાસે જઇ પહોચ્યુ.* તે વહેળામાનુ પાણી ખારૂ અને કડવુ હતું, પરન્તુ સુલ્તાનના સૈન્યને અને ખુદ સુલ્તાનને પોતાને તે અમૃતસમાન મીઠુ લાગ્યુ !

એકદર ત્રણ દિવસ પછી સુલ્તાન રણ ઉતરી શક્યો. તેટલા દિવસ

---

*ફીરીશ્તા કહે છે કે રણમા રાત્રિને સમયે સુલ્તાને આકાશમાથી એક તારો ખરતો જોયો અને સુલ્તાને તે તરફ પ્રયાણ કર્યું, તો કટલેક દૂર જતા તેને પાણી મળી આવ્યુ

તેને રણના ખારા અને કડવા પાણી ઉપર ચલાવવું પડ્યુ. પરન્તુ જેટલા સૈન્ય સાથે તે રણમા પેઠો હતો તેમાંના ત્રીજા ભાગ જેટલા સિપાહીઓની કબ્રો તો એ રણની રેતીમાં જ થવા પામી હતી.

પ્રકરણ ૩૪ મું.

સ્વપ્નવશ ભીમદેવ.

યુદ્ધરમણ પૂર્ણાહુતિને પામ્યુ. સોએ બાજીપરનાં પોતપોતાનાં સોગઠાં ઉઠાવી લીધાં. **વી**સલદેવ પોતાના લશ્કર સાથે થોડાએક મુસલમાન કેદીઓને લેઇને **અ**જમેર તરફ પાછો ફર્યાં. રા'**માં**ડળિક પોતાના લશ્કરને, કેદીઓને અને **સુ**લ્તાનની સેનાના કેટલાક ભાગને લૂટવાથી મળેલા માલ અસબાબના ભાગને લેઇને **જૂ**નાગઢ તરફ વળ્યો, અને **ભી**મદેવ કેદીઓના તથા લુટના માલ અસબાબના ભાગ સાથે **અ**ણહીલપુર તરફ પાછો ફર્યો છેવટ જતાં **સુ**લ્તાનને નસાડયો અને તેના લશ્કરને લૂટયુ, તેમ જ કેટલાક ભાગને કેદી બનાવ્યુ એટલીએ જીતથી રાજપૂતોનુ ખમીર કાઇક અશે પ્રકટ થયુ, પરન્તુ રાજપૂતોના ધર્મને **સુ**લ્તાને જે હાનિ કરી હતી તે એટલી અનિવાર્ય હતી કે તેની નામોશી ગુજરાત અને **સૌ**રાષ્ટ્રના ક્ષાત્ર તેજ ઉપર હમેશને માટે રહી ગઇ !

સુલ્તાનને હેરાન કરીને નસાડી મેલવાથી **ભી**મદેવનુ વૈરાવૃત્ત હૃદય કેટલેક અશે શાત થયુ, પરન્તુ **સો**મેશ્વરના **શિ**વલિગને તથા શિવાલયને જે હાનિ થઇ હતી તેનો વિચાર કરતા તેનુ હૃદય બળી જતું હતું. **સુ**-લ્તાનની સેનાને નસાડી મેલીને પાછા ફરતા તેના મનમા એમ જ થઇ આવ્યુ કે "જ્યાસુધી **સો**મેશ્વરના શિવાલયને હુ તેની પૂર્વ સ્થિતિમા લાવી શકું નહિ, ત્યાસુધી મારે મારી રાજધાનીમા જવુ ઉચિત નથી. હુ બાણાવળી **ભી**મદેવ મારા ધર્મની કીર્તિને લુટાવીને અને શિવાલયને અધમ અવસ્થામાં રહેવા દઇને મારી પ્રજાની વચ્ચે શુ પાછો જઇને રહુ ?" આ વિચાર સાથે તેણે પોતાના મુખ્ય સેનાપતિને પોતાનો વિચાર **સો**મનાથ **પા**ટણ તરફ જવાનો અને ત્યાના શિવાલયને સમરાવીને **સો**મેશ્વરની પુનઃ પ્રતિષ્ઠા કરવાનો છે એમ જણાવ્યુ.

સેનાપતિએ જણાવ્યુ: "મહારાજ ! રાજધાનીમાંથી નીકળ્યાને બહુ વખત થઈ ગયો છે. પ્રજાની શું સ્થિતિ થઈ હશે, **સુ**લ્તાન એક વાર રા-

જધાનીમાં પેઠો હતો તેણે શો અનર્થ કરી મેલ્યો હશે, રાજકુટુંબની શી અવસ્થા હશે તે સઘળુ આપે નજરોનજર જોવાની અગત્ય છે. વળી આપે સદ્દેશો મોકલ્યો હતો તેને અનુસરીને રાજકુટુબ વિંધ્યાચળની ગુફાઓમાં ગયુ હશે, ત્યા તે કેવી સ્થિતિમાં છે તેની કશી માહિતી આપણને મળી નથી. બીજી બાજુએ બાળ રાજકુમાર હરિદેવજી ઋષિની પર્ણકુટીમાં છે, તેમને રાજધાનીમાં તેડાવીને યોગ્ય રક્ષણ હેઠળ મૂકવા જોઇએ. એક વાર આ સઘળુ થઈ જાય, ત્યારપછી આપ સોમનાથનો પુનરૂદ્ધાર કરવા જાઓ તો વધારે સારૂં."

સેનાપતિની આ ડાહી સલાહ ભીમદેવને તુરત જ રૂચી ગઈ. પોતે રાજધાની તરફ જ પ્રયાણ કરીને પ્રજાની સ્થિતિ જોયા પછી સોમનાથ તરફ જવાનો વિચાર કર્યો. રાજધાની તરફ જવાનો નિશ્ચય થઈ જવાથી હરિદેવજીની છેવટની સૂચના ભીમદેવને સાભરી આવી તેણે સત્વર પાચ ઘોડેસ્વારોને તૈયાર કર્યા અને તેમને રણમા આવેલી ઋષિજીની પર્ણકુટીના સ્થળની સમજૂતી આપીને તે તરફ રવાના કર્યા તે સાથે ભીમદેવે પોતાના હસ્તાક્ષરે ઋષિજી ઉપર એક પત્રિકા લખી આપી અને તેમાં બાળ રાજકુમારને લેઇને ઘોડેસ્વારોની સાથે ચાલ્યા આવવાની ઋષિજીને વિનતિ કરી રણમા કાળગમન કરતા એ ત્યાગી મહાત્માને પોતાનો બાળકુમાર બોજારૂપ ન થઈ પડે તેટલા માટે તેણે એ બાળકને પોતાની સાથે સાથે રાજધાનીમા તેડી જવાનો જ વિચાર રાખ્યો ઘોડેસ્વારોને એ તરફ રવાના કરીને ભીમદેવ પોતાના લશ્કર સાથે ધીમે ધીમે રાજધાની તરફ પ્રયાણ કરતો રહ્યો.

. . . . .

ભોગવતીના મુખ આગળ વિશાળ સરોવરના કાઠાપર જ્યા એક વાર સુલ્તાન મહમૂદ પોતાના લશ્કર સાથે પડાવ નાખીને રહ્યો હતો અને જ્યાથી તે અણહીલપુર તરફ આગળ વધવાને બદલે સિંધ તરફ નાઠો હતો ત્યાં આજે ભીમદેવના ડેરા–તબૂ નખાયા છે. યુદ્ધની સભાવનામાથી મુક્ત થએલા સૈનિકો શાન્તિનો સુખોપભોગ કરે છે તલવારો, કામઠા અને તીરનાં ભાથા ક્યા આગળ પડ્યા છે તે કોઇના ધ્યાનમાં પણ નથી. સૌ નિશ્ચિત અને આનદમાં કાળ વ્યતીત કરી રહ્યા છે. કોઇ સરોવરને કિનારે હરતાં ફરતા ગીત લલકારી રહ્યા છે, કોઇ પાચ પચીસ જણાનુ ટોળુ બાધીને ગપાટા મારી વિનોદ કરી રહ્યા છે, તો કોઇ કોઇ એકાંત સ્થળ શોધીને પોતાની પ્રિયતમાના વિરહપ્રસગને સંભારી સ્નેહાશ્રુબિંદુઓનો સ્રાવ કરી

રહ્યા છે. યુદ્ધ પૂરૂં થવાથી તત્સંબંધી કાંઈ પણ ચિન્તા હવે **ભીમ**દેવના ચિત્તમાં પણ રહી નથી, પરન્તુ **બ**કુલાનુ મરણ અને **શિવ**લિંગનુ હરણ એ બે પ્રસગો તેને જ્યારે ને ત્યારે સ્મરણમાં ઉભરાઇ આવવાથી તે સંતાપ કરે છે અને શોકનાં અશ્રુ ટપકાવે છે.

ભોગવતીના મુખ આગળનો પ્રદેશ શીતળ તેમ જ સૌંદર્યસંપન્ન જોઇને **ભીમ**દેવે તે સ્થળે બે ત્રણ દિવસ રોકાવાનો નિશ્ચય કર્યો છે અને અત્યારે બીજા દિવસની રાત્રિનો સમય છે. મધરાતસુધી સૈનિકો આમતેમ ચાદનીમા ફરીને પોતપોતાને સ્થળે જઈ બિછાનામા પડયા છે. **ભીમ**દેવ પોતાના તબૂમા નિદ્રા અનુભોગી રહ્યો છે, પરન્તુ એ નિદ્રા પૂર્ણ વિશ્રાન્તિયુક્ત જણાતી નથી, કારણકે દેહ નિદ્રિત હોવા છતા સર્વદા જાગૃત રહેતું તેનુ મન અત્યારે કોઇ સ્વપ્ન જોતુ હોવાથી હર્ષ, શોક અને આશ્ચર્યની ત્રિવિધ લાગણીઓનો ભોગ થઇ પડેલુ જણાય છે. સ્વર્ગવાસી **બ**કુલાદેવીના પ્રેતદેહને અત્યારે તે પોતાના સ્વપ્નમા જોઇ રહ્યો છે અને તે પ્રેતદેહના વદનમાથી તે નીચેના શબ્દો શ્રવણ કરી રહ્યો છે "સ્વામી ! ઇશ્વરે મારા માટે વહેલુ મરણ મોકલ્યુ તે જ ઠીક કર્યું છે, કારણકે મારાપર તમારો સપૂર્ણ પ્રેમ હોવા છતા મને એક વિચિત્ર કારણને લીધે જીવવાનુ ગમતું નહોતુ ! મને જીવવુ ગમતું નહોતુ, તેથી મેં આત્મઘાત કર્યો છે એમ સમજશો નહિ, હુ મારે મોતે જ મરણ પામી છુ, પરન્તુ મરણ પામીને આનદિત થઈ છુ જે આનદ મને મરણ પામવાથી થયો છે, તે આનદ મને તમારા સહવાસમા રહીને જીવવાથી પણ થાત, પરન્તુ ક્ષમા કરજો, મારા ચિત્તનો તે આનદ તમે જ હરી લીધો હતો !

"નાથ ! આશ્ચર્ય પામશો નહિ પટરાણી ઉદયમતિના અવિચારી રોષને પરિણામે તમે તેમના ઉપર ગુસ્સા કરીને તેમનો ત્યાગ કર્યો એ પ્રસગને તમે સભારો ! તમારૂ ચિત્ત મારામા પરોવાયુ તથા તેને પરિણામે એ ગુસ્સો બહુ વખત લબાયો અને જેનો તમે ત્યાગ કર્યો તેનો તમે પુન: સ્વીકાર ન જ કર્યો. હા, જો જગતની બીજી સ્ત્રીઓના જેવું મારૂં હૃદય પણ ઈર્ષ્યાયુક્ત હોત, તો તમારા આ વર્તનથી મને આનદ જ થાત; પણ મારૂ હૃદય તેવુ નહોતું. ગુર્જ્જરેશ્વરની પટરાણી તરીકેનો જેનો સૌથી ઉચ્ચ અધિકાર હતો તેનો આ રીતે અધપાત થએલો જોઇને—અને તેમાં હુ પોતે જ સર્વાશે કારણીભૂત હોઇને—મને બહુ સતાપ થતો હતો. પટરાણીનો સ્વીકાર કરીને તેમને તમારા નિત્યના સહવાસમાં રાખવા માટે મેં તમને ઘણી વાર વિનવ્યુ હતું, પરન્તુ તમારા અપરિમિત રોષે મારી તે

વિનવણીનો સ્વીકાર કર્યો નહોતો. મારો મન સંતાપ તેથી વૃદ્ધિંગત થયો હતો, નાથ ! જે અભિલાષવતી સુંદરી પટરાણીના ઉચ્ચપદ ઉપર સ્થાપિત થઈ હતી, તેની સર્વ અભિલાષાનો આ પ્રમાણે ઉચ્છેદ થઇ જાય તે મારાથી કેમ જોયુ જાય ? મને દુઃખના અનુભવો થયા છે અને એ પ્રકારની નિરાશાથી મનને કેટલું દુઃખ થાય એ હુ સમજુ છું પટરાણીનો આપે ત્યાગ કર્યો તેથી જ મારા મનનો ઉદ્વેગ વધતો હતો અને જેવું દુઃખ તેથી રાણીજીને થતું હશે તેવું જ દુઃખ મારા મનને પણ થતું હતું પરન્તુ સ્ત્રીહઠ કરતાં રાજહઠ પ્રબળ હશે તે કારણથી કે બીજા કોઈ કારણથી છેવટસુધી તમે મારી વિનતિ નમાની, ગુસ્સો દૂર ન કર્યો અને રાણીજીનો સ્વીકાર ન કર્યો.

“ પણ ઇશ્વરની ધારણા રાણીજીને સર્વથા અને સર્વદા નિરાશ કરવાની નહોતી અને તેથી તેણે મને હરી લીધી, તમારા પૂર્વના ક્રોધનુ શમન કર્યું તથા તમારી પાસે પુન પટરાણીનો સ્વીકાર કરાવ્યો ' જેમ થએલુ જોવાને હું જીવતી હતી ત્યારે ભાગ્યશાળી થઈ નહોતી, તેમ મારા મરણ પછી થએલુ જોઇને મને શામાટે આનન્દ ન થાય ? પટરાણીપરનો રોપ ત્યજીને તેમને ક્ષમા આપી તમે સ્વીકાર્યા તેથી મને જે આનદ અત્યારે આ પારલૌકિક ભૂમિમા થાય છે તે આનદ મૃત્યુલોકમાં મને નહોતો, હા તેવો આનન્દ હુ મેળવી શકત પણ રાજહઠે તેમ થવા દીધુ નહિ '

“ હવે વાવાઝોડુ શમી ગયુ છે અને તુફાન પૂરૂ થયુ છે રાણી ઉદયમતિ પટરાણી હતા અને અત્યારે પણ તે તે જ પદ ઉપર બિરાજ્યા છે. ભવિષ્યમા તેમને પુત્ર થાય તો તેનો અધિકાર મારા પુત્રના અધિકાર કરતાં ઉચ્ચતર ઠરાવજો, અને મારા બાળકુમારને તો યોગી જ થવા દેજો. હું કે મારો પુત્ર રાણી ઉદયમતિની અભિલાષાઓની પરિપૂર્તિમા અતરાયભૂત ન થઇએ એ જ મારી ઇચ્છા છે અને તે મારા જીવતા તો પૂરી થઈ નહિ, પણ હવે તો પૂરી કરજો. ”

સ્વર્ગલોકમાં પોતાના તેજસ્વી વસ્ત્રોમા સજ્જ થઈ ઊભેલી સુંદરીના મુખમાથી ઉચરાતા એ શબ્દો પૂર્ણ થઇ ગયા તે સાથે જ સ્વપ્નવિવશ ભીમદેવ ધ્રુસ્કે રોઇ પડયો—નિદ્રિતાવસ્થામાં પણ તેના નેત્રોમાથી અપ્રતિહત જલધારાનુ વર્ષણ થઇ રહ્યુ મનશ્ચક્ષુઓની સમીપે ઊભેલુ તેજસ્વી સ્વર્ગલોક, તેની વચ્ચે અનુપમ સૌંદર્યની વચ્ચે ઊભેલી સૌદર્યસપન્ન બકુલાદેવી અને આસપાસ ભ્રમતી તથા પરિક્રમણ કરી રહેલી અપ્સરાઓનું સુખદ દર્શન તેના ચિત્તમાં ઉત્સુકતા ભરવા લાગ્યુ તે બોલ્યોઃ “ બકુલા ' પ્રિયતમા બકુલા ! તું એ સુદર અને સુખપ્રદ ભૂમિમાં જઇને રહી અને

મને તું કેમ આ દુઃખી તથા અસુંદર મૃત્યુલોકમાં મૂકતી ગઇ? મને તારા સુખદ સહવાસમાં એ સુંદર ભૂમિમાં રહેવાનું બહુ ગમે છે; હું ત્યાં આવું? તું મારો સત્કાર કરીશ?" બકુલાદેવીનું મ્હોં એ શબ્દો શ્રવણ કરીને મલકાયું તે પોતાનો સત્કાર કરવાને તત્પર છે એવું ભીમદેવે જોયું—અનુમાન કર્યું. "રહે, હું ત્યાં તારી પાસે આવું છું—ઉડીને આવું છું" ભીમદેવને દિવ્ય પાંખો આવી. તે ઉડયો મૃત્યુલોકનો તે સત્વર ત્યાગ કરીને પાંખો ફફડાવતો ઉંચે ચાલ્યો. મૃત્યુલોકની અસુંદર ભૂમિ ઉંચેથી દુઃખોથી ભરેલી ખાડીના જેવી ભીમદેવને ભાસવા લાગી મનુષ્યો જીવન-નિર્વાહને માટે ફાંફાં મારતાં અને કિડિયારામાની કિડિયોની પેઠે ઉભરાઈ જતાં જોવામાં આવ્યાં ઉંચે દૃષ્ટિ કરતાં સુંદર સ્વર્ગલોક, નીચે દુઃખથી ભરેલું મૃત્યુલોક અને તેની મધ્યમાં દિવ્ય પાંખોની સાહાય્યથી ઉડતો ભીમ-દેવનો આત્મા આશાના આનંદમાં ડૂબવા લાગ્યો. મોટા મોટા પર્વતોને ઉલ્લંઘીને, વાતાવરણનો સાગર તરી જઇને, સૂર્યલોક તથા ચંદ્રલોકને પાર કરીને તે સ્વર્ગલોકની તદ્દન નિકટમા આવી પહોચ્યો નજીકથી સ્વર્ગલોકનું દૃશ્ય વિશેષ સુંદર ભાસવા લાગ્યું. તેમા ઉભેલી બકુલાદેવી હજી એકસ-રખા મનોરમ સ્વરૂપમાં ઉભી હતી અને સસ્મિત વદને સ્વામીનો સ્વીકાર કરવા તે તત્પર હોય એમ ભીમદેવ જોતો હતો. એ દિવ્ય લોકના દ્વાર પાસે ગુર્જ્જરેશ્વર ઉડતો આવ્યો કે તુરતજ દ્વાર બંધ થઈ ગયાં બંધ થએલાં વજ્રનાં દ્વાર સાથે અથડાઇને ભીમદેવ પાછો પડયો અને મૃત્યુલોકની દુઃખપૂર્ણ ખાડીમા આવીને પછડાયો! નેત્રો ઉઘડી ગયાં અને ભીમદેવ બિછાનામા આંખો ચોળતો બેઠો થયો! પોતે હમણા જ એક દુઃખપૂર્ણ સ્વપ્ન જોયું હતું એમ તેને ભાન થયું અને એ ભાન આવતા જ તેણે આશ્ચર્યપૂર્વક જોયું કે બકુલાદેવીની મુદ્રિકા કે જે તેણે નરમુંડધારિણી દેવીને યજ્ઞમાં આહુતિરૂપે નાખવાને આપી હતી તે મુદ્રિકા—હા તે જ મુદ્રિકા—અત્યારે પોતાની કરાંગુલિપર પહેરેલી હતી!

પ્રકરણ ૩૫ મું.

ઉદયમતિનાં સ્નેહાશ્રુ.

"આહ! આ શો ચમત્કાર?! પ્રિયા બકુલાદેવીના સ્વપ્નમાંથી મુક્ત થતાં જ હું તેની મુદ્રિકા મારી કરાંગુલિપર આવી ગએલી જોઉં છું! પણ આ આ મુદ્રિકા તો મે નરમુંડધારિણી દેવીને યજ્ઞમાં અર્પવા માટે સોંપી હતી

અને તે અકસ્માત્ મારી પાસે કયાંથી આવી ગઈ ? ! જે સ્વર્ગલોકમાં મે હમણાં બકુલાદેવીનુ દર્શન કર્યું તે સ્વર્ગલોકમાથી તો આ મુદ્રિકા ચમત્કારિક રીતે નહિ પડી હોય ? અથવાતો ખુદ નરમુડધારિણીએ પોતાની કોઈ ગુપ્ત શક્તિમા મારી શય્યા પાસે આવીને મને મુદ્રિકા પહેરાવી દીધી નહિ હોય ? હા, જ્યારે તેણે મારી પાસે મુદ્રિકા માગી હતી, ત્યારે મેં તે આપવામાં મારા મનનો સકોચ દર્શાવ્યો હતો; અને તે સકોચ તેના જાણવામાં પણ આવી ગયો હતો કદાચ પ્રિયા બકુલાના મરણથી ખિન્ન થએલા મારા હૃદયની દયા ખાઇને એ દેવીએ બકુલાની અગુલિપરની તેની સ્મૃતિરૂપ પવિત્ર મુદ્રિકા મને પાછી સોંપવા માટે તો આમ કર્યું નહિ હોય ? હા, એમ જ હશે એ ગુપ્ત શક્તિવાળી દેવીએ જ મારા તબૂમાં અદશ્યરૂપે પ્રવેશ કરીને તેમ કર્યું હશે, નહિતો બીજું કોણ તેમ કરવાને સમર્થ હોઇ શકે ? હજારો સૈનિકોથી અને રખેવાળોથી રક્ષાએલા મારા તબૂમા પવન પણ ફરકી શકે નહિ, તો બીજુ કોણ આવી શકે ? ' ક્ષણવારમા આવા અનેક વિચારો કરી ચૂકેલા ભીમદેવની નિદ્રા ઉડી ગઇ તે એ મુદ્રિકા તરફ-પ્રિયા બકુલા નીએ પવિત્ર ઇંધાણી તરફ સ્નેહભરી આખે દૃષ્ટિ કરી રહ્યો.

આશ્ચર્ય અને આનન્દમાં ગરક બની ગએલા ભીમદેવે પોતાના બીજા હાથ તરફ નજર કરી તો તે વળી વિશેષ આશ્ચર્યમા પડયો બીજા હાથની એક કરાગુલિપર તેણે એક બીજી મુદ્રિકા જોઇ ! એ મુદ્રિકા તેણે શંકરપ્રસાદને પોતાનો સન્દેશો રાણી ઉદયમતિને પહોંચાડવા જતી વખતે સદેશાની સત્યતાની પ્રતીતિને માટે આપી હતી. " અહો ! આ મુદ્રિકા વળી અહીં ક્યાંથી ? જે મુદ્રિકા મે શંકરપ્રસાદને આપી હતી અને શંકરપ્રસાદે તે રાણી ઉદયમતિને આપી હશે, તે એકાએક મારી આગળીપર કયાથી આવી ? ઉદયમતિ તો વિંધ્યાચળમાં હશે, શંકરપ્રસાદ તો શી ખબર ક્યાએ હશે, અને તો પછી આ મુદ્રિકા મારી આગળીમા કોણ પહેરાવી ગયુ ? શુ હુ આ ખરૂ જોઉ છુ ? કે પછી સ્વપ્નમાં જ પરિભ્રમુ છુ ? ના, હુ જાગૃત છું. આ મારો તબૂ છે, સરોવરના કિનારાપરના બીજા તબૂઓમા મારા સૈનિકો છે, હુ રાજધાની તરફ પ્રયાણ કર્યે જઉ છુ, અને ખરેખર હુ જાગૃત જ છું. ત્યારે આ બન્ને મુદ્રિકાઓ અહીં ક્યાથી આવી ? કોણ લાવ્યુ, તબૂમા કોણ પેઠું અને મને કોણ પહેરાવી ગયુ ? દેવતાઓનો તો આ કાંઈ ચમત્કાર નહિ હોય ?"

આશ્ચર્યના સાગરમા તરફડીયાં મારતો ભીમદેવ ચોમેર દૃષ્ટિ પહોંચાડવા લાગ્યો, પરન્તુ કોઈ દિશામા સાગરનો કિનારો દૃષ્ટિગોચર થયો નહિ.

તેણે તબૂની બહારના રખેવાળોને એક બે બૂમ મારી પરતુ કોઇએ ઉત્તર આપ્યો નહિ એટલે તેણે અનુમાન કર્યું કે " તેઓ બિચારા ખુલ્લા પવનમાં ઉઘતા હશે અને પરોઢનો સમય હોવાથી જાગી શકતા નહિ હોય. " રખેવાળોને પૂછવાથી આ બાબતનો પત્તો મળશે એવું તે દઢ રીતે માનતો પણ નહોતો, કારણકે હજી તે એવું જ માનતો હતો કે એ બન્ને મુદ્રિકાઓ કોઇ ચમત્કારિક રીતે પોતાની પાસે આવી ગએલી હોવી જોઇએ.

રાત્રિનો છેલ્લો પ્રહર ચાલતો હતો. ચદ્ર અસ્ત પામી ગયો હતો તેથી સર્વત્ર એકસરખો અધકાર વ્યાપી રહેલો હતો સૈન્યમા સ્થળે સ્થળે નાના દીવા ટમટમી રહ્યા હતા. **ભી**મદેવ બિછાનાપરથી ઊભો થયો. નિદ્રા હવે તેને સદતર છોડી ગઇ હતી. તે તબૂના પાછળના દરવાજા તરફ ચાલ્યો, તો દરવાજાની મધ્યમા કોઈ શ્વેતવસ્ત્રધારિણી આકૃતિ તેના જોવામા આવી. તબુમાં બળતો દીવો એટલો ઝીણો હતો કે તેનો પ્રકાશ તે આકૃતિ સુધી પહોચી શકતો નહોતો અને તેથી તે આકૃતિ પુરૂષની છે કે સ્ત્રીની તેવુ કાંઇ **ભી**મદેવના કળવામા આવ્યુ નહિ, તોપણ તે આકૃતિ કૃતાતસ્વરૂપા નરમુડધારિણીની તો નહોતી જ એવુ તુરત તે જોઇ શક્યો કુતૂહલપૂર્વક મૌન મુખે **ભી**મદેવ તે આકૃતિની તરફ આગળ વધ્યો તો તેણે જોયુ કે " તબૂના દરવાજામા એક સ્ત્રી શ્વેત વસ્ત્રો ધારણ કરીને ઊભી છે "

મુદ્રિકાઓ લાવનાર કોઈ દેવ કિવા દેવી જ હોવી જોઇએ એવી માનીનતાવાળો **ભી**મદેવ તે સ્ત્રીને જોઇને બોલ્યો " તુ કોણ છે અને અહીં કેમ આવી છે ? જો તુ કોઈ દેવી હોય તો હુ કહીશ કે તારે મૌન રહેવાનુ કશુ કારણ નથી અને જો તુ કોઈ ચૂડેલ, વત્રી, રાક્ષસી કે પિશાચિની હોય, તો હુ કહીશ કે આ ગુર્જરેશ્વરના નિવાસસ્થાનમા તુ તારી દુષ્ટ ઇચ્છાને પૂરી થએલી જોઈ શકીશ નહિ. અને જો મને મુદ્રિકાઓ પહેરાવનાર તું જ હોય તો મને કહે કે તે એ મુદ્રિકાઓ ક્યાથી આણી છે અને મને શામાટે પહેરાવી છે ? "

આ પ્રશ્નોનો કોઈ જ ઉત્તર આપ્યા સિવાય તે સ્ત્રી ખડખડ હસી પડી અધકારમા તેનુ તે અટ્ટહાસ્ય **ભી**મદેવને કોઈ ચૂડેલના ભયકર હાસ્યના જેવુ ભાસ્યુ, પણ તે તે શ્રવણ કરીને જરા પણ ભય પામ્યો નહિ. તે બોલ્યો: "આવું વિચિત્ર વર્તન દર્શાવવાનો તારો શો હેતુ છે ? તું જો સત્ય વૃત્તાત કહી દઇશ તો તું અહીં નિર્ભય જ છે અને નહિતો તું બાણાવળી **ભીં**મદેવના પજામાં ઊભી છે એટલુ વિસરી જઇશ નહિ. "

" મહારાજ ! હજીસુધી શુ તમે મને ઓળખી શક્યા જ નહિ ? પણ

હા, ક્યાંથી ઓળખો ? પરિત્યક્તા પત્નીનુ લાબે વખતે વિસ્મરણ થઈ જાય એ સ્વાભાવિક જ છે.” છેવટે તે શ્વેતવસ્ત્રધારિણી સુદરીએ ઉત્તર આપ્યો.

“ શું ? શુ તું પ્રાણપ્રિયા ઉદયમતિ છે ?” એમ બોલતો **ભીમ**દેવ તેની પાસે એક છલંગે પહોંચી ગયો.

“ ના, હું પરિત્યક્તા ઉદયમતિ છું.” સામો ઉત્તર મળ્યો.

રાણીને પોતાના દેહથી અલગ ઉભી રહેલી જોવાનુ **ભીમ**દેવ સહન કરી શક્યો નહિ. તેણે ઉદયમતિને પોતાની ભુજાઓમાં સત્વર ભીડી લીધી અને અશ્રુસમેત લોચને તેના અધરનુ ચુંબન લીધુ. **ભીમ**દેવ રાણીને તબૂની અંદર લેઈ ગયો અને તેના દેહને પોતાના અંકમાં સ્થાન આપ્યુ. ઉદયમતિનાં નેત્રો પણ અશ્રુથી દ્રવવા લાગ્યાં. ક્ષણભર બન્નેનાં મુખો અવાચ્ય જ રહ્યા કેટલીક વાર પછી **ભીમ**દેવનુ હૃદય શાન્ત થયુ એટલે તે બોલ્યો : “ પ્રિયા ! હવે તો તું પરિત્યક્તા નથી ને ? પરન્તુ કદાચ હુ તો પરિત્યક્ત હોઈશ ! ”

ભીમદેવના એ શબ્દોએ ઉદયમતિનાં નેત્રોને દુ ખપૂર્ણ અશ્રુઓથી ભરી નાખ્યા. તેને પોતાનુ અવિચારીપણું અને અસાધારણ હઠનો પ્રસગ સાભરી આવ્યો તે બોલી “ નાથ ! આ પશ્ચાત્તાપથી બળી જતી અબળાને હવે એ દુ ખપૂર્ણ પ્રસગનુ વિશેષ સ્મરણ કરાવીને વધારે દગ્ધ ન કરશો ! સ્ત્રીઓના સ્વાભાવિક વ્હેમીપણાએ મારા હૃદયમા નિવાસ કર્યો અને તેનુ દુષ્ફળ મને પોતાને જ વેઠવુ પડ્યુ પણ કહો, આપના શરીરે આરોગ્ય તો છે ? ”

“ હા, શરીરે તો સુખી છુ, પણ મનથી દુ ખી છુ. **સુ**લ્તાન **મહ**મૂદને દેશમાથી નસાડી મૂક્યો પણ તે બહુ મોડો નસાડી મૂક્યો. જો પહેલેથી જ **ધ**ર્મગજદેવની સાથે મળી જઇને મે યત્ન કર્યો હોત તો હુ યવનોને દેશમા પેસવા દીધા વિના જ પાછા કાઢત; પણ તે વખતે હુ મારા વ્યર્થ ગર્વને છોડી શક્યો નહિ અને તેનાથી મળી ગયો નહિ, તેને પરિણામે યવનેશ્વરે **સો**મનાથમા મોટો અનર્થ ગુજાર્યો છે. તે અનર્થનુ સ્મરણ થતા મારૂ હૃદય બળી જાય છે ”

“ ત્યારે પાછળથી **અ**જમેરાધિપતિની સાથે મળીને **સુ**લ્તાનને નસાડવાની બુદ્ધિ કોણે સુજાડી ? ” ઉદયમતિએ એક પ્રશ્ન કર્યો.

“ હા, તે બુદ્ધિ સુજાડનાર એક **ન**રમુડધારિણી દેવી હતી. પણ પ્રિયા ! એક અદ્ભુત ચમત્કાર થયો છે. મે તને જે મુદ્રિકા **શં**કરપ્રસાદની સાથે સદેશાની પ્રતીતિને અર્થે મોકલી હતી તે મુદ્રિકા તો મારા હાથમા તે જ

પહેરાવી હશે, પરન્તુ એક બીજી મુદ્રિકા મે એ **નર**મુડધારિણીને આપી હતી તે મુદ્રિકા પણ અત્યારે હુ અકસ્માત્ મારી અગુલિમા ધારણ કરેલી જોઉ છુ ! કાંતો એ દેવીએ પોતાની કોઇ અદ્ભુત શક્તિવડે તે મુદ્રિકા મને પહેરાવી હશે અને નહિતો દેવી પોતે ગુપ્ત રીતે અહીં આવીને તેમ કરી ગઇ હશે તથા જો તેમ હોય તો એ દેવીનો નિવાસ પણ ક્યાંક આટલામાં જ થયો હોવો જોઇએ. ”

ઉદયમતિના મુખમા મન્દ સ્મિત સ્ફુર્યું. તેણે કાઇ જ ઉત્તર આપ્યો નહિ. તેનો એ ભાવ જોઇને **ભી**મદેવ બોલ્યો: “ શુ મારૂ એ અનુમાન ખોટું છે ? ”

“ નહિ, એ અનુમાન સપૂર્ણ રીતે ખરૂ છે. એ દેવીમા કાઈ અદ્ભુત શક્તિ તો નહોતી, પણ અત્યારે તેનો વાસ ગુર્જરેશ્વરના અકમા જ થયો છે એટલે તેણે એ મુદ્રિકા પહેરાવી હોય તો તે સર્વથા શક્ય છે ! ”

ઉદયમતિના આ શબ્દો સાભળીને **ભી**મદેવ ચમકી ઉઠયો. તે બોલ્યો “ શુ એ દેવી મારા અકમા છે, એટલે તે તું જ છે ? શુ તે જ **નર**મુડધારિણીનો વેશ ધારણ કર્યો હતો ? નહિ, નહિ, તું મારી હાસી કરે છે. તે વખતે તો તુ રાજકુટુબ સાથે **વિ**ધ્યાચળમા પહોચી ચૂકી હોઇશ ! ”

રાણી સ્વસ્મિતને જરા વિસ્તારતી બોલી “ સ્વામીનાથ ! એ **નર**મુડધારિણી આપની અર્ધાગના પોતે જ હતી ! આપ દુસ્મનની સામે યુદ્ધ કરવામા અને પરિશ્રમ વેઠવામા ઉદ્યુક્ત રહો, તે સમયે હુ શુ **વિ**ધ્યાચળમાં આનદ ભોગવવા માટે વાસ કરીને રહુ ? **શં**કરપ્રસાદની દ્વારા આપનો સદેશો ઉપલબ્ધ થયો, તે જ દિવસે મે નિશ્ચય કર્યો હતો કે મારે **વિ**ધ્યાચળમા જવુ નહિ પણ **મૂ**ળરાજ તથા બીજા કૌટુમ્બિક જનોને યોગ્ય રક્ષણ હેઠળ **વિ**ધ્યાચળમા મોકલી આપવા અને મારે આપને કોઇ પણ રીતે સાહાય્યભૂત થવાને નીકળી પડવુ કેટલાક વિશ્વાસુ માણસોને સાથે રાખી તેઓને મારા શિષ્ય બનાવી મે **નર**મુડધારિણીનો વેશ ધારણ કર્યો. એ વેશ ધારણ કર્યા સિવાય હુ તમને મળી શકુ તેમ નહોતું કદાચ હુ તમને મારી જાતને ઓળખાવીને મળી શકત ખરી, પણ જો મે તેમ કર્યું હોત તો હુ તમારા ઉપર કાઈ પ્રભાવ પાડી શકત નહિ અને તમને **વી**સલદેવ સાથે મળીને **સુ**લ્તાનને દેશમાથી હાકી કાઢવા માટે પ્રેરણા કરી શકત નહિ. તમારી અર્ધાગના તરીકે મે જો તેવી જ સૂચના કરી હોત તો તેથી તેની ઇષ્ટ અસર તમારા મન ઉપર નીપજત નહિ, પરન્તુ **નર**મુડધારિણી જેવો કરાળ વેશ ધારણ કરવાથી હુ મારી સૂચના પ્રમાણે તમારી

પાસે કાર્ય કરાવી શકી. **બ**કુલાદેવીની પેઠે જોકે યુદ્ધમા જાતે લડીને સેવા બજાવવા જેટલી ભાગ્યશાળી હુ થઈ શકી નથી, તોપણ આ રીતે મેં કાંઈક કર્યું છે એવો વિચાર આવવાથી મને સતોષ થયો છે, નાથ !"

"અહો ! ત્યારે એ દેવી કે જેના ઉપર હુ અત્યત પૂજ્યભાવ રાખું છુ તે શુ તું પોતે જ હતી ? ત્યારે શુ નરમેધ યજ્ઞ કરવાનુ, મારી પાસેથી મુદ્રિકા લેવાનુ, આસપાસના ગામડાઓમાં ત્રાસ ફેલાવવાનુ એ સઘળું કાર્ય કૃત્રિમ જ હતું ?' **ભી**મદેવે પ્રશ્ન કર્યો

"હા, તે સઘળું કૃત્રિમ જ હતું. **ન**રમુડધારિણી તરીકેનુ મારૂ વિકરાળ સ્વરૂપ લોકોનાં મન ઉપર પૂરી અસર કરે અને મારો કસબ જરાએ ફીક્કો ન પડે તેટલા માટે એ સઘળો દેખાવ મે કર્યો હતો અને તમને મુલાકાતે બોલાવવાનુ બની શકયુ તે પણ લોકોમા **ન**રમુડધારિણીની ખ્યાતિ ફેલાવાથી જ બન્યુ, એમ ન થયુ હોત તો તમે મારી મુલાકાતે આવ્યા ન હોત !"

"ધન્ય છે, ધન્ય છે, દેવી ! તારી ચતુરાઇને હુ હજારો ધન્યવાદ આપુ છુ. જેવી રીતે **બ**કુલાદેવીના ઉદાર ભાવને તું હવે જ સમજી શકી છે, તેવી રીતે તારી ચતુરાઇને પણ હુ હવે જ જાણી શકયો છુ."

બકુલાદેવીના સ્મરણે ઉદયમતિનાં નેત્રોને પુન અશ્રુપૂર્ણ બનાવ્યાં. તે બોલી· "નાથ ! એ પૂર્વપ્રસગ સાંભરી આવતા હવે મને બહુ પશ્ચાત્તાપ થાય છે. એ સુશીલ સુદરી સાથે મન મેલીને કોઈવાર વાતચીત કરવા પણ હુ ભાગ્યશાળી થઇ નહિ ! પણ તેણે જન્મ આપેલો બાળ રાજકુમાર કયા છે ?"

ઉદયમતિના એ પ્રશ્નનો ઉત્તર આપવાની વિધિની ઇચ્છા જ હોય, તે પ્રમાણે એક ચાકરે તબૂના દ્વારમા આવીને કહ્યું. "મહારાજ ! બાળ રાજકુમારને લેઇને આપણા ઘોડેસ્વારો આવી પહોચ્યા છે. તેમની સાથે એક સાધુ તથા એક સાધ્વી પણ છે."

વિખૂટો પડેલો પુત્ર લાબા વખત પછી જનનીને મળવા આવ્યો હોય અને તે પ્રસંગે જે હર્ષ અને વાત્સલ્યથી જનનીનુ હૃદય ભરાઇ જાય, તેવો જ હર્ષ અને તેવું જ વાત્સલ્ય એ ક્ષણે ઉદયમતિના હૃદયમા ઉભરાઇ આવ્યુ. હર્ષ અને વાત્સલ્યના ઉભરાએ તેના ચિત્તમા આવેશને જન્મ આપ્યો, તે આવેશે તેને ચચળ બનાવી, તે ચચળતાએ તેને ઉભી કરી અને પગમાં તીવ્ર ગતિ ઉત્પન્ન કરી, તે તીવ્ર ગતિ તેને એક ક્ષણમાત્રમાં તંબૂની બહાર દોરી ગઇ અને પુનઃ જનનીના સરખા વત્સલ ભાવે **સા**વિત્રીદેવીના હસ્તમાંથી બાળ રાજકુમારને લેઇ તેના કપોલપર ચુબનોનો વર્ષાદ

વર્ષાવ્યો ! બીજાં સર્વે તંબૂની બહાર રહ્યા અને ઉદયમતિ રાજકુમારને લેઇને તંબૂની અંદર ચાલી. તેણે કુમારને **ભી**મદેવના અંકમાં સુવાડ્યો અને પછી તેને તે એકીદૃષ્ટે જોઇ રહી. નેત્રોમાંથી સ્નેહની અશ્રુધારા વહન કરવા લાગી સ્નેહના આવેગથી ભરાઈ ગએલા કંઠે તે બોલી: "અરેરે ! બાળ રાજકુમાર ! તારૂં આ વિશાળ કપાળ તને અતુલ બુદ્ધિમાન્ બનાવે તેવું જણાય છે, તારા દીર્ઘ બાહુદ્વય તને અદ્વિતીય શૂરવીર તરીકે વિખ્યાત કરે તેવા છે અને તારા વદનપરનું તેજ કહે છે કે તું કોઈ ચક્રવર્તી રાજા થઇશ; પણ તારી જનેતાએ તને યોગી બનવાની આજ્ઞા કરી છે–એવું હૃદયવિદારક ભવિષ્ય ભાખ્યું છે કે મારૂં અંતર્ છિન્નભિન્ન થઈ જાય છે ! શું તારી જનનીની આજ્ઞાને પાળીને તું યોગી જ બનશે ? અહો ! તે અલૌકિક ઔદાર્ય–મારા પ્રતિ તારી જનનીનો અદ્વિતીય પૂજ્યભાવ–તેના તરફ મારો તિરસ્કાર હોવા છતાં તેનો એ પૂજ્યભાવ–ખરેખર, મને શરમાવે છે, મને પશ્ચાત્તાપના અગ્નિથી બાળી મૂકે છે ! " એમ કહેતાં ઉદયમતિના નેત્રોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. સપત્નીના પુત્ર ઉપરના તે સ્નેહાશ્રુએ રાજકુમારના મસ્તકને ભીંજવી નાંખ્યું ! **ભી**મદેવ ઉદયમતિનો કુમારપરનો વત્સલ ભાવ જોઇને આશ્ચર્ય સાથે આનંદ પામ્યો અને **બ**કુલાની જ પ્રતિકૃતિરૂપ ભાસતા એ પુત્રને દૃષ્ટિસમીપે રાખી **બ**કુલાના સ્મરણપૂર્વક શોકનો ભોગ થઈ પડ્યો

થોડા સમય પછી પ્રભાત થયું. ઉદયમતિને તે સ્થળે જોઇને કેટલાકો આશ્ચર્ય પામ્યા, પરન્તુ **ભી**મદેવના તંબુના રખેવાળો તથા લશ્કરનો મુખ્ય સેનાપતિ કે જેની આજ્ઞાથી જ ઉદયમતિને **ભી**મદેવના તંબુસુધી જવા દેવામાં આવી હતી, તેઓને કાંઈ આશ્ચર્ય થયું નહિ થોડી વાર પછી **ભી**મદેવ **હ**રિદેવજી ઋષિ અને તેમના પત્ની **સા**વિત્રીદેવીને મળ્યો અને તેમના પગમાં મસ્તક મૂકીને નમસ્કાર કર્યા. ઋષિએ આશીર્વાદ આપ્યો એટલે **ભી**મદેવે કહ્યું· " ઋષિરાજ ! આપે મારાપર અનહદ ઉપકાર કર્યો છે બાળ રાજકુમાર જીવ્યો તે આપના જ પરિશ્રમથી જીવ્યો છે અને તે મહદ્ ઉપકારનો બદલો વાળવાને હું કેવળ અસમર્થ છું, તથાપિ આપને જે કાંઇ જોઇએ તો માગી લ્યો, હું તે આપવાને તત્પર છું. "

ઋષિરાજે મન્દ સ્મિત કરીને કહ્યું: " રાજન્ ! હું વાનપ્રસ્થાશ્રમી છું અને તત્ત્વચિંતનમાં સમય વ્યતીત કરૂં છું. મને ધનાદિની અપેક્ષા નથી તમારૂં અને એ રાજકુમારનું કલ્યાણ થાય એ જ મારી અપેક્ષા છે અને તે સર્વશક્તિમાન્ ઇશ્વર પૂરવાને સમર્થ છે "

ત્યાગી પુરૂષને ધન આપીને પતિત કરવાનો આગ્રહ **ભી**મદેવ કરી

શક્યો નહિ; તોપણ ઋષિરાજે કરેલા ઉપકારની કૃતજ્ઞતા ચિત્તમાં જાળવી રાખવાના ઉદ્દેશથી તેણે કહ્યું: "ઋષિરાજ! આપનો ઉપકાર હું વિસરી ન જઉં અને તે બદલની કૃતજ્ઞતા હમેશાં મારા હૃદયમાં રહ્યાં કરે તેટલા માટે મારી એવી ઇચ્છા છે કે આ રાજકુમાર કે જેનુ પાલન આપે કર્યું છે તેનુ નામ 'હરિપાલ' રાખવું તેથી આપના પુણ્ય નામનુ સ્મરણ મને રહ્યાં કરશે અને હું કદાપિ કૃતઘ્ન નહિ બનુ 'હરિદેવ–પાલિત'નું નામ 'હરિપાલ' જ ઉચિત છે."

"અસ્તુ!" કહી હરિદેવજીએ ભીમદેવની એ ઇચ્છાને પૂરી થવા દીધી. ભીમદેવે તે સ્થાનેથી રાજધાની તરફ પ્રયાણ કર્યું એટલે તેણે હરિદેવજી તથા સાવિત્રીદેવીને વાહનદ્વારા તેમને આશ્રમે પહોંચતાં કર્યા. બાળ રાજકુમાર ત્યારથી 'હરિપાલદેવ' ને નામે ઓળખાવા લાગ્યો

પ્રકરણ ૩૬ મું.

સોમનાથનું શિવલિંગ ગઝનીના કિલ્લામાં.

ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી લશ્કર રણમાં અથડાયાથી અને રણનાં ખારા તથા કડવા પાણી પીવાથી ફેલાએલી માંદગીથી હજારો સૈનિકોની આહુતિ આપીને સુલ્તાન મહમૂદ છેવટે રણ તો ઓળંગી ગયો, પરન્તુ પોતાના ભોમીઆએ પોતાને જે થાપ આપી હતી તેનો દંશ હજી તેના દિલમાંથી દૂર થઈ શક્યો નહોતો. ગુજરાત અને સૌરાષ્ટ્રના પ્રદેશપર તેણે કરેલી આ સ્વારી પહેલવહેલી જ હતી, પરન્તુ મહમૂદ તે જ સ્વારીને પોતાની છેલ્લી સ્વારી પણ ગણતો હતો, કારણકે ફરીથી એ પ્રદેશપર ચડાઇ લેઈ જવાની હવે તેને ઇચ્છા રહી નહોતી. પોતાના સુભાગ્યે કે હિંદુઓના દુર્ભાગ્યે તેને જૂદે જૂદે સ્થળે જીત મળવા પામી હતી, પરન્તુ એટલી તો તેની ખાત્રી થઈ ગઈ હતી કે શૌર્ય અને બળની સરખામણી કરતા પોતે વિજય મેળવી શકે તેમ નહોતું.

રણ ઉતર્યા પછી સુલ્તાન મહમૂદ સિંધુ નદીને કિનારે કિનારે મુલ્તાન જઇ પહોચ્યો. રણમા પાણીની બહુ વિડમ્બણા વેઠવી પડી હોવાથી પાણીના સ્થળની અગાઉથી તપાસ કરાવ્યા વિના પ્રયાણ કરવુ નહિ એવો સુલ્તાને નિશ્ચય કર્યો હતો અને તેથી નદીને માર્ગે માર્ગે આગળ ચાલ્યા જવાનુ તેણે વિશેષ પસંદ કર્યું હતું. સિંધમા તેને બીજી કાંઇ વિપત્તિ નડી નહિ. મુલ્તાન ખાતે પહોચ્યા પછી સુલ્તાનનો ઇરાદો કાશ્મીર તરફ આગળ વધવાનો હતો

કારણકે કલિંજરના કિલ્લામાંથી ખ્વાજા અહમદને મુક્ત કરીને પોતાની સાથે તેડી જવાની બેગમ મહદી ચીગીલની આજ્ઞાને તે વિસરી ગયો નહોતો તેણે કાશ્મીર તરફ આગળ વધવાની પોતાની ઇચ્છા જણાવી, પરન્તુ તે સાથે જ સૈન્યમાં બંડ ઉઠે તેવો દેખાવ થવા લાગ્યો ! વઝીર અહમદ હુસેન, અબ્દુલ હુસન, તેમ જ બીજા કેટલાક સરદારો ખ્વાજા અહમદને છૂટો થએલો જોવા ઇચ્છતા નહોતા. શાહજાદો મસાઉદ કાંઇક તેના પક્ષમાં જણાતો હતો, પરન્તુ સરદારોએ લશ્કરને અગાઉથી ભભેરી રાખ્યું હોવાથી લશ્કર કાશ્મીર તરફ આગળ વધવાને સારૂ ના પાડવા લાગ્યું. સુલ્તાને સરદારોને અને સિપાહીઓને દમ બતાવવા માડયો પણ તેની કશી અસર નહિ “ સેંકડો કોસની મુસાફરી કરીને બબ્બે વરસથી આપની સાથે અમે ભટકીએ છીએ, કુટુબની સ્થિતિના કશા સમાચાર અમોને મળ્યા નથી, હવાપાણીના ફેરફારથી અમે માદા બની ગયા છીએ અને મુસાફરીથી અત્યત કટાળી ગયા છીએ, અમારા હજારો બિરાદરો રણમા અને લડાઇમાં નાશ પામ્યા છે, અને હવે અમારામા કાશ્મીર તરફ જવાની આય રહી નથી ! ” સિપાહીઓની આ દલીલ હતી. સરદારો પોતાના ઇરાદાને સર્વથા અનુકૂળ નથી એમ જોઇ ગયા પછી સુલ્તાનને છેવટ ખ્વાજા અહમદને મુક્ત કરીને પોતાની સાથે તેડી જવાનો વિચાર માડી વાળવો પડયો

કેટલેક દિવસે સુલ્તાન ગઝનીમા જઈ પહોચ્યો એ વર્ષે સ્વદેશભૂમિમાં પાછા ફરવાની ઉત્સુકતા સૈનિકોમા એટલા મોટા પ્રમાણમા વ્યાપી રહી હતી કે તેઓ મુસાફરીથી કટાળી ગયા છતા ઉતાવળે ઉતાવળે પ્રયાણ કરતા હતા સૈન્યે ગઝનીમા પ્રવેશ કર્યો ત્યારે હજારો સ્ત્રીઓ, માતાઓ, પુત્રો અને પિતાઓ પોતાના આપ્તજનોને મળવાને ભ્રમવા લાગ્યા. તેઓમાથી કેટલાક નિરાશ થયા, કેટલાક પોતાના આપ્તજનોના મરણની ખબર જાણીને રોકકળ કરવા લાગ્યા, કેટલાક માબાપો એક પુત્રને લૂટમા ઘણુ ધન મેળવીને પાછો ફરેલો જોઈ હર્ષિત થતા, તો બીજા પુત્રનુ રણમા પાણી વિના મરણ થએલુ જાણીને શોકાતુર થતા પાછા ફરવા લાગ્યા. કેટલાક સર્વથા આનદમા જ નિમગ્ન બન્યા હતા, પરન્તુ તેવો આનદ ગઝનીના બહુ થોડા કુટુમ્બોમા જોવામાં આવતો હતો. પોતાના પુત્ર, ભાઇ, પતિ કે પિતાને લડાઇમા ખોઈ બેસીને શોકાતુર થનારાઓની સખ્યા ઘણી મોટી હતી.

સુલ્તાન મહમૂદે સોમનાથના શિવલિગના કકડા સાથે ગઝનીના કિલ્લામાં પ્રવેશ કર્યો, તે સાથે જ તેને એક શોકજનક સમાચાર મળ્યા કે

બેગમ **મહદી ચી**ગીલ ભયંકર માદગી ભોગવી રહી છે ' **સુલ્તાને** **સિંધ**માં પ્રવેશ કર્યો ત્યારપછી તેને પોતાના કુટુબ સબધી કશા ખબર મળ્યા નહોતા, તેથી આ આકસ્મિક ખબર સાભળતાં તે ચમકી ઉઠયો અને સ્વારીમાંથી નીકળીને સત્વર બેગમના મહેલ તરફ દોડયો. તે વખતે બેગમ છેલ્લા ડચકાં ખાતી બિછાનામાં પડી હતી! છેલ્લા ચાર માસથી તેની તબીયત બગડી હતી અને પોતાના શૌહરના વિયોગમા જ પોતાનુ મરણ થશે કે શુ, એવા ભય અને શોકની અસર તેના મગજ ઉપર તેમ જ શરીર ઉપર વધારે ખરાબ થવા પામી હતી. આથી **સુલ્તાન** આવ્યો ત્યાંસુધી તે જીવતી તો રહી શકી, પરન્તુ હવે તેના આત્માને પ્રયાણ કરી જવાને થોડી જ વાર હતી. **સુલ્તાન** બેગમની પાસે દોડી આવ્યો અને તેણે તેના મસ્તિકપર હાથ મૂક્યો એટલે કિંચિત્ સાવધાન રહેલી બેગમે નેત્રો ઉઘાડયાં અને બે વર્ષે યુદ્ધમાથી પાછા ફરેલા પોતાના શૌહરના દર્શનથી તેણે પોતાનાં નેત્રોને તૃપ્ત કરી નેત્રોને અશ્રુજળવડે સ્નાન કરાવ્યુ. બેગમની આ સ્થિતિ જોઇને **સુલ્તાન**ની આખોમા પણ આનુ ભરાઇ આવ્યા. તેણે બેગમને આશ્વાસન આપ્યુ "દિલબર! તું નિરાશ થઇશ નહિ ખુદાની પનાહથી તને આરામ થઈ જશે"

બેગમમા વધારે શબ્દો બોલવાની આય રહી નહોતી તોપણ તે ત્રુટક ત્રુટક સ્વરે બોલી "પ્યારા! મારી ભેટ–'

સુલ્તાન બોલ્યો "પ્યારી! તારી ભેટ હુ લાવી શક્યો નથી જ્યારે હુ પાછો ફર્યો ત્યારે રણની મુસાફરીથી અને બે વર્ષ જેટલો લાબો વખત પરદેશમા રહેવાથી લસ્કર કટાળી ગયુ હતુ અને તેથી હુ કલિજર તરફ જઈ શક્યો જ નથી"

બેગમ નિરાશાવૃત્ત બની ગઇ! બે વર્ષે પોતાનો શૌહર લડાઈમા જીત મેળવીને આવ્યો, પણ છેવટે તેણે પોતાના બોલનો સ્વીકાર ન કર્યો, તે જાણીને બેગમના દિલને અત્યત દુ:ખ થયુ તેની આખમા પુનઃ આસુ ભરાઇ આવ્યા, શૌહર પ્રતિની આદરબુદ્ધિનો નાશ થયો, અને દુ:ખના આવેશમાં તુરત જ તે વધુ કાંઈ પણ નહિ બોલતા મરણ પામી. **સુલ્તાન** કલ્પાત કરવા લાગ્યો, પણ હવે તે વ્યર્થ હતો.

સોમનાથના **શિવલિગ**ના કકડાનો **ગઝની**ના કિલ્લામાં પ્રવેશ થયો તે સાથે જ **સુલ્તાન**ના અત્યત પ્રિયજનનો નાશ થઇ ગયો. પતિના નિત્યના સહવાસની ઇચ્છાવાળી સ્ત્રીઓ પતિ દૂર પ્રદેશમાં રહ્યા કરે તેવુ કદાપિ ઇચ્છતી નથી, તેથી બેગમ **મહદી ચી**ગીલને **સુલ્તાન**ની આવી નવી નવી સ્વારીઓ ગમતી નહોતી, પરન્તુ તેથી ઉલટુ લોભી **સુલ્તાન**ને ધન મેળવવા

માટે પરદેશોમાં ભટકવું જ ગમતુ હતુ અને તેથી સ્વામીના વિયોગમાં ને વિયોગમા નિરાશાવૃત્ત હૃદયે બેગમનુ મરણ થયુ. **સુલ્તાનને** તેથી અતિખેદ થયો. પોતે થોડા દિવસ બેગમના સહવાસમા રહી શક્યો હોત તો ઠીક હતું એવુ તેને જણાવા લાગ્યુ, પરન્તુ હવે એ પશ્ચાત્બુદ્ધિ નિરર્થક હતી.

શિવલિંગના ત્રણ કકડાઓ કરીને **મહમૂદ** તેને પોતાની રાજધાનીમાં લાવ્યો હતો તેમાનો એક કકડો તેણે **મહમદ** પયગમ્બરના જન્મસ્થાન **મક્કા** ખાતે મોકલ્યો, બીજો કકડો પયગમ્બરના મરણસ્થાન **મદીના** ખાતે મોકલ્યો અને ત્રીજો કકડો **ગઝનીની** જામી મસ્જીદના પગથીયા ઉપર એવી રીતે મુકાવ્યો કે જેથી મસ્જીદમાં જનારાઓ તે કકડા ઉપર પગ મેલીને ચાલે. એક નાનો કકડો તેણે પોતાના મહેલના પગથીયા ઉપર પણ મેલાવ્યો.

---

*"તારીખ મહમૂદી" મા આ **શિવલિંગના** અન્તિમ પરિણામને લગતી એક કથા આપવામા આવી છે અને બેક ઈતિહાસ તરફથી એ કથાને કશો ટેકો મળતો નથી, તોપણ તે જાણવાયોગ્ય હોઇને અહી તેનો સાર ઉતારવાનુ ઉચિત માન્યુ છે —

સુલ્તાન મહમૂદ શિવલિંગની સાથે **ગઝનીના** કિલ્લામા પેઠો, અને તે આખુ **શિવલિંગ** ('તારીખ મહમૂદી'ના લેખક માને છે કે **સુલ્તાન** આખા **શિવલિંગને** લેઇને **ગઝનીમા** આવ્યા હતો અને તેના કકડા તો તેણે પાછળથી ક્યા હતા) તેણે મસ્જીદના પગથીઆપર મુકાવ્યુ એટલે મસ્જીદમા જનારાઓ તે પર પગ મેલીને ચાલવા લાગ્યા આ વાત જ્યારે હિદુઓના જાણવામા આવી ત્યારે તેઓએ થોડા હિદુઓને કેટલુક સોનુ લેઇને ગઝનીમા મોકલ્યા તેઓએ આવીને **સુલ્તાનના** વઝીર ખ્વાજા હસન **મૈમદી** (અહી લેખકની ભૂલ થતી જણાય છે, કારણકે તે વખતે હસન **મૈમદી** વઝીરાતપર નહોતો) ને કહ્યુ કે " જે **શિવલિંગને** તમે અહી લાવ્યા છો, તે પત્થરનુ બનાવેલુ છે એટલે તમને તે કશા ઉપયોગનું નથી તેથી જો તે અમોને પાછુ આપો તો તેના તોલ કરતા બમણુ સોનુ અમે તમોને આપીએ " ખ્વાજાએ આ વાત **સુલ્તાનને** કહી અને **શિવલિંગ** પાછુ આપી સોનાનો સ્વીકાર કરવાને તેને સમજાવ્યો **સુલ્તાને** પણ તેમ કરવાની પોતાની મરજી બતાવી એટલે હિદુઓએ પોતાની પાસેનુ સઘળુ સોનુ **સુલ્તાનના** ખજાનામા આપી દીધુ કેટલાક દિવસ ચાલ્યા ગયા પણ હજી હિદુઓને **શિવલિંગ** પાછુ સોપવામા આવ્યુ નહિ આથી તેઓએ **સુલ્તાનની** પાસે જઇને અરજ કરી કે "નામવર ! અમે આપના ખજાનામા સોનુ આપી દીધુ છે, પણ હજી અમોને અમારી ખરીદીનો માલ મળ્યો નથી " આ સાભળીને **સુલ્તાન** ગુસ્સે થયો અને પોતાના ભાણેજ **સાલાર મસુદની** સાથે ખાનગી ઓરડામા જઇને તેને પૂછ્યુ કે "હિદુઓને તમનો દેવ હજી કેમ આપ્યો નથી ? બોલ તારી શી મરજી છે ?"

હજારો લોકો તે કકડા જોવાને અને તે પર થૂકવાને તથા પગ મેલી તેનુ અપમાન કરવાને ઉલટયા અને હિંદુઓની મશ્કરી કરવા લાગ્યા.

સુલ્તાનની આ જીતની ખબર જ્યારે **બગદાદ**ના ખલીફાને મળી, ત્યારે તેણે **સુલ્તાન**ને મુબારકબાદી મોકલાવી અને તેને **ખુરાસાન**, **હિંદુસ્તાન**, **નીમરોઝ** અને **ખ્વારીઝમ**ના **સુલ્તાન** તરીકે "કાહફુદ-દૌલત-વઉલ-ઈસ્લામ" (રાજ્ય અને ઇસલામી દીનનો પાલક) એવો ઇલકાબ આપ્યો

પ્રકરણ ૩૭ મું.

ઉપસંહાર.

ભીમદેવ પોતાની સેના સાથે રાજધાનીમા આવ્યો અને પોતાના મુલકની સઘળી પ્રજાની સ્થિતિની તેણે તપાસ કરાવી **મહમૂદ**ના લશ્કરે લૂટ

સાલાર મસુદે જણાવ્યુ "નામવર! કયામતને દિવસે જ્યારે ખુદા તમોને બોલાવશે ત્યારે તમે મૂર્તિભજક **મહમૂદ** નહિ કહેવાઓ પણ મૂર્તિ વેચનારા કહેવાશો" આ સાભળીને **સુલ્તાન**ના મન ઉપર ગભીર અસર થઇ અને તેણે **મસુદ**ને કહ્યુ "પણ મે હિદુઓને તેઓનો દેવ પાછો આપવાનુ વચન આપ્યુ છે, અને જો હુ તે પાછો ન આપુ તો મે મારા વચનનો ભગ કર્યો કહેવાય" પછી **મસુદે** **સુલ્તાન**ને તે મૂર્તિ પોતાના કબ્જામા સોપવાનુ સમજાવ્યુ અને કહ્યુ કે "હિદુઓને કહેજો કે મૂર્તિ **મસુદ** પાસે છે તે તમોને આપશે" પછી **મસુદ** તે મૂર્તિને પોતાને ઘેર લેઈ ગયો અને તે મૂર્તિના નાક-કાન (?) કાપીને તેને ખાડીને તેનો બારીક ભૂકો કર્યો ફરીથી જ્યારે હિદુઓ આવ્યા ત્યારે **સુલ્તાને** તેમને **મસુદ**ની પાસે જઇને તેની પાસેથી મૂર્તિ લેવાનુ કહ્યુ. હિદુઓ **મસુદ** પાસે ગયા અને પોતાને મૂર્તિ આપવાને તેને કહ્યુ **મસુદે** હિન્દુઓની મેમાનગીરી કરવાનુ **મલીક નેકબખ્ત**ને કહ્યુ અને તેઓને બેસવાને માટે આસનો આપ્યા પછી મૂર્તિના નાક કાનનો ભૂકો ચદનની સાથે મેળવ્યો અને તેનો ચૂનો પાનની સાથે મેળવ્યો તથા તે સઘળુ હિદુઓને આપવામા આવ્યુ આ મેમાનગીરીથી હિદુઓ ખુશ થયા અને તેઓએ ચદનને પોતાના શરીરે ચોપડયુ તથા પાનને મુખમાં મેલ્યુ થોડી વાર પછી તેઓએ **મસુદ** પાસેથી મૂર્તિની માગણી કરી એટલે **મસુદે** કહ્યુ "તે તો હુ તમને આપી ચૂકયો છુ" આ સાભળીને હિદુઓ ચકિત થયા પછી **નેકબખ્તે** ખુલાસો કર્યો કે મૂર્તિના નાકકાનને ચદનમા મેળવ્યા છે તથા ચૂનાને પાનમા નાખ્યો છે અને પછી એ સઘળુ તમને આપવામા આવ્યુ છે! આ સાભળીને હિદુઓ ખિન્ન થયા, કેટલાક વિલાપ કરવા લાગ્યા અને સઘળા ઉલટી કરવા લાગ્યા તેઓ ખ્વાજા **હસન મૈમદી**ની પાસે ગયા અને બનેલો સઘળો વૃત્તાત તેને કહી સભળાવ્યો **મસુદ**ના આ વર્તન ઉપર ખ્વાજા ગુસ્સે થયો અને **સુલ્તાન**ની નોકરીનુ તેણે રાજીનામુ આપ્યુ

તથા આગથી કેટલાક ગામડાઓ તારાજ કર્યા હતા અને લોકો આસપાસના મુલકમા ભરાયા હતા તેઓને પાછા તેઓનાં ગામડાઓ ફરી બધાવી આપીને વસાવવામા આવ્યા. રાજધાનીને બહુ ઇજા થઈ નહોતી તોપણ કેટલાક ધનવાનોનુ ધન લુટાઇ ગયુ હતુ અને ગરીબોની સ્થિતિમા સુધારો કરવા પાછળ હજી ઘણું કરવાનુ હોવાથી **ભી**મદેવે ધનવાનોના ધનની લુટ ઉપર લક્ષ ન આપ્યુ. કેટલાક વખતસુધી દેશને સુવ્યસ્થિત કરવા પાછળ રોકાઇને પછી તે **સો**મનાથ તરફ શિવાલયને સમરાવવામાટે ગયો, અને ત્યાં તેણે પુષ્કળ દ્રવ્ય ખર્ચ્યું.

રાણી ઉદયમતિ અને **ભી**મદેવનો પુનઃ સધાએલો સ્નેહ ઉભયના અત સુધી ટક્યો પાટવી કુમાર **મૂ**ળરાજ* પોતાની કિશોર વયમા જ મરણ પામ્યો હતો તેથી **ભી**મદેવની પછી ગુજરાતની ગાદીનો ખરો વારસદાર **બ**કુલાદેવીનો પુત્ર **હ**રિપાલદેવ અથવા **ક્ષે**મરાજ હતો, પરન્તુ તેની મરણ પામેલી જનેતાએ તેના કર્ણમા "પુત્ર ! રાજા નહિ પણ યોગી થજે !" એવો જે ગુરૂમત્ર મૂક્યો હતો તેથી જ પ્રેરાઇને તેણે પોતાના પિતા **ભી**મદેવની સાથે જ રાજ્યનો ત્યાગ કરીને યોગીપદ ધારણ કર્યુ અને તેણે ઉદયમતિના સૌથી નાના પુત્ર કરણને ગુજરાતના તખ્ત ઉપર બેસાડ્યો ! **બ**કુલાદેવીની આજ્ઞાને આજ્ઞાકિત પુત્રે એ પ્રમાણે સફળ કરી ! **ભી**મદેવની પછીનો ઇતિહાસ તેનો સાક્ષીભૂત છે.

બકુલાદેવીના ગુણોને **ભી**મદેવ મરણપર્યન્ત વિસરી શક્યો નહિ, તેમ જ ઉદયમતિ પણ એ ઉદાર હૃદયની ઉચ્ચતાને સભારી સભારી ઘણી વાર અશ્રુ ટપકાવતી હતી રણમા જે સ્થળે **બ**કુલાદેવી "પાણી પાણી" પોકારતી અસાવધ બનીને પડી હતી તે સ્થળે **ભી**મદેવે રાણીના સ્મારક રૂપે તથા પ્રવાસીઓના સુખને અર્થે એક ઉડી વાવ ખોદાવી હતી કોઈ વાર **ભી**મદેવને એ પ્રદેશમા જઇ ચડવાનુ બની આવતુ ત્યારે તે એ પવિત્ર વાવનુ પાણી પીતો, **બ**કુલાદેવીને અશ્રુની અજલિ અર્પણ કરતો અને **હ**રિદેવજીની પાસે જઇને તેમના કુશળ વર્તમાન પૂછતો **હ**રિદેવજી પણ મરણ પામ્યા ત્યાંસુધી **ભી**મદેવને કે **શં**કરપ્રસાદને વિસર્યા નહિ **શં**કરપ્રસાદના કુશળ વર્તમાન જાણવાની અપેક્ષામા જ તેમનો દેહ પડ્યો ! છેવટે સ્વર્ગમાં તો **શં**કરપ્રસાદની સાથે તેમનો મેલાપ અવશ્ય થયો હશે !

---

* **મૂ**ળરાજ **ભી**મદેવની કોઈ ત્રીજી રાણીથી જન્મેલો પુત્ર હતો અને **ભી**મદેવના ત્રણે પુત્રોમા તે સૌથી મોટો હતો; પરન્તુ ઇતિહાસમા મૂળરાજની માતાનુ નામ કોઈ સ્થળે નજરે ચડતુ નથી

શંકરપ્રસાદ વિષે **ભીમ**દેવે કે બીજા હિંદુઓએ કશું જાણ્યું નહિ, તોપણ કોઇ હિંદુ ભોમીઆએ **સુલ્તાનના** લશ્કરને રણમાં આડે માર્ગે ઉતારીને તેની ખુહારી કરી વૈર વાળ્યુ, એવા ખબર દેશમાં જાહેર થઇ ગયા હતા અને **શંકરપ્રસાદની** નહિ—પણ તે બહાદૂર અને ધર્મભક્ત ભોમીઆના આત્માર્પણની કીર્તિ ચોમેર ફેલાઈ હતી ઇતિહાસલેખકો પણ એ બહાદૂર ભોમીઆના વર્ણનને વિસરી ગયા નથી '

* * * * *

માંડળિક સુલ્તાન મહમૂદને રણમાં નસાડી મેલીને **જૂનાગઢમાં પાછો** ફર્યો. તેણે લગભગ ચાર હજાર અફઘાનો અને તુર્કોને કેદ કર્યા હતા, જેમાં થોડીએક સ્ત્રીઓ પણ હતી. એ સ્ત્રીઓ **મહમૂદના** લશ્કરની સાથે જ નાની સખ્યામા આવી હતી અને તે સ્ત્રીઓનુ મુખ્ય કામ ઘાયલ થએલા સિપાહીઓની સારવાર કરવાનુ હતું. આ સ્ત્રીઓમા કેટલીક કુમારિકાઓ હતી, તેથી તેઓને પવિત્ર ગણીને હલકી જાતના હિંદુઓની સાથે **માંડળિકે** પરણાવી દીધી. અફઘાન અને તુર્ક કેદીઓને ઉલટી અને વિરેચન આપીને તેમના દેહની શુદ્ધિ કરી તેઓને હિંદુ બનાવ્યા. આ હિંદુ બનેલા તુર્કો અને અફઘાનોમાથી જેઓ સારા અને આબરૂદાર ગણાતા હતા તેઓને તેઓના દરજ્જા પ્રમાણે સારા હિંદુ કુટુંબોની કન્યાઓ પરણાવવામા આવી અને બીજાઓને જગલી ભીલ અને વાઘરી લોકોની કન્યાઓ સાથે પરણાવ્યા સૌના દાઢીમૂછ મુડાવી નાખવામાં આવ્યા અને તે વખતથી તેઓને હિંદુ ધર્મના ફરમાન મુજબ વર્તવાની સખ્ત તાકીદ આપવામાં આવી. કેદી અને ગુલામની અવસ્થામા આવી પડવાને લીધે અને **સુલ્તાન** તરફથી તેઓને કશી મદદ મળવાનો સભવ નહિ હોવાને લીધે એ સઘળા કેદીઓને **માંડળિકની** આજ્ઞા માનીને રહેવુ પડયુ આજે તે હિંદુઓમાંના કેટલાકના વશજો શેખાવત અને વાઢેલ નામની રાજપૂતોની જાતમા છે અને બીજી હલકી જાતો કોળી, ખાંટ, બાબરીઆ, અને મેરૂ જાતિના લોકોમા જોવામાં આવે છે તેઓમા જેઓ વટલેલા તુર્ક અને અફઘાન ઓલાદના હતા તેઓને શાદી અને ગમીના પ્રસગોમા તેઓના ધર્મ પ્રમાણે વર્તવાની છૂટ આપવામાં આવી હતી અને આજે પણ તેઓમાં તે રીતરીવાજો ટકી રહ્યા છે.

માંડળિક પાસે કેદીઓની જે સખ્યા હતી તે કરતાં ઘણા થોડા કેદીઓ **ભીમ**દેવની પાસે હતા. તેણે પણ થોડો વખત તે કેદીઓને ગુલામો તરીકે ઉપયોગમા લેઇને પછી ગુજરાતમાં છૂટા મૂકી દીધા. તેઓ પણ ય-

યેચ્છ રીતે હિંદુત્વ ધારણ કરીને ગુજરાતના વાસી થયા. હબીબ પોતાનું કાંડુ કપાયાને લીધે અને ભીમદેવના લશ્કરમાં તેની પૂરી સારવાર નહિ થવાને લીધે ક્યારનોએ રીબાઈ રીબાઇને મરણ પામ્યો હતો.

* * * * *

હમ્મીર યુદ્ધમાં મરાયો, પણ તેની વીરતાનું નામ તો સૌરાષ્ટ્રમાં કાયમને માટે રહી ગયુ. હમ્મીરની નવપરિણીતા પત્નીને–વેગડા ભીલની પુત્રીને ગર્ભાધાનની જે આશા રહી હતી તે સફળ થઈ–હમ્મીરના મનની એકની એક ઉમેદવારી પણ પાર પડી. નવ માસે હમ્મીરની વિધવા પત્નીને પુત્ર થયો અને ત્યારપછી તેનો વશવેલો પણ બહુ વિસ્તર્યો તેના વશજો આજે દીવ પરગણે નાઘેરમાં તથા બાબરીયાવાડમા છે અને તેઓ ગોહીલ કોળી તથા વાટ જાતિના તરીકે ઓળખાય છે.

* * * *

સોમનાથ ઉપર મહમૂદે કરેલી આ સ્વારી પછી તેટલે એટલી જાણવાજોગ સ્વારી બીજી કરી નહિ જાટ લોકો ઉપર તેણે એક સ્વારી કરી હતી પણ તે કાઇ બહુ અગત્યની નહોતી. સોમનાથની સ્વારીમાથી તેને એટલુ જવાહીર મળ્યુ હતું કે તેથી તેને હર્ષોન્માદ થઈ ગયો હતો, પરન્તુ તુરતમા તો તેની વ્હાલી બેગમના મરણનો એવો સખ્ત ફટકો તેને લાગ્યો હતો કે થોડો સમય તે પોતાના હર્ષને વિસરી ગયો હતો. ખ્વાજા અહમદને કલિંજરમાથી સાથે તેડતા આવવાનુ બેગમને વચન આપ્યા પછી પોતે પોતાનુ વચન પાળી શક્યો નહિ અને નિરાશામા જ બેગમનુ મરણ થયુ તે પ્રસગ તેના હૃદયમા વજ્રલેપ થઇને રહ્યો હતો સોમનાથપરની સ્વારીમાં તેને જે હાડમારી વેઠવી પડી હતી, માણસોનુ જે નુકસાન વેઠવુ પડ્યુ હતું અને બેગમનુ મરણ ઇત્યાદિ જે આપત્તિપ્રસગો જન્મ પામ્યા હતા તે સઘળુ મહમૂદના દિલને એટલુ ભારી થઈ પડ્યુ હતું કે તે એ નાશકારક સ્વારીને મરણસુધી વિસરી શક્યો નહિ. આટલી હાનિ અને આટલી ખુવારી છતા એના લોભી દિલને એક બાબતમા સતોષ મળ્યો હતો. એક વાર તેણે સિંધના સામાણીવશના અબૂ તાહીર સામાણીને પૂછ્યુઃ " સિંધનો સામાણી વશ જ્યારે તેની પૂરેપૂરી આબાદીમાં હતો, ત્યારે તેની પાસે કેટલા હીરા, માણેક અને રત્નો હતાં ? "

સામાણીએ ઉત્તર આપ્યોઃ " અમીર નૂહ સામાણીનો ખજાનો સૌથી વધારે આબાદ લેખાતો હતો અને તેના ખજાનામાં એકદર સાત રત્તલ મૂલ્યવાન્ પત્થરો હતા. "

આ સાંભળીને સુલ્તાન ખડખડ હસી પડયો અને બોલ્યોઃ "બસ! ત્યારે મારી પાસે તો તેવા એકસો ને સાત રત્તલ મૂલ્યવાન્ રત્નો વગેરે છે! અને તેમાંના અર્ધા તો મને એક સોમનાથની સ્વારીમાથી જ મળ્યા છે!" સુલ્તાનના દિલનો આ એક મોટામા મોટો સતોષ હતો અને ત્યારથી તે પોતાને દુનિયાનો સૌથી ધનવાન્ સુલ્તાન માનીને ખુશ રહેતો હતો.

પરન્તુ એ જ સુલ્તાનની દશા ઇ. સ. ૧૦૩૦ ના એપ્રીલ માસની ૨૯ મી તારીખે ખરેખર દયાજનક હતી! તે દિવસે તેને ખુદા તરફનુ તેડુ આવ્યુ હતું અને તેથી તે આ લોકની સઘળી સપત્તિને અહીં જ રહેવા દઇને પરલોકમા ચાલ્યા જવાની તૈયારી કરતો હતો! ધનવાનોને લૂટીને, સ્ત્રીઓને રજાડીને, નબોદિયાઓનુ ધન મેળવી લઇને, સ્વારીઓ કરીને અને હિંદુઓનાં મદિરો તોડીને એકઠુ કરેલુ સઘળુ ધન આ લોકમાં જ છોડીને ચાલ્યા જવુ પડશે એમ જાણીને સુલ્તાનના હૃદયને તે દિવસે અત્યત દુઃખ ઉત્પન્ન થતુ હતું. તેણે પોતાની મરણપથારીની આગળ પોતાનો સઘળો ખજાનો લાવીને મૂકવાની પોતાના વઝીરને આજ્ઞા કરી અને વઝીરે તે આજ્ઞાનુ તુરત જ પાલન કર્યું. સોનારૂપાની હજારો લગડીઓ, વાસણો તથા નવાઇની ચીજોનો એક નાનો ડુગર સુલ્તાનના બિછાના પાસે થવા પામ્યો. હીરા, રત્નો, માણેક, નીલમ, મોતી, પોખરાજ અને એવા જ બીજા મૂલ્યવાન્ પત્થરોથી ભરેલી પેટીઓ સુલ્તાનની આખો સામે ખુલ્લી મેલવામાં આવી; રાજમહેલની બાજુએ પોતાના હાથી, ઘોડા, ઉટ, ખચ્ચર, રથ અને બીજા વાહનોને એકઠા કરાવ્યા, પછી તે સઘળા ઉપર દૃષ્ટિ કરીને સુલ્તાન ચોધાર આસુએ રડી પડયો! તેના હૃદયમા ચાલતો વ્યાપાર તે વખતે તેનો આત્મા જ સમજી શકતો હતો: "હા! હા! આટલી બધી સપત્તિ મે અનેકવિધ પ્રયત્નોએ કરી એકઠી કરી, પરન્તુ અત્યારે શુ તે સર્વને મારે અહીં મૂકીને ચાલ્યા જવુ પડશે? શુ તેમાંનુ કાઇ પણ મારી સાથે નહિ આવે? આ હીરા અને રત્નોનો ભડાર મે એકઠો કર્યો પરન્તુ મારે હાથે કરીને કોઈ ફકીર ઓલિયાને પણ મે કાંઈ આપ્યુ નહિ અને અત્યારે તે સઘળાનો ત્યાગ કરીને જ મને ચાલી નીકળવાની જરૂર પડશે? આ સઘળાં રત્નો મે મથુરાના મદિરમાથી મેળવેલા, આ નીલમ અને માણેક સોમનાથમાથી હાથ લાગેલાં, આ તેજદાર હીરાકણીઓ સોમનાથના પેલા સાપની આખોમા હતી! તે કેવી મજેની છે? અરેરે! બિચારી બેગમ તો તેને જોયા વિના જ ચાલી નીકળી અને હુ તેનો કાંઈ પણ ઉપયોગ કર્યા વિના હવે ચાલી નીકળવા તૈયાર થયો છુ! પેલી સોનાની સાકળ અને સોનાની જળાધારીના સોનાનાં

ઢીમ પણ બન્યાં નહિ અને હુ જતો રહીશ ! પેલા **સોમ**નાથના મદિરનાં રત્નજડિત કમાડ પણ શુ અહીં એમ ને એમ જ રહી જશે ? મારા દિવાનખાનાના ઓરડાને તે લગાડયા હોત, તોએ સારૂ હતું, પણ તેમાના હીરા ચોરાઇ જશે એવી ધાસ્તીથી મે તેમ પણ કર્યુ નહિ અને શી ખબર હવે એ કમાડનો કોણ ઉપભોગ કરશે?* ઓ ખુદા ! થોડો વધુ વખત મને જીવવા દે અને આ સઘળી વસ્તુઓ જે મે પોતે જ મેળવી છે તેનો ઉપભોગ મને પોતાને કરવા દે ! અને નહિતો શુ મારે એ સઘળુ બીજાઓને માટે છોડીને ચાલ્યા જવું ? અરેરે ! મોત શુ એટલુ બધુ નિર્દય હશે કે તે કોઇને પોતાની કમાણીનો ઉપભોગ પણ કરવા દીધા વિના એકદમ ઉપાડીને ચાલતુ થાય ? અરેરે ! આમાથી મેં કોઇને કાંઇક આપીને ઉદારતા દાખવી હોત તોએ સારૂ હતું ! એટલા ધનનો મે મારે હાથે કરીને તો ઉપયોગ કર્યો કહેવાત ! મે મારી જીદગીમા જુદા જુદા દેશોપર સખ્યાબધ સ્વારીઓ કરી—સત્તર સ્વારીઓ કરી અને હજારો લાખો માણસોના લોહી રેડાવ્યા, તેનુ પરિણામ—મારી આખી જીદગીનુ પરિણામ શુ માત્ર આટલા કીંમતી પત્થરો અને આ સોનારૂપાનો અબાર જ ? અને તે પણ મારે અત્યારે છોડીને જતાં રહેવાનુ ? આ પત્થરો પાછળ મે મારી જીદગી ગુમાવી, લાખો માણસોને માર્યા અને મરાવ્યા છતાં હુ તો એકલો માત્ર એક દમડીના કફન સાથે ધૂળમા જ આળોટવાનો ! આટલા માટે જ આ જીદગી છે એમ જો મે જાણ્યુ હોત તો હુ આ જીદગીને પહેલેથી ટૂકી કરી નાખત ! બેટા **મસાઉદ** ! **મહમદ** ! તમે મારા જેવી લોભી અને અર્થ વિનાની જીદગી ગાળશો નહિ ! હુ જીદગીનુ કાઈ જ સાર્થક કરી શક્યો નહિ તે માટે પસ્તાઉ છુ અને તમે પસ્તાઓ તેવો વખત આવવા દેશો નહિ !" એ પ્રમાણે પશ્ચાત્તાપ કરતો **સુલ્તાન મહમૂદ ગઝનવી** પોતાની પાછળ 'લોભી' અને 'નિર્દય' તરીકેનુ નામ જ માત્ર રહેવા દઇને મરણ પામ્યો !

કયા લાયા થા **સિકંદર** ? દુન્યાસે લે ગયા કયા ?
યે દોનો હાત ખાલી, બાહિર કફનસે નિકલે !

* * * * *

---

* **સોમ**નાથની સઘળી સપત્તિની સાથે **સુલ્તાન મહમૂદ** તેના રત્નજડિત કમાડને પણ **ગઝની** ખાતે ઉપાડી ગયો હતો ત્યારપછી આઠ સૈકા કરતા વધારે વખત વીત્યા બાદ જ્યારે **કાબુલ**માથી વિજયસ્મરણ તરીકે કમાડ આણવામાં આવ્યા હતા (અને તેને કેટલાક **સોમ**નાથના કમાડ માને છે) ત્યારે એ કમાડે ઈતિહાસમા ફરીથી દેખાવ દીધો હતો એમ કહેવાય છે.

સોમનાથ **પાટ**ણ ઉપર–**સોમ**નાથના શિવાલય ઉપર–**સોમ**નાથના **શિવ**લિંગ ઉપર અનેક પ્રસંગે ફરી વળેલા કાળચક્રોમાંનો આ માત્ર એક જ પ્રસંગ સમાપ્ત થયો ! **સુલ્તાન મહમૂદે** શિવાલયની ભાંગતોડ કર્યા પછી **ભીમ**દેવે તે શિવાલયને પુનઃ સમરાવ્યું હતું અને હજારો સોનૈયાનું તે પાછળ ખર્ચ કર્યું હતું. **શિવ**લિંગની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી અને મુસલમાનોએ તે સ્થળે ઉભા કરેલા પોતાના ધર્મના સ્મરણચિહ્નો **ભીમ**દેવે દૂર કરી નાખી, શિવાલયને પુનઃ તેની અસલ સ્થિતિમાં તો નહિ પણ ધર્મને ઉચિત એવી અવસ્થામાં લાવી મેલ્યું હતું **સોમ**નાથની સંપત્તિમાં અને શોભામાં **ભીમ**દેવની પછી **કુમારપાળે** અને **સિદ્ધરાજે** સારો વધારો કર્યો હતો, પરન્તુ કાળચક્રે તેની તે સંપત્તિ અને શોભાને ટકવા દીધી નથી ! **કુમારપાળના** સમય પછી એક શતક સુધી એ શિવાલયને કાંઇ ઉપદ્રવ કરવામાં આવ્યો નહોતો, પરન્તુ ઇ. સ. ૧૨૯૭ માં **અલાઉદ્દીન ખીલજીએ ગુજરાત** દેશ સર કરવા સારૂ પોતાના ભાઇ **અલેફખાન** તથા પોતાના વઝીર **નસરત**-ખાનને મોકલ્યા હતા, એ સમયે હિંદુઓનાં મંદિરો અને દેવાલયોને કેટલીક હાનિ વેઠવી પડી હતી અને તે પ્રસંગે પણ **સોમ**નાથના **શિવ**લિંગનો તથા શિવાલયનો પુનઃ નાશ થયો હતો ! ત્યારબાદ એક શતક પછી એટલે સને ૧૩૯૫ માં **મુઝફ્ફરશાહ** પહેલો **સોમ**નાથ **પાટ**ણની સામે સ્વારી લેઇ ગયો હતો અને ત્યાંના સઘળાં હિંદુ દેવાલયોનો તેણે નાશ કર્યો હતો. તે દેવાલયોને સ્થાને તેણે મસ્જીદો બંધાવી હતી અથવા તો તે દેવાલયોના ઘાટમાં ફેરફાર કરીને તેની મસ્જીદો બનાવી હતી ફરીને જ્યારે **અહમદશાહ** પહેલો ઇ. સ ૧૪૧૩ માં **જૂનાગઢ**ના રા'ની સામેની સ્વારીમાંથી પાછો વળ્યો ત્યારે તેણે **સોમ**નાથના મંદિરનો નાશ કર્યો હતો અને તેમાંથી ઘણું મૂલ્યવાન્ જવાહીર તથા બીજી મીલકત ઉપાડી ગયો હતો ત્યારપછી **સોમ**નાથના શિવાલય ઉપર છેવટનો હલ્લો **મહમદ** બેગડાએ કર્યો હતો. **મહમદ** બેગડાએ ઈ સ ૧૪૫૯ થી ૧૫૧૧ સુધી રાજ્ય કર્યું હતું. તેણે **સોમ**નાથને હસ્તગત કરવાને એક સૈન્ય મોકલીને તે દેવાલયને સ્થળે એક મસ્જીદ ચણાવી હતી.

પણ, હા ! અત્યારે એ સ્થળે કાળચક્રના ઘસારાએ નથી શિવાલય રહેવા દીધું કે નથી મસ્જીદ રહેવા દીધી ! હિંદુ રાજાઓએ અનેક વાર સમરાવેલું અને મુસલમાનોએ અનેક વાર ભાંગી–તોડી નાખેલું એ શિવાલય અત્યારે એક ખંડેરના રૂપમાં **વેરાવળ** બંદરની પાસેના દરિયાકિનારાપર જોવામાં આવે છે ! તે શિવાલયને મુસલમાનોએ ભાંગી તોડીને પોતાને માટે નિમાજ પઢવાની જગ્યો બનાવી હોય તેવું અત્યારે પણ એ ખંડેર જોવાથી

સ્પષ્ટ જણાઇ આવે છે. તે ખંડેર સમુદ્રના કિનારાની સમીપમા ઉચી જમીન ઉપર આવેલુ છે. તે પૂર્વ દિશાની સન્મુખ આવેલુ છે, અને દક્ષિણ બાજુએ હિંદુઓના પ્રાચીન નકસીના સેકડો નમુનાઓ આજે પણ દ્રષ્ટિએ પડે છે તથા આંખોમાથી આંસુ વરસાવે છે તેની બીજી બાજુઓ ઉપરથી દિવાલના આગલા ભાગનુ ઢાકણુ તદ્દન ખસેડી નાખવામા આવ્યુ છે તે પ્રાચીન ઇમારતનો પત્થરની એક ખાણ તરીકે પણ, ઉપયોગ થઇ ચૂકેલો છે મંડપનુ રાફ્રુ આકૃતિનુ બહારનુ છાપરૂ અને દેવાલય ઉપરનુ અણીદાર શિખર એનો મુસલમાનોએ નાશ કરીને તેને સ્થળે અર્ધ ચદ્રાકાર ઘુમ્મટો બાંધેલા નજરે પડે છે અત્યારે તે ઘુમ્મટો પણ જીર્ણ અને ન ઓળખી શકાય તેવી હાલતમા આવી રહ્યા છે ફરસબધી કાળા ચળકતા આરસની હતી જેના કકડાઓ આજે પણ જોવામા આવે છે કેટલેક સ્થળે ગોળમટોળ ઢગો શિવલિંગોનુ ભાન કરાવતા રખડતા નજરે પડે છે અને ધર્મઘેલા મુસલમાનોએ કરેલા એ અનર્થો ક્રોધ અને ઘૃણાને હૃદયમા જન્મ આપે છે ! શિવાલયના કે તેના રૂપાતરો કરીને બનાવેલી મસ્જીદોના ઘુમ્મટો આજે તો ઉઘાડા થઇ ગયા છે અને હિંદુ કે મુસલમાનોના ધર્મસ્થાનકોને બદલે ઢોરાને બેસવા માટેની જગ્યા થઇ પડી છે ! ! ! સોમનાથના શિવાલયની પ્રાચીન સમયની શ્રી તથા સંપત્તિ ક્યાં અને આજે તેની એ દુરવસ્થા ક્યા ?

સમાપ્ત.

બસો રૂપૈઆમાં અન્નદાન સાથે અમર નામ.

અન્નદાન એ સર્વ દાનમાં શ્રેષ્ઠ દાન છે અને તેવાં દાન
આપવાનું અતિ ઉત્તમ સ્થાન હિંદુ અનાથાશ્રમ
નડીઆદ છે, જેમાં તમામ હિંદુજાતનાં
બાળકોનું પોષણ થાય છે, માટે

દાનવીર સજ્જનો! અનાથોની પ્રાણરક્ષા કરવા આપના વરદ હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ!! જે દયાળુ દાતા તરફથી એકી વખતે રૂ. બસો દાનમાં મળશે તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દર વર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દીવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે. અને તે દાતાના નામની આરસની તખતી કરાવી ઓરીસમાં ચોઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે? જરૂર મળશે. દયા લાવી લખોઃ—

મંત્રી—**હિંદુ અનાથાશ્રમ,**
નડીઆદ.

જમાનો બદલાયો છે.

જેઓ હમેશાં છાપાંઓ વાંચે છે તેઓ નકલીઆઓની જાહેરખબર વાંચીને તુરત કહે છે કે એ તો નકલીઓ છે એટલેકે હાલનો **જમાનો** કેલવણીનો છે અને **એથી અસલ** કોણ અને નકલ કોણ તેની પરીક્ષા કેળવાયલા ગૃહસ્થો તુરત કરી શકે છે. અમારી જગજાહેર શક્તિની દવા **બાદશાહી યાકુતી અનંગ વિલાસ**નો દિવસે દિવસે વધારે ફેલાવો થતો જાય છે અને દરવરસે હજારો રૂપીયાની આ રાજવશી દવા ખપે છે. નકલીઆઓ ધુળ અને કચરાપટી જેવી હલકી દવાઓની આગળ અથવા પાછળ યાકુતી એવું પુછડુ લગાડીને જાહેર ખબર આપે છે અને એથી જ જાહેર પ્રજાને ઘણી વાર અમે ચેતવણી આપેલ છે અને હાલ પણ ચેતવણી આપવાની જરૂર છે કે **બાદશાહી યાકુતી અનંગ વિલાસ** સરકારમાં રજીસ્ટર થયેલી છે અને તેનો સરકારી રજીસ્ટર નબર ૨૩૧ છે નકલીઆઓની બનાવટી યાકુતી ખાવાથી શરીરને નુકસાન છે અને એથી જ ખાસ ધ્યાનમા રાખવુ કે **બાદશાહી યાકુતી અનંગ વિલાસ** તથા અમારા જીવનોદય ઔષધાલયમા બનતી તમામ દવાઓ રાજકોટમા અમારા ઔષધાલયમા જ મળે છે. અમારી કોઈ પણ દવા કોઇને વેચવા આપેલ નથી તેમ અમારો કોઈ એજન્ટ નથી.

બાદશાહી યાકુતી અનંગ વિલાસ.

(આ દવાનો સરકારી રજીન્ટર નબર ૨૩૧ છે)

આ દવા શક્તિની દવાનો રાજા છે રાજા રજવાડા તથા પૈસાદાર લોકો આ રાજવશી દવા બહુ જ પસદ કરે છે. આ દવા ઉમદા દેશી વનસ્પતીની બનાવટ છે. નવુ લોહી બનાવનાર તાકાત માટે ઉચામા ઉચી દેશી દવા જોઇએ તો બાદશાહી યાકુતી અનગ વિલાસ છે. આ દવા વાપરવામાં કોઈ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોળીની ડબી એકના રૂપીયા દશ.

બાદશાહી ચુનાની લેપ.

(આ દવાનો સરકારી રજીસ્ટર નબર ૧૯૫ છે)


ઉમદા દવાઓમાથી આ લેપ બનાવેલ છે અને તે શરીરની નસોને પુરતી તાકાત આપે છે. નબળી પડી ગયેલ નસોને પુરતું જોર આપી શક્તિ આપવા માટે આ લેપ ફતેહમદ ઈલાજ છે. આઉસ એકની ડબીના રૂપીયા આઠ. તમામ દવાઓનુ પોસ્ટ ખર્ચ જૂદું.

ડાકટર કાલીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીયાવાડ.

એક પંથ અને દો કાજ.

ઘડીયાળ વાપરવાનો ખરેખર શોખ હોય તો,

પેટંટ સીલીન્ડર "રીસ્ટ વૉચ" ખરીદો.



ચીત્રમા બતાવ્યા પ્રમાણે એક રૂપીયા જેટલુ નહાનુ, બે રૂપીયાભાર વજનમા, નાજુક પ્લાટ, મોઘરો ખેંચીને કાટા ફેરવવાનુ, ઠેસી વગરનુ મજબુત સાચા કામ અને ઉત્તમ કારીગરીથી બનાવેલા ઘડીયાળો છે એક વખત ચાવી આપવાથી ૩૬ કલાક બરાબર ચાલે છે બીલકુલ સ્લો ફાસ્ટ જતું નથી તેની ચાર વરસની ગેરંટી મળે છે.


હાથે બાધવાના પટા, જર્મનનો છેડો, લોકીટ, કોથળી અને ડબી સાથે.

કીંમત. } નકર રૂપાના ઘરના રૂ ૫-૦-૦ } વી. પી. પોસ્ટેજ.
 જર્મન રૂપાના ઘરના રૂ ૮-૦-૦ } ૦-૬-૦ વધારે.

તા. ક.—પસદ નહી પડે તો પાછુ રાખશુ. પ્રાઇસ લીસ્ટ મફત મોકલીશું.

ધી માસ્તર વાચ કંપની, મસજીદ પુલ—**મુંબઈ.**

જુઓ આ "માસ્તર" વોચ. સોંઘુ ભાડું ને સીધપુરની જાત્રા.



સારૂ, સસ્તું, શોભાયમાન, મજબુત અને ટકાઉ કોઇ પણ જાતના ભારે કીમતના ઘડીયાળને ટક્કર મારે તેવું ઉમદા ઘડીયાળ જોઇતુ હોય તો, **પેટંટ લીવર માસ્તર વૉચ મંગાવો.**

આ ઘડીઆળો ૧૮ લાઇન ઓપનફેસ, મેટલકેસ, ડબલ જાડા સીધા કાચ અને લાલ હીરાઓથી મઢેલા મજબુત સાચાકામના મીનાગરાવાળા ઢાંકણામાં રોમન અને અરબી ડાયલોમાં છેલ્લામા છેલ્લી શોધ પ્રમાણેના બનાવેલા છે. એક વખત ચાવી આપવાથી ૩૬ કલાક બરાબર ચાલે છે ખીલકુલ સ્લો ફાસ્ટ જતું નથી. તેની પાંચ વરસની ગેરંટી મળે છે. કાચ, કમાન અને ડબી સાથે કીંમત રૂ. ૩-૦-૦. વી. પી. પોસ્ટેજ રૂ. ૦-૫-૦ વધારે. પસદ નહીં પડે તો પાછુ રાખીશુ. પ્રાઇસલીસ્ટ મફત મોકલીશુ.

ધી સેવીંગ્સ વાચ કંપની,

પોલીસ ચોકીની સામા, માંડવી—**મુંબઈ.**

વીજળી

ગોદરેજે હાલમાં તીજોરીઓની બનાવટમાં એક તદ્દન નવો સુધારો દાખલ કર્યો છે. બીજાઓ મજબુતાઇ માટે જ્યાં ખીલાઓ વાપરે છે ત્યાં **ગોદરેજ** વીજળીના પ્રવાહથી લોખંડ પીગળાવી જોડી નાખે છે ખીલા યા રેવીટ કાઢી નાંખી શકાય અને તીજોરી છુટી કરી શકાય પણ પીગળાવીને જોડેલું લોખંડ છુટું થાય નહીં. આવું કામ ફક્ત **ગોદરેજની** તીજોરીઓમાં થાય છે આ કામ કરવા માટે વીજળી ઉત્પન્ન કરવાના હજારોની કીંમતના સાંચા **ગોદરેજે** બનાવી મંગાવ્યા છે જે માહેલા એક જ સાંચાને ચલાવવા માટે ત્રીસ ઘોડાનું બળ જોઇએ છે. વીજળીના બળથી જોતજોતાંમાં લોખંડનો રસ થાય છે અને હજારો બત્તી સળગી હોય એટલો ઉજાસ થાય છે તે જોવાલાયક છે.

તીજોરીનું કામ એવું હોય છે કે બહારના દેખાવમાં એકસોની કીંમતની કે ચારસોની સરખી જ દેખાય. દુકાને આવનારને હલકા ઉંચા કામની સમજ પડશે.

કારખાનું :—ગેસ કંપની પાસે, પરેલ—મુંબઈ.

શાખા :—રીડરોડ, રેલ્વે સ્ટેશન પાસે—અમદાવાદ.